સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

પોષ વદ –૫ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૮–૧–૨૦૨૫ – શનિવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૨૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

હરસ-મસા કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
શાંતિ હોસ્પિટલ
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ કાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટ્સએપ કરવો.
M. 94290 98114

સ્પે. ડ્રાયફ્રુટ અડદીયા
રાજકોટ ના પ્રખ્યાત રસિકભાઈ ચેવડાવાળા
■ લીમડા ચોક ■ એરપોર્ટ રોડ ■ જ્યુબેલી બાગ ■ કોટેચા ચોક ■ નાના મવા રોડ


## ૬૫ દિવસ સુધી વિદેશમાં રખડયા બાદ વિકલ્પ નહિ રહેતા શરણે થયો

# ખ્યાતિ કાંડનો કાર્તિક પટેલ અંતે ઝડપાયો

### દુબઈથી અમદાવાદ આવી પહોંચતા આંતરરાષ્ટ્રીય વિમાની મથકેથી જ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી

અમદાવાદ તા.૧૮

ગુજરાત સહીત દેશભરમાં જબરી સનસનાટી સર્જનાર અમદાવાદના ખ્યાતિ હોસ્પીટલ કાંડનો મુખ્ય આરોપી અને હોસ્પિટલનો ડાયરેકટર ૬૫ દિવસ સુધી વિદેશમાં નાસતો-ભાગતો રહ્યા બાદ અંતે તે મોડી રાત્રીનાં અમદાવાદ વિમાની મથકે આવતા જ સમગ્ર કાંડની તપાસ ચલાવી રહેલા અમદાવાદ પોલીસની ક્રાઈમ બ્રાંચે તેની ધરપકડ કરી છે. અને હવે ખ્યાતિ કાંડમાં માસ્ટર માઈન્ડ ગણાતો કાર્તિક પટેલ આ પ્રકરણ ખુલતા જ વિદેશ નાસી ગયો



હતો અને અનેક દેશોમાં ફર્યા બાદ અંતે દુબઈમાં હોવાનું જાહેર થયુ હતું કાર્તિક પટેલને ઝડપવા માટે લુકઆઉટ નોટીસ પણ જારી કરતા તેના માટે વધુ નાસવુ ફરવુ મુશ્કેલ બની ગયુ હતું અંતે ભારત-પરત આવીને અમદાવાદ પોલીસને શરણે થયો હતો તેણે આગોતરા જામીન માટે છેક ગુજરાત હાઈકોર્ટ સુધી પ્રયાસ કર્યા હતા.પણ તમામ અરજીઓ ફગાવતા તેના માટે પરત આવવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો ન હતો.

### રાજકોટમાં હોસ્પીટલ ધરાવતા ડો.સંજય પટોળીયા તથા હોસ્પીટલનાં મહિલા ભાગીદાર રાજશ્રી કોઠારી સહીત હાલ જેલમાં છે

### ખ્યાતિ કાંડમાં માસ્ટરમાઈન્ડ ઝડપાતા હવે અનેક રહસ્યો ખુલશેઃ છેક ગાંધીનગર સુધી 'તાર' અડે છે.

આ કાંડમાં અત્યાર સુધીમાં ડો.પ્રશાંત

(અનુસંધાન છઠ્ઠા પાને)

મોકાનો 500 વારનો પ્લોટ વેચવાનો છે
સાધુ વાસવાણી રોડ ઉપર, ગાર્ડન સીટી પાસે, બોમ્બે હાઉસીંગ ચોકમાં, રાજકોટ.
હોસ્પિટલ • શો-રૂમ • કોર્મશીયલ લાયક
Mo. 98240 42928

શાપર-વેરાવળ
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ, શેડ, દુકાન લેવા-વેચવા અને ભાડે માટે
—શિવશક્તિ એસ્ટેટ—
M.98795 98881
M.70167 13945

ઈન્ડસ્ટ્રીયલ મશીનરી વેચવાની છે
૨૦ ટન પાવર પ્રેસ - ૧
કુલીંગ ટાવર - ૧
બફનાં થડા - ૧૦
નીકલ પ્લેટીંગ ટેંક - ૧
88498 36918

રૂડા ટ્રાન્સપોર્ટનગર, સાત હનુમાન પાછળ
ગોડાઉન ભાડે / વેચાણથી આપવાનું છે
RCC બાંધકામ : ઉપર/નીચે ૧૦૦૦૦ ફુટ
(બ્રોકરો આવકાર્ય છે)
Mo. 98242 11703

• વેચવાનો છે • ટીપટોપ કંડીશનમાં
બંગલો 4 BHK
૧૨૫ વાર, ફર્નીશ્ડ • ત્રણ માસ્ટર બેડ રૂમ
સંકલ્પ સિધ્ધિ પાર્ક, એરપોર્ટ રોડ, રાજકોટ.
98242 11152
97276 81872

મોકાનો શો–રૂમ લોંગ લીઝથી ભાડે આપવાનો છે
960 સ્કેવર ફુટ । પ્રાઈમ લોકેશન
આર.કે.આઈકોનિક
૧૫૦ ફુટ રીંગ રોડ, શીતલ પાર્ક પાસે, રાજકોટ.
ડા. પાર્ટી : મો. 87994 81564

દુકાન વેચવાની છે
120 ફુટ 240 ફુટ
અવધ કોમ્પલેક્ષ આયુષ્માન હોસ્પિટલની બાજુમાં, પુનિતનગર 80 ફુટ રોડ, રાજકોટ.
કોન્ટેકટ: 98252 61661

બ્લેન્કેટ કમ્ફોર્ટર દોહર
Silk Sajavat
રામકૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ.
94271 66441

ચાંદીની ભઠ્ઠી તથા ચાંદીની પ્રોડકટના મેન્યુફેકચરિંગ માટે બેસ્ટ લોકેશન
પેડક રોડ ઉપર
રાધે પાર્ક, ઓડિટોરીયમ સામે
કોમર્શિયલ પ્લોટ વેચવાનો છે
તમારી સુવિધા મુજબ બાંધકામ થઈ શકે તેવું
162 વાર (18.50x80)
72111 11462

તાત્કાલીક ડુપ્લેક્ષ વેચવાનું છે
17 ફુટનું મોઢુ
4 BHK ✦ 78 વાર
રાજકોટમાં ગવરીદળ વિસ્તારમાં
પાર્કિંગવાળુ ✦ વ્યાજબી કિંમત
99781 48974
87802 67838

અજય મોદીનાં ઓફ સિઝન પ્રવાસો
HONEYMOON TOUR
સિમલા-મનાલી
33900 કપલ દીઠ ૦૭ દિવસ
Pickup-દિલ્હી - Drop-મનાલી
JAN-21-23-25-27-29-31
FEB-2-4-6-8-10-12-14-16-18-20-22-24-26-28
MARCH-1-3-5-7-9-11-13-15-17-19-21-23-25-27-29-31
યાજ્ઞિક રોડ 90542 79698
રીંગરોડ 63526 25880
મહીલા ચોક 98751 89510
મોરબી-63530 86195
જુનાગઢ-82389 96999
જામનગર-98257 80897

શો-રૂમ કસમાં વેચવાનો છે
દરેક ધંધાને લાયક, મેઈન રોડ ટચ, ફર્સ્ટ ફલોર, રૈયા રોડ, રાજકોટ
80001 11388

ચાલુ સ્કૂલ-પ્રિસ્કૂલ જોઈએ છે
સારા અથવા નવા ડેવલપ થતા એરીયામાં, લાંબા ગાળા માટે, ગવર્મેન્ટના તમામ નિયમ સાથે, સારી સંખ્યા, સારી શાખ ધરાવતી
રાજકોટ સંપૂર્ણ સંચાલન સાથે, રનીંગ પ્રાથમીક-માધ્યમીક
સંપૂર્ણ વિગત મેસેજ કરવી સ્કૂલ-પ્રિસ્કૂલ જોઈએ છે.
રમેશચંદ્ર પટેલ, Mob.: 99255 77272

તમે તમારા • ઘર/ફ્લેટ • ઓફીસ • હોસ્પીટલ • ફેકટરી માં માર્બલ પેસ્ટ કરાવવાનું વિચારી રહ્યા છો ??
શું તમે ભેજ/લીકેજ થી પરેશાન છો... ?
ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલીસ્ટ
શિવ શક્તિ
ઈટાલીયન માર્બલ પેસ્ટ એન્ડ કલરપુટ્ટી
૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે...
ફ્રિ વિઝીટ
91063 53039
રામાપીર ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.

ઈન્ડસ્ટ્રીઅલ શેડ વેચવાનો છે
GIDC મેટોડામાં, ૨૫૦૦+ મીટર જગ્યામાં આશરે ૨૨,૦૦૦ ફુટ બાંધકામ સાથેનો શેડ
M. 88498 36918

સાંધા ના દુઃખાવા માટે વિન્ટોજીનો
125 વર્ષનો આયુર્વેદિક ઈલાજ
WINTOGENO
વિન્ટોજીનો દરેક દુઃખાવાનો SPECIALIST






### મહાકુંભની ભવ્યતા-દિવ્યતાની વિદેશના ધુરંધર મિડીયાએ નોંધ લીધી

# માનવતાનો સૌથી મોટો મેળાવડો-મહાકુંભ: પાકિસ્તાન સહિત દુનિયાભરનાં મિડીયામાં મહાકવરેજ

પ્રયાગરાજ તા.૧૮

મહાકુંભે પુરી દુનિયાનું ધ્યાન ખેંચ્યુ છે ન્યુયોર્ક ટાઈમ્સ, બીબીસી,ધ ગાર્ડીયન, સીએનએન, વોશીંગ્ટન પોસ્ટ, પાકિસ્તાનનું અખબાર, એક્સપ્રેસ ટ્રિબ્યુનએ પણ ભારતમાં યોજાયેલા મહાપર્વ મહાકુંભની નોંધ લીધી છે અને મહાકુંભને માનવતાનો સૌથી મોટો જમાવડો અને તહેવારોનો તહેવાર કહ્યો છે. મહાકુંભને વિદેશી




મીડીયામાં મળેલી જગ્યા ભારતની સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહરની વ્યાપક માન્યતાને દર્શાવે છે

**ન્યુયોર્ક ટાઈમ્સ:** ન્યુયોર્ક ટાઈમ્સએ લખ્યુ છે મહાકુંભમાં ૪૦ કરોડથી વધુ લોકો સામેલ થવાની સંભાવના છે જે અમેરિકાની કુલ વસ્તી કરતા પણ વધુ છે.

**બીબીસી:** બીબીસીએ મહાકુંભને માનવતાનો સૌથી મોટો જમાવડો કહ્યો છે જે અંતરીક્ષમાંથી પણ જોઈ શકાય છે. બીબીસીએ શ્રધ્ધાળુઓના પવિત્ર સ્નાન અને નાગા સાધુઓના અનોખા ધાર્મિક પ્રદર્શનનું વર્ણન કર્યું છે.

**ધી ગાર્ડીયન:** ધ ગાર્ડીયન એ કુંભમેળાને તહેવારોનો તહેવાર કહ્યો છે અને તેના ખગોળીય મહત્વને પણ રેખાંકીત કર્યું છે. ધી ગાર્ડીયન એ લખ્યુ છે કે દર ૧૪૪ વર્ષે મહાકુંભ યોજાય છે આ વર્ષે સુર્ય, ચંદ્ર, અને ગુરૂના ખાસ સંયોગથી તેને વધુ શુભ બનાવે છે.

**વોશીંગ્ટન પોસ્ટ:** વોશીંગ્ટન પોસ્ટએ મહાકુંભને હિન્દૂ દર્શન (તત્વજ્ઞાન) અને મોક્ષ પ્રાપ્તિનાં ઉદ્દેશ સાથે જોડાયેલ પવિત્ર અનુષ્ઠાનોનું કેન્દ્ર જણાવ્યું હતું. ધી ગાર્ડીયનએ મહાકુંભને દુનિયાનું સૌથી મોટુ ધાર્મિક આયોજન કહ્યુ હતું.

**એકસપ્રેસ ટ્રિબ્યુન:** પાકિસ્તાનના અખબાર એકસપ્રેસ ટ્રિબ્યુન એ લખ્યુ છે પ્રયાગરાજ હિન્દુઓ માટે સૌથી પવિત્ર સ્થળમાનું એક છે. કારણ કે તે ત્રિવેણી સંગમ ગંગા-જમના અને પૌરાણીક સરસ્વતી નદીનું મિલન સ્થળ છે. શ્રધ્ધાળુઓનું માનવુ છે કે આ પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી તેમના પાપ ધોવાઈ જાય છે અને આત્મા શુદ્ધ થઈ જાય છે.

**ધી ડોન:**

પાકિસ્તાનનાં અન્ય અખબાર 'ધી ડોન' એ નાગા સાધુઓ અને શ્રધ્ધાળુઓના પવિત્ર સ્નાનનું વર્ણન કર્યું હતું.

## સુવિચાર

**જિંદગી જયારે પરીક્ષા લે છે**
**ત્યારે પેપર ચેક કરવાનું કામ**
**સંબંધીઓ જ કરતા હોય છે !!**

## આજનું ચિંતન

### લાગણી

- બેસ, બેસો અને બેસને – આ ત્રણેય શબ્દોનો ભેદ સમજાયને એ જ સાચી લાગણી.
- લાગણીના હોય ખજાના, માણસો એ જ લાગે મજાના.
- લાગણીનો ટેકો મળી જાય પછી લાકડીના ટેકાની જરૂર નથી પડતી.
- લાગણીઓ કયાંય નથી ખોવાતી, બસ મતલબ હોય ત્યાં નથી દેખાતી.
- લાગણીઓ માણસની અંદર રહેલા માણસનું સરનામું છે.
- લાગણીઓને કયાં દ્વાર હોય છે જયાં મન મળે ત્યાં જ હરિદ્વાર છે.
- લાગણીઓનું નીર, પ્રેમનું ખાતર નાખેને ત્યારે જ સંબંધોનું સિંચન થાય છે.
- લાગણીમાં બહુ ભીના થવું નહિ, કારણ કે નીચોવનારા તૈયાર બેઠા છે.
- કદર અને કિંમત સમયસર ન થાય તો લાગણી અને પ્રેમ વિદાય લઈ લે છે.
- ખબર અંતરનો અર્થ છે – 'અંતર' ભલે ગમે તેટલું હોય, પરંતુ 'ખબર' રાખવી એ જ સાચી લાગણી છે.

## મહાકુંભમાં મહંત અજય રથ પર અચાનક બેભાન થઈ ગયાં : સીપીઆરથી મળ્યું નવું જીવન

પ્રયાગરાજ :

જો કોઈ વ્યક્તિને કાર્ડિયાક અરેસ્ટ થાય છે, તો તેનું જીવન તાત્કાલિક કાર્ડિયો પલ્મોનરી રિસુસિટેશન એટલે કે સીપીઆર દ્વારા બચાવી શકાય છે. જેનો તાજો દાખલો મહાકુંભમાં સામે આવ્યો છે. અહીં ત્રણ લોકોને સમયસર સીપીઆર આપીને તેઓનું જીવન બચાવી લેવામાં આવ્યું હતું.

જેમાં આવાહન અખાડાના મહંત અજય ગીરી, મહંત નનકુ ગીરી અને અન્ય એક મહિલાનો સમાવેશ થાય છે. મકરસંક્રાંતિના તહેવાર પર અમૃતસ્નાન માટે નીકળેલી શોભાયાત્રા દરમિયાન આવાહન અખાડાના મહંત અજય ગિરી રથ પર અચાનક બેભાન થઈ ગયાં હતાં.

આ દરમિયાન શું કરવું તે કોઈને સમજાતું ન હતું. ત્યારબાદ ત્યાંથી પસાર થતાં સેન્ટ્રલ હોસ્પિટલના પેથોલોજી વિભાગમાં તૈનાત લેબ ટેકનિશિયન અજય શુકલાએ તરત જ મહંત અજય ગીરીને રથ પર જ સીપીઆર આપવાનું શરૂ કર્યું. આનાથી તેઓ ભાનમાં આવ્યાં હતાં.

આ પછી તેમને એમ્બ્યુલન્સ દ્વારા સેન્ટ્રલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં હતાં. બીજો કેસ સેન્ટ્રલ હોસ્પિટલનો છે, જ્યાં ગુરુવારે સાંજે મહિલા સંધ્યા દેવીને બેભાન અવસ્થામાં લાવવામાં આવી હતી.

તેનું શુગર લેવલ ઘણું ઓછું હતું. આ સિવાય ઓક્સિજનનું સ્તર પણ ૪૩ થઈ ગયું હતું. આવી સ્થિતિમાં ડોક્ટર આશુતોષ યાદવ અને તેમની ટીમે તાત્કાલિક સીપીઆર આપીને મહિલાનો જીવ બચાવ્યો હતો.

ત્રીજો કિસ્સો મેળાના સેક્ટર ર સ્થિત સેન્ટ્રલ હોસ્પિટલનો છે, જ્યાં શુક્રવારે આઈસીયુ વોર્ડની દેખરેખ રાખતા ડો. સિદ્ધાર્થ પાંડેએ સીપીઆર આપીને મહંત નનકુ ગિરીનો જીવ બચાવ્યો હતો. જ્યારે તેને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો ત્યારે તેની નાડી અને હૃદયના ધબકારા જોવા મળ્યા ન હતાં. આ પછી લગભગ ૧૨ મિનિટ સુધી સીપીઆર આપીને તેમનો જીવ બચાવવામાં આવ્યો હતો.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
પોષ વદ-૫, તા.૧૯/૧/૨૫, રવિવાર

સૂર્યોદય : ૭-૩૦, સૂર્યાસ્ત : ૬-૨૪, જૈન નવકારશી : ૮.૧૮
રાશિ : કન્યા. (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-ધન, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-ધન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-કુંભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** અત્યંત સાવધાનીપૂર્વક દિવસ પસાર કરો, વાદ વિવાદ ટાળવા, કર્જ ન કરવું, આત્મવિશ્વાસ વધારવાથી પ્રશ્નો હળવા થાય.
**વૃષભ :** શુભેચ્છકો તરફથી શુભેચ્છા મેળવશો, નવી નોકરીની ઓફર આવે, જોકે પરિવર્તન કરવા બાબત કોઈ ઉતાવળ ન કરવી.
**મિથુન :** નાણાકીય બાબતોને લઈને માનસિક ટેન્શન રહે, પેટને લગતી તકલીફોથી જાળવવું, પ્રવાસમાં સાવધાની રાખવી.
**કર્ક :** આવક કરતા ખર્ચ ન વધે તે બાબતમાં સતર્કતા રાખજો, વધુ પડતા ભૌતિકવાદથી દુર રહેજો.
**સિંહ :** બીજાને મદદ કરવાની ઈચ્છા પ્રબળ બનવાની, દિવસ દરમ્યાન નવી વ્યકિતઓ સાથે મુલાકાત થાય.
**કન્યા :** કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, પરિવારના વડીલો માટે પ્રવાસ થાય, ઉત્સાહ જળવાઈ રહે, ભીડભાડથી દુર રહેવું.
**તુલા :** વ્યકિતત્વનો વિકાસ થવાનો, લગ્નની ઈચ્છા ફળવાની, નોકરીમાં પગાર વધવાની શકયતા, નવી એજન્સીની ઓફર આવે.
**વૃશ્ચિક :** વેપારમાં અનુકુળતા વધવાની છતાં નવું રોકાણ ન કરવું, મહત્વની વ્યકિતની મુલાકાત થાય.
**ધન :** રહેણાકના મકાનમાં કોઈ મનગમતા ફેરફારો કરવાની ઈચ્છા સફળ થાય, કાનુની પ્રશ્નો ટાળવા.
**મકર :** આવશ્યકતા અનુસાર નાણાકીય લાભ રહે, બપોર પછીનો સમય કોઈ સારો લાભ.
**કુંભ :** નોકરીમાં કોઈ પરિવર્તન થાય, બદલીના ચાન્સ, અંધશ્રધ્ધામાં ન પડવું, કર્જમાં રાહત થવાની.
**મીન :** યુવા વર્ગને રોમાન્સમાં સફળતા રહે, સ્વાસ્થ્ય બાબત બેદરકારી ન રાખવી, આત્મવિશ્વાસ વધારજો.

## ૧૮ જાન્યુઆરી વર્લ્ડ પીસ ડે બ્રહ્માકુમારીઝના સંસ્થાપક પ્રજા પિતા બ્રહ્માનો સ્મૃતિ દિવસ

### નિચ્છલ અને નિર્મલ હતા પિતાશ્રી બ્રહ્મા

દ્રઢ નિશ્ચયી, અથાક પરિશ્રમી, પરોપકારી, સચોટ પારખુ અને યથાર્થ નિર્ણય શક્તિ ધરાવનાર, હિંમત અને સાહસને પોતાના સાથી બનાવનાર, સમર્થ, શિવ પરમાત્મા પર સમ્પૂર્ણ નિશ્ચયબુધ્ધી, સદા સફળતામૂર્ત એવા સૌના અને પરમાત્મા શિવના પ્યારા એવા પિતાશ્રી બ્રહ્માબાબાનો આજે સ્મૃતિ દિવસ બ્રહ્માકુમારીઝ પુરા વિશ્વમાં ખુબ જ પ્રેમ અને શ્રધ્ધાપૂર્વક ઉજવી રહેલ છે. બ્રહ્મા પિતા સૌને પ્યારથી મીઠે બચ્ચે કહીને બોલાવતા, સદાઉમંગ-ઉત્સાહમાં રહેતા અને સૌમાં બળ, શક્તિ ભરતા. તેઓ રમણિક છતાંયે ગંભીર હતા. તેમનું નિચ્છલ, નિર્મલ મન પરમાત્માને પણ પ્રિય હોવાથી તેમના આદર્શો, સંયમોને કારણે પરમાત્માએ પોતાની મહાવાણીમાં ઉચ્ચારણ અર્થે, તેમના જ અનુભવી તન(૨૫)નો આધાર લીધો. આમ બ્રહ્માએ ભાગ્યશાળી ૨૫ છે કે જેના મુખ કમલ દ્વારા આખાયે વિશ્વની સર્વ મનુષ્ય આત્માઓનો ઉધ્ધાર અથવા કલ્યાણ થયુ છે. પરમાત્માએ જે ૨૫નો આધાર લીધો, તેમની જન્મપત્રી કે તેમના ૮૪ જન્મોની ગાથા સ્વયં બ્રહ્માબાબા પણ નહોતા જાણતા. પરમાત્માએ તેમના જ માધ્યમ દ્વારા, તેમના ૮૪ જન્મોનું અને આ સૃષ્ટિ ચક્રના આદિ-મધ્ય-અંતનુ જ્ઞાન આપ્યુ છે, વળી તેમના પુનઃજન્મો અને કર્મોની ગહન ગતિનું જ્ઞાન પણ આપ્યુ.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

### રાજયોગ દ્વારા પ્રાપ્ત નવી ઉમ્મીદ, નવી આશ, નવી દિશા

પિતાશ્રી બ્રહ્માએ તેમના ૬૦ વર્ષની ઉમરે, રાજયોગી બનવાનો દ્રઢ સંકલ્પ કર્યો તથા સંયમ-નિયમોનો ચુસ્ત પાલન કરીને, આળસ તેમજ અલબેલાપનને સમાપ્ત કર્યા અને અથાક બની આખાયે વિશ્વની સેવા કેવી રીતે કરી છે તે આપણે તેમની આ જીવન કહાનીમાં જોઈ રહ્યા છીએ. પરમાત્મા શિવ દ્વારા અપાયેલા રાજયોગના જ્ઞાનને, પ્રેક્ટિકલ જીવનમાં અમલમાં મુકવા માટે પિતાશ્રીએ બહુજ સુંદર, સરળ અને સ્પષ્ટ ભાષામાં સર્વ સમક્ષ મુકયુ. મનુષ્ય જીવનમાં દુઃખ, અશાંતિ, ભય, ચિંતા અને બીમારીઓમાં પણ સ્વ-સ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે, યોગ લગાવવાવાળા યોગી નહી પરંતુ યોગી જીવનવાળા જ બનીએ તે માટેની વિશેષ ધારણાયુક્ત વાતોને બ્રહ્માબાબાએ પહેલા પોતાના માટે પ્રયોગી અને સફળતા પ્રાપ્ત કરી ત્યારબાદ બધા સમક્ષ મુકી છે. જે રોજબરોજની લાઈફમાં સામાન્ય કાર્યરત વ્યક્તિઓ માટે, ઘર ગૃહસ્થિઓ, વિદ્યાર્થીઓ અને વાનપ્રસ્થિઓ માટે પણ અમલમાં લાવવું સરળ બને છે. આ જ્ઞાન સ્વયંના મન-બુધ્ધિ પર નિયંત્રણ કરવા, વ્યવહારીક સમાધાન અને સ્વભાવ-સંસ્કારો પરિવર્તન માટે ખુબ જ ઉપયોગી બને છે. આમ સુધારવાની શરૂઆત સ્વયંથી કરીશું તો અન્ય વિશ્વના લોકોમાં પરિવર્તન આપમેળે જ થશે, તેવુ સૌ કોઈ અનુભવી રહ્યા છે. આ રીતે વર્તમાન સમયે દુનિયામાં મનોવિકૃતિઓ વધી રહી છે. તેવા સમયે દરેકને નવી દિશા, નવી આશ, નવી ઉમ્મીદો લાવતું આ ઈશ્વરીય જ્ઞાન મળી રહેલ છે, તેને સમજી સૌ કોઈ સ્વયંને ધન્ય ધન્ય અનુભવ કરે છે. આપણે પણ આજના બ્રહ્માબાબાના સ્મૃતિ દિવસ પર આ જ્ઞાન સમજવાની કોશિશ કરી સ્વયંના જીવનમાં ધન્યતાનો અનુભવ કરીએ. તે રીતે પિતાશ્રી બ્રહ્માબાબાને સાચા અર્થમાં શ્રધ્ધા સુમન અર્પિત કર્યુ કહેવાશે.

### પિતાશ્રી બ્રહ્માનો અંતિમ સંદેશ

તેમના પ્રવચનમાં તેમનો મુખ્ય આદેશ સ્પષ્ટ પ્રકટ થયો છે કે જે તેમણે ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ ના રાત્રી કલાસમાં આપ્યો હતો. તેમણે મનુષ્યને 'નિરાકારી', 'નિર્વિકારી' તથા 'નિરહંકારી' બનવાનો, જે સ્વયંનો એ ઉત્તમ પુરૂષાર્થ રહ્યો હતો તેનો સંદેશ આપ્યો છે. સ્વયંને એ સત્ય સ્વરૂપમાં સ્થિર કરી દો કે 'આત્મા હું નિરાકારી છું'. સાથે વિકાર રહિત રહેવા માટે કહ્યુ અને સર્વમાં વ્યાપ્ત અને વિકારોમાં જે સર્વોપરિ છે તે છે અભિમાન, અને અહમ છોડવા કહ્યુ. કારણ કે જે શરીરની ચેતના(બોડી કન્સીયસ)ને વધારે છે અને જેને કારણે અન્ય સર્વ વિકારો મનુષ્ય જીવનમાં પ્રવેશ કરે છે. આથી દેહ અભિમાન છોડવા માટેનો ઉપદેશ તેઓએ આપ્યો. તેમણે સર્વને એ પણ કહ્યુ કે- તમો ઈશ્વર સાથે પ્રેમપૂર્ણ અને સચેતન સંબંધ રાખો કારણ કે તેનાથી અનેક જન્મોમાં થયેલ પાપકર્મો (વિકર્મો)થી અને તેવા સંસ્કારોના પ્રભાવથી આત્માનો છૂટકારો થઈ શકે છે અને સર્વ દુઃખ તથા પીડાનું નિવારણ થઈ શકે છે. આમ પિતાશ્રીનો સંદેશ- પ્રેમ, અનુકંપા (કરૂણા) અને ઈશ્વરને આધીન વિશ્વ ભાતૃત્વ ભાવના ફેલાવાનો હતો. આવી ઉચ્ચ વિચારધારાને કારણે આજે વિશ્વમાં અનેક માનવ, જાતિઓ, રાષ્ટ્રીય કલાઓનું વાસ્તવિક એકીકરણ થયુ છે અને અનેક કષ્ટોથી પીડિત વિશ્વને આશા જાગવા સાથે શાંતિ મળી છે જે સર્વ પ્રેક્ટિકલમાં જોઈ રહ્યા છીએ. ઓમ શાંતિ... શાંતિ...શાંતિ.

## જામનગરના કાર્યક્રમની ભડકાઉ પોસ્ટના વિવાદમાં FIR રદ કરવાની કોંગી સાંસદની અરજી ફગાવતી હાઈકોર્ટ

### સાંસદ ઈમરાન પ્રતાપગઢી પોલીસ સમક્ષ હાજર થતા ન હોવા મામલે પણ અદાલત દ્વારા ટીકા

અમદાવાદ, તા.૧૮

જામનગરમાં ગત વર્ષે એક સંસ્થા દ્વારા આયોજિત સમૂહ લગ્ન પ્રસંગમાં કોંગ્રેસના મહારાષ્ટ્રના રાજ્ય સભાના સાંસદ અને કવિ ઈમરાન પ્રતાપગઢી દ્વારા હાજરી આપ્યા બાદ તેનો વિડીયો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને બેકગ્રાઉન્ડમાં કથિત ભડકાઉ શાયરી મૂકવાના કેસમાં જામનગરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગત ડિસેમ્બર મહિનામાં નોંધાયેલી પોલીસ ફરિયાદ રદ કરવાનો ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સાંસદ અને કવિ હોવાની સાથે સાથે ટ્રાન્સપોર્ટ, ટુરીઝમ અને કલ્ચરની સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય અને લઘુમતી બાબતોના મંત્રાલય માટેની કોન્સ્યુલેટીવ કમીટીના પણ સભ્ય છે. અરજદાર ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટીના માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન પણ છે.


મહારાષ્ટ્રના રાજયસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢી વિરુધ્ધ નોંધાયેલી ફરિયાદ રદબાતલ ઠરાવવા આરોપી સાંસદ દ્વારા પિટિશન કરવામાં આવી હતી. ઈમરાન પ્રતાપગઢી દ્વારા કરાયેલી કવોશીંગ પિટિશનમાં રજૂઆત કરાઈ હતી કે, ગત તા.૨૯-૧૨-૨૦૨૪ના રોજ જામનગરમાં અલતાફ ગફારભાઈ ખફીના જન્મદિન નિમિતની ઉજવણી અનુસંધાનમાં સુન્ની મુસ્લિમ્સ દ્વારા સામૂહ લગ્નનો પ્રસંગ યોજાયો હતો. જેમાં પોતે પણ હાજરી આપી હતી. જો કે, બાદમાં તા.૨-૧-૨૦૨૫ના રોજ અરજદાર તરફથી સોશ્યલ મીડિયામાં ઉપરોકત ઈવેન્ટના સંદર્ભમાં એકસ- એકાઉન્ટ હેન્ડલ પર તેમણે એક વીડિયો બેકગ્રાઉન્ડમાં મૂકયો હતો, જે ઉશ્કેરણીજનક અને કોમી વૈમનસ્ય જન્માવતો હોવાનો વાંધો ઉઠાવી તેમની વિરુધ્ધમાં જામનગર એ-ડિવીઝન પોલીસમથકમાં એફઆઈઆર નોંધાઈ હતી. જો કે, અરજદારે એવા કોઈ જ ઈરાદા સાથે આ વીડિયો પોસ્ટ કર્યો નહતો તેમછતાં તેમની વિરુધ્ધ ખોટી રીતે ફરિયાદ નોંધાઈ હોઈ તે રદબાતલ ઠરાવવી જોઈએ.



દરમ્યાન રાજયસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીની કવોશીંગ પિટિશનનો વિરોધ કરતાં રાજય સરકારે અદાલતનું ધ્યાન દોરતાં જણાવ્યું કે, અરજદારે વિવાદીત ઉશ્કેરણીજનક અને ભડકાઉ વીડિયો ઉપરોકત પ્રસંગ અનુસંધાનમાં અપલોડ કર્યો હતો. જેનાથી કોમ-કોમ વચ્ચે કોમી એખલાસની ભાવના જોખમાય અને શાંતિનું વાતાવરણ ડહોળાય તે પ્રકારની આ પ્રવૃત્તિ છે. અરજદારે પોતે એક સાંસદ અને પ્રતિષ્ઠિત હોદ્દાઓ ધરાવતાં હોઈ તેઓએ કોમી વૈમનસ્ય ફેલાવતાં અને ઉશ્કેરણીજનક પોસ્ટ કરવાથી દૂર રહેવું જોઈતુ હતુ કારણ કે, તેઓ એક જવાબદાર રાજકીય નેતા છે અને તેમના આવા બેજવાબદાર અને કોમી લાગણી ઉશ્કેરનારા કૃત્યને સહેજપણ હળવાશથી લઈ શકાય નહી.,

કારણ કે, તેમના આવા કૃત્યના કારણે કોમી શાંતિ અને ભાઈચારાનું વાતાવરણ જોખમાયુ છે. આ સંજોગોમાં હાઈકોર્ટે અરજદારની રિટ અરજી ફગાવી દેવી જોઈએ. ઉપરોક્ત રજૂઆત બાદ જસ્ટિસ સંદીપ ભટ્ટે રાજયસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીની કવોશીંગ પિટિશન ફગાવી દીધી હતી.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**
૧. સુભાષચંદ્ર બોઝની સેના (૭)
૬. ઈલાજ (૪)
૯. ભારતના સૌથી લોકપ્રિય ગઝલ ગાયક (૬)
૧૨. ગુનેગારને અહીં રખાય (૨)
૧૩. શાકમાર્કેટ હિન્દી (૪)
૧૪. અભિપ્રાય (૨)
૧૫. હદમાં પ્રવેશવાની બંધી (૪)
૧૮. ગુનેગારને થાય (૨)
૧૯. જેકી શ્રોફની એક ફિલ્મ (૨)
૨૧. હેરાન કરવું (૪)
૨૨. શ્રવણે માતા પિતાને શેમાં જાત્રા કરાવેલી (૩)
૨૪. સોનીકામ શીખવાડતી જગા (૫)
૨૬. ટર ઉંધુ લખો (૨)
૨૭. સરભર (૪)
૨૯. કાસ-ઉંધુ લખો (૨)
૩૦. દિવાસળી-ઉંધુ લખો (૪)
૩૩. મૃતદેહને ઓઢાડાતુ વસ્ત્ર (૩)
૩૫. શરીરમાં એ બે હોય છે (૨)
૩૬. એક જ અક્ષર આવશે (૩)
૩૭. વંટોળિયો (૪)
૩૯. રામને એઠા બોર ખવડાવનાર (૭)
૪૧. માચિસ (૩)
૪૩. વાસણ પર બાઝતી કાળાશ (૨)
૪૫. પાણી એમાંથી આવે (૨)
૪૭. સરમુખત્યાર ... હુસૈન (૩)
૪૯. સિંગતેલ શેમાંથી બને ? (૪)
૫૧. આરામનો સમય (૩)
૫૩. છુટ્ટી (૨)
૫૪. આદિત્ય, સૂર્ય (૨)
૫૭. અપશબ્દ (૨)
૫૮. નરગીસના પુત્ર (૫)
૫૯. ઉંચે ઉડતું પક્ષી (૩)
૬૩. પગની ધુળ (૫)
૬૪. સાડીનું એક વચન (૩)
૬૫. અહીં આતંકવાદી હુમલો થયેલો (૪)
૬૭. દાળભાત હિન્દી (૫)
૬૯. બકરાની સાળી (૩)
૭૧. ડોનેશન (૨)
૭૨. રાજકોટ-જસદણ વચ્ચેનું નગર (૪)
૭૩. નજરે ન ચડતી ધુળ (૫)
૭૪. સમુહગાન (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શં | ક | ર | ને | ત્રા | લ | ય | | બો | બી |
| કા | | બ | | વ | | શ | ક | લ | |
| | બા | ળ | પ | ણ | | | | ર | જા |
| | | | | કો | લ | બે | લ | | મ |
| અ | પ | રં | પા | ર | | ર | વ | | કં |
| પ | ળ | | | | વા | લ | | દ | ડો |
| ના | | અ | હો | ભા | વ | | પ | વા | ર |
| પ | | હં | | ગી | | ક | ક્ષ | | ણા |
| ન | | કા | | દા | | સ | પા | ટ | |
| | હ | ર | હ | ર | | ર | ત | ન | |

**ઉભી ચાવી**
૧. મેંગો, કેરી હિન્દી (૨)
૨. સંજય લીલા ભણશાળીની સિરીઝ (૪)
૩. સૈન્ય (૨)
૪. તે .... છે (૬)
૫. એક દેવતા (૩)
૭. 'ઝીણામાં ઝીણી' માહિતી (૪)
૮. એક કઠોળ (૨)
૧૦. હારનું વિરોધી (૨)
૧૧. મર્યાદા (૨)
૧૩. સાજસજજા (૪)
૧૬. પુણ્યનું વિરોધી (૨)
૧૭. મોરબીની ઐતિહાસિક જગ્યા (૫)
૧૮. કારણ સાથે (૪)
૨૦. સંપતિનો પ્રથમ હકકદાર (૩)
૨૩. ફિલ્મ :: ... છોડ દી મૈને (૪)
૨૫. માંસાહારીનું વિરોધી (૪)
૨૭. ફાલતુ વાત (૪)
૨૮. મસ્કા ... (૨)
૩૧. સર્કસ જોડણી છુટ્ટી પાડો (૪)
૩૨. વારસો મેળવનાર (૫)
૩૪. પ્રયોગશાળાનું એક સાધન (૪)
૩૮. વધુ આવતા અંકે (૩)
૪૦. શકિત, તાકાત (૨)
૪૨. વેપાર, બિઝનેસ (૩)
૪૪. ટ્રેન (૪)
૪૬. ધર્મશાળા-હિન્દી (૩)
૪૮. હળવી રમૂજ (૩)
૫૦. ફુટ (૨)
૫૧. ઈલેકટ્રીસીટી (૩)
૫૨. અમરીશ પુરીના અભિનેતા ભાઈ (૫)
૫૫. વિકૃતિ (૩)
૫૬. અસર કરનારૂ (૫)
૬૦. માર્ગ (૩)
૬૧. બેડલકનું વિરોધી (૪)
૬૨. હવા આવ-જા કરી શકે તેવું (૪)
૬૩. એક ડ્રગ્સ (૩)
૬૪. લાયન (૩)
૬૬. રામચરિત ... (૩)
૬૮. બે વતા બે (૨)
૭૦. કવિતાના સર્જક (૨)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે





## ગુજરાતમાં રોકાણ કરવાના 7 કારણો

### 01 ઈકોસિસ્ટમ
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### 02 પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### 03 ક્ષેત્રીય આગેવાની
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### 04 નીતિ આધારિત અભિગમ
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### 05 ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### 06 સસ્ટેનેબિલિટી
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### 07 ઇઝ ઑફ લિવિંગ
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**

રેસકોર્સ રિંગ રોડ પરની ઘટના

# જુની અદાવતમાં બે જુથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું: છરીના ઘા ઝીંકતા ત્રણ ઘવાયા

## પાંચ શખ્સો સામે હત્યા પ્રયાસનો ગુનો: સામસામે નોંધાવી ફરિયાદ





## હુસેન બાવનકા, આફતાબ ઠેબા અને માહિદ જુણેજા રાજકોટ સિવિલમાં દાખલ

રાજકોટ તા.૧૮

શહેરનાં રેસકોર્સ રિંગ રોડ પર ગઈ કાલે જુની અદાવતમાં બે જુથ વચ્ચે શસસ્ત્ર ધીંગાણું ખેલાયું હતું. સામ સામે છરી વડે હુમલો કર્યો હતો. મોરબી રોડ સીટી સ્ટેશનની સામે રહેતાં હુસેન ઉર્ફે આર્યન બાવનકા અને તેનો મિત્ર ચા પીવા જતા હોય ત્યારે અગાઉનો ઝઘડાનો ખાર રાખી આફતાબ ઉર્ફે બોદુ દિલાવર ઠેબા, સબિર ઉર્ફે સબલો, માહિદ, સાહુ સહિતનાએ છરી વડે હુસેન પર જીવલેણ હુમલો કર્યો હતો.જ્યારે સામે આફતાબ ઉર્ફે બોદુ ઠેબાએ પણ હુસેન અને અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

બનાવની વિગત મુજબ ફરિયાદી હુશેન ઉર્ફે આર્યન રફીકભાઇ બાવનકા (ઉ.વ.૨૧, રહે. જુનો મોરબી રોડ સીટી સ્ટેશનની સામે રાંદરડાની અંદર હુશેની ચોક રાજકોટ) એ ફરિયાદમાં આરોપી તરીકે આફતાબ ઉર્ફે બોદુ દિલાવર ઠેબા, સબિર ઉર્ફે સબલો, માહિદ, સાહુ અને અજાણ્યા શખ્સનું નામ આપ્યું હતું. જે ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે મજુરી કામ કરે છે. ગઈ કાલ રાત્રિના સાડા બારેક વાગ્યાની આસપાસ પોતે અને તેનો મિત્ર ઈરફાન ઉર્ફે રેહાન બંને મોચી બજારથી બાઈક લઈ કાલાવડ રોડ ખાતે ચા પીવા જતા હતા. ત્યારે પોણા એક વાગ્યાની આસપાસ મહિલા પોલીસ સ્ટેશન થી કિશાનપરા ચોક તરફ જતા રેસકોર્ષ રીંગ રોડ ઉપર સાહિલ આદિલ કાદરી પરફ્યુમ દુકાનની પાસે પહોંચ્યા ત્યારે પાંચેક શખ્સો બે એકસેસ બાઈક લઈ આવેલ અને બાઈક આડુ નાખેલ. બે વર્ષ પહેલા જેનાં સાથે ઝઘડો થયેલ હતો. તે આફતાબ ઉર્ફે બોદુ દીવાલર ઠેબા, સાહુ, માહિદ, સબિર ઉર્ફે સબલો તથા અજાણ્યો શખ્સ બાઈક આડુ નાખી બાઈક પરથી ઉતરેલ.અને આફતાબ ઉર્ફે બોદુ કહેવા લાગેલ કે તે અગાઉ મને મારેલ હવે હું તને જાનથી મારી નાખીશ તેમ કહિ જેમ ફાવે તેમ અપશબ્દો બોલવા લાગેલ અને ઝઘડો કરવા લાગેલ. તેવામાં મારો મિત્ર ઇરફાન ઉર્ફે રેહાન ત્યાંથી જતો રહેલ. પાંચેય શખ્સો બે ફામ અપશબ્દો બોલતા હતા દરમિયાન આફ તાબ ઉર્ફે બોદુ, સબીર ઉર્ફે સબલો અને માહિદ છરી વડે તૂટી પડ્યા હતાં અને છરીના ઘા મારવા લાગેલ. તેમજ સાહુ અને અજાણ્યા શખ્સે કાચની બોટલ વડે માથાના ભાગે મારેલ. દરમિયાન ત્યાં માણસો એકઠા થઈ જતાં આ પાંચેય શખ્સો નાસી ગયેલ. બાદ તાકિદે ફરિયાદીને લોહી લુહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રદ્યુમનનગર પોલીસે પાંચેય શખ્સો સામે હત્યા પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહિ હાથ ધરી છે.

જ્યારે સામે આફતાબ ઉર્ફે બોદુ દિલાવરભાઈ ઠેબા (ઉ.વ.૨૧, રહે.કુવાડવા રોડ ડી માર્ટની પાછળ શહિદ ઉધમસિંહ ટાઉનશીપ એફ વીગ કવાટર નં.૬૦૨ રાજકોટ) એ હુસેન ઉર્ફે અયાન બાવનકા અને અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદમાં જણાવ્યું હતું કે

આજથી બે વર્ષ પહેલા હુશેન ઉર્ફે આર્યન તથા તેના પરીવાર ના સભ્યો સાથે ઝઘડો થયેલ હતો. જેમા મે ફરીયાદ કરેલ હતી જે ફરીયાદનુ સમાધાન કરવા માટે કહેતા મે ના પાડી હતી. જે બાબતની તકરાર ચાલતી હતી. ગઈ કાલે હું તથા મારા મામાનો દિકરો માહીદ અનવરભાઇ જુણેજા ચા પીવા નીકળેલ. ત્યારે રાત્રિના એક વાગ્યાની આસપાસ મહિલા પોલીસ સ્ટેશનની આગળ પહોંચેલ ત્યારે ત્યાં હુશેનભાઇ ઉર્ફે આર્યન બાવનકા મળેલ અને કહેલ કે આપણે જે કેસ ચાલુ છે તેમા સામાધાન કરી નાખીએ. જેથી મે તેને ચાલુ ગાડી એ જ કહેલ કે મારે સમાધાન નથી કરવુ. જેથી સ્પેલન્ડર બાઈક અમારી આગળ કરી મારી એકસેસ બાઈક રોકેલ અને આર્યને પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી મારવા જતાં બચાવ કરતા મને હાથમાં છરી લાગી ગયેલ. દરમિયાન મામાનો દિકરો માહિદ બચાવવા જતા તેને પણ છરી મારી દીધેલ. અને અપશબ્દો બોલી ઢીકાપાટુનો માર મારવા લાગેલ. તેવામાં ત્યાં માણસો ભેગા થઈ જતાં બંને જતાં રહેલ હતાં. બાદ ફરિયાદી અને માહીદને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પ્રદ્યુમન નગર પોલીસે હુસેન ઉર્ફે અયાન બાવનકા અને અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહિ હાથ ધરી છે.

# ઠેબચડા ગામે ૧૫ વર્ષિય રીંકલનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ તા.૧૮

રાજકોટના ઠેબચડા ગામે ૧૫ વર્ષિય રીંકલએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી મચી જવા પામી છે. બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ઠેબચડા ગામમાં રહી ખેત મજુરી કામ કરતા કમજીભાઈ પરમારની ૧૫ વર્ષિય પુત્રી રીંકલએ ગઈ કાલ બપોરના વાડીની ઓરડીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. માત-પિતા વાડીમાં કામ કરી પરત ઓરડીએ ગયા ત્યારે રીંકલને લટકેલી હાલતમાં જોતાં સ્તબ્ધ થઈ ગયા હતા.અને દેકારો મચાવતા લોકો એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ ૧૦૮ ને કરતાં ૧૦૮ સ્થળ પર પહોંચી જોઇ તપાસી તરુણીને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ આજીડેમ પોલીસને થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં મૃતક તરુણીનો પરિવાર મૂળ દાહોદનો વતની છે. અહીં ખેત મજુરી કામ કરે છે. તેણી બે બહેન અને બે ભાઈમાં બીજા નંબરની હતી. તેણીને વતનમાં જવુ હોય પણ માત-પિતાએ ના પાડતાં રકઝક થતાં જેનું લાગી આવતા આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# પતિના અવસાન બાદ તણાવમાં પત્નીનો આપઘાત

રાજકોટ તા.૧૮

પતિના અવસાન બાદ તણાવમાં પત્નીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. શહેરનાં હાથીખાના વિસ્તારમાં બનાવ બન્યો હતો. બનાવ પગલે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ હાથીખાના શેરી નં-૬ મા રહેતાં ગૌરીબેન મનદીપભાઈ સમંત (ઉ.વ.૫૦) નામની મહિલાએ ગત કાલે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. બનાવની જાણ પરિવારને થતાં તુરંત ૧૦૮ ને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે પહોંચી મહિલાને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે એ ડિવિઝન પોલીસને જાણ થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આપઘાત કરનાર ગૌરીબેનના પતિ બે વર્ષ પહેલાં અવસાન પામ્યા હતા. પતિના અવસાન બાદ તેણી ચિંતામાં અને ડિપ્રેશનમાં રહેતી હોય જેથી તણાવમાં આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# ઓછા માર્કસ આવતા માતા-પિતાએ ઠપકો આપ્યો, ૧૪ વર્ષીય વિદ્યાર્થી જેતપુરથી ચોટીલા પહોંચી ગયો

## નિર્ભયને ધો.૧૦ની પ્રાથમિક કસોટીમાં ઓછા માર્કસ હોય, જે અંગે સ્કૂલમાંથી વાલીને જાણ કરાઈ હતી, શાળાએ જવાનાં બદલે તે બસમાં બેસી ગયો હતો

## વિદ્યાર્થી ઈન્સ્ટાગ્રામમાં મિત્રો જોડે ચેટમાં વાત કરતો હોવાથી પોલીસે બસ ટ્રેક કરી, જાગૃત નાગરિકની મદદથી નિર્ભયને શોધી લીધો



રાજકોટ, તા.૧૮

પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતા માતા-પિતાએ ઠપકો આપતા ૧૪ વર્ષીય વિદ્યાર્થી જેતપુરથી ચોટીલા પહોંચી ગયો હતો. નિર્ભયને ધો.૧૦ની પ્રાથમિક કસોટીમાં ઓછા માર્ક્સ આવ્યા હતા. સ્કૂલમાંથી વાલીને જાણ કરતા ઘરેથી ખિજાયા હતા. જેથી તે સ્કૂલે જવાનાં બદલે બસમાં બેસી નીકળી ગયો હતો. વિદ્યાર્થી પાસે મોબાઈલ ફોન હોય અને તે મિત્રો જોડે ચેટમાં વાત કરતો હોવાથી પોલીસે બસ ટ્રેક કરી, જાગૃત નાગરિકની મદદથી નિર્ભયને શોધી લીધો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ગત રોજ સવારે જેતપુરના ટાકુડીપરા વિસ્તારમાં રહેતા રાજેશભાઈ શામજીભાઈ બારૈયા તેમની પત્ની અને અન્ય પરીવારના સભ્યો જેતપુર સિટી પોલીસ મથકે આવેલ અને જણાવેલ કે તેમનો ૧૪ વર્ષનો દીકરો નિર્ભય વહેલી સવારના સાતેક વાગ્યે સ્કુલે જવાનું કહી નીકળી ગયેલ છે અને સ્કુલનો સમય પુર્ણ થયે પરત ઘરે આવેલ નથી. પોલીસે તુરંત જ અલગ-અલગ ટીમો બનાવી રવાના કરેલ. નિર્ભય જે સ્કુલમાં અભ્યાસ કરે છે તે વિવેકાનંદ સ્કુલ ખાતે તપાસ કરતા જાણવ મળેલ કે તે સ્કુલે પહોંચ્યો જ નહોતો. જેથી પરિવારની ચિંતા વધી ગઈ હતી. પોલીસે તુરંત અનેક સીસીટીવી કેમેરા તપાસ કર્યાં. જેમાં નિર્ભય જેતપુર તીનબત્તી ચોકથી પ્રાઈવેટ બસમાં બેસી, રાજકોટ ગયેલ છે. તેમ જણાતા ટીમ રાજકોટ પહોંચી. ત્યાં જઈ ટેક્નીકલ વર્કઆઉટ કરતા જાણવા મળેલ કે નિર્ભય અમદાવાદની બસમાં બેસેલ છે. અને તેની પાસે જે મોબાઈલ છે તેમાંથી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ઓનલાઈન છે. મીત્રો સાથે ચેટમાં વાત કરે છે.સ્કુલના મિત્રોને યોગ્ય સમજ કરીને નિર્ભય હાલ ક્યા છે તે પુછતા તેણે સજહતાથી જણાવેલ કે, પોતે હાલ ચોટીલાથી પરત રાજકોટ બસમાં બેસીને આવે છે. બાદ નિર્ભયે જે મોબાઇલ ફોનથી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઓપન કરેલ તે મોબાઇલ ફોન ટ્રેસ કરી નંબર મેળવેલ અને મોબાઇલ નંબર પર અમોએ ફોન કરતા એક જાગૃત નાગરીક ધ્યેયભાઈ કણજારીયા, (રહે-થાન)એ જણાવેલ કે બાળક હાલ બસમાં છે અને તેઓ પણ બસમાં તેમની સાથે સતત સંપર્કમાં રહી, બસના ડ્રાઈવર સાથે પણ વાત કરેલ અને તેઓને જણાવેલ કે બસમાંથી બાળકને ઉતરવા ન દેવુ. બાદ બસ ગ્રીનલેન્ડ ચોકડી, રાજકોટ ખાતે થોભાવી બાળકને ત્યાંથી ઉતારી લઈ પોલીસ સ્ટાફે બાળકને પોતાના કબ્જામાં લઈ લીધેલ.

નિર્ભયને ઘર છોડી ચાલ્યા જવાનું કારણ પુછતા જાણવા મળેલ કે, ધોરણ દસમાં પ્રાથમીક કસોટીમાં આગળના દીવસે સારા માર્ક્સ ન આવતા સ્કુલેથી આ બાબતે વાલીને ફોન કરવામાં આવેલ અને નિર્ભયના માતા-પિતાએ નિર્ભયને ઠપકો આપેલ અને વધુ માર્ક્સ લાવવા ખીજાયેલ. તેમજ નિર્ભયને સંગીત વિષયમાં રસ હોવાથી તે ઘર છોડી ચાલ્યો ગયેલ. બાદ નિર્ભયને સમજાવીને તેના માતા-પિતાને સોંપી આપેલ અને બાળકના માતા-પિતાને પણ સમજાવેલ કે, તેઓ બાળકને અભ્યાસમાં વધારે પડતુ દબાણ ન કરી, તેની રૂચી મુજબ સંગીત વિષયમાં આગળ વધવા પ્રોત્સાહન આપે. આ કામગીરી જેતપુર પીઆઇ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.સી.પરમાર, એ.એસ.આઈ. ભાવેશભાઈ ચાવડા, હેડ કોન્સ. ચંદ્રસિંહ વસૈયા, સાગરભાઈ મકવાણા, પો.કોન્સ. શકિતસિંહ ઝાલા, લખુભા રાઠોડ, ભરતભાઈ ગમારા, સાગરભાઈ ઝાપડીયા એક જાગૃત નાગરીક ધ્યેયભાઈ કણજારીયા દ્વારા કરવામાં આવી હતી.આથી જાહેર જનતાને જેતપુર પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે, માતા- પિતાએ પોતાના બાળકોને અભ્યાસમાં તે હદ સુધી દબાણ ન કરવુ જોઈએ કે તેઓ ઘર છોડી ચાલ્યા જાય કે કોઈ અઘટીત પગલુ ભરી બેસે. બાળકોને જે વિષયમાં રસ છે તેમાં આગળ વધવા માટે પ્રોત્સાહીત કરવા જોઈએ. બાળકોને બિનજરૂરી રીતે મોબાઇલ ફોનના ઉપયોગથી દુર રાખવા જોઈએ. તેમજ કોઇ પણ માણસને આવા કોઇ એકલા બાળકો મળી આવ્યે તુરંત જ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસનો સંપર્ક કરવો જોઈએ.

# શાપરમાં હિટ એન્ડ રન : યુવાનને હડફેટે લઈ વાહન ચાલક ફરાર

## મૃતકની ઓળખ કરવા તજવીજ, વાલી વારસની શોધખોળ

રાજકોટ, તા.૧૮

શાપરમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. યુવાનને હડફેટે લઈ વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. મૃતકની ઓળખ કરવા અને, તેના વાલી વારસની શોધખોળ પોલીસે શરૂ કરી છે. હાલ પોલીસે જ ફરિયાદી બની અકસ્માત સર્જનાર અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો છે.

આ અંગે શાપર(વેરાવળ) પોલીસના એએસઆઈ મુકેશભાઈ ચૌહાણએ ફરિયાદી બની અજાણ્યા વાહન ચાલક સામે હિટ એન્ડ રનનો વાહન અકસ્માત મૃત્યુનો ગુનો નોંધાવેલ છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, તા. ૧૭/૦૧/૨૦૨૫ના રોજ તેઓ અને પો.કોન્સ. બ્રિજરાજસિંહ ફરજ પર હતા ત્યારે પીએસઓ વી.એસ. ભીંભાએ જાણ કરેલ કે કંટ્રોલ રૂમમાંથી માહિતી મળી છે કે, શાપર જીઆઈડીસીના ગંગા ગેઈટ પાસે રોડ પર એક અજાણ્યા પુરૂષની લાશ પડેલ છે. જેથી અમે તાત્કાલીક બનાવવાળી પહોંચતા જોયેલ તો ગોંડલથી રાજકોટ તરફના નેશનલ હાઇવે રોડ પર શાપર ગંગા ગેઈટ સામે નવા બનતા પુલ પાસે આશરે ૩૫થી ૪૦ વર્ષના અજાણ્યા પુરૂષનો મૃતદેહ રોડ પર પડ્યો હતો. કોઈ અજાણ્યો વાહન ચાલક હડફેટે લઇ અકસ્માત કરી શરીરે ગંભીર ઇજા કરી નાસી ગયેલ હોય જેથી પુરૂષનો પેટ તથા છાતીનો ભાગ ફાટી ગયેલ. લોહીલુહાણ હાલતમાં પડેલ હતો. શાપર સરકારી હોસ્પિટલ ખાતે તેને લઈ જતા ફરજ પરના ડો.આદિત્ય કડેવાલે જોઈ તપાસી તેને મૃત ઘોષિત કરેલ. લાશને પી.એમ. કરાવવા કોટડા સાંગાણી સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયેલ અને ત્યાંના ડોકટર સાહેબે મરણજનારની લાશનું ફોરેન્સીક પી.એમ. કરાવવાનો શેરો લખી આપતા મરણજનારની લાશને રાજકોટ સરકારી હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે ખસેડેલ અને ફોરેન્સીક પી.એમ. બાદ લાશનો કોઇ વાલીવારસ ન હોય તેથી આ અજાણી વ્યકીતની લાશને કોલ્ડન સ્ટોરેજ રૂમમાં રાખવા તજવીજ કરાવેલ હતી. અજાણ્યા મૃતકના કોઈ વાલી વારસ કે સગા વ્હાલાનો પતો મળતો ન હોય જેથી આ અજાણ્યા વાહન ચાલકે બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૦૬, એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુન્હો કરેલ હોય તો આ અજાણ્યા વાહન ચાલક સામે ધોરણસર થવા સરકાર તરફે ફરીયાદ નોંધાઈ છે.



અજાણ્યો મૃતક અને તેણે હાથમાં ત્રોફાવેલ ત્રાજવું તસ્વીરમાં નજરે પડે છે. આ વ્યકિતને કોઇ ઓળખતુ હોય તો શાપર પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે.

# કોટડાસાંગાણી અને ભાડલા વિસ્તારમાં તસ્કરો ત્રાટકયા: બે પવન ચક્કીમાંથી કોપર વાયરની ચોરી

## સૂઝલોન ગ્લોબલ સર્વિસ કંપનીની પવન ચક્કીમાંથી રૂ.૩૦ હજારનો વાયર ચોરી થતાં ભાડલા પોલીસે તપાસ આદરી

રાજકોટ. તા.૧૮

કોટડાસાંગાણી અને ભાડલા વિસ્તારમાં તસ્કરો ત્રાટકયા હતાં અને ત્રણ પવન ચક્કીમાંથી રૂ.૩૦ હજારના કોપર વાયરની ચોરી કરી નાસી છૂટતાં ભાડલા પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

બનાવ અંગે જસદણના ગઢડિયા ગામે રહેતાં અને સૂઝલોન ગ્લોબલ સર્વિસ કંપનીમાં સિક્યુરીટી સુપરવાઈઝર તરીકે નોકરી કરતાં નરશીભાઈ ઉર્ફે કાળુ ભાઈ મેઘાભાઈ કળોતરાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેમના સુપરવિઝન હેઠળ ખડવવાવડી ગામે આવેલ સૂઝલોન ગ્લોબલ સર્વિસની જેએસડી ૭૯ નંબરની પવન ચક્કીમાં સર્વર રૂમનું તાળું તોડી અજાણ્યા તસ્કરોએ અંદર પ્રવેશ કરી ૧૯૦ મીટર જેટલો કોપરનો વાયરની ચોરી કરી નાસી છૂટ્યા હતાં.

જ્યારે રામળિયા ગામની સીમમાં આવેલ જેએસડી ૧૦૦ નંબરની પવન ચક્કીમાંથી સર્વર રૂમનું તાળું તોડી અંદરથી ૨૧૦ મીટર કોપર વાયરની ચોરી કરી તસ્કરો નાસી છૂટ્યા હતાં. જે અંગે કંપની દ્વારા શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ કોઈ ભાળ ન મળતા રૂ.૩૦ હજારના કોપર વાયરની ચોરી અંગેની ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભાડલા પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## અવસાન નોંધ



ગં. સ્વ. વિમળાબેન રમણીકલાલ કોટક (૮૪) તે પ્રફુલ્લભાઈ, મનોજભાઈ કોટક (મનોજ ઝેરોક્ષ)ના માતૃશ્રીનું તા. ૧૮/૧ શનિવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** સ્વ. અમૃતલાલ હરજીવનદાસ સંઘવીના સુપુત્ર સ્વ. ચીમનલાલ અમૃતલાલ સંઘવી તથા સ્વ. ભાનુબેન ચીમનલાલ સંઘવીના પુત્ર નિલેશભાઈ તે હિતેશભાઈ તથા જયોતિબેન દિલીપભાઈ કોઠારીના નાના ભાઈ તેમજ નેહાબેનના પતિ તે ફોરમના પિતા તે ભવ્યના કાકા તે પરસોતમ યાદવ લાલ ભાવસારના જમાઈ તે અપૂર્વ શાહ માસીના દીકરા તા.૧૭ના રોજ અરિહંતશરણ તારીખ પામેલ છે. સદગતનું ઉઠમણુ ૧૦ કલાકે તથા પ્રાર્થના સભા ૧૦.૩૦ કલાકે તારીખ ૨૦/૧/૨૦૨૫ના રોજ મહેતા નિદાન કેન્દ્ર વિજયાવાડી, જુનાગઢ ખાતે રાખેલ છે.

# મેટોડા પોલીસની હેલ્મેટ ઝુંબેશ : ૭૯ ચાલકોને સ્થળ પર દંડ ફટકારી રૂ.૪૦ હજારની વસુલાત

મેટોડા જી.આઇ.ડી.સી. પોલીસે ગઈકાલે હેલ્મેટ ઝુંબેશ ઉપાડી હતી. જેમાં ટૂંકા સમયમાં જ ૮૦ ચાલકોને સ્થળ પર દંડ ફટકારી રૂ. ૪૦ હજારની વસુલાત કરી હતી. પોલીસે જણાવ્યું કે, રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ દ્વારા જિલ્લામાં વાહન અકસ્માત મોતના બનાવો બનતા અટકાવવા હેલ્મેટ પહેર્યા વગરના ટુ વ્હિલર વાહન ચલાવતા ચાલકો ઉપર નિયમ કાયદા મુજબ કેસ કરી કાયદેસર કાર્યવાહી કરવા ખાસ સુચના આપી હતી. જેથી ડીવાયએસપી કે.જી. ઝાલાના માર્ગદર્શન મુજબ મેટોડા પોલીસના પીઆઇ એસ.એચ.શર્માની રાહબરીમાં પોલીસ સ્ટાફ દ્વારા સ્પેશ્યલ હેલ્મેટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હતું. આ ડ્રાઇવ દરમ્યાન હેલ્મેટ વગર ટુ વ્હિલર ચલાવતા ૭૯ ચાલકો વિરુદ્ધ એન.સી. કેસ નોંધવામાં આવેલ અને બ્લેક ફીલ્મ લગાડેલ એક ફોરવ્હીલર કાર ઝડપી એન.સી. કેસ કરી આ તમામ ૮૦ કેસ મળીરૂ.૪૦,૦૦૦ નો સ્થળ દંડ વસુલ કરવામાં આવ્યો હતો.




૧૧ મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

"પિતા ક્યારેય સ્વર્ગસ્થ નથી હોતા, એ હંમેશા હૃદયસ્થ હોય છે"

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા,
આપનું દરિયા જેવું નિખાલસ હૃદય,
હિમાલય જેવું પવિત્ર હાસ્ય,
અખૂટ લાગણી સાથેનો આપનો
આનંદી અને લાગણીશીલ સ્વભાવ ક્યારેય
ભુલાશે નહીં. આપનો પ્રેમ કદી ભુલાશે નહીં,
ખોટ આપની કદી પુરાશે નહીં. પરમ કૃપાળુ
પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના...

સ્વ. પોપટલાલ લાલજીભાઈ રાઠોડ
સ્વ. તા. ૧૮-૦૧-૨૦૧૪, શનિવાર

ગં.સ્વ.જશુબેન પોપટલાલ રાઠોડ
કૌશિક પોપટલાલ રાઠોડ — હેતલ કૌશિક રાઠોડ
કિંજલ જયદીપ સોલંકી — જયદીપ એચ. સોલંકી
ધારવી કૌશિક રાઠોડ — વિવાન & જીયાન જયદીપ સોલંકી
ધનિશ કૌશિક રાઠોડ — ભીમજીભાઈ લાલજીભાઈ રાઠોડ

તથા રાઠોડ પરિવારનાં જયશ્રી કૃષ્ણ

MANISH ADS

દુઃખદ અવસાન ઉઠમણું




અત્યંત દિલગીરી સાથ જણાવવાનું કે, જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ.જયંતિલાલ પિતાંબર શેઠના સુપુત્ર શ્રી રાજેશભાઈ (રાજુભાઈ શેઠ) જે હિનાબેનના પતિ, અક્ષત તથા કુશલના પિતાશ્રી અને સ્વ.જયંતિલાલ નરશીભાઈ પટેલના જમાઈ તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ આકસ્મીક રીતે અરિહંત શરણ પામેલ છે. પ્રભુ સદગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું ઉઠમણું : તા.૧૯/૦૧/૨૦૨૫, રવિવારના સવારે ૧૦:૩૦ કલાકે પારસધામ દેરાસર, ૧-જલારામ પ્લોટ, ફાયર બ્રિગેડની પાછળ, રાખેલ છે.

લૌકીક ક્રિયા બંધ છે. (સદ્ગતનું ચક્ષુદાન કરેલ છે.)

સ્વ.રાજેશભાઈ જયંતિલાલ શેઠ
સ્વ.તા.૧૭/૦૧/૨૦૨૫

સમસ્ત શેઠ પરિવાર
94281 27100-76987 24102



ચોવીસમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

તમે એક પલમાં જીંદગીનું સંભારણું છોડી ચાલ્યા ગયા,
જીંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મુકી ગયા, જીવ્યા થોડુ
પણ જીતી ગયા ઘણું, હસીને હસાવનાર અમોને રડાવી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
ભરતભાઈ ચંદુલાલ હિરાણી-પપ્પા
દયાબેન ભરતભાઈ હિરાણી-મમ્મી
અર્ચનાબેન રાજેશકુમાર કકકડ-બહેન
તથા હિરાણી પરિવારના જય જલારામ-મોરબી

સ્વ. રાજેશભાઈ ભરતભાઈ હિરાણી
સ્વ.તા.૧૮-૧-૨૦૦૧. મોરબી

જીજ્ઞેશ ભટ્ટ-મો. ૯૪૨૭૭ ૨૧૫૪૬


## અવસાન નોંધ

**ઉપલેટા:** ઉપલેટાના કેશવલાલ રામજીભાઈ ટાંક ( છજ્જા ના વરિષ્ઠ સ્વયંસેવક) ના ધર્મપત્ની જસુમતીબેન કેશવલાલ ટાંક ઉ. વ. ૭૮ તે જયશ્રીબેન. કલ્પનાબેન. શિલ્પાબેન ટાંક. ના માતૃશ્રી અને ધર્મેશકુમાર મકવાણા તથા નિલેશકુમાર લાખાણી ના સાસુ તા. ૧૭/૧ ના શુક્રવારે દુખદ અવસાન પામ્યા છે સદગતનું બેસણું તા. ૨૦/૧ ના સોમવારે બપોરનાં ૩ થી ૫ ''સતસંગ ભૂવન'' જીનમીલ ચોક પાંસે રેલ્વે સ્ટેશન ચોક ઉપલેટા મુકામે રાખેલ છે.

**વેરાવળ :** નારણદાસ જમનાદાસ છગ ઉ.વ. ૭૮ તે સુભાષભાઈ, હિતેશભાઈ, તૃપ્તિબેન ના પિતાશ્રી, રિયા, પ્રીત, જીયાના દાદાશ્રી, સ્વ.નરેન્દ્ર ભાઈ, સ્વ.અરવિંદભાઈ, સ્વ.વિનુભાઈ (દિલ્હી), સ્વ.વિજયભાઈ, ભરતભાઈના મોટા ભાઈ, દિનેશભાઈ પ્રભુદાસ સોઢા, નલીનભાઈ પ્રભુદાસ સોઢાના બનેવી, જયદીપકુમાર રૂપારેલીયાના સસરાનું તા.૧૭ ના અવસાન થયેલ છે. સદગતનું ઉઠામણું તથા સાદડી તા.૧૮-૧-૨૦૨૫ ના શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે બિલેશ્વર મંદિર, વેરાવળ ખાતે રાખેલ છે.

**મોરબી:** મોરબી નિવાસી, હાલ રાજકોટ સ્વ. હર્ષિદાબેન કિરીટભાઈ સંઘવી (ઉ.૭૨) તે કિરીટભાઈ વ્રજલાલ સંઘવીના પત્ની, હર્ષદ, ચેતનાબેન, સ્વ. બીપીનભાઈ, ભારતીબેન, દીનાબેન અને નીલાબેનના ભાભી તથા સ્વ. વનીચંદ ત્રીકમજી મહેતાના પુત્રી અને જગદીશભાઈ અને નીરૂબેનના બેન તા.૧૬ને ગુરૂવારના રોજ અરીહંત શરણ પામેલ છે.

**રાજકોટ:** જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ. જયંતિલાલ પિતાંબર શેઠના પુત્ર રાજેશભાઈ (રાજુભાઈ શેઠ) તે હિનાબેનના પતિ, અક્ષત, કુશલના પિતાશ્રી અને સ્વ. જયંતિલાલ નરશીભાઈ પટેલના જમાઈ તા.૧૭ના રોજ અરીહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૧૯ને રવિવારે સવારે ૧૦-૩૦ કલાકે પારસધામ દેરાસર, ૧ જલારામ પ્લોટ, ફાયરબ્રિગેડની પાછળ રાજકોટ ખાતે રાખેલ છે. તેમની લૌકીક ક્રિયા બંધ રાખેલ છે. સદગતે ચક્ષુદાન કરેલ છે.

**વિસાવદર:** સ્વ. લીલાવંતીબેન હરીદાસજી હરીયાણી (ઉ.૭૫) તા.૧૭ના રામચરણ પામ્યા છે. તે હરીદાસ વનમાળીદાસજી હરીયાણી (કાલસારી) વિસાવદરના પત્ની તથા રઘુવીર, નીરૂબેન (મહુવા), ઉર્મિલાબેન (કોલડા)ના માતુશ્રી થાય. સદગતનું બેસણું પ્રાર્થનાસભા તા.૨૦ને સોમવારના બપોરના ૩થી ૬ ગાયત્રી પ્લોટ નિવાસસ્થાને વિસાવદર મુકામે રાખેલ છે.

**રાજકોટ:** મનસુખભાઈ બાલુભાઈ બેન્ડકર (ઉ.૭૮) એજી ઓફીસ ઓડીટવાળા તે ગં.સ્વ. ભાનુબેન બેન્ડકરના પતિ તથા અમીતભાઈના પિતાશ્રી તથા સ્વ. ભીખુરાવ બેન્ડકર પોસ્ટ ઓફીસ વાળાના નાનાભાઈ, મુકેશભાઈ (એજી ઓફીસ વાળા)ના કાકાનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૦ના સોમવારે સાંજે ૪થી ૫ કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર, પ્ર.નગર પોલીસ લાઈન પાસે રાખેલ છે.

**જામખંભાળીયા:** મુળ ભણગોર વાળા અને હાલ જામનગર નિવાસી સ્વ. ડાયાલાલ સવજીભાઈ ઠકરારના પુત્ર રાજેશભાઈ (ઉ.૫૨) તે કિશોરભાઈ (રાજકોટ), સ્વ. જીતેન્દ્રભાઈ, ચંદ્રીકાબેન હરેશકુમાર જોબનપુત્રા, સ્વ. રંજનબેન નીતીનભાઈ ખખ્ખરના નાનાભાઈ તેમજ રેખાબેન ધર્મેન્દ્રભાઈ ખીમાણીના મોટાભાઈ અવની, મયુરના પિતાશ્રી, વિશાલ, હાર્દિકના કાકા, સ્વ. ધીરજલાલ લક્ષ્મીદાસ રાયઠઠા (બેડ)ના જમાઈનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તથા સ્વસુર પક્ષની સાદડી ભાઈ બહેનો માટે તા.૧૮ના સાંજે ૪થી ૪-૩૦ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, રામેશ્વરનગર, જામનગર ખાતે રાખેલ છે.

**ભાવનગર:** દાઉદી વ્હોરા મુસ્તફાભાઈ કાસિમભાઈ કાચવાળા (ઉ.૪૪) તે શહેનાઝબેનના પતિ, અલીહુશેનભાઈના ભાઈ, ખોઝેમા, ઉમ્મેહાનીના પિતા, આશિકહુશેનભાઈ, અબ્બાસભાઈના ભાણેજ તા.૧૬ના ગુરૂવારના વફાત પામેલ છે. મર્હુમની જયારત (કુરાનખ્વાની) તા.૧૮ના મંગળવારે સવારે ૧૧-૩૦ કલાકે નજમી હોલ ભાવનગર ખાતે રાખવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કમલેશભાઈ બલભદ્રનું અવસાન



**રાજકોટ:** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ અગ્રણી અને રાજકોટ મહાનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં અનેકવિધ મહત્વની જવાબદારી સંભાળી ચૂકેલા એક આદર્શ સ્વયંસેવક તરીકેનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડનાર અને સંઘ કાર્ય માટે આજીવન અપરિણીત રહેનાર શ્રી કમલેશભાઈ બલભદ્ર (મારૂતિ વિસ્તાર કુટુંબ પ્રબોધન સંયોજક)નું આજે સવારે ૭૧ વર્ષની વયે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયેલ છે.

મુળ જામનગરના વતની અને રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર એવા ભારત સરકારના હવામાન ખાતામાં ઉચ્ચ અધિકારી તરીકે જવાબદારી સંભાળી ચૂકેલા સ્વ. કમલેશભાઈ બલભદ્ર પોતાની જવાબદારી પ્રત્યે હંમેશા સજાગ અને સતર્ક રહેતા હતા. સ્વ. ડાયાભાઈ બલભદ્રના પુત્ર કમલેશભાઈ ડાયાભાઈ બલભદ્ર (ઉ.વ.૭૧) હવામાન ખાતાના પૂર્વ અધિકારી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક, હરેશભાઈઈ મીનાબેન, પારૂલબેન, પ્રતિભાબેનના ભાઈનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૮-૧-૨૦૨૫ શનિવાર સાંજે ૪થી ૫ શ્રી ફળેશ્વર મહાદેવ મંદિર બજરંગવાડી, જામનગર રોડ રાજકોટ ખાતે રાખેલ છે. (હરેશભાઈ બલભદ્ર મો. ૯૪૨૬૭ ૭૨૦૫૩, પારૂલબેન બલભદ્ર મો.૮૧૪૦૦ ૮૭૮૪૨).

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# માલિયાસણ ચોકડી પાસેથી દારૂ ભરેલ ટ્રક સાથે રાજકોટનો કન્સ્ટ્રકશનનો ધંધાર્થી ઝબ્બે

**જામનગર રોડ પર રહેતો સતીષ જાટીયા રાજસ્થાનથી ભરેલો દારૂ રાજકોટમાં ઠાલવે તે પહેલાં જ દબોચી લીધો**

**કનૈયા ટી સ્ટોલ પાસે ખુલ્લા પાર્કીંગમાં પાર્ક કરેલ દારૂ ભરેલ ટ્રક પર પીસીબીની ટીમ ત્રાટકી, શરાબની ૫૭૬ બોટલ સહિત રૂ.૮.૭૯ લાખનો મુદામાલ જપ્ત**

**પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમનો સપાટોઃ હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, ગિરીરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડાની બાતમી**





રાજકોટ. તા.૧૮

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ માલિયાસણ ચોકડી પાસેથી દારૂ ભરેલ ટ્રક સાથે રાજકોટના કન્સ્ટ્રકશનનો ધંધાર્થીને પીસીબીની ટીમે દબોચી લીધો હતો. પીસીબીની ટીમે જામનગર રોડ પર રહેતો સતીષ જાટીયા રાજકોટમાં દારૂ ઠાલવે તે પહેલાં જ ૫૭૬ બોટલ સાથે પકડી લઈ રૂ.૮.૭૯ લાખનો મુદામાલ ઝડપી સઘન પૂછતાછ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એમ.જે.હુણ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ કીરતસિંહ ઝાલા, ગીરીરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફને નવા ૧૫૦ ફુટ રીંગરોડ માલીયાસણ ચોકડીથી સોખડા ચોકડી તરફ જતા રોડ પર આવેલ કનૈયા ટી સ્ટોલ નામની હોટલ પાસે ખુલ્લા પાર્કીંગમાં એક અશોક લેલેન્ડ ટ્રક નં.જીજે.૧૦,ડબલ્યુ. ૬૨૩૩ ઉભેલ છે. જેમા એક શખ્સ હાજર છે અને તે ટ્રકમાં ઇંગ્લીશ દારૂ ભરેલછે, તેવી ચોકકસ બાતમી મળતાં સ્ટાફે દરોડો પાડી માલીયાસણ ચોકડીથી સોખડા ચોકડી તરફ જતા રોડ પર આવેલ કનૈયા ટી સ્ટોલ નામની હોટલ પાસે ખુલ્લા પાર્કીંગમાં જોતા એક ટ્રક પડેલ હતો.

જે ટ્રક પાસે જઇ ટ્રકના કેબીનમા જોતા ડ્રાઇવર સીટ પર શખ્સનું નામ પૂછતાં સતીષ નાથા જાટીયા (ઉંવ.૩૨),(ધંધો. કન્ટ્રકશન,રહે. જામનગર રોડ, નાગેશ્વર મંદિર પાસે, શાંતિ નગર, અરિહંત એવન્યુ-એ,ફ્લેટ નંબર-૧૦૨, રાજકોટ) જણાવ્યું હતું. ટ્રકમાં પાછળના ભાગે તપાસ કરતાં ઉપર તાલપત્રી બાંધેલ હોય, જેથી તાલ પત્રી હટાવી જોતા ટ્રકમા પાછળના ભાગે પ્લાસ્ટીકના કાળા કલરના ઝભલામા દારૂની પેટીઓ ભરેલ હતી.

સ્ટાફે ટ્રકમાં રહેલ દારૂની પેટીઓ બહાર કાઢી દારૂની બોટલ ગણતાં અલગ અલગ બ્રાન્ડની કુલ ૫૭૬ દારૂની બોટલ મળી આવતાં કુલ રૂ.૨.૭૪ લાખનો દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૮.૭૯ લાખનો મુદામાલ કબ્જે કરી દારૂ લાવનાર સતીષ જાટીયાની ધરપકડ કરી પૂછતાછ કરતાં દારૂ રાજસ્થાન તરફથી ભરી આવ્યો હોવાની કબૂલાત આપી હતી. દારૂ ક્યાં સપ્લાય કરવાનો હતો તે અંગે સઘન પૂછતાછ આદરી હતી.

# રસોઈ બનાવવા બાબતે માતાએ ઠપકો આપતાં પુત્રીનો આપઘાત

વર્તમાન યુગમાં હવે કોઈને સહનશીલતા રહી નથી. નાની અમથી વાતમાં પણ આત્મઘાતી પગલા ભરતા થઈ ગયા છે. આ વાતની સાબિત કરતી ઘટના રાજકોટમાં બની હતી. શહેરનાં આજી જીઆઈડીસીમાં આવેલ ખોડીયાર નગરમાં રહેતી ૧૬ વર્ષિય વિદ્યાર્થીનીને રસોઈ બનાવવા બાબતે માતાએ ઠપકો આપતાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આજી જીઆઈડીસીમાં ખોડીયાર નગર- ૧૬ માં રહેતી વસિંતા હસમુખભાઈ માધર (ઉ.વ.૧૬) નામની વિદ્યાર્થીનીએ કાલે બપોરે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ પરિવારને થતાં દેકારો મચાવ્યો હતો. તાકિદે ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ ની ટીમ દોડી ગઈ હતી. અને વિદ્યાર્થીનીને જોઈ તપાસી મૃત જાહેર કરતા ગમગીની છવાઈ ગઈ હતી. બનાવ અંગે થોરાળા પોલીસને જાણ થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં આપઘાત કરનાર વસિંતા ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી હતી. તેણીનાં માતાએ રસોઇ બનાવવા બાબતે ઠપકો આપતાં જેનું લાગી આવતા પુત્રીએ આપઘાત કરી લીધો હતો.

# મવડીમાં લાખાભાઈ પર પત્નિ, પુત્રનો લાકડીથી હુમલો

મવડીની પંચશિલ સોસાયટીમાં રહેતાં લાખાભાઈ વાઘેલા પર પત્નિ, પુત્રએ લાકડીથી હુમલો કર્યો હતો. બાદ તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાયમ શું તાપણું કરવાં બેસી જાવ છો કહીં માર માર્યો હતો. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મવડીમાં પંચશિલ શેરી નં-૨ માં રહેતાં લાખાભાઈ ખીમજીભાઈ વાઘેલા (ઉ.વ.૪૩) તેના ઘરે પાસે તાપણું કરી બેઠાં હતાં ત્યારે તેની પત્ની મીનાક્ષી અને પુત્રએ લાકડી, પથ્થરથી માર માર્યો હતો. બાદ તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી હતી. બનાવ અંગે લાખાભાઈએ જણાવ્યું હતું કે પોતે મજુરી કામ કરે છે. તેને પત્ની સાથે વારંવાર કોઈ બાબતે ઝઘડાઓ થતાં રહે છે. ગઈ કાલ તેને પત્ની સાથે બોલાચાલી થઈ હતી. બાદ રાત્રિના તાપણું કરતો હતો ત્યારે પત્ની અને પુત્રએ લાકડી વડે હુમલો કર્યો હતો.

# રાજકોટના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ધંધાર્થીના રૂા.૧૧ લાખ રાજસ્થાનની બેલડી ચાઉં કરી ગઈ

**બે બસનો સોદો કરી આંગડિયા મારફતે રૂપીયા મંગાવી બાદમાં રૂપીયા નથી મળિયાનું કહીં બેલડીએ ફોન સ્વીચઓફ કરી નાંખ્યોઃ કુવાડવા રોડ પોલીસે તપાસ આદરી**

રાજકોટ. તા.૧૮

રાજકોટના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ધંધાર્થીના રૂા.૧૧ લાખ રાજસ્થાનની બેલડી ચાઉં કરી જતાં કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે હરિધવા રોડ પર સુખરામનગર-૬ માં રહેતાં ગજાનંદભાઈ પ્રભુદાસભાઇ ખરસાણી (ઉ.વ.૫૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જીતુ રાઠોડ અને આકાશ બલાના (રહે. જયપુર, રાજસ્થાન) નું નામ આપતાં કુવાડવા રોડ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગ્રીનલેન્ડ ચોકડી પાસે સરસ્વતી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામે બસ ચલાવે છે. ગઇ તા.૨૫/૧૦/૨૦૨૪ ના તેઓને ફેસબુકમાં એક જાહેરાત આવેલ જેમાં જુની બસ વેચવા માટે મોબાઈલ નંબર લખેલ હોય જેથી તેમા ફોન કરી તેઓનુ નામ પુછતા જીતુ રાઠોડ જણાવેલ કહેલ કે, મારી પાસે છ-સાત જુની બસ પડેલ છે, તમને બસના ફોટો મોકલું છું, કહીં બસના ફોટો મોકલેલ અને તેને કહેલ કે, બસ ક્યાં જોવા મળશે ત્યાં રૂબરૂ બસ જોવા માટે આવીશું, બાદમાં ગઈ તા.૦૪/૧૧/૨૦૨૪ ના તેઓ અને રામભાઈ તથા પરેશભાઈ સાથે જયપુર બસ જોવા માટે ગયેલ હતાં.

ત્યાં પહોંચી જીતુભાઈને ફોન કરેલ અને તેને કહેલ જયપુર બાયપાસથી ૨૦ કી.મી. દુર દીલ્હી રોડ પર ટોલનાકા પાસે પેટ્રોલ પંપ પર બસ પડેલ છે જેથી ત્યાં ગયેલ અને બે બસ જોયેલ પરંતુ બસ વેચાય ગયેલ છે તેમ કહેલ અને બીજી બસ ૫૦૦ મીટર દુર આવેલ વાડીમાં પડેલ છે જો, તે ગમે તો જોઇ લેજો જેથી ત્યાં બે બસ પડેલ હતી, જે બસ પસંદ આવેલ અને તે બસ ખરીદવાનુ નક્કી કરેલ હતું. તેમજ જીતુભાઇને સોદો કોની સાથે કરવાનો પૂછતાં તેને એક લોકેશન મોકલેલ અને ત્યાં બસનો સોદો કરી લેજો કહ્યુ હતું.

તેમજ બસમાં મારી દલાલી રૂા.૧૦ હજાર લેખે રૂા.૨૦ હજાર થશે તેમ પણ કહ્યું હતું. બાદમાં જવાહરનગરમાં આવેલ ઓફીસમાં ગયેલ ત્યાં આકાશ બલાના તથા બીજા સ્ટાફના માણસો હાજર હતા. આકાશે બન્ને બસ બાબતે વાતચીત કરેલ અને બન્ને બસ માટે રૂા.૨૧.૮૦ લાખમાં લેવાનુ નક્કી કરેલ અને સુથીના રૂા.૧ લાખ રોકડા આપેલ હતાં. બસ રાજ્ય બહારની હોય જેથી એન.ઓ.સી. બાબતે વાત કરતા તેમને પંદરથી વિસ દિવસ જેટલો સમય લાગશે તેવુ કહેતાં નક્કી કરેલ કે, એન.ઓ.સી. મળતા બાકી રહેતુ પેમેન્ટ તમારા ખાતામાં નાંખી દેશુ તેમ જણાવ્યું હતું.

તેમજ આકાશભાઇ બલાનાએ કહેલ કે, એકાઉન્ટમાં રૂપીયા ન નાખતા આંગડીયા મારફતે મોકલી દેજો, બાદમાં તેઓ ત્યાંથી નીકળી ગયેલ અને ગઇ તા.૧૬/૧૧/૨૦૨૪ ના જીતુનો ફોન આવેલ કે, બાકી રહેતુ પેમેન્ટમાંથી ૫૦% પેમેન્ટ કરી આપો, એન.ઓ.સી. બે દિવસમાં આવી જશે અને તમો ગાડી લઇ જઈ શકસો, જેથીતા.૨૦/૧૧/૨૦૨૪ ના રૂા.૧૦ લાખ રોકડા આંગડીયા મારફતે આંગડીયુ કરવા કરી આપ્યું હતું. એન.ઓ.સી. બાબતે પૂછતાં જીતુએ એક બસની એન.ઓ.સી. તા.૨૨/૧૧/૨૦૨૪ ના અને બીજા બસની તા. ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ મળી જશે જેથી બન્ને બસની ડીલેવરી લેવા માટે તા.૨૬/૧૧/૨૦૨૪ ના આવજો જણાવ્યું હતું.

બાદમાં તા.૨૬/૧૧/૨૦૨૪ ના જીતુને ફોન કરતાં કહેલ કે, હુ તથા ગજાનંદભાઈ બપોર પછી નીકળીએ છીએ ત્યારે તેને કહેલ કે, તે બન્ને બસ વહેંચાય ગયેલ છે, જેથી બસના પૈસા અમે મોકલી આપેલ હોય તેમ છતા બસ વહેંચાય કેમ ગઈ ત્યારે જીતુએ કહેલ કે, આંગડીયા પેઢીમાંથી પૈસા મળેલ નથી અને અમે કોઇ નંબર આપેલ નથી. જેથી રૂબરૂ આંગડીયા પઢીએ ગયેલ અને ત્યાં આંગડીયામાં દુષ્યંતસિંહ હાજર હોય તેમણે જણાવેલ કે તમારા રૂા.૧૦ લાખ મોકલી આપેલ છે અને રાજસ્થાનમાં તમે આપેલ નંબર વાળા ભાઈ લઈ ગયેલ છે.

બાદમાં આંગડીયા વાળાના મો.નં. પર ફોન કરેલ તો કોઇ છોકરી ફોન ઉપાડેલ અને પપ્પા હાજર નથી તેમ કહેતા હોય અને બંને આરોપી ફોન કરતા તેઓ ઉપાડતા ન હોય જેથી તેઓ રાજસ્થાન ગયેલ અને આકાશ બલાનાને મળેલ અને કહેલ કે, જીતુ ફોન ઉપડતા નથી, કહેતાં તેને કહેલ કે, અમને કોઇ આંગડીયું મળેલ નથી અને કહેલ કે તમારો કોઈ જવાબ આવેલ ન હોય જેથી બન્ને બસ વેચાણ કરી નાખેલ છે અને રૂા.૧ લાખ ચાર દિવસમાં પરત આપી દઈશ કહીં બાદમાં ફોન સ્વીચઓફ કરી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી હતી.









# દબાણ હટાવ શાખાએ ૧૭ દિવસમાં ૧૯૫૮ બોર્ડ-બેનરો જપ્ત કર્યા

**કોઠારીયા, જયુબેલી માર્કેટ, ગુંદાવાડીમાંથી નડતરરૂપ ૮૫ રેકડી–કેબીન, ૪૦૩૯ કિલો શાકભાજી, ફળ કબ્જે લીધાઃરૂા.૨.૭૭ લાખનો વહીવટી ચાર્જ વસુલ**

રાજકોટ,તા.૧૮

રાજકોટ મનપા દબાણ હટાવ શાખાએ તા.૧ થી તા.૧૭-૧-૨૫ દરમિયાન માર્ગમાં મંજૂરી વિનાના ૧૯૫૮ બોર્ડ-બેનરો, ૫૮ રેકડી-કેબીન, ૪૧૧ પરચુરણ સરસામાન, ૪૦૩૯ કિલોગ્રામ શાકભાજી-ફળ,રૂા.૩.૬૮.૧૫૦નો મંડપ-કમાણ-છાજલી અને રૂા.૨.૭૭.૭૨૫ વહીવટી ચાર્જ વસુલ કર્યો હતો.ઉપરાંત જાહેર રોડ પર પશુઓને નાખવામાં આવતુ લીલુ ઘાસ જપ્ત કરી જરૂરી કાર્યવાહી કરી છે.કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,સાંઈબાબા સર્કલ, જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ, મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૫૮ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

પારેવડી ચોક,પાંજરાપોળ હોકર્સ ઝોન,પેડક રોડ,કુવાડવા રોડ,આનંદબંગલા ચોક ,અર્ટીકા,રવિરત્ન પાર્ક ,જામનગર રોડ,કોર્ટ ચોક,ગાયાત્રીનગર,હોસ્પિટલ ચોકડી, રૈયાધાર, જ્યોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક,ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ પરથી જુદીજુદી અન્ય ૪૧૧ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ,પારેવડી ચોક,સંતકબીર રોડ,જંકશન રોડ,જયુબેલી,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૪૦૩૯ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયણ ચોક,ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસેથી રૂ.૩,૬૮,૧૫૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ,પારેવડી ચોક ,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૨,૭૭,૭૨૫/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

કાલાવડ રોડ,યુનિ. રોડ , ચોક સુધી,સાધુવાસવાણી રોડ, કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ, ઢેબર રોડ,જામનગર રોડ,ટાગોર રોડ,રેસકોર્ષ રિંગરોડ, રામાપીર ચોકડી,કાલાવડ રોડ,યુનિ.રોડ પરથી ૧૯૫૮ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે

# ઘેનની દવા પીણામાં ભેળવી વૃધ્ધ મહિલાઓને પીવડાવી બંટી-બબલી લૂંટ ચલાવતી'તી

**રોડ ક્રોસ કરાવવા, હોસ્પિટલે જવા, મંદિર સુધી પહોંચાડવાની મદદ કરવાના બહાને અવાવરૂ સ્થળે લઈ જઈ બેભાન કરી સોનાના દાગીના સેરવી લઈ ફરાર થઈ જતા હતા : તાલુકા પોલીસે આરોપી દંપતિને પકડી ચાર ગુનાનો ભેદ ઉકેલ્યો**



રાજકોટ, તા. ૧૮

શહેરના અલગ અલગ વિસ્તારમાં મદદ કરવાના બહાને ઠંડા પીણા તેમજ ચામાં ઘેનની દવા ભેળવી વૃધ્ધ મહિલાઓને પીવડાવી બેભાન કરી લૂંટ ચલાવી નાસી છૂટતી બંટી-બબલીને તાલુકા પોલીસે દબોચી લઇ ચાર ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

બનાવ અંગે મવડી કણકોટ રોડ પર લાલુભાઇ ટાઉનશીપમાં રહેતા પુષ્પાબેન નકુમ (ઉ.વ.૬૨) નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા. ૧૪ના રોજ મવડી પાળ રોડ પર આવેલ રામધણ આશ્રમ દર્શન કરવા ગયેલ હતા. જયાં તેઓને દવાખાને જવું હોય જેથી સાવન ચોક પાસે પહોંચતા એક અજાણ્યા બહેન અને ભાઇ આવેલ અને કહેલ કે અમારે પણ દવાખાને જવું છે ચાલો તમને સરકારી દવાખાને લઇ જવું બાદમાં અજાણી મહિલાએ ઘેની ચા પીવડાવેલ જેથી તેઓ અર્ધબેભાન અવસ્થામાં પહોંચેલ હતા ત્યારે મહિલાએ બે ફડાકા ઝીંકી સોનાના દાગીનાની લૂંટ ચલાવી નાસી છુટયા હતા.

બનાવ અંગેની ફરિયાદ પરથી તાલુકા પોલીસ મથકના પીઆઇ ડી.એમ.હરીપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી.આર.ભરવાડની ટીમે તપાસ આદરી હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા અને મહાવીરસિંહ સરવૈયાને મળેલ ચોકકસ બાતમીના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર પાટીદાર ચોક પાસેથી લૂંટ ચલાવનાર એભા કમા વાઘેલા અને નાથીબેન એભા વાઘેલા (રહે. બંને રામધણ આશ્રમ પાછળ, પ્રગટેશ્વર મહાદેવ મંદિરની પાછળ ઝુંપડા)ને ઝડપી પાડી સઘન પુછતાછ હાથ ધરતા તેને અગાઉ માધાપરના નાથીબેન પરમાર નામના ૬૩ વર્ષીય વૃધ્ધાને પણ ગત તા. ૨૩-૧૨-૨૦૨૪ના કેફી પદાર્થ ભેળવી લચ્છી પાઇ લૂંટ ચલાવી હતી તેમજ તિલક પ્લોટમાં રહેતા જાનાબેન ખીમસુરીયા નામ ૬૫ વર્ષીય વૃધ્ધાને પણ સરબતમાં કેફી પદાર્થ ભેળવી લૂંટી લીધા હતા. તેમજ ગાંધીગ્રામ પોલીસ મથકમાં પણ નોંધાયેલ લૂંટના બનાવનો પણ ભેદ ઉકેલાયો હતો.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે બંટી ઔર બબલી ઘેનની દવાઓ મેડીકલમાંથી ખરીદી તેનો ભૂકકો કરી પીણામાં ભેળવી વૃધ્ધ મહિલાઓને ટાર્ગેટ કરી તેઓને ઘેની પીણુ પીવડાવી લૂંટ ચલાવવાની મોડસઓપરેન્ડી ધરાવતા હતા.

## અવસાન નોંધ

**ગોંડલ :** ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ સરલાબેન ગજેન્દ્રભાઈ મહેતા (ઉ.વ. ૮૧) તે વિમલભાઈ જી. મહેતા, કલ્પેશભાઈ જી. મહેતા તથા ભાવનાબેન વિપુલ ભાઈ રાવલ (જૂનાગઢ) ના માતુશ્રી તે સ્વ.બિપીનભાઈ એ.મહેતા, સ્વ.કમલેશભાઈ એ.મહેતા, મનિષભાઈ બી. મહેતા (રેલવે રાજકોટ), હિરેનભાઈ બી. મહેતા( રેલવે રાજકોટ) ના કાકીમાં, સ્વ. ભાઈલાલભાઈ કે. ભટ્ટ (સુવાસ લોજ વાળા)ના દીકરી તથા બિપીનભાઈ બી. ભટ્ટ (મસ્કત) ના બહેન નું ૧૫/૦૧/૨૫ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગત નું બેસણું તા. ૨૦/૦૧/૨૫ ને સોમવાર ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે હેમ વાડી, જુનો સિમેન્ટ રોડ, ૧૭,સ્ટેશન પ્લોટ ગોંડલ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** બાબુભાઈ કરશનભાઈ ઢોલરીયા તે સાગરભાઈ, આકાશભાઈ, હિરલભાઈના પિતાશ્રીનું તા.૧૮ શનિવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૦ સોમવારે સાંજે ૪ થી ૫.૩૦ શ્યામ પરિવાર પાર્ક શેરી નં.૩ આર્ય સમાજની બાજુમાં માયાણીનગર મેઈન રોડ, રાજકોટ મુકામે રાખેલ છે. મો.૯૭૨૨૯૮ ૮૮૮૮

# રમતી વખતે ગરમ પાણીની ડોલમાં પડી જતા બે વર્ષના બાળકનું સારવારમાં મોત

**જામનગરના દરેડ વિસ્તારનો બનાવઃ પરિવાર શોકમય**



રાજકોટ,તા.૧૮

રમતી વખતે ગરમ પાણીની ડોલમાં પડી જતાં બે વર્ષના બાળકનું સારવારમાં મોત નિપજ્યું હતું. જામનગરના દરેડમાં રહેતાં વિજયભાઈ સરવૈયાનો બે વર્ષનો પુત્ર રમતાં રમતાં ગરમ પાણીની ડોલમાં પડી જતાં ૧૭ દિવસની સારવાર બાદ દમ તોડી દિધો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ જામનગરના દરેડમાં રહેતાં વિજયભાઈ સરવૈયાનો બે વર્ષનો પુત્ર વિકાસ (ઉ.વ.૨) રમતા રમતા ગરમ પાણીની ડોલમાં પડી જતા સારવારમાં દમ તોડી દિધો હતો. મૃત્યુ પામનાર વિકાસ નામનો બાળક ગત તા.૧/૧ એ પોતાના ઘરે રમી રહ્યો હતો. ત્યારે તેનાં પિતાએ ડોલમાં પાણી ભરી ન્હાવા માટે ગરમ પાણી કર્યું હતું. જે ગરમ પાણીમાં બાળક રમતા રમતા પડી જતા દાઝી ગયો હતો. બાદ તાકિદે બાળકને જામનગર જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર આજે દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી. તે બે ભાઈમાં નાનો હોવાનું મૃતકના પરિવારજને જણાવ્યુ હતું.

# કોઠારીયા ચોકડીએ પીએસઆઈ અને કોન્સ્ટેબલ વચ્ચે જામી મીઠી રકઝક


**ડિટેઈન કરેલ બુલેટ પીએસઆઈએ કોન્સ્ટેબલને ચલાવી લેવાનું કહેતા કોન્સ્ટેબલે ચોખ્ખી ના પાડી દેતા બોલાચાલી થઈ : વીડિયો વાઈરલ**

રાજકોટ, તા.૧૮

કોઠારીયા ચોકડીએ પીએસઆઈ અને કોન્સ્ટેબલ વચ્ચે મીઠી રકઝક જામી હતી. ડિટેઇન કરેલ બુલેટ પીએસઆઈએ કોન્સ્ટેબલને ચલાવી લેવાનું કહેતા કોન્સ્ટેબલે ચોખ્ખી ના પાડી દેતા બોલાચાલી થઈ હતી. જેનો વીડિયો વાઇરલ થયો છે. વીડિયો બાબતે જે ચર્ચા થઈ રહી છે તેમાં જાણવા મળે છે કે, પીએસઆઈ અને કોન્સ્ટેબલ ટ્રાફિકની કામગીરી અંગે વાહનના કેસ કરવાની ફરજમાં છે. ત્યારે કોઈ નિયમ ભંગ બદલ એક બુલેટ મોટર સાયકલ ડિટેઇન કરવામાં આવે છે. આ બુલેટ ચલાવી લેવા પીએસઆઈ કોન્સ્ટેબલને કહે છે. પણ કોન્સ્ટેબલ કહે છે કે મને બુલેટ ફાવતું નથી. હું ક્યાંક કોઈને અથડાવી દઈશ. જેથી બંને વચ્ચે રકઝક થાય છે તેનો કોઈએ વીડિયો ઉતારી લીધો છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૪૪૦-૨૪૯૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૫૦-૨૨૦૦ |
| પામોલીયન તેલ | ૨૧૩૫-૨૧૪૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૯૦-૨૨૧૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૦૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૪૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૦૦-૨૨૧૦ |



**સોનુ-ચાંદી**

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૮૧૮૦૦(-૫૦) |
| ચાંદી | ૯૩૫૦૦(-૫૦૦) |

## ક્રાર્તિક પટેલ

(પહેલા પાનાનું ચાલું)

અમીરાણી હોસ્પીટલના પાર્ટનર રાજશ્રી કોઠારી અને રાજકોટ સહિતના શહેરોમાં હોસ્પીટલ ધરાવતા ડો.સંજય પટોળીયા સહીત નવ આરોપી અગાઉ જ ઝડપાયા હતા. ક્રાર્તિક પટેલ પહેલા ઓસ્ટ્રેલીયા, બાદમાં દુબઈમાં રહેવા લાગ્યો હતો અને

અહી તેના ખાસ લોકો સાથે સંપર્કમાં હતો તથા તેના ધારાશાસ્ત્રીની આગોતરા જામીન માટે અને કેટલાક રાજકીય કોન્ટેક મારફત પણ તેને રાહત મળે તેવા પ્રયાસો કર્યા હતા. અમદાવાદની ખ્યાતિ હોસ્પીટલમાં તેમના નેતૃત્વ હેઠળની તબીબી ટીમોએ ગ્રામીણ દર્દીઓની હૃદયનાં બિનજરૂરી ઓપરેશન કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કરોડો રૂપિયાની કમાણી કરી હતી અને તેના છેડા છેક ગાંધીનગર સુધી પડયા છે અને માનવતા નેવે મુકીને ફક્ત નાણા કમાયા છે ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્ય-નિદાન કેમ્પ યોજીને તે બિનજરૂરી રીતે દર્દીઓને અમદાવાદ લાવી તેના ઓપરેશન ખ્યાતિ હોસ્પીટલમાં કરાતા હતા જેમાં બે દર્દીના મોત થતા સમગ્ર રેકેટ ખુલ્યુ હતું.તેના નિવાસે પાડેલા દરોડામાં શરાબનો બાર તથા જુગાર રમવાના પોકર પણ મળ્યા હતા.તેના આલીશાન નિવાસમાં આ કાળી કમાણી હોવાનું પણ ખુલ્યુ છે.

## સુનિતા અગ્રવાલ

(છેલ્લા પાનાનું ચાલું)

રાખવા માટે માગણી કરી હતી.

આ દરમિયાન ચીફ જસ્ટીસે સીલીંગ ઉપર તરફ નજર ફેરવતા તેનો પણ ત્રિવેદીએ વાંધો ઉઠાવ્યો હતો કે, લેડીશીપ આકાશ તરફ ક્યાંક જોઇ રહ્યા છે. આ રીતે મેટર સાંભળવી જોઇએ નહી. છેલ્લા ૬૫ વર્ષમાં આ કોર્ટમાં આવું ક્યારેય બન્યુ નથી. મારી વિનંતી છે કે આ મેટર બે સપ્તાહ માટે મુલતવી રાખે. દરમિયાન પાછળ બેઠેલા એક વકીલે ત્રિવેદીને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ અટક્યા નહોતા. છેવટે ચીફ જસ્ટીસ બોલ્યા હતા કે, ''આ રીતે કોર્ટમાં આવા દશ્યો સર્જવાની વાત ચલાવી લેવાશે નહી. બીજી બાજુ એવું પણ કર્યું હતું કે કોર્ટ સામે આંગળી ચિંધીને સંબોધન ના કરો. આ રીતે કોર્ટ સાથે વર્તણૂક કરવી જોઇએ નહી.''

આથી ત્રિવેદી બોલ્યા હતા કે, વિડીયો (યુ ટ્યુબમાં સેવ) રહેવાનો છે પરંતુ કોર્ટ પાસે આવી અપેક્ષા રાખી શકાય નહી. ત્યારબાદ ત્રિવેદી કોર્ટમાંથી ચાલ્યા ગયા હતા.

## હાઈકોર્ટ

(છેલ્લા પાનાનું ચાલું)

કર્મચારીઓને હેલ્મેટ પહેરવું ફરજિયાત છે તેઓ નિયમ લાગુ કર્યો હતો. હાઇકોર્ટના આ પરિપત્ર બાદ રાજ્ય સરકારના અલગ અલગ વિભાગોએ પણ પોતાના કર્મચારીઓ માટે આવો નિયમ લાગુ કર્યો હતો.

રાજ્યમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ, તૂટેલા રસ્તાઓ અને ટ્રાફિક જામની સમસ્યાઓ બાબતે એક સુઓ મોટો પીઆઈએલ ગુજરાત હાઇકોર્ટમાં ચાલી રહી છે. આ અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ દ્વારા સરકારી વકીલને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે રાજ્યમાં ટ્રાફિક પોલીસની અલગ કેડર છે કે નહીં ત્યારે સરકારી વકીલ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે બિન હથિયાર ધારી પોલીસ કોન્સ્ટેબલો અને અધિકારીઓને પ્રતિનિયુક્તિ ઉપર ટ્રાફિક શાખામાં મૂકવામાં આવે છે. આ સાંભળીને ચીફ જસ્ટિસ દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે શું તેઓને તાલીમ પણ આપવામાં આવે છે તો સરકારી વકીલ એ હકારમાં જવાબ આપ્યો હતો . બીજી બાજુ ગત વર્ષે ચીફ જસ્ટિસની કોર્ટ દ્વારા ટુવિલર ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત પહેરવાનો નિયમ કડકાઈથી અમલમાં લાવવા માટે આદેશ કરવામાં આવ્યો હતો તે બાબતમાં પણ પૃચ્છા કરી હતી. આથી અદાલતે આ બાબતમાં એટલે કે હેલ્મેટના નિયમો ટ્રાફિક મેનેજમેન્ટ અને પોલીસ રિક્રુટમેન્ટ બાબતે અન્ય પીઆઈએલ પણ થઈ હોવાથી તેમાં સરકારી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંધનામા સહિત તમામ કાગળો ભેગા કરી અને રજૂ કરવાનો આદેશ કર્યો હતો. બીજી બાજુ રાજ્યમાં અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરવા માટે પણ શકયતાઓ છે કે નહીં તે બાબતે અહેવાલ રજૂ કરવા હાઇકોર્ટના આદેશ કર્યો હતો. વધુમાં ટ્રાફિક પોલીસની ભરતી બાબતે કરવામાં આવેલી કાર્યવાહીનો પણ વિસ્તૃત અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો હતો. આ બાબતે વધુ સુનાવણી ૧૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે.

## સૌરાષ્ટ્ર - દિલ્હી

(છેલ્લા પાનાનું ચાલું)

**વિરાટ કોહલી :**

વિરાટ કોહલી ૧૩ વર્ષ બાદ દિલ્હી રણજી ટીમમાં સમાવેશ થયો છે. જોકે તે રાજકોટ મેચ રમવા આવશે તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. જોકે વિરાટ ૩૦ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં રેલવે સામે મેચ રમશે તે નિશ્ચિત મનાઇ છે. પરંતુ હાલ તેને સૌરાષ્ટ્ર સામે મેચ ન રમવા પર બોર્ડ પાસેથી મંજૂરી લીધી હોય તેવું જાણવા મળી રહી છે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે કોહલી ટીમ સાથે રાજકોટમાં ટ્રેનિંગ અને નેટ પ્રેક્ટિસ કરે.

## ડીમાર્ટ

(છેલ્લા પાનાનું ચાલું)

રાજસ્થાનથી એક મહિના બાદ પરત ફરેલા રતનસિંહે શુક્રવારે રાત્રે ડીમાર્ટમાંથી તેમની દીકરી માટે અમૂલ મેંગો શ્રીખંડ સહિત અન્ય કિરાણા સામાન ખરીદ્યો હતો. ઘરે આવીને જ્યારે શ્રીખંડનું પૅકેટ ખોલ્યું ત્યારે તેમાં ફૂગ જોવા મળી હતી. આ પછી તેમણે બીજું પૅકેટ તપાસ્યું જેમાં પણ ફૂગ હતી. તરત જ તેઓ ડીમાર્ટ પરત ફર્યા અને ત્યાં રાખેલા તમામ શ્રીખંડના પૅકેટ્સમાં ફૂગ હોવાનું જોવા મળ્યું.

સ્ટોર મેનેજરનો યોગ્ય જવાબ ન મળતાં રતનસિંહે વીડિયો પુરાવા સાથે ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે. વિભાગના ડિસ્ટ્રિક્ટ ઓફિસર વડવીએ જણાવ્યા મુજબ શનિવારે સવારે સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

રતનસિંહે જણાવ્યું કે વર્તમાન વાતાવરણમાં જો કોઈ પરિવારે તપાસ્યા વિના આ શ્રીખંડ ખાધો હોત તો તેની ગંભીર અસર થઈ શકી હોત. ડીમાર્ટ અને અમૂલ જેવી મોટી બ્રાન્ડ્સની આવી બેદરકારી ચિંતાજનક છે.

## સિહો

(છેલ્લા પાનાનું ચાલું)

નાંખવામાં આવશે. આ તમામ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઇ છે, જે તા.૧૦મી ફેબ્રુઆરી સુધીમા પૂર્ણ કરી દેવાશે.

આ સિવાય ગીર અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતી ટ્રેનો માટે વિશેષરૂપે અંડર પાસ પણ ઉભા કરાયા છે તો, આ વિસ્તારમાં ઝાડી ઝાંખરા દૂર કરી સિંહોની સુરક્ષા માટે વિશાળ ફેન્સીંગની કાર્યવાહી પણ હાથ ધરાઇ છે.

આ રજૂઆત બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ કેસમાં કોર્ટ સહાયક અને રેલ્વે ઓથોરીટીના જવાબને ધ્યાનમાં લીધા બાદ કેસની વધુ સુનાવણી ફેબ્રુઆરી માસમાં મુકરર કરી હતી.

કેસની વિગતો મુજબ હાઇકોર્ટના અગાઉના નિર્દેશો હોવા છતાં ટ્રેનની અડફેટે વધુ બે સિંહોના મોત અને અન્ય બનાવમાં એક સિંહણ અને બે સિંહ બાળના મૃત્યુની ઘટનાને લઇ ચીફ જસ્ટિસે ફોરેસ્ટ અને રેલ્વે સત્તાવાળાઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. તેઓ પાસે વિસ્તૃત જવાબ માંગવામાં આવ્યો હતો.

### વોશિંગ્ટનમાં ભારે ઠંડીઃ શપથવિધિ સંસદભવનની અંદર યોજાશે

# સોમવારે અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ

## ચાર વર્ષના ગાળા બાદ ફરી વ્હાઈટ હાઉસમાં પ્રવેશઃ ૪૭માં રાષ્ટ્રપતિના શપથ પુર્વે અમેરિકામાં ભારે સુરક્ષા બંદોબસ્તઃ ૪૦ વર્ષ બાદ શપથવિધિ સ્થળ બદલાયુ



વોશિંગ્ટનઃ

અમેરિકામાં હવે નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સોમવારે યોજાનારી શપથવિધિનુ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે અને ચાર વર્ષના ગાળા બાદ ટ્રમ્પ ફરી દુનિયાના સૌથી શક્તિશાળી રાષ્ટ્રના પ્રમુખ બનશે.

૪૦ વર્ષ બાદ અમેરિકામાં પ્રમુખની શપથવિધિના સ્થળમાં ફેરફાર કરાયા છે અને ભીષણ ઠંડીના કારણે હવે શપથવિધિ જે કેપીટલ હીલ (સંસદભવન)ના નેશનલ મોલ તરીકે ઓળખાતા ખુલ્લા સ્થળ પર થાય છે તેના બદલે સંસદભવનની અંદર થશે. ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ટ્રુથમાં આ માહિતી આપતા કહ્યું હતું. વોશિંગ્ટન ડીસી (રાજધાની)નું તાપમાન રેકર્ડ સ્તરે નીચુ જઈ શકે છે. દેશના માર્કટીક વાવાઝોડુ પણ ફુંકાઈ રહ્યુ છે અને તેનાથી શપથવિધિમાં હાજર રહેલા લોકોને પરેશાની થાય તેવું હું ઈચ્છતો નથી અને તેની શપથવિધિ સમારોહ કેપીટલ હીલના મુખ્ય બેડમાં યોજાશે.

### શપથ ગ્રહણ માટે ૧.૫ હજાર કરોડ રૂપિયાનું રેકોર્ડ દાન



શપથ ગ્રહણ સમારોહ માટે ટ્રમ્પની ટીમને રેકોર્ડ દાન મળ્યું છે. ઉદ્યોગપતિઓ ટ્રમ્પ સાથે વધુ સારા સંબંધો બનાવવા માટે ભારે ભંડોળ પૂરું પાડે છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, અત્યાર સુધીમાં ૧૭૦ મિલિયન ડોલર (લગભગ ૧.૫ હજાર કરોડ રૂપિયા) આવી ચૂક્યા છે. આ આંકડો ૨૦૦ મિલિયન સુધી પણ પહોંચી શકે છે. છેલ્લી વખતે, બિડેનના શપથ ગ્રહણ સમારોહમાં ૬૨ મિલિયન (રૂ. ૫૦૦ કરોડ)નું દાન એકત્ર કરવામાં આવ્યું હતું. તે જ સમયે, ટ્રમ્પના ૨૦૧૭ શપથ ગ્રહણ સમારોહમાં ૧૦૭ મિલિયન ડોલર (૯૨૫ કરોડ રૂપિયા) એકત્રિત કરવામાં આવ્યા હતા.

## માતાએ આપેલા બાઈબલ તથા લીંકન બાઈબલ એમ બે બાઈબલ સાથે રાખી શપથ લેશેઃ ઉપપ્રમુખ જે.ડી.વેન્સની પણ શપથવિધિ

અગાઉ ૧૯૮૫માં આ જ પ્રકારની સ્થિતિના કારણે રોનાલ્ડ રીગનનો શપથવિધિ સમારોહ કેપીટલ રોટુન્ડામાં યોજાયો હતો અને તેનુ જીવંત પ્રસારણ અનેક સ્થળો પર થયુ હતું.

આ ઉપરાંત પ્રમુખ પોતાની શપથવિધિમાં બે બાઈબલનો ઉપયોગ કરશે. એક બાઈબલ ડોનાલ્ડ ટ્રમ્પને તેના માતાએ આપ્યુ હતું. ૧૯૫૫માં ટ્રમ્પે ન્યુયોર્કના જમૈકા સ્થિત સન્ડે ચર્ચ સ્કુલમાં તેમનું ગ્રેજયુએશન પુરૂ કર્યુ તે સમયે તેના માતાએ આ બાઈબલ ભેટ આપ્યુ હતુ તો બીજુ બાઈબલનો પુર્વ પ્રમુખ અબ્રાહમ લીંકન પોતાના શપથવિધિમાં ઉપયોગ કર્યો હતો. તે બાદ આ બાઈબલનો પ્રમુખની શપથવિધિમાં ફકત ત્રણ વખત ઉપયોગ થયો છે. અગાઉ પુર્વ પ્રમુખ બારાક ઓબામાએ પોતાની બન્ને ટર્મમાં આ બાઈબલ પર શપથ લીધા હતા અને ત્રીજી વખત ડોનાલ્ડ ટ્રમ્પે તેના ૨૦૧૭ની ટર્મમાં શપથ લીધા હતા.

જો કે ઉપપ્રમુખ જે.ડી.વેન્સ પક્ષના પારિવારિક બાઈબલ પર શપથ લેશે. આ બાઈબલ તેમના નાનીએ તેમના માતાને આપ્યુ હતું અને ૨૦૦૩માં તેના માતાએ જે.ડી.વેન્સ જયારે અમેરિકી સૈન્યના મરીન કોર્પ્સમાં ભરતી થવા જઈ રહ્યા હતા તે સમયે આપ્યુ હતું.

ટ્રમ્પની શપથવિધિ પુર્વ અમેરિકા અને ખાસ કરીને વોશિંગ્ટન સહિતના મહત્વના મહાનગરોમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત લાદવામાં આવ્યો છે. હાલમાંજ અહી જે રીતે ટ્રક-ટેરર હુમલો થયો તેવી સ્થિતિ ફરી બને નહી તે જોવા માટે તંત્રએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

## ટ્રમ્પની શપથવિધિમાં મુકેશ-નીતા અંબાણી હાજર રહેશેઃ કેન્ડલ લાઈટ ડીનર પણ લેશે

### ભારતના ટોચના ઉદ્યોગપતિને અમેરિકી પ્રમુખનુ ખાસ સન્માનઃ પુર્વ પ્રમુખો- પુર્વ ફર્સ્ટ લેડી મિશેલ ઓબામા હાજર રહેશે નહી



વોશિંગ્ટનઃતા.૧૮

ભારતના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણી અને તેમની પત્ની ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે અમેરિકા જશે. અંબાણી ૧૮ જાન્યુઆરીએ વોશિંગ્ટન ડીસી પહોંચશે. અહેવાલ મુજબ શપથગ્રહણ સમારોહમાં અંબાણી દંપતીને ખાસ સીટ મળશે. તેઓ ટ્રમ્પ કેબિનેટના નામાંકિત સભ્યો અને ચૂંટાયેલા અધિકારીઓ સાથે બેસશે.

આ સિવાય કેબિનેટ સ્વાગત સમારોહ અને ઉપરાષ્ટ્રપતિનું ડિનર પણ હશે, જેમાં અંબાણી પરિવાર હાજરી આપશે. નીતા અને મુકેશ અંબાણી ૧૯ નવેમ્બરે રાત્રે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વાઇસ-પ્રેસિડેન્ટ જેડી વેન્સ સાથે કેન્ડલલાઇટ ડિનરમાં હાજરી આપશે.

શપથગ્રહણમાં ૩ પૂર્વ રાષ્ટ્રપતિ હાજર રહેશે, મિશેલ ઓબામા નહીં આવે ટ્રમ્પના શપથગ્રહણ સમારોહમાં રાષ્ટ્રપતિ જો બાઇડન, તેમની પત્ની જીલ બાઇડન, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અને તેમના પતિ ડગ એમહોફ હાજર રહેશે. જો કે છેલ્લી વખત ટ્રમ્પે બાઇડનના શપથગ્રહણ સમારોહમાં ભાગ લીધો ન હતો. અમેરિકાના ૧૫૦ વર્ષના ઈતિહાસમાં આવું કરનાર તેઓ પ્રથમ રાષ્ટ્રપતિ હતા.

ટ્રમ્પની ગેરહાજરીમાં રાષ્ટ્રપતિની જવાબદારી તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે નિભાવી હતી. આ વખતે પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા, જ્યોર્જ ડબ્લ્યુ બુશ, તેમની પત્ની લૌરા બુશ અને બિલ ક્લિન્ટન અને હિલેરી ક્લિન્ટન પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજર હોવાનું કહેવાય છે. મિશેલ ઓબામા સમારોહમાં હાજર રહેશે નહીં.

પ્રથમ વખત વિદેશી મહેમાનોને આમંત્રણ, જયશંકર ભારતથી જશે અમેરિકાના ઈતિહાસમાં આ પહેલીવાર છે જયારે રાષ્ટ્રપતિના શપથ ગ્રહણ સમારોહમાં વિદેશી નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. અહેવાલો અનુસાર, ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની, અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નાયબ બુકેલે, હંગેરીના વિકટર ઓર્બાન, ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી હાજર રહેશે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર ઉપરાંત ચઅઉ દેશોના વિદેશ મંત્રીઓ પણ હાજર રહેશે. ઈલોન મસ્ક ઉપરાંત અમેરિકન ઉદ્યોગપતિઓમાં જેફ બેઝોસ, માર્ક ઝકરબર્ગ અને સેમ ઓલ્ટમેન હાજર રહી શકે છે.



### લાખો શ્રદ્ધાળુઓની હાજરીવાળા ધાર્મિક મહોત્સવ પર ધમકીનો પડછાયો પડયો

# મહાકુંભમાં બ્લાસ્ટની ધમકીઃ જબરૂ સર્ચ ઓપરેશન હાથ ધરાયુ

## સેકટર નં.૧૮માં ગમે ત્યારે બોમ્બ વિસ્ફોટ થશે તેવી સ્થાનિક ફરજ પર રહેલા સફાઈ કામદારને મળેલા ધમકીભર્યા ફોન બાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ સહિતની ટીમોએ ખુણે ખુણો તપાસ્યોઃ કશુ વાંધાજનક ન મળ્યુ

પ્રયાગરાજ તા.૧૮

વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા સમાન મહાકુંભમાં એક તરફ રોજ લાખો શ્રદ્ધાળુઓ દેશ-વિદેશમાંથી ઉમટી રહ્યા છે તે સમયે મહાકુંભમાં બોમ્બ હોવાની ધમકી મળતા જ ગઈકાલે રાત્રે મોડે સુધી સુરક્ષા એજન્સીઓએ સેકટર નં.૧૮ સહિતના વિસ્તારોમાં ડોગસ્કવોડ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ સહિતની ટીમોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું અને સમગ્ર સેકટર નં.૧૮ ઉપરાંત કુંભના અન્ય સેકટરમાં પણ તલાશી લેવામાં આવી હતી. પરંતુ કાંઈ વાંધાજનક મળ્યુ ન હતુ. આ સપ્તાહે પ્રારંભ થયેલા કુંભમાં હજુ આગામી સમયમાં કરોડો શ્રદ્ધાળુઓ ઉમટવાના છે તે સમયે આ પ્રકારની ધમકીએ કુંભમાં ચિંતા ઉભી કરી છે. પોલીસના જણાવ્યા મુજબ ગઈકાલે બપોરે બે વાગ્યે એક સ્થાનિક સ્થળે ફરજ પર રહેલા સફાઈ કામદારને સેકટર નં.૧૮માં બોમ્બ હોવાની ધમકીનો ફોન મળ્યો હતો અને તુર્તજ તેણે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. ધમકી આપનારે થોડા સમયમાં સેકટર નં.૧૮માં બ્લાસ્ટ થશે તેવું જણાવ્યું હતું અને તુર્તજ અગાઉથી જ તૈયાર રહેલ પોલીસ અને સુરક્ષાની અલગ અલગ ટીમો સેકટર નં.૧૮માં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. પરંતુ કયાંય કશુ મળ્યુ ન હતું. હવે ધમકી આપનારના કોલ નંબરના આધારે તેની ઓળખ કરવામાં આવી રહી છે.

આ ધમકીને પગલે મહાકુંભની સુરક્ષા વધારવામાં આવી છે અને સમગ્ર વિસ્તારને વધુ સુરક્ષા એજન્સીઓના હવાલે કરાઈ હતી.

## મુખ્યમંત્રી યોગીનો કાર્યક્રમ સ્થગીત

### પુર્વ ઉપરાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વર્તમાન સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ પણ કુંભમેળામાં આવશે

પ્રયાગરાજ તા.૧૮

મહાકુંભ મેળામાં મળેલી ધમકીને પગલે ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ મૌની અમાવસ્યા સ્નાન પર્વની તૈયારીઓની સમીક્ષા કરવા પહોંચવાના હતા.

પરંતુ તે સ્થગીત કરાયો હતો. શ્રી યોગી અખાડાઓ સાથે મેળા વિસ્તારનું પણ નિરીક્ષણ કરવાના હતા. હવે તેઓ રવિવારે કે સોમવારે જશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી રાજનાથસિંઘ પણ કુંભમેળામાં પહોંચી રહ્યા છે. તેમની પણ સુરક્ષા અંગે વ્યવસ્થા થઈ છે. પુર્વ ઉપરાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પણ કુંભમેળામાં આવશે. આમ એક પછી એક વીવીઆઈપીઓના આગમનથી સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી ગઈ છે.

# દિલ્હી ચૂંટણી : વડાપ્રધાન મોદી-કેજરીવાલ સહિતના નેતાઓ પર હુમલાની શકયતા : એલર્ટ

## ચૂંટણી પ્રચારમાં સામેલ ટોચના નેતાઓને ટાર્ગેટ બનાવી શકે છે આતંકીઓ : દિલ્હી પોલીસની સ્પેશ્યલ બ્રાંચને મળેલા ઈનપુટ પરથી સુરક્ષા વ્યવસ્થા વધારાઈ



નવી દિલ્હી, તા. ૧૮

આગામી તા. ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક દિન પૂર્વે ફરી એક વખત દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના નેતાઓ પર હુમલાની શકયતા દર્શાવવામાં આવી છે. એક તરફ દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીનો પ્રચાર હવે શરૂ થયો છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતના મહાનુભાવો દિલ્હીના પ્રચારમાં જોડાશે તે સમયે ગુપ્તચર એજન્સીઓએ આપેલા રીપોર્ટ મુજબ વડાપ્રધાન સહિતના નેતાઓ પર હુમલા થઇ શકે છે.

દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સ્પેશ્યલ બ્રાંચને મળેલા ઇનપુટ પરથી ચૂંટણી પ્રચાર સમયે મોટા રાજકીય પક્ષના ટોચના નેતાઓ પર હુમલા થઇ શકે છે. જેમાં વડાપ્રધાન ઉપરાંત ગૃહમંત્રી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા અને કોંગ્રેસના નેતા સંદિપ દીક્ષીત, પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા સહિતના નેતાઓ હિટ લીસ્ટમાં હોવાનું બહાર આવ્યું છે તેના કારણે તમામ માટે સુરક્ષા વ્યવસ્થા વધારાઇ છે.

### વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ કુંભમેળામાં સંગમમાં ડૂબકી લગાવશે

# કુંભમેળામાં ભાજપ સાંસદ-અભિનેતા રવિ કિશને શિવ તાંડવ સ્તોત્ર ગાઈ પંડાલમાં સ્વર લહેરી વહાવી

## ત્રિવેણીસંગમમાં જેણે ડૂબકી નથી લગાવી, માનો તેનું જીવન વ્યર્થ છેઃ રવિ કિશન



પ્રયાગરાજઃ મહાકુંભમાં વિપક્ષ નેતા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને તેમના સાંસદ બહેન પ્રિયંકા ગાંધી પણ સંગમમાં ડૂબકી લગાવશે. દરમિયાન મહાકુંભમાં ભાજપના ગોરખપુરના સાંસદ અને ભોજપુરી અભિનેતા રવિકિશને 'શિવતાંડવ સ્તોત્ર' ગાઈને પંડાલમાં સ્વર લહેરી વહાવી હતી.

આ તકે ભાજપ સાંસદ અને એકટર રવિ કિશને જણાવ્યું હતું કે રાહુલ અને પ્રિયંકા પણ અહીં આવીને ગંગામાં ડૂબકી લગાવે. તેમણે જણાવ્યું હતું કે જેમણે અહીં ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી ન લગાવી માનો તેનું જીવન વ્યર્થ છે. તેમણે વ્યંગ કરતા કહ્યું હતું કે રાહુલ અને પ્રિયંકા ગાંધીએ પણ અહીં આવીને સંગમમાં ડૂબકી લગાવવી જોઈએ.

દરમિયાન એવા અહેવાલો આવ્યા હતા કે કુંભમેળામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને તેમના બહેન સાંસદ પ્રિયંકા ગાંધી કુંભમેળામાં આવી ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવશે.

### બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાને તેમની હત્યાના ષડયંત્ર અંગે ખુલાસો કર્યો

# મોત અને મારા વચ્ચે માત્ર ૨૦-૨૫ મિનિટનું જ અંતર હતુંઃ શેખ હસીનાનો સનસનીખેજ દાવો

## મારા દેશ અને ઘર વિના હું પીડાઈ રહી છુંઃ હસીના



નવીદિલ્હી,તા.૧૮

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ પોતાની સત્તા પરથી હટાવવા અંગે ગંભીર આરોપો લગાવ્યા છે. હસીનાએ દાવો કર્યો હતો કે તેને અને તેની નાની બહેન શેખ રેહાનાની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. તેણે શુક્રવારે મોડી રાત્રે બાંગ્લાદેશ અવામી લીગ પાર્ટીના ફેસબુક પેજ પર પોસ્ટ કરેલા ઓડિયો ભાષણમાં આ વાત કહી. તેણે કહ્યું કે, 'હું અને રેહાના ભાગી છૂટ્યા. માત્ર ૨૦-૨૫ મિનિટના તફાવતથી અમારો જીવ બચી ગયો. તે જાણીતું છે કે ગયા વર્ષે ઓગસ્ટમાં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં જોરદાર આંદોલન કરવામાં આવ્યું હતું. અઠવાડિયાના વિરોધ અને અથડામણો પછી, બાંગ્લાદેશના તત્કાલિન વડા પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી કરવામાં આવી હતી. આ દરમિયાન થયેલી હિંસામાં ૬૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

૭૬ વર્ષીય શેખ હસીના બાંગ્લાદેશથી ભાગીને ભારત આવી હતી. નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી હતી. ભૂતકાળને યાદ કરતાં શેખ હસીનાએ કહ્યું કે તેમની હત્યા માટે ઘણી વખત કાવતરું ઘડવામાં આવ્યું હતું. તેણે કહ્યું, 'મને લાગે છે કે ૨૧ ઓગસ્ટની હત્યામાંથી બચી જવું અથવા કોટલીપરામાં બોમ્બમાંથી બચવું અને ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પણ જીવિત રહેવું... અલ્લાહની ઇચ્છાથી થયું. મારા પર અલ્લાહનો હાથ હશે. નહીં તો આ વખતે હું બચી જ ન શકી હોત! હસીનાએ કહ્યું, 'તમે જોયું હશે કે કેવી રીતે તેઓએ મને મારવાનું કાવતરું ઘડ્યું. પરંતુ, અલ્લાહની કૃપાથી હું હજી જીવિત છું. અલ્લાહ ઈચ્છે છે કે હું કંઈક બીજું કરું. જો કે, હું પીડાઈ રહી છું. મારા દેશ વિના અને મારા ઘર વિના જીવવું. બધું બળી ગયું છે.'શેખ હસીનાએ કયા ષડયંત્રનો ઉલ્લેખ કર્યો?



## લોસ એન્જલસમાં દરિયા કિનારે માત્ર રાખ જ દેખાઈ રહી

લોસ એન્જલસમાં લાગેલી ભયાનક આગ દરિયા કિનારે આવીને ઓલવાઈ ગઈ છે. આ તસવીર માલિબુની છે જ્યાં બીચ પર બનેલાં ઘરોની હાલત જોઈ શકાય છે. આ આગમાં અત્યાર સુધીમાં ૧૨ હજાર મકાનો બળીને ખાખ થઈ ગયાં છે. ૨૭ લોકોએ પોતાનાં જીવ ગુમાવ્યાં છે અને ૧૮૦ લાખ લોકોને પોતાનું ઘર છોડવું પડ્યું છે.

# ગળામાં રૂદ્રાક્ષની માળા અને કુર્તો પહેરી કોલ્ડપ્લેનો ક્રિસ માર્ટિન મુંબઈમાં : બાબુલનાથ શિવ મંદિરે દર્શન કર્યા



## ગર્લફ્રેન્ડ ડાકોટા જોનસને નંદીના કાનમાં પોતાની ઈચ્છા માંગી

મુંબઈ,તા.૧૮

કોલ્ડપ્લે બેન્ડના મુખ્ય ગાયક ક્રિસ માર્ટિન અને હોલીવુડ અભિનેત્રી ડાકોટા જોન્સને મુંબઈમાં બેન્ડના ખૂબ જ રાહ જોવાઈ રહેલા ઈન્ડિયા કોન્સર્ટ પહેલા દિલ જીતી લીધું હતું. આ બન્નેએ શુક્રવારે ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે બાબુલનાથ મંદિરની મુલાકાત લીધી હતી.

ક્રિસ, રુદ્રાક્ષની માળા સાથે જોડાયેલ શાંત પેસ્ટલ વાદળી કુર્તો પહેરીને, ધાર્મિક સંસ્કૃતિન સ્વીકારી દર્શન કર્યા હતા. ડાકોટાએ સાદો પ્રિન્ટેડ કોટન સૂટ પહેર્યો હતો અને તેનું માથું આદરપૂર્વક દુપટ્ટાથી ઢંકાયેલું હતું. દંપતીની આધ્યાત્મિક સહેલગાહએ ધ્યાન ખેંચ્યું કારણ કે તેઓ અંદર જતા પહેલા ફોટોગ્રાફરો માટે પોઝ આપતા હતા. એક ખાસ ક્ષણ કે જેણે ચાહકોને જીતી લીધા તે હતી ડાકોટાએ ભગવાન શિવના પવિત્ર વાહન, નંદીના કાનમાં પોતાની ઈચ્છા કહી, જે પ્રાર્થના પૂર્ણ કરવા માટે માનવામાં આવતી પરંપરાગત ક્રિયા હતી. તેમની મુલાકાતના વાયરલ વીડિયો અને તસવીરો ભારતીય રિવાજો પ્રત્યે આ બંનેની અસલી જિજ્ઞાસા અને આદર દર્શાવે છે.

### હવે ક્રાઈમનો નવો ટ્રેન્ડ, ઈન્સ્ટાગ્રામમાં રિલ્સ જોઈ દુષ્પ્રેરણા મેળવી

# નકળંગ હોટલ પર પેટ્રોલ બોંબ ફેંકનાર સગીર સહિત ત્રણ શખ્સોનું સરઘસ કઢાયું

## રિકન્ટ્રકશન વખતે લોકોના ટોળા ઉમટ્યા:૧૦૦ રૂપિયાની લેતી-દેતી મામલે થયેલ ઝઘડા બાદ ઉશ્કેરાયેલા જયદેવ રામાવત, ચિરાગ બાવાજી, ધીરેન ચાવડા અને એક સગીરે હોટલ સળગાવવાનો પ્રયાસ કર્યો'તો

## નેપાળી સગીરે પરિચિતના બાઈકમાંથી પેટ્રોલ કાઢી, બોટલમાં ભરી કાંડી ચાંપી'તી, એક ફરાર શખ્સની શોધખોળ: યુની. પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

રાજકોટ,તા.૧૮

હવે ક્રાઈમનો નવો ટ્રેન્ડ શરૂ થયો હતો, ઈન્સ્ટાગ્રામમાં રિલ્સ જોઈ દુષ્પ્રેરણા મેળવી નકલંગ હોટલ પર પેટ્રોલ બોંબ ફેંકનાર સગીર સહિત ત્રણ શખ્સોનું પોલીસે સરઘસ કાઢી રિકન્ટ્રકશન કરાવ્યું હતું. ૧૦૦ રૂપિયાની લેતી-દેતી મામલે થયેલ ઝઘડા બાદ ઉશ્કેરાયેલા જયદેવ રામાવત, ચિરાગ બાવાજી, ધીરેન ચાવડા અને એક સગીરે હોટલ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે એક ફરાર શખ્સની શોધખોળ પોલીસે યથાવત રાખી છે.







બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોવર્ધન ચોક પાસે ખોડીયારનગર શેરી નં.૧૭ માં રહેતા જીલ્લાભાઇ ઉર્ફે મુન્નાભાઈ સીરોડીયા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જયદેવ રામાવત, ચીરાગ બાવાજી અને અન્ય અજાણ્યાં બે શખ્સોના નામ જણાવ્યું હતું કે, તેઓને યુનિવર્સીટી રોડ ઉપર ભગતસિંહ ગાર્ડનની બાજુમાં નકલંક ટી-સ્ટોલ નામે હોટેલ આવેલ છે. તેમની હોટલ સવારના ચાર વાગ્યાથી રાતના એક વાગ્યા સુધી શરૂ હોઇ છે. હોટલના કાઉન્ટર ઉપર સવારનાં નાનો ભાઈ જગાભાઈ બેસે છે અને રાતનાં પોતે બેસે છે.

તા.૧૪ ના રાત્રીના સાડા અગીયારેક વાગ્યાના આસપાસ તેઓ હોટલનાં કાઉન્ટર ઉપર બેસેલ હતાં ત્યારે એક વ્યક્તી આવેલ જેની સાથે પૈસાની લેતી-દેતી બાબતે બોલાચાલી થતા તે વ્યક્તીને પુછેલ કે, કઈ બાબતે માથાકુટ કરો છો, તો સાહિલએ જણાવેલ કે, આ ભાઈ એવુ કહે છે કે મે ૧૦૦ રૂપિયાની ની નોટ આપેલ છે અને સાહિલે કહેલ કે તેમણે ૫૦ રૂપિયાની નોટ આપેલ છે. બાકી નિકળતા રૂપીયા બાબતે માથાકુટ કરે છે.

દરમિયાન હોટલમાં માસીનો દિકરો સાહિલ જે પાનની દુકાન સંભાળતો હોઈ જેથી તેને કહેલ કે, તે ભાઈનાં કહેવા મુજબ જેટલા રૂપીયા આપેલ હોય તેમાંથી તેમનાં બાકી નિકળતા રૂપીયા તેને પરત આપી દે, તેમ વાત કરતા તે ભાઇએ કહેલ કે, અમે કાંઈ ભીખારી નથી, તમારા હોટલનાં કેમેરા ચેક કરો અને મે કેટલા રૂપીયા આપેલ છે તે બાબતે ખરાઇ કરો તેમ વાત કરતા તે ભાઈને તેઓએ મોબાઇલ આપેલ અને તેમાં હોટલનાં કેમેરા ઓનલાઈન છે, તે ભાઇને મોબાઇલમાં કેમેરા ખોલતા આવડેલ ન હોય જેથી મોબાઇલ પરત આપેલ હતો.

બાદમાં ફરી આવેલા બંન્ને શખ્સો ઉગ્ર બોલાચાલી કરવા લાગેલ હતા અને ઝપાઝપી કરી ઢીકાપાટૂનો મુઢમાર મારેલ હતો. બાદમાં બંને શખ્સો પોતાનું એકસેસ હોટલે મુકીને ચાલીને જતા રહેલ હતા. થોડીવાર બાદ હોટલે એક વ્યકિત જે અવાર નવાર ચાની હોટલે ચા પીવા આવતો હતો, તેણે કહેલ કે, તમારી હોટલે જે હોટલે વ્યકિત સાથે માથાકુટ થયેલ છે તેની સાથે સમાધાન કરી નાંખો તે આવેલ વ્યકિત બાવાજી અને ગરીબ છે. જેથી તેને કહેલ કે, તે વ્યક્તિને બોલાવી લો એટલે સમાધાન કરી નાંખીયે તેમ વાત કરતાં રાતનાં સવા એક વાગ્યાનાં અરસામાં હોટલની સામે રોડ બાદ શિવશકિત સોસાયટીમાં જવાની શેરી પડતી હોય તે શેરીનાં નાકે એક એકટીવા આવેલ હતું. ત્યાં કુલ બે બાઇકમાં કુલ ચાર માણસો આવેલ અને ત્યાં શેરીમાંથી ઉભા ઉભા એક કાચની બોટલમાં જવલનશીલ પ્રવાહી ભરેલ બોટલનો હોટલ પાસે ઘા કરેલ હતો.

તે જવલનશીલ પ્રવાહી ભરેલ સળગતી કાચની બોટલ હોટલ પાસે પાર્કીંગમાં રહેલ ફ્રીજ પાસે જમીન ઉપર પડેલ હતી અને ઘડાકા ભેર અવાજ આવેલ અને ત્યાં જમીન ઉપર આગ લાગેલ હતી. તે વખતે હોટલે તેઓ અને હોટલમાં કામ કરતા માણસો તથા અન્ય ગ્રાહકો હાજર હતા તેમાં નાસભાગ થવા લાગેલ હતી. આ વખતે ચારેય શખ્સો ત્યાંથી બાઈકમાં નાસી છૂટયા હતા. બનાવમાં હોટલમાં કોઈ નુકશાન થયેલ નથી અને જાનહાની થયેલ ન હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી પીઆઈ એચ. એન.પટેલની રાહબરીમાં ટીમે આરોપી જયદેવ મહેશ રામાવત (રહે. હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર, યુની. રોડ) અને એક સગીરને પકડી પાડ્યો હતો. જ્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચિરાગ શૈલેષ જલાલજી (રહે.હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર, યુની. રોડ) ને ઢેબર રોડ સ્વામિનારાયણ મંદિર પાસેથી પકડી પાડ્યો હતો.

જે બાદ આજે બપોરે ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ યુની. પીઆઈ એચ. એન.પટેલની રાહબરીમાં આરોપીઓને કાયદાનું ભાન કરાવી રિકન્ટ્રકશન કરાવ્યું હતું. જે સમયે લોકોના ટોળાં એકઠાં થયાં હતાં.

## નકળંગ હોટલના સંચાલકે લોખંડના સળીયાથી હુમલો કર્યો'તો: ગુનો નોંધવા તજવીજ

રાજકોટ,તા.૧૮




યુનિ.રોડ પર ભગતસિંહ ગાર્ડન પાસે આવેલ નકળંગ હોટલમાં થયેલ જીવલેણ મારામારીના બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ ૧૦૦ રૂપિયાની લેતી-દેતી મામલે થયેલ માથાકુટ બાદ નકળંગ હોટલના સંચાલકોએ આરોપીઓને લોખંડના સળીયાથી મારમાર્યાંનું સીસીટીવી ફુટેજમાં સામે આવ્યું છે.જે તપાસ કર્યા બાદ તથ્ય સામે આવ્યા બાદ હોટલ સંચાલક સામે પણ ગુનો નોંધાશે.

### નવી દિલ્હીમાં કેજરીવાલ સામે સંદિપ દીક્ષિત માટે પ્રિયંકા અને રાહુલ બંને પ્રચાર કરશે

# કેજરીવાલ સામે મોરચો માંડતા રાહુલ : પેરીસવાળી દિલ્હી : પાટનગરના ગંદા નાળાની તસ્વીર દર્શાવી

## ૨૦૧૯માં કેજરીવાલે દિલ્હીને ટોકયો, લંડન, પેરીસ બનાવવાના આપેલા વચનમાં વાસ્તવિકતાની પોલ ખોલતા કોંગ્રેસના નેતા : દિલ્હીમાં પ્રચારનો તબકકો શરૂ થતા હવે ઈન્ડિયા ગઠબંધનના બે પક્ષોએ એકબીજા સામે ખુલ્લી તલવાર કાઢી

નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધનના બે પક્ષો આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ હવે પૂરી રીતે એકબીજાની સામસામા આવી ગયા છે અને ચૂંટણી પ્રચારનો પ્રારંભ થતા જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને સાંસદ પ્રિયંકા ગાંધી હવે આમ આદમી પાર્ટીના વડા અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ખુલ્લો મોરચો માંડશે અને નવી દિલ્હી ધારાસભા બેઠક કે જયાં કેજરીવાલ સતત ચોથી વખત ચૂંટાવવા માટે લડી રહ્યા છે ત્યાં ત્રિપાંખીયા જંગમાં રાહુલ ગાંધી કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિત માટે પણ પ્રચાર કરશે. જોકે રાહુલ ગાંધીએ અત્યારથી જ પેરીસવાળી દિલ્હી કેમ્પેઇન છેડી દીધુ છે. એક તરફ તેઓ કેન્દ્રમાં મોદી શાસનને ટાર્ગેટ બનાવી રહ્યા છે. તો બીજી તરફ દિલ્હીના એક ખુલ્લા નાળાની મુલાકાત લઇને તેઓએ દિલ્હીને પેરીસ બનાવવાના કેજરીવાલના એક સમયના વચન પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે 'પેરીસ જેસી દિલ્હી સબ જગહ યહી હાલ હૈ' આમ કહીને તેણે આમ આદમી પાર્ટીના શાસનને સીધો પડકાર ફેંકયો છે.



રાહુલ ગાંધી વતી આ તસ્વીર કોંગ્રેસે તેના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરીને લખ્યુ છે કે દિલ્હીને પેરીસ બનાવવાના કેજરીવાલના દાવા છતાં પણ આજે દિલ્હી એક ગંદા નાળા જેવું બની ગયું છે અને દિલ્હીના લોકોને ગટર અને નાળાની આસપાસ રહેવાની ફરજ પડી રહી છે. ૨૦૧૯માં કેજરીવાલે દિલ્હીને ટોકયો, લંડન અને પેરીસ બનાવવાનું વચન આપ્યું હતું અને પોતાને ફરી ચૂંટી કાઢવા અપીલ કરી હતી. રાહુલ ગાંધીએ તેના પર સીધો પ્રહાર કર્યો છે. તો બીજી તરફ ભાજપ અને મોદી સરકાર સામે મોંઘવારી સહિતના મુદ્દે પણ મોરચો ખોલી દીધો છે. ખાસ કરીને દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાના મુદ્દે મોદી સરકારને ઘેરવા કોશીશ કરી છે અને શિલા દીક્ષિત શાસનને યાદ અપાવ્યું છે. દિલ્હીમાં રસપ્રદ રીતે ચૂંટણી જંગમાં એક તરફ અખિલેશ યાદવ, મમતા બેનર્જી સહિતના વિપક્ષી નેતાઓએ અરવિંદ કેજરીવાલના સમર્થનમાં બહાર આવ્યા છે અને ભાજપને પરાજીત કરવા કેજરીવાલને જીતાડવા જરૂરી હોવાનું જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી સમક્ષ ખોટા વચનો અને કુપ્રચારનો આક્ષેપ કરીને મોરચો માંડયો છે. અગાઉ કેજરીવાલે રાહુલ ગાંધી પર આડકતરો પ્રહાર કરતા કહ્યું કે તેઓને કોંગ્રેસ બચાવવાની ચિંતા છે તેથી મારા સામે પ્રચાર કરી રહ્યા છે.

# 'આપ'ની વધુ એક રેવડી: બે દિવસમાં ભાડુતને પણ વિજળી-પાણી ફ્રી

### ભાજપની પોલ-ખોલ-સ્કિનીંગના 'આપ'ના કાર્યક્રમને અટકાવતી દિલ્હી પોલીસ



નવી દિલ્હી:

પાટનગર દિલ્હીની ચુંટણીમાં ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પક્ષ દ્વારા રેવડીઓની બૌછાર થઈ ગઈ છે. તમામ પક્ષો તેમાં એકબીજાથી વધુ રેવડીના વચનો આપી રહ્યા છે તે સમયે પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં ભાડેથી રહેતા લોકોને પણ ફ્રી વિજળી-પાણીનો લાભ મળશે તેવી જાહેરાત કરી છે.

તેઓએ એક પત્રકાર પરિષદમાં કહ્યું કે અમારી સરકાર ચુંટણી બાદ આ અંગે ખાસ યોજના લાવશે જેમાં ભાડાના મકાનમાં રહેતા લોકોને પણ ફ્રી વિજળી-પાણી મળશે. તેઓએ ભાજપ પર તાનાશાહી વલણ અપનાવવાનો આરોપ મુકયો હતો. આજે આમ આદમી પાર્ટીએ ભાજપના ષડયંત્રનો પર્દાફાશ કરતી હોવાના આક્ષેપ સાથેની એક ફિલ્મનું સ્ક્રિનીંગ રાખ્યું હતું પણ છેલ્લી ઘડીએ દિલ્હી પોલીસે તે અટકાવી દીધું હતું અને કેજરીવાલે આરોપ મુકયો કે ભાજપના કહેવાથી આ સ્ક્રિનીંગ રોકાયુ છે.

### હુમલાખોર ખૂબ આક્રમક હતો; સૈફ પર ઝનૂનપૂર્વક વાર કરતો હતો

# કરીનાકપુરનો ખુલાસો: હુમલાખોરે દાગીનાને હાથ પણ અડાડયો ન હતો; ઈરાદો જુદો જ હતો?



## સૈફ પુત્ર-મહિલાઓને બચાવવા ઘસી ગયો હતો; પોતે ખૂબ ડરી જતા કરીશ્મા પોતાના ઘેર લઈ ગઈ હતી

મુંબઈ તા.૧૮

સૈફઅલીખાન પર હુમલાની ઘટના બારામાં પોલીસે હવે તેની પત્ની અને અભિનેત્રી કરીનાકપુરનુ નિવેદન નોંધ્યુ હતું. કરીનાએ એમ કહ્યું કે છરીથી હુમલો થતા બાળકો અને મહિલાઓને ૧૨મા માળે મોકલી દીધા હતા. સૈફે બાળકો સહિત તમામને બચાવવાની કોશિશ કરી હતી. સૈફ વચ્ચે આવી ગયો હોવાથી હુમલાખોર નાના પુત્ર જહાંગીર સુધી પહોંચી શકયો ન હતો.

હુમલાખોર ઝનૂની હતો અને સૈફ પર અનેક વખત વાર કર્યો હતો. આ વખતે દાગીના પણ ખુલ્લામાં પડયા હતા છતા તેને હાથ અડાડયો ન હતો. પોતે ખૂબ ડરી ગઈ હતી એટલે કરિશ્મા પોતાના ઘેર લઈ ગઈ હતી.

કરીનાના નિવેદન મુજબ સૈફ સાથે ઝપાઝપી દરમ્યાન હુમલાખોર ખૂબ આક્રમક થઈ ગયો હતો અને છરીથી વાર કર્યો હતો.

હુમલાખોર સામે પડેલા દાગીનાની લુંટ કે ચોરી કરી ન હતી એટલે તે માત્ર હુમલો કરવા કે કોઈક બીજા જ ઈરાદે આવ્યો હોઈ શકે છે.

અભિનેત્રીએ ઘટનાક્રમ વર્ણવતા એમ પણ કહ્યું હતું કે શંકાસ્પદ શખ્સ ચોરને ઘરમાં ઘુસેલો જોઈને કેરટેકરે બૂમાબૂમ કરી હતી એટલે સૈફ અને પોતે તેના રૂમ તરફ દોડયા હતા. કારણ કે આ રૂમમાં જ નાનો પુત્ર જહાંગીર સુતો હતો. ચોર ઘરમાં હતો તો પણ કોઈ દાગીના કે કિમતી ચીજની ચોરી કરી હતી. કેરટેકર લીમાને છરી દેખાડીને ધમકાવી હતી અને એક કરોડની માંગણી કરી હતી. ઘરમાં છરી સાથે અજાણ્યા શખ્સને નિહાળીને પોતે ભયભીત બની હતી. તેણે સૈફ પર હુમલો કરતા મદદ માટે દેકારો કરવા લાગી હતી.

પોલીસના સૂત્રોએ કહ્યું કે આ કેસમાં સૈફઅલીખાનનુ નિવેદન નોંધવાનુ બાકી છે.

## સૈફ પર હુમલાના કલાકો બાદ સવારે આરોપી મોબાઈલની દુકાને હતો; હેડફોન ખરીદ્યા હતા

### નિવાસના સીસીટીવી ફૂટેજ મળ્યા: સવારે ૯ વાગ્યે દાદરમાં હતો

મુંબઈ તા.૧૮





બોલીવુડ અભિનેતા સૈફઅલીખાન પર હુમલો કરનાર શખ્સને પકડવા પોલીસ આકાશપાતાળ એક કરી રહી છે ત્યારે વધુ એક શકમંદને ઉઠાવી લેવામાં આવ્યો છે અને ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં એવુ બહાર આવ્યું છે કે બાંદ્રા સ્થિત સૈફઅલી ખાનના ઘરમાં ઘુસીને હુમલો કરનાર શખ્સ રાત્રે ૧.૩૭ વાગ્યે પ્રવેશ્યો હતો. અને ૨.૩૩ વાગ્યે બહાર નીકળતો જોવા મળ્યો હતો. ૫૬ મીનીટમાં ઘટનાને અંજામ આપ્યો હતો. સીસીટીવી કેમેરાનાં આધારે પગેરૂ દબાવતા સવારે નવ વાગ્યાની આસપાસ દાદરમાં મોબાઈલની દુકાનમાં જોવા મળ્યો હતો. દુકાન પર પોલીસે તપાસ કરી હતી. હુમલાખોર મોબાઈલ કવર હેડફોન ખરીદ્યાનું બહાર આવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હુમલાખોરને પકડવા માટે પોલીસે ૩૫ ટીમ બનાવી છે છતા હજુ સાચો આરોપી હાથમાં આવ્યો નથી.

# તા.૩૧થી સંસદનું બજેટ સત્ર શરૂ

## બે તબકકામાં ચાલનારા સત્રનો પ્રથમ તબકકો મહત્વનો બની રહેશે

નવી દિલ્હી, તા. ૧૮



સંસદનું બજેટ સત્ર તા. ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને બે તબકકામાં ચાલનારા આ સત્રનો અંત ૪ એપ્રિલે આવશે જેમાં તા.૩૧ના રોજ આર્થિક સર્વે રજૂ થશે જયારે ૧ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય બજેટ રજૂ થશે, બજેટ સત્રનો પ્રથમ તબકકો ૩૧ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી વચ્ચે યોજાશે. જયારે બાદમાં બીજો તબકકો ૧૦ માર્ચથી ૪ એપ્રિલ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સિતારામન પોતાનું આઠમું બજેટ રજૂ કરશે. આ દરમ્યાન તા. ૫ ફેબ્રુઆરીના દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીનું મતદાન હોવાથી સંસદ તે દિવસે બેસશે નહીં. સત્રનો પ્રારંભ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોની સંયુકત બેઠકને સંબોધનથી થશે અને બજેટ બાદ રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવની ચર્ચા થશે. જેનો જવાબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આપશે.

# એલોન મસ્ક સ્પેસએક્સ ખાતે ભારતીય બિઝનેસમેનોના પ્રતિનિધિ મંડળને મળ્યાં

## 'હું અમેરિકા અને ભારત વચ્ચે વેપાર વધારવાના પક્ષમાં છું અને વસ્તુઓ સકારાત્મક છે':મસ્ક



ટેક્સાસ :

ટેસ્લા કંપનીના સીઈઓ એલોન મસ્કે ટેકસાસમાં સ્પેસએકસની સ્ટારબેઝ સુવિધા ખાતે અગ્રણી ભારતીય વ્યાપારી હસ્તીઓના પ્રતિનિધિમંડળનું આયોજન કર્યું હતું. આ વિશેષ મેળાવડાએ ભારતીય સાહસિકોને ટેસ્લા કંપનીનાં સીઈઓ એલોન મસ્ક સાથે જોડાવા અને કંપનીની અત્યાધુનિક અવકાશ સંશોધન સુવિધાઓનો પ્રવાસ કરવાની તક પૂરી પાડી હતી.

હોસ્ટિંગમાં રિતેશ અગ્રવાલ, કલ્યાણ રમન આર્યમાન બિરલા વગેરેએ સ્ટારબેઝનો પ્રવાસ અને સ્પેસએકસની સ્ટારશિપ ફલાઇટ ૭ના સફળ પ્રક્ષેપણ અને બૂસ્ટર કેચના સાક્ષી બન્યાં હતાં.

આ ચર્ચા દરમિયાન એલોન મસ્કે યુનાઇટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચે ખાસ કરીને ટેક્નોલોજી અને અવકાશ સંશોધન જેવાં ક્ષેત્રોમાં ઊંડા સહકારની શકયતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે વસ્તુઓ સકારાત્મક બની રહી છે. હું ચોક્કસપણે અમેરિકા અને ભારત વચ્ચે વેપાર વધારવા માટે અવરોધો ઘટાડવાના પક્ષમાં છું

**મસ્કે બિઝનેસ વિશે કહ્યું :-**

ટેક અબજોપતિ એલોન મસ્કે ટેકસાસમાં તેમની સ્પેસએકસ સ્ટારબેઝ સુવિધામાં અગ્રણી ભારતીય વ્યાપારી વ્યક્તિઓનાં પ્રતિનિધિમંડળને જણાવ્યું હતું કે તેઓ માને છે કે ભારત-યુએસ સંબંધો ''સકારાત્મક વલણ'' માં છે અને તેઓ બંને દેશો વચ્ચે વેપાર વધારવાની તરફેણમાં છે.

# સૈફનો મેડીકલ વિમા કલેઈમ રૂા.૩૫.૯૫ લાખ

## સોશ્યલ મીડીયામાં મેડીકલ બીલ લીક: કંપનીએ ૨૫ લાખ મંજુર પણ કરી દીધા: સૈફ પોતાનો વિમા ગ્રાહક હોવાનુ બૂપા ઈન્સ્યોરન્સનુ સમર્થન

મુંબઈ તા.૧૮

બોલીવુડ અભિનેતા સૈફઅલીખાન તેના જ ઘરમાં લુંટારુના હુમલામાં ઘાયલ થતા સારવાર હેઠળ છે ત્યારે તેની તબીબી સારવારનો ખર્ચ ૩૫.૯૫ લાખ થયો છે. અભિનેતાએ વિમા કંપની પાસે ૩૪.૯૫ લાખનો દાવો કર્યો હતો તેમાંથી ૨૫ લાખ મંજુર થયા છે.



બાંદ્રાના નિવાસસ્થાનમાં ઘુસેલા લુંટારુ સાથે ઝપાઝપી થતા સૈફઅલીખાનને ઈજા થઈ હતી. આ દરમ્યાન લુંટારૂએ તેના પર છરીથી હુમલો કર્યો હતો. પરિણામે અભિનેતાને કરોડરજજુ સહિત ત્રણ ભાગોમાં ઉંડા ઘા થયા હતા. સૈફઅલીખાન લીલાવતી હોસ્પીટલમાં સારવાર હેઠળ છે. તેના પર સર્જરી કરવામાં આવી હતી અને હાલત સંપૂર્ણ ભયમુકત હોવાનુ જણાવાયુ છે.

ત્રણેક દિવસથી હોસ્પીટલમાં સારવાર હેઠળ રહેલા સૈફઅલીખાનને એકાદ દિવસમાં રજા મળવાની અટકળો વચ્ચે તેનુ મેડીકલ બીલ તથા તે પેટેનો આરોગ્ય વિમા કલેમ સોશ્યલ મીડીયામાં લીક થયો છે. આ લીક વાયરલ મેસેજ મુજબ સૈફ બૂપા હેલ્થ ઈસ્યોરન્સમાં આરોગ્ય વિમા કવચ ધરાવે છે અને સારવાર પેટે ૩૫.૯૫ લાખ રૂપિયાનો દાવો કર્યો છે તે પેટે ૨૫ લાખ અગાઉથી જ મંજુર થઈ ગયા છે.

મેડીકલ દસ્તાવેજોમાં સૈફની મેમ્બર આઈડી, નિદાન, હોસ્પીટલ રૂમ તથા ડીસ્ચાર્જની સંભવિત તારીખ પણ દર્શાવવામાં આવી છે. ૨૧ જાન્યુઆરીએ તેને ડીસ્ચાર્જ મળવાનુ અનુમાન દર્શાવાયુ છે.

આ વાયરસ વિમા દાવા વિશે બૂપા ઈસ્યોરન્સ કંપનીએ કહ્યું કે સૈફ પરનો હુમલો કમનસીબ ઘટના છે. સૈફ પણ અમારી કંપનીનો આરોગ્ય વિમો ધરાવે છે. હોસ્પીટલમાં દાખલ થતા કંપનીને પ્રિ-ઓથોરાઈઝેશન અરજી કરી હતી અને કંપનીએ સારવાર માટે મંજુરી આપી હતી. સારવાર ખત્મ થયા બાદ અંતિમ બીલોના આધારે પેમેન્ટ થશે. જો કે, વિમાદાવા વિશે કોઈ ફ્રોડ પાડવામાં આવ્યો નથી.

### અભિનેતા પર હુમલો કોઈ ગેંગનુ કૃત્ય નથી: ફડણવીસ

# સૈફનો હુમલાખોર હજુ પોલીસ પકકડથી દુર

## ૩૫ ટીમોએ ૪૦ લોકોને તપાસ્યા છતાં મૂળ આરોપી મળતો નથી: પર્યાપ્ત સીસીટીવી ન હોવાથી પગેરૂ દબાવવાનો મોટો પડકાર

સૈફઅલી ખાનના ઘરમાં ઘુસેલા અજાણ્યા શખ્સે અભિનેતા પર છરીથી હુમલો કર્યો હતો. હુમલાની ઘટનાના ૬૦ કલાક પછી પણ હુમલાખોર પોલીસ પકકડથી દુર છે. પોલીસની ૩૫ ટીમો આરોપીને પકડવા આકાશ પાતાળ એક કરી રહી હોવા છતાં તેનો અતોપતો નથી. ૪૦ લોકોની તપાસ કરવામાં આવી હોવા છતાં મૂળ આરોપી હાથમાં આવ્યો નથી.




મુંબઈ પોલીસે સૈફ પરના હુમલા કેસમાં બે શકમંદોને અટકાયતમાં રાખ્યા હોવા છતાં તેની સંડોવણીના કોઈ પુરાવા મળ્યા નથી. પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોના સીસીટીવી ફુટેજ ચકાસવામાં આવ્યા હતા. સૈફના ઘેરથી નાસી ગયા બાદ આરોપીએ કપડા બદલી નાખ્યા હોવાનુ માલુમ પડયુ છે.

દરમ્યાન હુમલાખોર કયા માર્ગેથી નાસી ગયો તે વિશે પણ કોઈ સ્પષ્ટ નિષ્કર્ષ નિકળી શકતો નથી. સૈફનું નિવાસસ્થાન ધરાવતા બાંદ્રાના આ વિસ્તારમાં પર્યાપ્ત માત્રામાં સીસીટીવી કેમેરા ન હોવાનુ બહાર આવ્યુ છે.

દરમ્યાન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે હુમલા કેસની તપાસ ચાલુ છે. આરોપી તુર્તમાં પકડાઈ જવાનો વિશ્વાસ છે. આ બનાવમાં કોઈ 'ગેંગ'ની સંડોવણી નથી.

# રાજકોટ બનશે રામમય : અટલ સરોવર ખાતે ૧૦૦૮ બાળકો શ્રી રામ બનશે

## ૨૬ જાન્યુઆરી સુધી સનાતન ધર્મ રક્ષક સમિતિનું આયોજન : મંદિરની પ્રતિકૃતિનું નિર્માણ : તા. ૨૬ના ડાયરો : લોકોને વિનામૂલ્યે પ્રવેશ–વિજયભાઇ વાંક






રાજકોટ, તા. ૧૮

અયોધ્યામાં શ્રીરામ મંદિર નિર્માણને એક વર્ષ પુરૂ થતા રાજકોટમાં ૯ દિવસની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે. નવા રીંગ રોડ પર આવેલા અટલ સરોવરમાં આજે સાંજથી ૯ દિવસ માટે રામ મંદિરની પ્રતિકૃતિ લોકો માટે ખુલ્લી રાખવામાં આવશે તો ૧૦૦૮ બાળકો શ્રી રામ બનીને વર્લ્ડ રેકોર્ડ બનાવે તેવું આયોજન કરાયું છે.

અટલ સરોવર ખાતે વિનામૂલ્યે પ્રવેશ માટે અલગ ગેટ બનાવવામાં આવ્યો છે. લોકોને ફ્રી પાસ વિતરણ કરાઇ રહ્યું છે અને સ્થળ પર પણ ખાસ સ્ટોલ પરથી લોકોને ફ્રી પાસ આપીને વિનામૂલ્યે પ્રવેશ આપીને દર્શનનો લાભ આપવામાં આવશે તેમ પ્રદેશ અધ્યક્ષ વિજયભાઇ વાંકે જણાવ્યું હતું.

રાજકોટ શહેરના હાર્દસમા અટલ સરોવર ખાતે શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ તેમજ રોયલ રજવાડી ગ્રુપ દ્વારા અયોધ્યા શ્રી રામ મંદિરને એક વર્ષ પુર્ણ થતું હોય એના ભાગરૂપે ૯ દિવસીય ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સમગ્ર રાજકોટ શહેર જયારે રામમય બનવા જઇ રહ્યું છે. ત્યારે આ આયોજનમાં ભગવાનશ્રી રામ મંદિરની ભવ્ય પ્રતિકૃતિ મંદિર બનાવવામાં આવશે.આ મંદિર પરિસરમાં ભાવિકો ભકતો મંદિર અંદર જઇ દર્શનનો લાભ લઇ શકે એવું મંદિર બનાવવામાં આવ્યું છે. ત્યારબાદ મુખ્ય રામદ્વાર ગેટથી મંદિર સુધી અંદાજે ૧૫૦૦ ફુટમાં અવનવા ધાર્મિક ફલોટ, મૂર્તિ તથા પૌરાણિક ચીજ વસ્તુઓ મુકવામાં આવશે.

ત્યારબાદ ૧૦૦૮ નાના ભુલકાઓ શ્રી રામ બની વર્લ્ડ રેકોર્ડ નોંધાવશે તેમજ ૨૬મી જાન્યુઆરીની રાત્રે ૮.૩૦ કલાકે ભવ્ય કસુંબલ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંપૂર્ણ આયોજન આજથી તા. ૨૬ સમય સાંજે ૪ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી રહેશે. આ આયોજનને સફળ બનાવવા ગુજરાત સનાતન ધર્મ રક્ષક સમિતિના પ્રદેશ અધ્યક્ષ વિજયભાઇ બાબુભાઇ વાંક તથા મુખ્ય માર્ગદર્શક ભરતભાઇ દોશી તેમજ રજવાડી રોયલ ગ્રુપના રક્ષિતભાઇ કલોલા તથા હાર્દિકસિંહ રાઠોડ, મનીષભાઇ પ્રજાપતિ, અશ્વિનભાઇ પ્રજાપતિ વગેરે સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# કષ્ટભંજન દેવ દાદાને દિવ્ય શણગાર તથા સુખડીનો અન્નકૂટ ધરાયો




સાળંગપુર,તા.૧૮

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૮ને શનિવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને હજારીગલ અને સેવંતીનાફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો છે જેમાં સેવંતીના લાલફુલો વડે શ્રીરામ લખવામાં આવ્યું અને દાદાને પ્રિય સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી શ્રી હૃદયપ્રકાશ સ્વામી દ્વારા અને સવારે ૭:૦૦ કલાકે શણગાર કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને જળદોશી વર્કવાળા વાઘા એવં હજારીગલના ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો અને દાદાને પ્રિય સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો છે સાથોસાથ મંદિરની યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.આજે શનિવારે મોટી સંખ્યામાં હરિભકતોએ દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.



### જૂનાગઢમાં જૈનાચાર્ય પૂ.શ્રી રશ્મિરત્નસૂરિજીમ.આદિ ગુરૂભગવંતોની નિશ્રામાં

# મુમુક્ષુ ચિરાગભાઈનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે સંપન્નઃ નૂતન દીક્ષિત બન્યા મુનિશ્રી ચરણસારરત્ન વિ.મ.

રાજકોટ,તા.૧૮

સોરઠની આન, બાન અને શાન વધારવા ગરવા ગિરનાર તીર્થના રાજા અને જૈનોના ૨૨ મા તીર્થંકર શ્રી નેમિનાથ દાદાના વિશાળ પટંગણમાં બંધાયેલ વિરતિના વૃંદાવનમાં પ્રેમ-ભુવનભાનુ સમુદાયના દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરિજી મહારાજના શ્રમણી ગચ્છનાયક જૈનાચાર્ય રશ્મિરત્નસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં મુમુક્ષુરત્ન ચિરાગભાઈ ની ભાગવતી પ્રવ્રજ્યા થઈ હતી. આ પાવન પ્રસંગે આ. અભયચન્દ્રસૂરિજી, તપસ્વીરત્ન હેમવલ્લભસૂરિજી મહારાજ, પંન્યાસ યશરત્નવિજયજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોએ નિશ્રાપ્રદાન કરી હતી. સુરત, અમદાવાદ, મુંબઈ વગેરે શહેરોમાંથી શ્રાવક શ્રાવિકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૧૦-૦૦ કલાકે દીક્ષાવિધિનો પ્રારંભ થયો હતો. મુમુક્ષુ ચિરાગભાઈને લાભાર્થી પરિવારે વિજયતિલક કરીને પાપમય સંસારમાંથી વિદાય આપી હતી. કર્મ મહાસત્તા સામે સંગ્રામ ખેલવા માટે મુમુક્ષુને વિજયતિલક કરવામાં આવે છે. જમાનાવાદના જડબામાં જ્યારે યુવાધન ચવાઈ રહ્યું છે ત્યારે યૌવનવયને પામેલા યુવાનો જ્યારે વિરતિ માર્ગને સ્વીકારે છે એ વિશ્વની આઠમી અજાયબી ગણાય. એકવીસમી સદીમાં મહાવીર પ્રભુના માર્ગે પ્રયાણ કરવું તે એક ક્રાન્તિ કહેવાય. માનવના જીવનમાં શાંતિ ગાયબ થઈ છે ત્યારે પરમનો સ્પર્શ કરવા માટે સત્ત્વ અને શૌર્યની સમશેર જોઈએ. અધ્યાત્મનું અજવાળું પાથરવા માટે અંતરાત્માની ખોજ કરવાની છે. એમ પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું.સંસારના વાઘાનો ત્યાગ કરી સંયમના વેશમાં સજ્જ બનીને જ્યારે મુમુક્ષુની પધરામણી થઈ ત્યારે 'નૂતન દીક્ષિત અમર રહો' ના જયઘોષ વચ્ચે વાતાવરણ દિવ્ય અને ભવ્ય બન્યું હતું. મુમુક્ષુ ચિરાગભાઈ નું સંયમ જીવનનું નૂતન નામ મુનિશ્રી ચરણસારરત્ન વિજયજી રાખવામાં આવ્યું હતું. નૂતન મુનિવર પંન્યાસ યશરત્નવિજયજી મહારાજના શિષ્ય બન્યા હતા. આચાર્યશ્રીએ હીતશિક્ષા પ્રદાન કરી હતી. સાધ્વીજી ભગવંતની વડી દીક્ષા પણ થઈ હતી.



# કોટેશ્વર મહાદેવ મંદિરે પૂ. બજરંગદાસબાપુની ૪૮મી પુણ્યતિથિની ભવ્યતાથી ઉજવણી

## બાતા સીતારામનો દિવ્યનાદ ગુંજયો

કોઠારીયા કોલોનીના આસ્થાની પ્રતિકસમા કોટેશ્વર મહાદેવ મંદિરે પૂ. બજરંગદાસ બાપુની ૪૮મી પુણ્યતિથિ ભકિતભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. મંગળા આરતી, ગુરૂપૂજન, ધ્વજારોહણ, શ્રૃંગાર દર્શન, મહાઆરતી, ધુન-ભજન સહિતના ધર્મમય કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર મઢુલી બાપા સીતારામના ગગનચુંબી નાદથી ગુંજી ઉઠી હતી. ઉપરોકત તસ્વીર પૂ. બજરંગદાસ બાપુને પૂજન-અર્ચન કરતા કોટેશ્વર પરિવારના વિક્રમસિંહ જાડેજા (શિવ ઉપાસક), રસીકગીરીબાપુ (અતીત), મહેન્દ્રસિંહ જાડેજા, પરેશભાઇ કારીયા, નરેન્દ્રસિંહ ઝાલા, ઉર્વશીબેન સહિતના દ્રશ્યમાન થાય છે.



# રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો

રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શોર્ય દિન નિમિત્તે તા.૨૨ ના બુધવારે સમસ્ત લોહાણા જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામા આવેલ છે. ત્યારે શુક્રવારે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાયક ભદ્રેશભાઈ માણેક, રશ્મિબેન માણેક, પરેશભાઈ પંડ્યા, પૂજાબેન દવેએ ભાવિકોને ભજન સંધ્યાનું રસપાન કરાવ્યુ હતુ. જ્યારે કિશનભાઈ મીરાણી, મનોજભાઈ લાખાણી, જતીનભાઈ જીવરાજાનીએ સંગીતના સૂરો રેલાવ્યા હતા.

# અપના બજારનું રાજકોટની ગણમાન્ય તબીબી હોસ્પિટલ સાથે એમ.ઓ.યુ.:૧૪ હજાર સભાસદોને લાભ મળશે

## બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ વોકહાર્ટ, સીનર્જી, સેલસ, પ્લેક્સ, બાલાજી, ગોકુલ હોસ્પિટલ સાથે કરાર



રાજકોટ, તા.૧૮

રાજકોટની ગણમાન્ય તબિબિ હોસ્પીટલ સાથેનાં અપના બજારનાં શરતોને આધીન થયેલ એમ.ઓ.યુ. અંગે વાઇસ ચેરમેન દિપક ચાવડા જણાવે છે કે, અપના બજારનાં ૧૪ હજાર સભાસદો અને તેમના પરિવારજનને આ કરાર અંતર્ગત ઓ.પી.ડી. સર્જરી, વિવિધ પ્રકારના પરીક્ષણ, દવાઓ,નિદાન દરેકમાં અલગ-અલગ હોસ્પીટલમાં અલગ-અલગ સારવાર ખર્ચમાં થયેલ બિલમાં નિયમો અનુસાર રાહત આપવામાં આવશે અને સભાસદોએ અપના બજારનું શેર સર્ટીફિકેટની ઝેરોક્ષ જે તે હોસ્પીટલમાં આપવાની રહેશે. આ અંગેની વધુ માહિતી અપના બજાર મુખ્ય કાર્યાલય, બાલાજી મંદિર સામે, ભૂપેન્દ્ર રોડ ખાતેથી મળી રહેશે.

મલ્ટિસ્પેસીયાલિસ્ટ હોસ્પીટલ જેવી કે, બી.ટી.સવાણી કિડની હોસ્પીટલ,વોકહાર્ટ,સીનર્જી,સેલસ,પ્લેક્સ, બાલાજી, ગોકુલ સહિતની ગણમાન્ય હોસ્પીટલ સાથે શરતોને આધીન કરાર કરવામાં આવેલ છે.સભાસદ કલ્યાણના આ પ્રક્પને સફળ બનાવવા અપના બજારનાં ચેરમેન ભાગ્યેશ વોરા, વા.ચેરમેન દિપક ચાવડા સર્વે ડિરેક્ટરઓ મહેન્દ્રભાઈ શેઠ, અરવિંદભાઇ સોજિત્રા, નટુભાઇ ચાવડા, પંકજભાઈ દેસાઇ, મહેશભાઇ કોટક, નયનાબેન મકવાણા, વિક્રમસિંહ પરમાર, ડો. જીજ્ઞાબેન પટેલ, ફૂલભાઈ શિંગાળા, જયંતભાઈ ધોળકિયા વહીવટી અધિકારી નરેશભાઇ શુકલ, સાગર જોષી, કમલેશભાઇ ગજ્જર, રાજ ચાવડા, પૂજા મેર, અમિત વાઘ જયેશ કારોલિયા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.



# નાડીવૈદ્યનો નિદાનનો સાતમો કેમ્પ યોજાયોઃ ૧૫૭ દર્દીઓએ લાભ લીધો

રાજકોટ,તા.૧૮

ભારત-તિબ્બત સંઘ દ્વારા નિ:સ્વાર્થ ભાવે દર્દીઓની મદદમાં અમદાવાદના તિબેટીયન નાડીવૈદ્યનો નિદાન કેમ્પ સતત સાતમો રાજકોટ ખાતે યોજાયો હતો. કેમ્પમાં ડાયાબીટીસ, હૃદય, શ્વાસના રોગ, કિડની, કરોડરજજુ, મણકાની તકલીફ, ફેટીલીવર, પથરી, આર્થરાઈટીસ, માઈગ્રેન, સાયનસ, માસિક ધર્મ, નપુસંકતા, ન્યુરોલોજીકલ ડીસઓર્ડર, હોર્મોનલ ડીસઓર્ડર, સંતાન પ્રાપ્તિ સંબંધિત સમસ્યાઓ, માનસિક રોગ અને તમામ પ્રકારના કેન્સરથી પીડાતા ૧૫૭ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

# અક્ષર બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા દિન ઉજવાયો

જામનગર તાલુકાના ફલ્લા ગામે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષાદિન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પાથેય પર્વ ડાલરા ઉત્સવ રાખવામાં આવ્યો હતો. ફલ્લા ગામે આવેલ ડુંગરાણી ફાર્મ ખાતે પૂજય નારાયણદાસ સ્વામીએ ઉપસ્થિત શ્રોતાઓને વિવિધ દ્રષ્ટાંતો સાથે કથાવાર્તા કરી હતી. આ ઉપરાંત ભાદરા ખાતે આવેલ મંદિરનાં બીજા સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા. ફલ્લા તથા નજીકનાં ગામોનાં ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમનો લાભ લીધો હતો. તસ્વીર: મુકેશ વરિયા (ફલ્લા)

# આજે સાંજે અવકાશી ગ્રહોની પરેડનું લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ટેલિસ્કોપ દ્વારા નિદર્શન

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્ષ, ની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા ૧૮ જાન્યુઆરી અને શનિવારના રોજ રાત્રે ૭.૦૦ થી ૯.૦૦ દરમ્યાન હાલમાં સાંજના આકાશમાં દેખાય રહેલ સૌરમંડળના ગ્રહો નું અદ્યતન અને વિશાળ ટેલિસ્કોપ દ્વારા જાહેર જનતાને બતાવવામાં આવશે. દ્રશ્યમાન ગ્રહો પૈકી શુક્ર, શનિ, ગુરુ અને મંગળ ગ્રહોને કલબના ટેલિસ્કોપ્સ દ્વારા કલબના સભ્યો નાગરિકોને બતાવશે તેમજ જે તે ગ્રહ અને આ ઘટના વિશે વૈજ્ઞાનિક માહિતી પણ પુરી પડશે. કાર્યક્રમનું સ્થળ લોક વિજ્ઞાન કેન્દ્ર પરિસર, આર્ટ ગેલેરી સામે, રેસકોર્ષ, રાજકોટ રહેશે.

# સી. કે. જી. પ્રાથમિક શાળાનુ ગૌરવ

SGFI દ્વારા રાઈફલ શુટીંગની નેશનલ સ્પર્ધા ભોપાલમાં યોજાયેલ.જેમાં સી.કે.જી.પ્રા.શાળાની ધો. ૭ ની વિદ્યાર્થીની કુ. સીયા મયુરભાઈ ડાંગર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને ૧૦-મીટર એર પીસ્તોલમાં નેશનલમાં આઠમો નંબર પ્રાપ્ત કરેલ છે.સ્વામી પ્રણવાનંદજી પ્રચાર ટ્રસ્ટ આયોજિત સંસ્કૃત વૃંદગાન સ્પર્ધામાં પ્રાથમિક સ્તરે કુલ ૧૪ શાળાઓમાંથી સી.કે.જી. પ્રાથમિક શાળાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી રૂ. ૨૦૦/- રોકડ પુરસ્કાર અને ભેટ સ્વરૂપે પુસ્તક મેળવી શાળાનું નામ રોશન કરેલ છે.



# રાજકોટ ઈલેકટ્રોનીકસ ટ્રેડ એસોની મીટીંગ મળીઃ નવા હોદ્દેદારોની વરણી

## પ્રમુખપદે રસિકભાઈ પોકળ, ઉપપ્રમુખ ગોરધનભાઈ ટાંકની નિયુકતી

રાજકોટ,તા.૧૮

રાજકોટ ઈલેકટ્રોનીકસ ટ્રેડ એસોસીએશનના નવા વર્ષ ૨૦૨૫ની કારોબારી અને હોદ્દેદારોની વરણી માટે તાજેતરમાં જનરલ મીટીંગ યોજાઈ હતી. જેમાં પ્રમુખ પદે રસિકભાઈ પોકળ, મંત્રી મનોજભાઈ પરમાર, અજાનચી મુકેશ લુણાગરીયા, ઉપપ્રમુખ ગોરધનભાઈ ટાંક, સહમંત્રી તરીકે ભરતભાઈ મહેતાની વરણી કરવામાં આવી છે.આ ઉપરાંત કારોબારી સભ્યતરીકે મનસુખભાઈ મોજીદ્રા, મનીષભાઈ રાબડીયા, હરેશભાઈ રૈયાણી, જયેશભાઈ ભટ્ટ, દિપકભાઈ ચોટલીયા, યોગેશભાઈ ચૌધરીની નિમણુંક કરાય છે. આગામી વર્ષ દરમ્યાન વિદ્યાર્થી સન્માન સમારોહ બ્લડ ડોનેશન કેમ્પ સહિતના કાયક્રમો યોજાશે.નવનિયુકત હોદ્દેદારો રસિકભાઈ પોકળ, મનોજભાઈ પરમાર, ભરતભાઈ મહેતા, મનસુખભાઈ મોજીદ્રાએ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી.

# બાલાજી હનુમાનજીને દિવ્ય પુષ્પોનો શણગાર



રાજકોટ,તા.૧૮

રાજકોટ શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે આજે શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને રંગબેરંગી પુષ્પોનો દિવ્ય અલૌકિક અને અદભુત શણગાર કરાયો છે.જેના દર્શન કરી ભકતોએ ધન્યતાની અનુભૂતિ કરી છે. આજે મારૂતિ યજ્ઞ પણ યોજાયો હતો, આજે હજારો ભક્તો બાલાજી દાદાના દર્શને પધારશે ,દાદાની રાજોપચાર પધ્ધતિથી થતી સંધ્યા આરતીનો લાભ લેશે આપ પણ પરિવાર સાથે દાદાના દિવ્ય અલૌકિક દર્શન કરી રાજોપચાર પદ્ધતિથી થતી સંધ્યા આરતીનો અલભ્ય લાભ લો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયું છે.



# એવીપીટીઆઈ કોલેજ અને રાજકોટ શહેર પોલીસ દ્વારા ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી સેમિનાર યોજાયો

રાજકોટ, તા.૧૮

એ.વી.પારેખ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ - રાજકોટ અને રાજકોટ શહેર પોલીસ દ્વારા ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી વિષય પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ IPS પૂજા યાદવ , ડિસિપી રાજકોટ શહેર, જે. બી. ગઢવી એસીપી ટ્રાફિક રાજકોટ શહેર , કેતન ખાપેડ RTO રાજકોટ, જે વી સાહા રોડ સેફટી એક્સપર્ટ(નિવૃત સીઇઓ) ની ઉપસ્થિતિ માં યોજવામાં આવેલ હતો. જેમાં ઉપસ્થિત એક્સપર્ટ દ્વારા વિધાર્થીઓની પાસેથી ટ્રાફિક અંગેના નવા નવા સૂચનો લીધા હતા. રાજકોટમાં હાલની ટ્રાફિકની સમસ્યા જોઇને પોલીસ દ્વારા વિધાર્થીઓ ના હિતને અનુલક્ષીને આ અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ અંતર્ગત ઈંડજ પૂજા યાદવ ડિસિપી રાજકોટ શહેર એ જણાવ્યું હતું કે જયારે પણ રોડ પર વાહન ચલાવતા હોઇએ ત્યારે ટ્રાફિકના બોર્ડ, સૂચનો, સ્પીડ લિમિટ જેવા ટ્રાફિક નિયમોની માહિતી અવશ્ય રાખવી જોઇએ અને તેનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ.કેતન ખાપેડ દ્વારા ખુબ જ રસપ્રદ રીતે વિધાર્થીઓને લાઇવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા રોડ સેફટી અને ડ્રાઇવિંગ હેબિટ્સ પર ઉદબોધન આપવામાં આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમની માર્ગદર્શિકા સંસ્થા ના આચાર્ય ડો. પરેશ પી. કોટક દ્વારા કરવામાં આવેલ હતી.

### પોસ્ટ ઓફીસ હવે સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણમાં પણ મહત્વની કડી

# ૭૬માં ગણતંત્ર દિવસ પ્રસંગે રાજયની પોસ્ટ ઓફીસોમાં રાષ્ટ્રદ્વજ ફરકાવવાની સાથે યોજાશે 'ડાક ચોપલ'

## કેન્દ્રીય સેવાઓની સાથે રાજયકક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ એક છત નીચે મળી શકશેઃ પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ







રાજકોટ,તા.૧૮

ભારતીય ડાક વિભાગ દ્વારા આગામી તા.૨૬ જાન્યુઆરીના રોજ ૭૬માં ગણતંત્ર દિવસ પ્રસંગે રાજકોટ સહિત રાજયભરની પોસ્ટ ઓફીસમાં રાષ્ટ્રધ્વજ ફરકાવાની સાથે ડાકચોપાલનું આયોજન કરવામાં આવેલ છે.અમદાવાદના ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, આ પહેલનો ઉદ્દેશ્ય સમાજના છેવાડાના વર્ગ સુધી આવશ્યક સરકારી અને નાગરિક-કેન્દ્રિત સેવાઓ પહોંચાડવાનો છે, જેનો લાભ ગુજરાતના લોકો અને તમામ લાભાર્થીઓને મળશે. કેન્દ્રીય સેવાઓની સાથે, રાજ્ય કક્ષાની વિવિધ સામાજિક અને કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ એક છત નીચે મળી શકશે. 'સરકારી સેવાઓ તમારા દ્વારે' હેઠળ, નાણાકીય સેવાઓ, વીમા, પેમેન્ટ બેંક સેવાઓ, ડીબીટી, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિત તમામ નાગરિક-કેન્દ્રીત સેવાઓ વિશે જાગૃતિ ફેલાવીને લોકોને લાભ આપવામાં આવશે.પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, પોસ્ટ ઓફિસ હવે ફક્ત પરંપરાગત ડાક સેવાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણમાં એક મહત્વપૂર્ણ કડી પણ બની ગઈ છે. ડાક ચોપાલ કાર્યક્રમ નાગરિકોને સરકારી યોજનાઓ સાથે સીધા જોડવાનો એક અસરકારક માર્ગ સાબિત થશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે બદલાતા વાતાવરણમાં ડાક સેવાઓની બદલાતી ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યંર કે, પત્રો અને પાર્સલ ઉપરાંત, ડાક વિભાગ બચત બેંક, પોસ્ટલ લાઇફ ઇન્શ્યોરન્સ, ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, કોમન સર્વિસ સેન્ટર, ડાક ઘર નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જનમુખી કાર્યો કરવામાં આવી રહ્યા છે. ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા, પોસ્ટમેન આજે મોબાઇલ બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. CELC હેઠળ, ઘરે બેઠા બાળકો માટે આધાર કાર્ડ બનાવવું, મોબાઇલ અપડેટ, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, DBT, બિલ ચુકવણી, AEPS દ્વારા બેંક ખાતામાંથી ચુકવણી, વાહન વીમો, આરોગ્ય વીમો, અકસ્માત વીમો, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના વગેરે જેવી વિવિધ સેવાઓનો ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પૂરી પાડવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પોસ્ટલ સર્કલ હેઠળ કુલ ૮,૮૮૮ પોસ્ટ ઓફિસ નો સમાવેશ થાય છે. તેમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદ માં ૨,૨૬૨ પોસ્ટ ઓફિસ, દક્ષિણ ગુજરાત પરિક્ષેત્ર, વડોદરા માં ૩,૬૨૯ પોસ્ટ ઓફિસ અને સૌરાષ્ટ્ર-કચ્છ પરિક્ષેત્ર, રાજકોટ માં ૨,૯૯૭ પોસ્ટ ઓફિસ આવેલી છે. ડાક ચોપાલ દ્વારા આટલા વ્યાપક સ્તરે, લોકો સરકારી યોજનાઓ સાથે સીધા જોડાઈ શકશે અને તેમની જરૂરિયાત મુજબ માહિતી મેળવી શકશે.

# આઈ શ્રી ખોડીયાર મંદિર સેવક ગણ પરીવાર દ્વારા આવતીકાલે ૩૦મા સર્વજ્ઞાતી સમુહ લગ્નમહોત્સવનું આયોજન

## ૧૦ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશેઃનવવધુને ૨૦૦ થી વધારે કરીયાવરની ચીજવસ્તુ અપાશે

રાજકોટ, તા.૧૮

આઈ શ્રીખોડીયાર મંદિર સેવક ગણ પરીવારા દ્વારા ૩૦ મા ૧૦ દિકરીઓના સર્વજ્ઞાતી સમુહ લગ્નમહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે.

આઈ શ્રી ખોડીયાર મંદિર, ૧૦-કેદારનાથ સોસાયટી, કોઠારીયા રોડ, રાજકોટ દ્વારા માતાજી ના સાનીધ્ય માં ૧૦ દિકરીઓના ૩૦ મો સર્વજ્ઞાતી સમુહ લગ્નમહોત્સવ નું આયોજન કરેલ છે. તેમા નવવધુ ને ૨૦૦ થી વધારે કરીયાવર ની ચીજવસ્તુ ઓ આપવામાં આવશે. આ આયોજન આવતીકાલે રવિવાર ના સાંજે ૩-૩૦ વાગ્યે રાખેલ છે. આ સમુહલગ્ન માં ૨૦૦ થી વધુ કરીયાવર ની ચીજ વસ્તુઓ આપવામાં આવશે.તેમજ ૨૦૦૦ વ્યકતિ ને સાંજે ભોજન પ્રસાદ આપવામાં આવશે.વોલન્ટરી બ્લડબેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન બપોરે ૫ થી ૮ વાગ્યા સુધી કરેલ છે.

### હાલ ઠંડીમાં રાહત નહીં મળવાનું હવામાન ખાતાનું અનુમાન

# દેશના અનેક રાજયોમાં શીતલહેર અને ધુમ્મસનો ડબલ એટેક

## દિલ્હી-એનસીઆર સહિત યુપી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉતરાખંડમાં છવાયું ધુમ્મસઃ રાજસ્થાનનાં અનેક વિસ્તારોમાં 'શીત દિવસ' કાશ્મીરમાં બરફવર્ષા બાદ શીતલહેર તેજ થઈઃ હિમાચલમાં બરફવર્ષા અને ઝાકળઃ દિલ્હી-એનસીઆરમાં કમોસમી વરસાદની આગાહી



નવી દિલ્હી તા.૧૮

દિલ્હી-એનસીઆર સહિત દેશભરનાં અનેક રાજયોમાં હાલના દિવસોમાં શીતલહેર અને ધુમ્મસનો ડબલ એટેક યથાવત છે.ખરાબ હવામાનનાં કારણે દરરોજ ટ્રેનો અને ફલાઈટને અસર થાય છે.જાન્યુઆરીમાં કમોસમી વરસાદ પડે છે. સવારથી દિલ્હી-એનસીઆર, યુપી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, અને ઉતરાખંડમાં ધુમ્મસ છવાયેલુ છે. દિલ્હી સહીત પશ્ચિમ ઉતર પ્રદેશમાં આઈએમડીએ ધુમ્મસ અને ઠંડીને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

**દિલ્હીમાં સવારથી ધુમ્મસ અને વાદળ છવાયા**

દિલ્હી-એનસીઆરમાં સવારથી જ આકાશમાં ગાઢ વાદળો છવાયા હતા.આજે અહીં ન્યુનતમ ૭ ડીગ્રી અને અધિકતમ ૧૯ ડીગ્રી નોંધાયુ હતું.

આઈએમડીનાં અનુસાર આગામી ત્રણ દિવસ સુધી હવામાન આવુ જ રહેશે. ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ પણ ભારે વરસાદનો એનસીઆરનાં લોકોએ સામનો કરવો પડશે.

**યુપીમાં ગાઢ ધુમ્મસઃ**

ઉતર પ્રદેશ ભીષણની ઝપટમાં છે અનેક જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયેલુ છે.

ગાઢ ધુમ્મસથી વાહન વ્યવહાર અને જનજીવનને અસર થઈ છે. ખાસ કરીને લખનૌમાં ઠંડી વધુ રહી હતી

**રાજસ્થાનનાં અનેક વિસ્તારોમાં કડકડતી ઠંડીઃ**

રાજયમાં અનેક સ્થળે ન્યુનતમ તાપમાન પાંચ ડીગ્રી સેલ્સીયસથી નીચુ નોંધાયુ હતું. અને હળવો વરસાદ નોંધાયો હતો.

**કાશ્મીરમાં બરફવર્ષા બાદ શીતલહેર તેજ થઈઃ**

કાશ્મીરમાં બરફ વર્ષા બાદ ન્યુનતમ તાપમાનમાં ઘટાડો થયો છે. અહી ૧૯ જાન્યુઆરી સુધી શુષ્ક હવામાનનું અનુમાન છે.૨૦ થી ૨૨ દરમ્યાન કેટલાંક સ્થળે હળવો વરસાદ અને બરફવર્ષાની આગાહી છે.

**હિમાચલમાં પણ બરફવર્ષાઃ**

રાજયનાં કેટલાંક ભાગોમાં શીતલહેર ચાલુ છે. આજ સવારથી અહી ધુમ્મસ છવાયું હતું.

ઉંચાઈવાળા વિસ્તારોમાં હળવોથી મધ્યમ હિમપાત થયો હતો. અનેક ભાગોમાં તાપમાન ૫ ડીગ્રીની વચ્ચે રહ્યું.

આગામી સપ્તાહમાં હિમપાત અને બરફવર્ષા થઈ શકે છે.

## સવારમાં ઝાકળવર્ષા : હિલ સ્ટેશન જેવા દ્રશ્યો





ભારે ઠંડી બાદ આજે સવારે ઝાકળ વર્ષા થઇ હતી. રાજકોટમાં ઠંડીમાં થોડા ઘટાડા સાથે સવારે હીલ સ્ટેશન જેવો નજારો જોવા મળ્યો હતો. (તસ્વીર : દેવેન અમરેલીયા)


### કચ્છ-સૌરાષ્ટ્રમાં ઠંડી ઘટી : રાજકોટ-જુનાગઢમાં ધુમ્મસ : ઠંડી ઘટવા હવામાન વિભાગની આગાહી

રાજકોટ, તા. ૧૮

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો છે. જોકે રાજકોટ સહિતના શહેરોમાં સવારે ઝાકળવર્ષા થતા આહલાદક દ્રશ્યો સર્જાયા હતા. કચ્છના નલીયામાં આજે ૮.૬ ડિગ્રી તાપમાન હતું. રાજકોટમાં ૧૨.૪, અમરેલી ૧૪.૨, ભાવનગર ૧૫.૮, ભુજ ૧૨.૪, પોરબંદરમાં ૧૨.૮ ડિગ્રી પર પારો હતો જયારે ડીસામાં ૧૨.૮, અમદાવાદ ૧૬, વડોદરા ૧૬.૨, દ્વારકામાં ૧૬.૨, વેરાવળમાં ૧૭ ડિગ્રી ન્યુનતમ તાપમાન હતું.

# ટીકટોક પર અમેરિકામાં પ્રતિબંધ : હવે ટ્રમ્પ શાસન નિર્ણય લેશો

### અમેરિકી સુપ્રિમ કોર્ટે ચાઈનીઝ વિડીયો એપ પરના પ્રતિબંધને બહાલ રાખતા આગામી બે દિવસમાં ટીકટોકનું ભાવિ નકકી થઇ જશે : ચાઈનીઝ કંપનીને પોતાનો બિઝનેસ અમેરિકી કંપનીને વેંચી દેવાનો વિકલ્પ



વોશિંગ્ટન, તા. ૧૮

અમેરિકાની સુપ્રિમ કોર્ટે લોકપ્રિય ચાઇનીઝ વિડીયો એપ્લીકિશન ટીકટોક ઉપરના પ્રતિબંધને બહાલી આપતા જ હવે અમેરિકામાં તેના પર પ્રતિબંધની શકયતાઓ વધી ગઇ છે. પરંતુ બે દિવસમાં જ અમેરિકામાં રાષ્ટ્રપતિ પદે ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લઇ રહ્યા હોવાથી વિદાય લેતા પ્રમુખ જો બાઇડને ટીકટોક ઉપર પ્રતિબંધ મુકવો કે કેમ તે ટ્રમ્પ શાસન પર છોડી દીધુ છે.

અમેરિકી સંસદે ગત વર્ષે જ એક કાનુન પાસ કરીને ટીકટોકની પેરન્ટ કંપની બાઇટડાન્સને તેનો અમેરિકામાં બિઝનેસ ૧૯ જાન્યુઆરી પૂર્વે વેંચી નાખવાનો કાનુન પાસ કર્યો હતો અને તેની સામે ટીકટોકની કંપનીએ અમેરિકામાં કાનુની લડત આપી હતી. પરંતુ ગઇકાલે જ અમેરિકી સુપ્રિમ કોર્ટે ટીકટોક પર પ્રતિબંધ અને તેનો બિઝનેસ વેંચી દેવાના સંસદના નિર્ણયને બહાલી આપી હતી. જો બાઇટડાન્સ તેનો અમેરિકામાં બિઝનેસ કોઇ અમેરિકન કંપનીને વેંચે તો તેના પર પ્રતિબંધ અમલી બનશે નહીં નહીંતર ટીકટોકે ભારતની જેમ અમેરિકા પણ છોડવું પડશે. હવે આ નિર્ણય બાઇડન તંત્રએ સોમવારથી ટ્રમ્પ શાસન ચાલુ થાય છે તેના પર છોડયો છે. જોકે ટ્રમ્પ ટીકટોક પર હળવા વિધાનો કરી ચૂકયા છે અને માનવામાં આવે છે કે અમેરિકાની અનેક કંપનીઓ ખરીદવા આતુર છે. બાઇડને સત્તા છોડતા પૂર્વે મહત્વનો નિર્ણય નહીં લેવાનું વલણ રાખ્યું હતું.

# ઉંઝા હાઈવે પર ટ્રીપલ અકસ્માતઃ બસ બાઈક અને કારની ટકકરઃ બેના મોત

### લકઝરી બસે ઠોકરે લેતા બે બાઈકસવારના મોત નિપજયા



ઉંઝા,તા.૧૮

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા હાઈવે પર ગઈકાલે રાત્રે એક ગંભીર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે યુવાનના કરુણ મોત નીપજયાં હતા. રાજસ્થાનથી મુંબઈ તરફ જઈ રહેલી લકઝરી બસ, બાઈક અને કાર વચ્ચે થયેલા આ અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવાને જીવ ગુમાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક યુવાનો બ્રાહ્મણવાડા વિસ્તારની આસપાસ આવેલી ખાનગી ફેક્ટરીમાં મજૂર તરીકે કામ કરતા હતા. તેઓ કામ પરથી પરત ફરી રહ્યા હતા ત્યારે, આ દુર્ઘટના સર્જાઇ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકસવાર બંને યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. જો કે, મૃતક યુવાનોની ઓળખ થઈ શકી નથી.

### 'પાતાળ લોક' સીઝન-૨

# શોના એપિસોડ ઓછી સંખ્યામાં બતાવી શકયા હોત : થોડી કંટાળાજનક બની ગઈ છે : જયદીપનો અભિનય એક જમા પાસુ



**ઓ.ટી.ટી. સીરીયલ અવલોકન**

નવી દિલ્હી :

પાતાળ લોક એ જયદીપ અહલાવતની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ વેબ સિરીઝમાંની એક છે. આ શ્રેણીની પ્રથમ સિઝન વર્ષ ૨૦૨૦ માં આવી અને તેણે લોકોનાં દિલોદિમાગમાં ઊંડી છાપ છોડી હતી. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે શ્રેણીનો બીજો ભાગ પહેલાં કરતાં વધુ સારો નથી નીકળતો, પરંતુ પાતાળ લોકના કિસ્સામાં, આ કહેવત સાચી નથી. બીજી સિઝન જોતાં પહેલાં તમારે આ રિવ્યૂ જરૂર વાંચવો જોઈએ, જેનાથી તમને સિરીઝની રસપ્રદતાનો ખ્યાલ આવશે.

પાતાળ લોકની પ્રથમ સીઝનમાં, જયદીપ અહલાવત અને અભિષેક બેનર્જીના પાત્રોને ખૂબ પસંદ કરવામાં આવ્યાં હતાં. જો કે હથોડા ત્યાગીનું પાત્ર બીજી સીઝનમાં સમાપ્ત થઈ ગયું છે, પરંતુ સીઝન-૨માં રસ અને સસ્પેન્સ પહેલાં કરતાં વધુ છે. આ શ્રેણીનાં સંવાદોને પણ લાગું પડે છે. જયદીપ અહલાવતના પાત્રના હરિયાણવી સંવાદો દરેક પરિસ્થિતિમાં તમારાં ચહેરા પર સ્મિત લાવશે.

લોક ડાઉનમાં દર્શકોને પાતાળ લોક અને જયદીપ અહલાવતના રોલમાં હાથીરામ ચૌધરીનોની પરિચય થયો હતો અને તેને હવે લગભગ પાંચ વર્ષ થઈ ગયાં છે. પાંચ વર્ષની લાંબી રાહ જોયાં બાદ હવે પાતાળ લોક સીઝન ૨ આવી છે. પાતાલ લોક સીઝન-૨ના નિર્માતા સુદીપ શર્મા અને દિગ્દર્શક અવિનાશ અરુણ છે. પાતાળ લોક ૨ નો તેનાં પ્રથમ ભાગ સાથે કોઈ સંબંધ નથી. આ સીઝનમાં ઇન્સ્પેક્ટર હાથી રામ ચૌધરી (જયદીપ અહલાવત), ઓફિસર અંસારી (ઈશ્વાક સિંહ), એસએચઓ વિર્ક (અનુરાગ અરોરા) અને હાથી જેવાં કેટલાક પાત્રો અને રામના પરિવારનાં સભ્યો - તેમની પત્ની (ગુલ પનાંગ)અને પુત્ર સિદ્ધાર્થ (બોધિસત્વ શર્મા) જોવા મળશે.

**પાતાળ લોક સિઝન-૨ની વાર્તા**

ઈન્સપેક્ટર હાથીરામ ચૌધરી ફરી એકવાર તેમની વિનોદી શૈલીમાં કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવા આવ્યાં છે. આ વખતે કેસ થોડો મોટો છે, કારણ કે તે નાગાલેન્ડના લોકપ્રિય રાજનેતા જોનાથન થોમની હત્યાના આરોપીઓને શોધવામાં વ્યસ્ત છે. તેની સાથે તેનો પાર્ટનર ઈમરાન અંસારી પણ છે, પરંતુ આ સિઝનમાં તેનો તે જુનિયર હવે સિનિયર બની ગયો છે.

અભિનેતા ઈશ્વાક સિંહનાં પાત્રનો દરજ્જો વધી ગયો છે અને હવે તે એસીપી છે. શ્રેણીનાં પ્રથમ એપિસોડમાં, નાગાલેન્ડના નેતાનું શિરચ્છેદ કરાયેલું માથું બતાવવામાં આવ્યું છે. આ કેસની તપાસની જવાબદારી અન્સારીના ખભા પર આવે છે, પરંતુ બાદમાં જામનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર હાથીરામ ચૌધરી પણ તેની તપાસમાં ઉતરે છે.

| | |
|---|---|
| રેટિંગ | ૫ માંથી ૩.૫ |
| કલાકારો | જયદીપ અહલાવત, ઈશ્વાક સિંહ, ગુલ પનાગ વગેરે |
| દિગ્દર્શક | અવિનાશ અરૂણ |
| રીલીઝ તારીખ | જાન્યુ ૧૭ /૨૦૨૫ |
| પ્લેટફોર્મ | એમેઝોન પ્રાઇમ વિડિયો |

વાસ્તવમાં, તેમની પાસે એક ગુમ થયેલ પરપ્રાંતિય મજૂર વિશે ફરિયાદ આવે છે. બાદમાં, જ્યારે તેની કડીઓ એક રાજકારણીની હત્યાનાં કેસ સાથે સંકળાયેલી હોવાનું જાણવા મળે છે, ત્યારે તે તેનાં જૂના ભાગીદાર સાથે નાગાલેન્ડ જાય છે અને તપાસ શરૂ કરે છે. જેમ જેમ બંને હત્યામાં ઊંડા ઉતરવાનો પ્રયાસ કરે છે, ગુનાની દુનિયા પહેલાં કરતાં વધુ અસ્તવ્યસ્ત બની જાય છે. શ્રેણીની વાર્તામાં ઘણાં ટ્વિસ્ટ જોવા મળી રહ્યાં છે. છેલ્લાં એપિસોડમાં જબરદસ્ત સસ્પેન્સ જોવા મળે છે, જેનો તમે ૪ થી ૫ એપિસોડ દરમિયાન અંદાજો લગાવી શકશો નહીં.

**અભિનય**

જો આપણે ઓટીટી પર શ્રેષ્ઠ રીતે પોલીસની ભૂમિકા ભજવવાની વાત કરીએ તો જયદીપ અહલાવતની કામગીરીનું ઉદાહરણ આપવામાં આવશે. તેઓ પોતે હરિયાણાનાં હોવા છતાં હાથીરામ ચૌધરીના પાત્રની જરૂરિયાત તેમનાથી વધુ સારી રીતે કદાચ અન્ય કોઈ પૂરી કરી શકે નહીં. ઈશ્વાક સિંહનો અભિનય પણ વખાણવા લાયક છે. તેમનાં બોસ બન્યાં પછી પણ તેમનાં વરિષ્ઠને માન આપવાથી તેમનું પાત્ર વધુ તેજસ્વી દેખાય છે. એકંદરે પાતાળ લોક ૨ માં તેમનું કામ અદ્ભુત રહ્યું છે. સાથે જ ગુલ પનાગનું કામ પણ સારું રહ્યું છે. તેણે રેણુ ચૌધરી એટલે કે હાથીરામની પત્નીનું પાત્ર ખૂબ જ સારી રીતે ભજવ્યું છે. આ સિવાય તિલોતમા શોમે નાગાલેન્ડ પોલીસ ઓફિસરની ભૂમિકા ભજવી છે. તેણે પોતાનાં પાત્રને ન્યાય આપ્યો છે. અન્ય કલાકારોનું કામ પણ પ્રશંસાને પાત્ર લાગે છે.

**દિગ્દર્શન**

દિગ્દર્શન નબળું હોય ત્યારે સૌથી મોટી શ્રેણી પણ ડગમગવા લાગે છે, પરંતુ પાતાળ લોક ૨ માં ડાયરેકશન પ્રશંસનીય રહ્યું છે. પાતાળ લોકને જીવંત રાખવાનું કામ અવિનાશ અરુણે કર્યું છે. તે જ સમયે, શ્રેણીનાં લેખન પર પણ સારું કામ કરવામાં આવ્યું છે. એકંદરે, આ શ્રેણી જોવા લાયક છે અને તેનાં દ્વારા, એમેઝોન પ્રાઇમે પણ વર્ષ ૨૦૨૫ની ધમાકેદાર શરૂઆત કરી છે.

**પાતાળ લોક સીઝન ૨ સારા પાસા**

પાતાળ લોક સીઝન-૨ની વાર્તાનાં તમામ એપિસોડમાં ગુણવત્તાયુકત સામગ્રી જોવા મળી રહી છે. જે રીતે નાની વસ્તુઓને સર્જનાત્મક રીતે વિગતવાર દર્શાવવામાં આવી છે, ઉદાહરણ તરીકે હાથીરામનો સંબંધ એક નાનાં પરિવાર સાથે છે. એક મધ્યમવર્ગીય વ્યક્તિ હોવાને કારણે દર્શકોને હાથીરામના પાત્ર સાથે જોડાણ અનુભવ કરાવવાનો તમામ પ્રયાસ કરવામાં આવ્યો છે અને નિર્માતાઓ આ પ્રયાસમાં સંપૂર્ણ રીતે સફળ રહ્યાં છે. જે રીતે સખત મહેનત અને સંશોધન સાથે સીઝન ૨ બનાવવામાં આવી છે, અમને આશા છે કે અમને તેની સીઝન ૩ પણ જોવા મળશે.

**પાતાલ લોક સીઝન-૨ નબળાં પાસા**

શોને થોડો ખેંચવામાં આવ્યો છે, જેનાં કારણે જે લોકો મસાલા મનોરંજન ફિલ્મો જોવાના શોખીન છે તેમને આ શ્રેણી થોડી કંટાળાજનક લાગી શકે છે, જો નિર્માતા ઇચ્છે તો શોના એપિસોડ ઓછી સંખ્યામાં બતાવી શક્યાં હોત.

**શા માટે જોવી જોઈએ**

જો તમે ક્રાઈમ થ્રીલર સીરીઝના શોખીન છો અને તમે જયદીપ અહલાવતના સીઝન એકથી ફેન છો તો આ સીરીઝ જોવી જોઈએ

# કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને અન્યો સામે ઈડીની મોટી કાર્યવાહીઃ ૩૦૦ કરોડની સંપતિ જપ્ત

કર્નાટક ,તા.૧૮

ઈડીની બેંગલુરુ ઝોનલ ઓફિસે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને અન્યો સામે સંબંધિત કેસમાં ૩૦૦ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરી છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કરવામાં આવેલી કાર્યવાહીમાં લગભગ ૧૪૨ સ્થાવર મિલકતો જપ્ત કરવામાં આવી છે.



ઈડીના જણાવ્યાં અનુસાર, અટેચ કરેલી મિલકતો વિવિધ વ્યક્તિઓનાં નામે નોંધાયેલી છે, જેઓ રિયલ એસ્ટેટ બિઝનેસમેન અને એજન્ટ તરીકે કામ કરે છે. ઇડીએ લોકાયુક્ત પોલીસ મૈસુર દ્વારા સિદ્ધારમૈયા આઇપીસી અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ અને અન્યો સામે નોંધાયેલાં કેસોના આધારે તપાસ શરૂ કરી હતી.

**રાજકીય પ્રભાવના ઉપયોગના આરોપો :-**

એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સીએમ સિદ્ધારમૈયાએ મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા હસ્તગત કરેલી ૩ એકર જમીનના બદલામાં પત્ની બીએમ પાર્વતીના નામે ૧૪ સાઇટ્સ માટે વળતર મેળવવા માટે રાજકીય પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. આ જમીન મૂળરૂપે એમયુડીએ દ્વારા ૩૨૪૭૦૦ રૂપિયામાં હસ્તગત કરવામાં આવી હતી. જયારે પોશ વિસ્તારમાં ૧૪ સાઈટના રૂપમાં વળતર માટે ૫૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યાં હતાં.

બીએમ પાર્વતીને વળતરની જગ્યાઓની ગેરકાયદેસર ફાળવણીમાં ભૂતપૂર્વ એમયુડીએ કમિશનર ડીબી નટેશની ભૂમિકા પ્રકાશમાં આવી છે. પાર્વતીને ફાળવવામાં આવેલી ૧૪ સાઇટ્સ સિવાય, એમયુડીએ દ્વારા રિયલ એસ્ટેટના વેપારીઓને વળતર તરીકે મોટી સંખ્યામાં સાઇટ્સ ગેરકાયદેસર રીતે ફાળવવામાં આવી છે, જેમણે બદલામાં આ સાઇટ્સને નફામાં વેચી દીધી હતી અને મોટી રકમ બિનહિસાબી રોકડ મેળવી હતી.

## ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડીયે રાહલ-પ્રિયંકા મહાકુંભમાં આૅસ્થાની ડુબકી મારશે



નવી દિલ્હીઃ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને તેમનાં બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા મહાકુંભમાં જવાનાં છે અને ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવશે. તેઓ ફેબ્રુઆરી મહિનાના પહેલા અઠવાડિયે પ્રયાગરાજ આવશે. ત્રિવેણી સંગમમાં સ્નાન બાદ રાહુલ અને પ્રિયંકા શંકરાચાર્ય અને સંતોના આશીર્વાદ લેશે. મહાકુંભમાં કોંગ્રેસ સેવા દળના શિબિરમાં પણ આ બન્ને નેતાઓ જશે. તેમના આગમન માટે કોંગ્રેસે તૈયારીઓ આરંભી દીધી છે.

# પ્રજાસત્તાકદિન પર્વે કોઈ દિલ્હીમાં વાતાવરણ ન બગાડે તે માટે ગુપ્તચર વિભાગનું મોટું એલર્ટ

### રિપબ્લિક-ડેએ દિલ્હીમાં ૧૦ હજારથી વધુ પોલીસ તૈનાત રહેશે



નવીદિલ્હી,તા.૧૮

ગુપ્તચર વિભાગે ૨૬ જાન્યુઆરીને લઈને મોટું એલર્ટ જાહેર કર્યું છે. ગુપ્તચર વિભાગના જણાવ્યા અનુસાર ૨૬મી જાન્યુઆરીને ધ્યાનમાં રાખીને દિલ્હીનું વાતાવરણ બગાડવાનું ષડયંત્ર રચવામાં આવી શકે છે. મોટા વાહનો દ્વારા ભીડને કચડીને નુકસાન થઈ શકે છે. એલર્ટ મુજબ, આ વખતે આતંકવાદીઓ અથવા અસામાજિક તત્વો ૨૬ જાન્યુઆરીને ધ્યાનમાં રાખીને વાહનો પર હુમલો કરી શકે છે . તાજેતરમાં જ જર્મનીમાં આ પ્રકારનો હુમલો થયો હતો. જેમાં ૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા અને કેટલાકના મોત થયા હતા.

એટલું જ નહીં, છેલ્લા મહિનામાં ભારે વાહનોનો ઉપયોગ કરીને ભીડ પર આત્મઘાતી હુમલાઓ ઘણા દેશોમાં વાહન રેમિંગ હુમલા દ્વારા કરવામાં આવ્યા છે. આ વાહન રેમિંગ એટેકના એલર્ટને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસના તમામ એકમોને કડક સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને જ્યાં રસ્તાઓ પર ઘણી ભીડ એકઠી થાય છે, એવા રસ્તાઓ પર જ્યાં વાહનોની સ્પીડ ઘણી વધારે હોય અને મોટા વાહનોની અવરજવર હોય ત્યાં તેમની ગતિવિધિઓ પર પણ ઝીણવટપૂર્વક નજર રાખવામાં આવશે.

દિલ્હી પોલીસના એક અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું કે અર્ધલશ્કરી દળોની ૬૦ થી વધુ કંપનીઓ અને ૧૦,૦૦૦ પોલીસ કર્મચારીઓને પ્રજાસત્તાક દિવસ અને આગામી વિધાનસભા ચૂંટણી માટે રાષ્ટ્રીય રાજધાનીમાં તૈનાત કરવામાં આવશે. સાયબર નિષ્ણાત અધિકારીઓની તૈનાતી સિવાય દિલ્હીમાં ડ્રોન અને સીસીટીવી દ્વારા દેખરેખ રાખવામાં આવશે.

### રસ્તામાં ગાય આડી ઉતરતા કારચાલકે સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવ્યો

# અમદાવાદ-ઈન્દોર હાઈવે રકતરંજિત બન્યોઃ ઈકો કાર ડિવાઈડર પર ચડી વીજપોલ સાથે ટકરાતા ૪ના મોત

### મૃતકોમાં કારચાલકનો સમાવેશઃ કારમાં સવાર એક વ્યકિત ઘાયલઃ ઓથવાડ ગામે ચારેય મૃતકોની એકસાથે અંતિમ યાત્રા નીકળતા ભાવુક દ્રશ્યો સર્જાયા

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ-ઇન્દોર હાઇવે પર ૧૬ જાન્યુઆરી રાત્રિ દરમિયાન એક ઇકો કાર અને ગાય વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી ઓઢવાડ જતી વખતે અચાનક હાઇવે પર ગાય આવી જતાં કારચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજયાં હતાં. મૃતકો બાલાસિનોરના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. કઠલાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.



કઠલાલ પાસે કાર પલટી જતાં બાલાસિનોરના ૪ લોકોનાં મોત કઠલાલ પાસેથી અમદાવાદ-ઈન્દોરને જોડતો છે. ૧૬ જાન્યુઆરીએ મોડીરાત્રે ઇકો કાર નંબર (જીજે ૩૫ એન ૧૦૭૯) પસાર થઈ રહી હતી. આ દરમિયાન રોડ વચ્ચે એકાએક ગાય આવી ગઈ હતી. જેથી ઈકો કારચાલકે કારના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં આ કાર હાઈવેના ડિવાઈડર પર ચઢી ગઈ હતી. ત્યાર બાદ લાઈટના લોખંડના પોલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારનો આગળના ભાગનો લોચો વળી ગયો હતો. તો બીજી તરફ કારમાં સવાર કારચાલક સહિત ૪ લોકોનાં ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં.

ઓથવાડ ગામમાં ચારેય મૃતકની એક સાથે અંતિમયાત્રા નીકળી હતી, જેમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. એક જ ગામના ચાર લોકોના અચાનક અવસાનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે ગમગીની ફેલાવી છે.

આસપાસના લોકો અકસ્માત સમયે દોડી આવ્યા હતા અને ૪ લોકોના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. તો વળી કારમાં સવાર એક વ્યક્તિને ઈજા થતાં તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ બાદ કઠલાલ પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી. તપાસ અધિકારી કઠલાલ પીઆઈ એમ.વી.ભગોરાએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્ત ફરિયાદી સંજય પુજેસિહ ઠાકોરની ફરિયાદના આધારે ગુનો દાખલ કરાયો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ બનાવમાં કુલ ૪ લોકોનાં મોત નીપજ્યાં હતા, જેમાં કારચાલકનો પણ સમાવેશ થાય છે.




સુરતમાં યોજાયેલ ક્રાઈમ કોન્ફરન્સમાં રાજયના ગૃહમંત્રી હર્ષસંઘવી અને ડીજીપી વિકાસ સહાયની અધ્યક્ષતામાં યોજાઈ હતી.જેમાં સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહેલૌત, રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, રાજકોટ રેન્જ સાઈજી અશોકકુમાર યાદવ સહીત વડોદરા, અમદાવાદ પોલીસ કમિશ્નર તેમજ ઉચ્ચ પોલીસ અધીકારીઓ હાજર રહેલ હતાં.

### સુરતમાં આજે ડિજીપીની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ

# સાયબર ગુના અટકાવવા અને સમુદ્ર કિનારો સુરક્ષિત કરવા મંથન

## અચાનક જ નક્કી થયેલ ક્રાઈમ કોન્ફરન્સમાં ગૃહમંત્રીએ પણ આપી

## લો એન્ડ ઓર્ડર સહિતના મુદ્દે વિકાસ સહાયએ રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પાસેથી સૂચનો લેશે, મિલક્ત-શરીર સંબંધિત ગુનાના ડિટેક્શન અંગે અધિકારીઓ પાસે રિપોર્ટ માંગ્યો, દારૂબંધી અંગે કડક સૂચના

## રાજ્યના ચાર પોલીસ કમિશનર, તમામ રેન્જ આઇ.જી. સહિતના ઉચ્ચ અધિકારીઓ સુરતના મહેમાન બન્યાં

રાજકોટ. તા.૧૮

દેશમાં સ્વચ્છ અને સુંદર શહેર તરીકે ગણાતાં સુરત શહેરના આંગણે ગુજરાત રાજ્યના ગૃહમંત્રી અને તેમના જ મજુરા વિસ્તારમાં આવેલા પોલીસ ભવન ખાતે રાજ્યના ડીજીપી વિકાસ સહાયની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ આજે યોજાઈ છે. જેને લઈને સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના નેતૃત્વમાં પોલીસ અધિકારી અને કર્મચારીઓ દ્વારા કોન્ફરન્સમાં આવનાર અધિકારીઓ માટે વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે સુરતીનું જમણ અને સાથે પોક પાર્ટી આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં માદક પદાર્થના વેપલાને અટકાવી ઉડતા ગુજરાત બનતાં અટકાવવા અને સાયબર સિક્યુરિટી સાથે સાથે કાયદો વ્યવસ્થાની વિશેષ સમીક્ષા કરવામાં આવનાર છે. ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યના ગૃહ મંત્રી પણ ભાગ લેશે તેવું જાણવા મળી રહ્યું છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા અલગ અલગ શહેરમાં ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં અલગ અલગ શહેરની સંસ્કૃતિ અને લોકલ વ્યવહારની ઝાંખી આપવામાં આવે છે. આ પ્રથા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમને અલગ અલગ શહેરમાં અધિકારીઓના કલાસ લેતા હતા. તે જ રીતે ડીજીપી પણ પોતાના અધિકારીઓને કાયદો વ્યવસ્થા બાબતે અને નવી ટેકનોલોજીની આપ-લે કરવા માટે આયોજન કરી રહ્યાં છે.

પ્રથમ અમદાવાદ ત્યાર બાદ વડોદરા અને ત્યાર બાદ રાજકોટ અને હવે આજે સુરતમાં અચાનક જ ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ રેન્જ આઈ જી અને તેમજ ચાર શહેરના પોલીસ કમિશનર જેમાં રાજકોટના બ્રજેશકુમાર ઝા, અમદાવાદના મલિક, વડોદરાના નરસિંહમા કોમર, કાયદો વ્યવસ્થાના એડી. ડીજીપી ડો.રાજકુમાર પાંડિયાન, આઇબીના અધિકારી તેમજ ઉચ્ચ અધિકારી કોન્ફરન્સમાં વિશેષ હાજરી આપવા આવી રહ્યા છે. તે માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

### પોલીસ અધિકારીઓ માટે વિશેષ ઊંધિયું, પોક સહિતના ભોજનીયા

સુરતમાં ક્રાઇમ કોન્ફરન્સમાં મહેમાન બનીને આવેલા અધિકારીઓ માટે જમવા માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મેનુમાં વિશેષ ઊંધિયું અને પોક સહિતના ભોજનીયા રાખવામાં આવ્યાં છે. કહેવાય છે કે, સુરત આવ્યા હોય અને સુરતી ખાવાનું ખાધું ન હોય તો મજા ન આવે, જ્યારે રાજ્યના ડીજીપી જ સુરતના મહેમાન બને છે, ત્યારે સુરત પોલીસ કમિશનરની રાહબરીમાં ઉચ્ચ અધિકારી સ્ટાફ સાથે કર્મચારીઓએ જહેતત ઉઠાવી છે. જેમાં ખાસ કરી ક્રાઈમ બ્રાન્ચના ભાવેશ રોજીયાને હોટલ મેનેજમેન્ટ, જ્યારે અન્ય અધિકારીઓને અલગ અલગ જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

ક્રાઈમ કોન્ફરન્સમાં ડીજીપી દ્વારા વિશેષ સાયબર સિક્યુરિટી અને નવી ટેકનોલોજીનો ઉપયોગથી લોકો ભોગ બની રહ્યા છે તેના ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે સાથે સાથે લો એન્ડ ઓર્ડરની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજ્ય પોલીસ અલગ અલગ પગલાઓ પણ ભરી રહી છે. રાજ્યને ઉડતા ગુજરાત અટકાવવા માટે અને વિશાળ સમુદ્ર કિનારો હોવાને લઈને સરકારના માર્ગદર્શન હેઠળ ડીજીપીએ પણ વિશેષ મરીન ફોર્સને માદક પદાર્થનું હેરાફેરી રોકવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. સાથે સાથે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ દારૂ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે તે બાબતે પણ વિશેષ આ કોન્ફરન્સમાં અધિકારીઓને કડક રીતે દારૂબંધી અમલમાં લાવવા માટેની સૂચનાઓ આવશે તેવું જાણવા મળી રહ્યું છે.



# ૧૫૦ ફુટ-કાલાવડ રોડ ઉપર ૧૬ મિલ્કતો સીલ

## ઉમેશ કોમ્પ્લેક્ષ, રૈયા રોડ, જામનગર રોડ, કોઠારીયા રોડ પર કાર્યવાહી : ૪૧ લાખની રીકવરી

રાજકોટ, તા. ૧૮

મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા આજે કાલાવડ રોડ, ચૌધરી હાઇસ્કુલ અને રૈયા રોડ, ૧૫૦ ફુટ રોડ, કોઠારીયા સહિતના વિસ્તારમાં વધુ ૧૬ બાકીદારોની મિલ્કતો સીલ કરી દેવામાં આવી છે. તો એક નળ જોડાણ કાપવા સાથે ૪૧ લાખથી વધુની રીકવરી કરવામાં આવી છે.

વોર્ડ નં.૧માં ૧૫૦ ફુટ રોડ પર આવેલ ધ સ્પાયર બિલ્ડીંગમાં પાંચમા માળે ૧, દેવીકૃપા કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર પર બે દુકાનને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.રમાં ચૌધરી હાઇસ્કુલ પાસે ઉમેશ કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં એક દુકાન, જામનગર રોડ પર એક યુનિટ, રૈયા રોડ પર શૈલજા સંકુલ કોમ્પ્લેક્ષમાં એક દુકાન, મુરલીધર પ્લોટ-૪ના ખુણે એક મિલ્કત સીલ કરાઇ હતી. વોર્ડ નં.૩ના જંકશન, વોર્ડ નં.૫ના પેડક રોડ અને નવાગામ રોડ, વોર્ડ નં.૭ના સોનીબજારમાં રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૧૦માં કાલાવડ રોડના જલારામ જયોત એપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ ફલોરની બે અને પ્રથમ માળની એક દુકાન, ચિત્રકુટ ધામ, ઘનશ્યામનગર મેઇન રોડ પર નવકાર એપાર્ટમેન્ટમાં બે દુકાન સીલ કરાઇ હતી. વોર્ડ નં.૧૫માં ભાવનગર રોડની મનહરપરા સોસાયટીમાં એક નળ જોડાણ કાપી નાખવામાં આવ્યું હતું. ઉપરાંત વોર્ડ નં.૧૮માં કોઠારીયા રીંગ રોડ પર નહેરૂનગર સોસાયટી, ૪૦ ફુટ રોડ પર કુલ ચાર મિલ્કતોને સીલ મરાયા હતા. આજે ૪૧.૧૧ લાખની રીકવરી થઇ હતી અને નાણાકીય વર્ષની વેરાની કુલ આવક ૩૩૯.૫૪ કરોડે પહોંચી છે.





# વિદેશથી આવતા લોકો માટે દસ્તાવેજ માટે તત્કાલ સ્લોટની સુવિધા આપવા રેવન્યુ બારની માંગણી

## જંત્રી અમલીકરણ પહેલા સમય આપવા અંગે અને ગરવી સોફ્ટવેર યુઝર ફ્રેન્ડલી બનાવવા રજુઆત




રાજકોટ, તા.૧૮

આજરોજ રેવેન્યુ પ્રેક્ટિસ કરતા વકીલો દ્વારા રાજકોટના નોંધણી નિરીક્ષક કચેરીના એઆઈજીઆર અજય કુમાર એસ ચારેલને એક આવેદન આપેલ જે આવેદનમાં રેવેન્યૂ અંગે લોકોને સ્પર્શતા તેમજ દસ્તાવેજ ઓનલાઇન ડ્રાફટિંગમાં ઊભી થતી મુશ્કેલીઓ અંગે આવેદન આપેલ જેમાં ગરવી સોફટવેર યુઝર ફ્રેન્ડલી બનાવવાની જરૂરિયાત હોય તેવી માંગ કરી હતી.

વકીલોએ સૂચનો આપેલ કે, (૧) હાલના સોફટવેરમાં વર્ષ ૨૦૨૫ ની અગાઉના વર્ષની પીડીઈ એપ્લિકેશન કોપી થઈ શકતી ન હોય એક જ સરખા પ્રોજેક્ટના દસ્તાવેજમાં રીપીટેડ વર્કમાં હજારો માનવ કલાકો માનવ શક્તિમાન ઉર્જાનો બગાડ થાય છે. (૨) દસ્તાવેજ નું વેલ્યુએશન ઓટોમેટિક તૈયાર થવું જોઈએ તે હાલમાં થતું નથી. (૩) દસ્તાવેજની સ્કેન સાથેની કામગીરી પૂર્ણ થયા બાદ આ અંગે એસએમએસથી ખરીદનારને જાણ થવી જોઈએ. (૪) દસ્તાવેજની એપ્લિકેશનમાં કોપી સંપૂર્ણ વિગત સાથે થવી જોઈએ જેથી કરીને એક સરખી મિલકતની વિગત વાળાં પ્રોજેક્ટના દસ્તાવેજમાં બિનજરૂરી માનવ કલાકનો વ્યય થતી બચાવી શકાય. (૫)દસ્તાવેજની નોંધણી માટે દરેક ઝોનમાં ઈન્ડેક્ષના ગામનું નામ પસંદ કરવાનું હોય છે જેમાં દરેક ઝોનમાં અલગ અલગ ગામમાં એક જ ગામમાં એક કરતાં વધારે વિભાગ આવેલ છે ઉદાહરણ તરીકે મવડી ૧-૨-૩, રૈયા ૧-૨-૩, તેમજ રાજકોટ શહેરમાં પણ એક જ વોર્ડમાં એક કરતાં વધારે વિભાગ આવેલ છે. જેથી એક જ મિલકતના રજીસ્ટર દસ્તાવેજો અલગ અલગ ગામની ઇન્ડેકસમાં નોંધવામાં આવે છે. (૬) હાલમાં યુએલસીમાંથી નીકળી ગયેલ જમીનો અંગે સબ-રજીસ્ટ્રાર દ્વારા કલેકટર ઓફિસમાંથી વેરીફાઈ કરાવે છે તેમાં દસ્તાવેજ અપોઈન્ટમેન્ટ લીધા બાદ કલેકટર ઓફિસ મોકલવામાં આવતું હોય અને તેમાં બહુજ વિલંબ થતો હોય અને બધા પક્ષકરોને નાણાકીય વહીવટમાં મુશ્કેલી પડતી હોય તે માટે માત્ર અરજીના આધારે યુએલસી વેરીફીય કરવી આપવી જોઈએ. તેમજ માત્ર એકજ મિલકત ના પૈકી ભાગ પુરતુ જ વેરીફાય કરવાના બદલે સમગ્ર મિલકતનું એનઓસી આપવું જોઈએ (૭) વિદેશથી આવતા લોકોને તત્કાલ સ્લોટની સુવિધા વધારાની ફી ચાર્જ કરીને આપવી જોઈએ.

ઉપરાંત નવી જંત્રી અમલવારી કરતા પહેલા (૧)હાલની સૂચિત જંત્રીની કૂલ કિમંતમાંથી ૨૫ ટકા જંત્રી મુજબ અમલવારી કરવાથી હાલની રિઅલ એસ્ટેટની બજારની પરિસ્થિતી મુજબ યોગ્ય રહેશે (૨) સુચિત જંત્રી અમલવારીમાં મુકતા પહેલા એક મહિનો પહેલા જત્રીને સર્વ લોકો જોઈ શકે તે રીતે ઉપલબ્ધ કરાવવો જેથી કરીને કંઈ વિશેષ સુધારા વધારા હોય તો તેની જાણ થઈ શકે. ઉપરોકત રજૂઆતમાં રાજકોટ રેવેન્યૂ બારના સેક્રેટરી વિજયભાઈ તોગડીયા, પંકજભાઈ દોંગા, અશ્વિનભાઈ રામાણી, વિમલભાઈ ડાંગર, સમીરભાઈ રાણીંગા, જયેશભાઈ વ્યાસ, જે.આર ફુલારા, તુષાર ગોસ્વામી, રાજેશભાઇ નસીત, હિતેશભાઈ રાદડિયા, અશ્વિનભાઈ કાનાણી, મનસુખભાઇ નાથાણી જગદીશભાઈ સોરઠીયા, ભાર્ગેવભાઈ ખૂંટ, વિવેક લીંબાણી, પરેશભાઈ પાદરિયા, સી એમ પટેલ, આનંદભાઈ પરમાર વિગરે જોડાયલ હતા.

## સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજનો દિવ્ય શણગાર



કાલાવડ રોડ સંકલ્પસિદ્ધ હનુમાનજી મંદિરે આજે શનિવારે દાદાને દિવસ શણગાર કરાયો હતો વહેલી સવારથી જ અસંખ્ય ભકતોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# રાજકોટ જિલ્લામાં વન નેશન વન રેશનકાર્ડ યોજના હેઠળ નવે-૨૪ સુધીમાં ૨૩ હજારથી વધુ લાભાર્થીઓએ લીધો લાભ

## કલેકટર કચેરી ખાતે નાગરિક પુરવઠા અને સલાહકાર સમિતીની બેઠક મળી

રાજકોટ,તા.૧૮

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે જિલ્લા નાગરિક પુરવઠા અને સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક મળી હતી જેમાં રાજકોટ શહેર જિલ્લામાં રેશનકાર્ડ ઈ-કેવાયસીના રજિસ્ટ્રેશનની વિગતો કરવામાં આવી હતી. તેની સાથોસાથ જિલ્લામાં પુરવઠા વિભાગ દ્વારા અનાજ વિતરણની વિગતો તેમજ વિભાગની વિવિધ કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં 'વન નેશન વન રેશન' કાર્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪માં નવેમ્બર માસ સુધીમાં કુલ ૨૩,૭૨૯ લાભાર્થીઓએ લાભ લીધો છે. રાજકોટ જિલ્લામાં હાલ ૭૧૩ વ્યાજબી ભાવની દુકાનો છે. જ્યારે ૩,૨૬,૧૩૫ રેશનકાર્ડ નોંધાયેલા છે. જેમાં ૧૩,૨૯,૪૬૦ જન સંખ્યાનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટના ધારાસભ્ય ડોક્ટર દર્શિતાબેન શાહ, નિવાસી અધિક કલેકટર એ.કે.ગૌતમ, જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી રાજ વંગવાણી, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા તેમજ અન્ય વિભાગના અધિકારીઓ, સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મ.નું કાલે રાજકોટમાં આગમનઃ માનવતાલક્ષી સેવાકીય પ્રકલ્પોની ઘોષણા

## આવતીકાલે પ્રમુખસ્વામી ઓડિટોરીયમમાં ઉવસગ્ગહરંના જાપ સાથે જૈન સમાજના સાધર્મિકોને ૩૬ ઓટો રીક્ષા અર્પણ કરાશેઃ તેમજ ગુરૂભકતોને મેડીકલ સેવામાં અપાશે રાહતઃ સોમવારે પૂ.નમ્રમુનિ મ. અમદાવાદ જવા પ્રસ્થાન કરશેઃ પૂ.ગુરૂદેવને શેષકાળનો લાભ આપવા રાજકોટના સ્થાનકવાસી જૈન સંઘોની વિનંતી

રાજકોટ તા.૧૮

આવતીકાલ તા.૧૯ના રવિવારના તપસમ્રાટ પૂ. રતિલાલજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય, રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મહારાજ જૂનાગઢથી રાજકોટ પધારતા સમસ્ત જૈન સમાજમાં ધર્મોલ્લાસ છવાયો છે.

આવતીકાલે સવારે ૯-૩૦ કલાકે પ્રમુખસ્વામી ઓડીટોરીયમ હોલ, રૈયા રોડ ખાતે રાષ્ટ્રસંત પૂ. શ્રી નમ્રમુનિ મ.ની નિશ્રામાં 'ઉવસગ્ગહરં' સ્તોત્ર જપ સાધના તથા 'પરમ કરૂણા મહોત્સવ' અંતર્ગત ૩૬ જરૂરીયાતમંદ પરિવારોને ઓટો રીક્ષા અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. ઉપરોકત કાર્યક્રમ અંતર્ગત માનવતાલક્ષી અને સેવાકીય પ્રકલ્પોની જાહેરાત કરાશે.

ઉલ્લેખનીય ગણાશે કે ગત વર્ષે ગુરૂ ભકતોને આત્મનિર્ભર કરવા માટે ૧૪ રીક્ષા અર્પણ કરવામાં આવી હતી જયારે આવતીકાલે લોકો મજબૂર નહિ પણ મજબૂત બને, લાચારીથી નહિ, મહેનત કરી ખુમારીથી જીવન જીવીને પરિવારને મદદરૂપ બને તેવા શુભ હેતુ સાથે આવતીકાલે ૩૬ લોકોને ઓટો રીક્ષા અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો છે જેમાં જેતપુર, ગોંડલ તથા ધોરાજીના જરૂરિયાતમંદોનો સમાવેશ કરાયો છે.

ઉપરોકત કાર્યક્રમમાં જયોતિન્દ્રભાઈ મહેતા, અમીનેશભાઈ રૂપાણી, સુરેશભાઈ અજમેરા સહિત સેવાભાવી મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

ભાડાની રીક્ષા ચલાવતા સાધર્મિક લોકોને માલિકીની રીક્ષા અપાવવા ૭૦ ટકા રકમ ગુરૂભકતોએ આપી તો ૩૦ ટકા રકમ સાધર્મિકના નામે બેંકમાંથી લોન લઈ માસિક ઈન્સ્ટોલેશન માલિકે ભરવાના રહે છે. જેથી ફરજ અને કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવી શકે.

**પૂ.રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.નો કાર્યક્રમ**



શ્રી ઉવસગ્ગહરં સાધના ભવનના પ્રમુખ, જૈન અગ્રણી સેતુરભાઈ દેસાઈએ જણાવ્યું કે આવતીકાલે પૂ.નમ્રમુનિ મ. જૂનાગઢથી રાજકોટ સવારે સીધા પ્રમુખસ્વામી ઓડિટોરીયમ ખાતે નિયત સમયે આવી પહોંચશે. ગુરૂભકતો દ્વારા પૂ.ગુરૂદેવનું સ્વાગત કરાશે આ પ્રસંગે રાજકોટ સ્થાનકવાસી જૈન સંઘોના અગ્રણીઓ ચંદ્રકાંતભાઈ શેઠ, હરેશભાઈ વોરા, ભરતભાઈ દોશી, મનોજ ડેલીવાળા, કેતનભાઈ શેઠ, શૈલેષભાઈ માંઉ, રશ્મિભાઈ મોદી, પરેશ સંઘાણી, વીણાબેન શેઠ, કમલેશભાઈ શાહ (એડવોકેટ), સુશીલભાઈ ગોડા, મધુભાઈ ખંધાર, જીતુભાઈ બેનાણી, નીતિન કામદાર સહિતના અન્ય અગણીઓ ઉપસ્થિત રહેશે.

**સોમવાર પ્રયાણ**

જાણવા મળતી વિગતો અનુસાર પૂ.નમ્રમુનિ મહારાજ આવતીકાલે રાજકોટમાં સ્થિરતા કરશે. તા.૨૦મીના સોમવારે સવારે અમદાવાદ જવા પ્રસ્થાન કરનાર છે.

**પૂ.ગુરૂદેવને શેષકાળનો લાભ આપવા સંઘોની વિનંતી**

રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મહારાજ જૈન તત્વ દર્શનના ઉંડા અભ્યાસી અને પ્રખર પ્રવચનકાર છે. આજના યુવા વર્ગમાં તેમની વાણીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. આવતીકાલે પૂ.નમ્રમુનિ મ. રાજકોટ પધારતા અને એક જ દિવસની સ્થિરતા હોવાથી રાજકોટના વિવિધ સ્થાનકવાસી જૈન સંઘોએ લાગણી વ્યકત કરી છે કે પૂ. ગુરૂદેવ હાલનો શેષકાળ રાજકોટમાં પસાર કરે અને અહીંના ભાવિકોને ધર્મલાભ મળી શકે તેવી વિનંતી પણ કરાઈ છે.

### અમને હાથ લાંબો કરતા ક્ષોભ થાય છે...! વાત સાંભળીને પૂ. નમ્રમુનિ મ. એ સાધાર્મિકોને આત્મનિર્ભર બનાવવાનો નિર્ણય લીધો

રાજકોટ તા.૧૮

અનેક પરિવારોને આત્મનિર્ભર બનાવવાનું વિજયભાઈ રૂપાણીનું સ્વપ્ન ગુરુદેવના આશીર્વાદથી સાકાર થઈ રહ્યું છે. અમને હાથ લાંબો કરતા શરમ આવે છે અમારે પણ પુરુષાર્થ કરીને અમારા પરિવારનું ગુજરાન ચલાવવું છે. આવું અનેક જરૂરિયાતમંદ લોકો ગુરુદેવ નમ્રમુનિ પાસે ઉચ્ચારતા, એમને ડ્રાઈવીંગ આવડે છે, ભાડે રીક્ષા લઈને પરિવારનું પેટ ભરીએ છીએ પરંતુ મોટાભાગની આવક રિક્ષા માલિકને ભાડુ આપવામાં અને તેના મેન્ટેનન્સમાં ચાલી જાય છે. આથી અમારી પાસે રીક્ષા હશે તો અમે પણ અમારા પરિવારનું ગુજરાન ચલાવી શકીશું અને લોકોને મદદરૂપ પણ થઈ શકીશું, આથી નમ્રમુનિ મહારાજ સાહેબે ગુરુ ભકતોને પ્રેરણા કરી કે, હવે સાધર્મિકોને કાયમી પગભર ઉભા રહી શકે આથી તેમને સહાય નહી મજબૂત બનાવા છે, જે હેતુથી ૩૬ લોકોને રીક્ષા અપાશે.

# સાંજ સમાચાર

**ટચુકડી જાહેર-ખબર**

શ્રી MODI ESTATE ®

# મોદી એસ્ટેટ

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

### અંજની સોસાયટી
સૌરભ સોસાયટીની સામે, પ્રગતિ સોસાયટીની બાજુમાં, ૩૦×૬૦=૧૯૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

### સીટી વિસ્તાર

**જ્ઞાનજીવન**
રૈયા-૧૩૬/૧, ૨૨૧ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૫૦૦૦

**આર.એમ.સી. નગર**
એરપોર્ટ ફાટક પાસે, ૧૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ - ૭૦,૦૦૦

**કિંગ્સલેન્ડ પાર્ક**
નાામવા સર્કલ, ૧૦૦ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૧.૨૦ કરોડ

**કિશાન પાર્ક**
૧૫૦ ફુટ રીંગ રોડ, ૧૫૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**અલ્કા સોસાયટી**
મવડી રોડ, ૨૭૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

**દર્શન પાર્ક**
કોઠારીયા રોડ, ૬૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**ગુલાબ વિહાર**
નાનામવા-૭૯, ૨૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**વિદ્યુતનગર**
રાજકોટ-૪૩૮ પૈકી, ૮૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૧૫ લાખ

**ગીતાંજલી સોસાયટી**
ભકિતનગર સર્કલ પાસે, ૧૩૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦,૦૦૦

**પરમેશ્વર પાર્ક**
બેકબોન પાછળ, ૧૧૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦૦

**વિશ્વકર્મા સોસાયટી**
સાધુ વાસવાણી રોડ, ૨૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**લક્ષ્મીવાડી**
૧૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૩૦૦૦

**ત્રિવેદીનગર**
દોશી હોસ્પિટલ પાસે, ૧૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત- ૭૦ લાખ

**સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર**
૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૫ લાખ

**સરદારનગર**
એસ્ટ્રોન ચોક, ૧૨૬ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૧.૩૦ લાખ

**શ્રીનાથજી સોસાયટી**
યુનિવર્સિટી રોડ, ૧૧૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૨૦૦૦

**જલારામ-૨**
યુનિવર્સિટી રોડ, ૧૫૨ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત- ૧.૫૦ કરોડ

### કાલાવડ રોડ

**ચંદ્રરાજ રેસીડેન્સી**
વિરડાવાજડી-૧૧૯, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૬,૦૦૦

**રૂબિપાર્ક**
વિરડાવાજડી-૧૨૦, ૫૯૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૫૦૦૦

**કોટેચા પાર્ક**
દેવગામ-૯૭, ૨૧૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦૦૦

### વાંકાનેર સોસાયટી
જામનગર રોડ, ૨૪૦ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૬૫ લાખ

**સરસ્વતી પાર્ક**
કણકોટ સર્વે નં. ૨૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**શનેશ્વર પાર્ક**
ઈશ્વરીયા-અમરેલી વચ્ચે, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦

**આસોપાલવ પાર્ક**
વિરડાવાજડી-૯૩, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૦,૦૦૦

**જીનીયસ પાર્ક**
મોટામવા-૮૮ પૈકી, ૧૫૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦,૦૦૦

**શ્રીનાથજી પાર્ક**
મોટાવડા-૮૭, ૨૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦

**ક્રિષ્ના એવન્યુ**
અમરેલી-૮૧/૩, ૨૪૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦

**સત્યમ પાર્ક**
મોટામવા, ૧૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

**રત્નદીપ પાર્ક**
મુંજકા-૨૫ પૈકી, ૧૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૦,૦૦૦

**સનરાઈઝ પાર્ક**
મોટા વડા, ૩૦૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦૦૦

**ઓમ પાર્ક**
રાતૈયા પાર્ક, ૩૮૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

**કૈલાસ પાર્ક**
મોટામવા-૭૨, ૨૦૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**ગ્લોબન ગ્રીન સીટી**
છાપરા- ૧૪૫, ૧૭૭ વારના પ્લોટ વેચવાના છે. ભાવ- ૪૫૦૦

**વિન્સર વિલા**
જીવાપર-૨૩, હિરાસર એરપોર્ટથી ૧ કિ.મી., ૧૫૦ થી ૩૫૦ વારના પ્લોટ વેચવાના છે. ભાવ-૮૫૦૦

### જામનગર રોડ

**યાગરાજ નગર**
માધાપર-૧૨, ૧૦૫૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫,૦૦૦

**માધાપર-૯**
૬૦૦ વાર પ્લોટ વેચાવનો છે. ભાવ-૪૫૦૦૦

**રાધા પાર્ક**
માધાપર-૩૯, ૧૦૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**વૃષભ પાર્ક**
નારણકા-૧૭૨, ૧૨૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯,૦૦૦

**આકાશવાણી પાર્ક**
તરઘડી-૩૩૨, ૧૦૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

**નાગેશ્વર**
શાંતિનગર, ૧૦૨૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૨,૦૦૦

**મોમાઈ નગર**
ઘંટેશ્વર-૭૦, ૨૪૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦

**વાંકાનેર સોસાયટી**
જામનગર રોડ, ૨૪૦ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૬૫ લાખ

### અમરનાથ પાર્ક
હડાળા-૯૪ પૈકી ૩, ૩૬૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧,૯૦૦

**આંબાવાડી**
ન્યારા-૧૫૨ પૈકી ૧, ૧૫૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૮,૦૦૦

### જમીન

**જાળીયા**
તા. રાજકોટ, ૬.૫ એકર, જમીન વેચવાની છે. ભાવ-૯૦ લાખ (એકર)

**માલિયાસણ**
ખેતીલાયક ૩ એકર, જમીન વેચવાની છે. ભાવ-૩ કરોડ (એકર)

**હમીરપર**
૪ એકર, જમીન વેચવાની છે. ભાવ-૬૫ લાખ (એકર)

**ચાંદલી**
તા. લોધીકા, ૫૦ વિઘા જમીન વેચવાની છે. ભાવ-૨ કરોડ (એકર)

**મોટી ચણોલ**
તા. પડધરી, ૫.૫ એકર જમીન વેચવાની છે. ભાવ-૪૭ લાખ (એકર)

**ભીમાનુ ગામ**
તા. કાલાવડ, ૨૪ એકર જમીન વેચવાની છે. ભાવ-૬૫ લાખ (એકર)

### ઈન્ડસ્ટ્રીયલ

**પડધરી-૯૧**
૨૫૫૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

**ઓમ ઈન્ડસ્ટ્રીયલ**
શાપર-૫૪૯, ૩૯૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૯,૦૦૦

**પરમદાસ ઈન્ડસ્ટ્રીયલ**
આજી ડેમ પાસે, ૧૪૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**ગેલેકસી ઈન્ડસ્ટ્રીસ**
તા. કોટડા સાંગાણી, ૧૩૦ થી ૧૮૦ વારના પ્લોટ વેચવાના છે. ભાવ-૨૮,૦૦૦

**શિવંતા ઈન્ડસ્ટ્રીયલ**
પિપળીયા, ૧૦૦૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૧,૦૦૦

**હડમતાણા GIDC**
તા. કોટડા સાંગાણી, ૭૮૨૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૫૦૦

**કેસરીનંદન**
લોઠડા ૯૧૫ વાર પ્લોટ વેચવાનો છે ભાવ-૧૭,૦૦૦

**હરસિધ્ધિ ઈન્ડસ્ટ્રીયલ**
તરઘડી ૧૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૨,૫૦૦

**સત્યમ ઈન્ડસ્ટ્રીસ**
બાલસર, ૫૯૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૫૦૦

### મોરબી રોડ

**ભરતવન-૧**
રતનપર, ૨૦૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦

**ભગવતીનગર**
રાજકોટ-૬૦૫, ૧૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૩૦૦૦

**વિશ્વકર્મા વિહાર**
રતનપર-૧૩૫, ૭૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦

**આસ્થા ગ્રીન**
મોરબી હાઈવે, ૭૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૮૦૦૦

**સિધ્ધિ વિનાયક પાર્ક**
હડાળા-૧૪૦, ૧૪૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૫૦૦

**દેવનંદન પાર્ક**
હડાળા-૨૮૧, ૭૨૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦૦૦

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

### લાંબા સમયથી ચર્ચામાં રહેલા નવા ટેક્સ કોડમાં હવે મહત્વનું કદમ

# ૬૩ વર્ષ જૂના આવકવેરાના કાનૂનમાં બદલાવની તૈયારી

## સેવાના બજેટ સત્રમાં ન્યુ ઈન્કમટેકસ બિલ રજૂ કરાશેઃ સમગ્ર કાનૂનની ભાષા-વ્યાખ્યા સરળ બનાવવા પર ભારઃ કરદાતા સહિતના તમામ વર્ગના લોકોના અભિપ્રાય મેળવાશે

નવી દિલ્હીઃ

કેન્દ્રની મોદી-૩ સરકારનું આગામી તા.૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા બજેટમાં હવે અનેક નવા માર્ગો પર દેશના અર્થતંત્રને લઈ જવા માટે તૈયારી કરાશે તેવા સંકેત છે અને સૌથી મહત્વનું નાણામંત્રી નિર્મલા સીતારામન સીધા કરવેરામાં હવે નવા ઈન્કમટેક્ષ બિલને રજુ કરશે.



જો કે તે બજેટ પ્રક્રિયાના ભાગ નહી હોય અને એક સ્વતંત્ર ખરડા તરીકે ન્યુ ઈન્કમટેક્ષ બિલ આવશે. આ નવા ઈન્કમટેક્ષ બિલનો મૂળભૂત ઉદ્દેશ સમગ્ર ટેક્ષ સીસ્ટમને સરળ બનાવવાનો છે અને ખાસ કરીને અનેક કલમોની જે આંટીઘુંટી ભરી વ્યાખ્યા છે તેના બદલે સામાન્ય કરદાતા સરળ રીતે સમજી શકે તે સાથે તમામ કલમોમાં સુધારા વધારા થશે.

દેશમાં આઝાદી બાદ દાખલ કરાયેલા આવકવેરા કાનૂનને હવે ૬૩ વર્ષ થયા છે પણ હવે તેના સ્થાને બે અથવા ત્રણ ભાગમાં નવો આવકવેરા કાનૂન આવશે અને આ નવા કાનૂનનો મુત્સદો તાત્કાલીક લાગુ થશે નહી પણ તે પ્રથમ સંસદીય સમીતીને સુપ્રત થશે અને સાથોસાથ આ ક્ષેત્રના નિષ્ણાંતો અને ટેક્ષ કન્સલ્ટન્ટથી આમ કરદાતા પણ પોતાના અભિપ્રાય મોકલી શકશે અને તે ફીડબેક તથા સંસદીય સમીતીના પણ રિપોર્ટના આધારે તેમાં આવકવેરા કાનૂન અમલમાં મુકાશે. છેલ્લા છ થી આઠ સપ્તાહથી નાણામંત્રાલય અને વડાપ્રધાન કાર્યાલય આ અંગે સતત બેઠકોનો દોર ચલાવી રહ્યું છે અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મહત્વના સૂચનો પણ આપ્યા હતા. જો કે આ ખરડો સંસદના બજેટ સત્રના પ્રથમ કે બીજા તબક્કાના સત્રમાં રજુ થશે તે અંગે હજુ નિશ્ચિત નથી.

વાસ્તવમાં ડાયરેકટ ટેક્ષ કોડની ચર્ચા લાંબા સમયથી ચાલે છે અને પ્રથમ ૨૦૧૦માં તે અંગેના ખરડો સંસદમાં રજૂ થયો હતો પણ મોદી સરકારના આગમન બાદ તેને રી-રાઈટ કરવા નિષ્ણાંતોને સુપ્રત કરાયો હતો. ખાસ કરીને આવકવેરા કાનૂનના જે અદાલતી અર્થઘટનો થયા છે. ખાતાકીય રીતે ખર્ચ કરાયા છે તે તમામને ધ્યાનમા રાખીને અત્યંત સરળ કાનૂન તૈયાર કરાશે. ખાસ કરીને કાનૂનની ભાષા સુધારાને એ રીતે પણ તૈયાર નહી કરાય કે નવા લીટીગેશન સર્જાય તે ખાસ ધ્યાનમાં રખાશે અને તેની અસર હાલના કેસ જે મોટી રીકવરીના પેન્ડીંગ છે તેના પર અસર પડે નહી તે પણ નિશ્ચિત કરાશે.

## ધીમી પડી અર્થતંત્રની રફતાર : નાણામંત્રીએ 'ગીયર' બદલવુ પડશે

### માંગ વધારીને ઉત્પાદનને વેગ મળે, રોજગારી વધે તેવા વ્યાપોની આશાઃ ટેકસ છુટ મુજબ એજન્ડા

નવી દિલ્હી તા.૧૮

કેન્દ્રનું બજેટ-૨૦૨૫ નુ કાઉન્ડ ડાઉન શરૂ થઈ ગયુ છે તે સમયે જ આર્થિક મોરચે નાણામંત્રી નિર્મલા સિતારામનની કસોટી કરે તેવા સંકેતો મળી રહ્યા ચે. ખાસ કરીને અને તંત્રની રફતાર જે રીતે ધીમી પડી રહી છે માંગ ઘટી રહી છે તે સ્થિતિ જોતાં નાણામંત્રીએ અર્થતંત્રમાં ઈંધણ પુરૂ પાડવા માટેના વિકલ્પો પર વિચારણા કરવી પડશે. અમેરિકામાં ટ્રમ્પ શાસનનાં આગમન બાદનું આ મુજબ બજેટ આયાત-નિકાસમાં નવો પડકાર સર્જશે ખાસ કરીને રૂપિયાની ઘટતી જતી કિંમત એ કેટલી ચિંતા છે તેનો ખાસ આગામી ૧-૨ માસ બાદ આવે અને નાણામંત્રીએ તેની આગોતરા તૈયારી રાખવી પડશે.




દેશમાં આ વર્ષે દિલ્હી બાદ મહત્વની ગણી શકાય તેવી બિહાર ચૂંટણી છે તેથી મોદી સરકાર તેની વધુ ચિંતા કર્યા વગર જ બજેટ તૈયાર કરી શકશે. ચાલુ નાણાંકીય વર્ષમાં અર્થતંત્રની રફતારને બ્રેક લાગી છે જીડીપી ૬.૪ ટકા પર આવશે તેવો અંદાજ છે. અને ખાસ કરીને ઉત્પાદન ચિત્ર ૫.૩% નો વૃધ્ધિદર રહેશે. જે ગત વર્ષ ૯.૯ ટકા હતો ખાસ ફર્ક અહી જ છે. માંગ વચ્ચે ઉત્પાદનને બ્રેક લાગી છે અને તેની સીધી અસર રોજગારી પર પડી છે તો બીજી તરફ ફૂગાવાની ચિંતા છે મોંઘવારી બહારી અને આંતરીક બન્ને ફેકટરના કારણે વધી રહી છે. ખાનગી મુડીરોકાણ લગભગ ઠપ્પ છે લોકોના હાથમાં નાણા પહોંચાડવામાં નાણામંત્રી કયા ઉપાયો કરશે તેમાં સૌથી મહત્વનું આવકવેરા સહિતના અન્ય વેરામાં ઘટાડો તે આજની માંગ છે.

### શા માટે જરૂરી છે!

- ★ ૨૦૧૦માં મનમોહન સરકારે ન્યુ ડાયરેકટ ટેક્ષ કાંડ બિલ રજૂ કર્યુ જે આવકવેરા સંબંધીત કાનૂનમાં ધરમૂળથી સુધારા હતું.
- ★ પણ આ ખરડો લેપ્સ થયો.
- ★ ૨૦૧૭માં મોદી સરકારે ફરી આ એજન્ડા હાથ પર લીધો અને નિષ્ણાંતોની કમીટીઓ મારફત ૨૦૧૯માં એક પ્રાથમીક ખરડો તૈયાર થયો.
- ★ ફરી તે ઠંડા બકસામાં ગયો કોઈ પબ્લીક ચર્ચામા મુકાયો નહી.
- ★ મોદી સરકારે નવી ટર્મમાં આ ખરડાને અભેરાઈએથી ઉતારીને તેને હવે નવેસરથી રજુ કરવા તૈયારી કરી છે. છ દશકાથી વધુ જૂના કાનૂનમાં અનેક પ્રકારે આર્થિક ગતિવિધિઓમાં જે સમયાંતરે સુધારા થયા- આવક-ખર્ચના જે નવા સ્ત્રોત સર્જાયા તેમાં તમામ જોગવાઈ કામચલાવ જેવી છે.
- ★ અનેક અદાલતી ચૂકાદાઓથી આ કાયદાના અર્થઘટન અલગ અલગ થયા છે અને તે મુજબ સુધારા જરૂરી છે.

## હવે મોબાઈલથી સાયબર ફ્રોડની ફરિયાદ થઈ શકશેઃ કેન્દ્રે લોન્ચ કરી સંચાર સાથી એપ

નવી દિલ્હી તા.૧૮

દૂરસંચાર વિભાગે શુક્રવારે સંચાર સાથી મોબાઈલ એપ રજૂ કરી હતી. આ એપના લોન્ચ થવાથી હવે કરોડો ગ્રાહક પોતાના મોબાઈલથી જ સાઈબર ફ્રોડ કે બોગસ કોલની ફરિયાદ કરી શકશે. કેન્દ્રીય સંચાર મંત્રી જયોતિરાદીત્ય સિંધીયાએ પુરા દેશમાં દુરસંચાર પહોંચ, સુરક્ષા અને સશક્તિકરણને વધારવા માટે એક ઐતિહાસિક પગલા તરીકે નાગરિક-કેન્દ્રીત અનેક પહેલોનો શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં સંચાર સાથી મોબાઈલ એપ, રાષ્ટ્રીય બ્રોડબેન્ડ મિશન (એનબીએમ) ૨.૦નો શુભારંભ અને ડીબીએન દ્વારા ૨.૦નો શુભારંભ અને ડીબીએમ દ્વારા નાણાસહાય ૪-જી મોબાઈલ સાઈટો પર ઈન્ટ્રા સર્કલ રોમીંગ સુવિધાનું ઉદઘાટન સામેલ હતું.




### કેન્દ્રીય સંચાર મંત્રી સિંધિયાની જાહેરાતઃ દરેક ગ્રાહકની ગોપનીયતા નિશ્ચિત થશે

સંચાર સાથી એપને પ્લે સ્ટોરથી ડાઉનલોડ કરી શકાય છે. સંચાર સાથી મોબાઈલ એપ, એન્ડ્રોઈડ અને આઈઓએસ બન્ને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. જે યુઝર્સને પોતાના દુરસંચાર સંસાધનોને સુરક્ષિત રાખવા અને દુરસંચાર છેતરપીંડીથી છુટકારો અપાવવા મહત્વનો ઉપાય આપે છે.

ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૩માં જાહેર સંચાર સાથી પોર્ટલે ૨.૭૫ કરોડ છેતરપીંડીવાળા મોબાઈલ કનેકશન કાપવા અને ૨૫ લાખથી વધુ ખોવાયેલા કે ચોરી થયેલા મોબાઈલ મેળવવા જેવી સિદ્ધિઓ મેળવી છે. સાઈબર અપરાધો સાથે જોડાયેલા ૧૨.૩૮ લાખ વોટસએપ ખાતાને બંધ કરાવી દીધા છે અને છેતરપીંડી રોકવા ૧૧.૬ લાખ ગેરકાયદે બેન્ક ખાતા બંધ કરી દીધા છે.

### નાણાંકીય છેતરપીંડી રોકવા પહેલ

## બેંકો ગ્રાહકોને માત્ર ૧૬૦૦ નંબરની શ્રેણીમાંથી જ ફોન કોલ્સ કરી શકશે

### રિઝર્વ બેન્કનો આદેશઃ માર્કેટીંગ માટે ૧૪૦ નંબરની શ્રેણીમાંથી ફોન કરવા પડશેઃ ૩૧ માર્ચ સુધીમાં અમલની મહેતલ

નવી દિલ્હી તા.૧૮

ટેકનોલોજી યુગમાં સાઈબર ગુન્હાખોરીમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. બેંકના નામે થતી ઠગાઈ રોકવા માટે નવી પહેલ કરવામાં આવી છે. ગ્રાહકોને નાણાંકીય લેવડદેવડ સંબંધી ફોન કોલ્સ ૧૬૦૦ નંબરની શ્રેણીમાં જ કરવા માટે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા બેંકોને આદેશ કરાયો છે.



આ સિવાય બેંકો તથા અન્ય નાણા સંસ્થાઓને પ્રચાર-માર્કેટીંગ માટેનાં ફોન માત્ર ૧૪૦ નંબરની શ્રેણીમાંથી કરવા કહેવામાં આવ્યુ છે.

ફોન કોલ્સ તથા એસએમએસ મારફત થતી નાણાંકીય છેતરપીંડી રોકવા માટે બેંકો તથા નાણા સંસ્થાઓને ગ્રાહક સંબંધી રેકર્ડ પરની વોચ દુર કરવાની સુરક્ષા આપવામાં આવી છે. સાથોસાથ ટેલીકોમ નિયમન ટ્રાઈ દ્વારા જારી વોઈસકોલ અથવા એસએમએસનાં માધ્યમથી જ દુરસંચાર સંશાધનોનો ઉપયોગ કરવાના દિશા નિર્દેશો આપવામાં આવ્યા છે.૩૧ માર્ચ સુધીનાં નવા નિયમોનું પાલન અમલીકરણ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

## બચતખાતા-લોકર-એફડી માટે ફરજીયાત નોમિનેશન કરાવવા આદેશ

### દર ત્રણ મહિને પ્રગતિ રિપોર્ટ રજુ કરવા તાકીદ

મુંબઈ તા.૧૮

બેંક ખાતાઓમાં નોમીનેશન ન હોવાના કારણે સેંકડો ખાતાઓમાં હજારો કરોડનાં કોઈ દાવેદાર થતા નથી. ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ હવે તમામ બેંકો તથા નાણા સંસ્થાઓને ગ્રાહકોની ફીકસ્ડ ડીપોઝીટ, બચત ખાતા તથા લોકરમાં ફરજીયાત નોમીનેશન કરાવવાની સુચના આપી છે. જુના તથા નવા બન્ને ગ્રાહકોનાં ખાતાઓમાં નોમીનેશન કરાવવા તાકીદ કરી છે.

રિઝર્વ બેન્કનાં ધ્યાન પર આવ્યુ છે કે બેંકો-નાણા સંસ્થાઓના સેંકડો ખાતાઓમાં નોમિનેશન નથી આ સંજોગોમાં ખાતા ધારકનું અવસાન થાય તો નાણાં મેળવવામાં પરિવારજનો-વારસદારોને ભારે તકલીફોનો સામનો કરવો પડે છે. નોમિનેશન હોય તો સરળતાથી ખાતુ ટ્રાન્સફર થઈ શકે અને તેના નાણાં વારસદારને મળી શકે.




રિઝર્વ બેન્કે જારી કરેલા પરિપત્રમાં એમ જણાવવામાં આવ્યુ છે કે શિડયુલ કોમર્સીયલ બેંક, અર્બન કો-ઓપરેટીવ બેંક તથા ડીપોઝીટ મેળવતી નોન બેંકીંગ નાણા સંસ્થાઓમાં પણ ખાતા ધારકોના નોમીનેશન મેળવવા પડશે. આ માટે ગ્રાહકોને તેના ફાયદા સમજાવવા પણ કહેવાયું છે.

રિઝર્વ બેન્કે એવો પણ નિર્દેશ કર્યો છે કે બેંકો તથા નાણા સંસ્થાઓનાં બોર્ડ ઓફ ડિરેકટર્સે નિયમીત રીતે નોમીનેશન સ્થિતિની સમીક્ષા કરવી પડશે અને ૩૧ માર્ચથી ત્રિમાસીક રીપોર્ટ પોર્ટલ પર મુકવો પડશે. ગ્રાહકોની સાનુકુળતા માટે ફોર્મમાં જ સુધારા કરવા કહેવાયું છે.

## અર્જુન અને ભૂમિની ફિલ્મના સેટ પર મોટો અકસ્માતઃ ગીતના શૂટિંગ દરમિયાન છત તૂટી પડી

### જોરદાર વાઈબ્રેશન ના કારણે ઘટના બનીઃઅભિનેતા કે ક્રૂ મેમ્બરને ગંભીર ઈજા નહીં



મુંબઈ, તા.૧૮

મુંબઈના રોયલ પામ્સના ઈમ્પિરિયલ પેલેસમાં ફિલ્મ 'મેરે હસબન્ડ કી બીવી'ના ગીતના શૂટિંગ દરમિયાન એક મોટો અકસ્માત થયો હતો. ફિલ્મના સેટ પર અચાનક છત તૂટી પડી હતી. અકસ્માત સમયે સેટ પર અભિનેતા અર્જુન કપૂર, ભૂમિ પેડનેકર, જેકી ભગનાની અને નિર્દેશક મુદસ્સર અઝીઝ હાજર હતા. આ ઘટનામાં કોઈ અભિનેતા કે ક્રૂ મેમ્બરને ગંભીર ઈજા થઈ નથી .

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (POWAIS) ના અશોક દુબેએ જણાવ્યું હતુ કે ગીતના શૂટિંગ દરમિયાન મોટા અવાજને કારણે થયેલા વાઈબ્રેશનને કારણે આ અકસ્માત થયો હતો. તેણે કહ્યું, ''રોયલ પામ્સના ઈમ્પીરીયલ પેલેસમાં ગીતનું શૂટિંગ થઈ રહ્યું હતું ત્યારે અચાનક સેટની છત પડી ગઈ અને અર્જુન કપૂર, જેકી ભગનાની અને મુદસ્સર અઝીઝ ઘાયલ થઈ ગયા. અહીં લાંબા સમયથી શૂટિંગ ચાલતું હોવાથી આ ઘટના બની. જોરદાર અવાજને કારણે સેટ ધ્રૂજવા લાગ્યો અને આ અકસ્માત થયો.

આ ફિલ્મના ગીતો પર કામ કરી રહેલા વિજય ગાંગુલીએ ફિલ્મના શૂટિંગ સ્થળોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, ''પહેલા દિવસે શૂટિંગ બરાબર ચાલ્યું. બીજા દિવસે પણ બધું સામાન્ય હતું, પરંતુ સાંજે લગભગ ૬ વાગ્યે એક શોટ દરમિયાન અચાનક છત તૂટી પડી. અમે મોનિટર પર હતા અને અચાનક છતના ટુકડાઓ પડવા લાગ્યા. સદનસીબે તે ટુકડે-ટુકડા થઈ ગયા અને જો આખી છત પડી ગઈ હોત તો અમારી પાસે રક્ષણ માટે જગ્યા હતી, પરંતુ આ જૂની જગ્યાઓ ઘણીવાર શૂટિંગ માટે વપરાય છે સ્થળની સુરક્ષા યોગ્ય રીતે ચકાસવામાં આવી નથી.

## પંજાબમાં કંગનાની 'ઈમરજન્સી' સામે વિરોધઃ મોટા ભાગના થિયેટરોમાં રિલિઝ ન થઈ

### સિનેમાઘર બહાર SGPC સભ્યો અને શીખ સંગઠનોએ એકઠા થઈ વિરોધ કર્યોઃ ટોળા ઉમટ્યા, નારેબાજી



ચંદીગઢ, તા.૧૮

ફિલ્મ અભિનેત્રી અને મંડીથી ભાજપ લોકસભા સભ્ય કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' શુક્રવારે પંજાબના સિનેમાઘરોમાં રિલીઝ થઇ શકી ન હતી. કારણ કે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC) અને અન્ય શીખ સંગઠનો દ્વારા વિરોધ શરૂ થયો હતો. જો કે, રાજ્યની રાજધાની ચંદીગઢમાં ફિલ્મના શો ૫૦ ટકા દર્શકોથી ભરેલા હતા.

SGPC સભ્યો અને શીખ સંગઠનો રાજ્યભરના થિયેટરોની બહાર એકઠા થયા અને કંગનાની ફિલ્મનો વિરોધ શરૂ કર્યો. વિરોધને જોતા થિયેટર માલિકોએ પણ ફિલ્મ દર્શાવી ન હતી. જોકે, ફિલ્મ જોવા માટે ઘણા દર્શકોએ એડવાન્સ બુકિંગ પણ કરાવ્યું હતું.

અમૃતસરમાં ટ્રિલિયન મોલની બહાર ફિલ્મ 'ઈમરજન્સી'નો વિરોધ કરી રહેલા શિરોમણી અકાલી દળ (અમૃતસર)ના કાર્યકરોએ ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લગાવ્યા હતા. પ્રદર્શનને જોતા થિયેટરોની બહાર મોટી સંખ્યામાં પોલીસ પણ તૈનાત કરવામાં આવી હતી.

SGPC સેક્રેટરી પ્રતાપ સિંહે કંગનાને પાગલ ગણાવતા કહ્યું કે તે પહેલા પણ ખેડૂતો વિરુદ્ધ બોલી હતી. આરોપ છે કે આ ફિલ્મ ઈમરજન્સી પર આધારિત છે, પરંતુ એક ષડયંત્રના ભાગરૂપે જરનૈલ સિંહ ભિંડરાનવાલાના પાત્રને ખોટી રીતે બતાવવામાં આવ્યું છે.

અભિનેત્રી કંગનાએ ઈન્ટરનેટ મીડિયા પર પોસ્ટ કરી છે આ કલા અને કલાકારનું સંપૂર્ણ જુલમ છે.

તેણીએ કહ્યું કે મને તમામ ધર્મો માટે ખૂબ જ આદર છે અને ચંદીગઢમાં અભ્યાસ કર્યા પછી મોટા થયા પછી, મેં શીખ ધર્મને નજીકથી નિહાળ્યું છે અને તેનું પાલન કર્યું છે. આ મારી છબી ખરાબ કરવા અને મારી ફિલ્મને નુકસાન પહોંચાડવા માટે સંપૂર્ણ ખોટો પ્રચાર છે.

## પ્રિયંકા ચોપરા એસએસ રાજામૌલીની આગામી ફિલ્મમાં જોવા મળી શકે

### ફિલ્મ 'એસએસએમબી૨૯' માં મહેશ બાબુ સાથે પ્રિયંકા કામ કરશેઃ ભારત પહોંચી

હૈદરાબાદઃ પ્રિયંકા ચોપરા જોનાસ એસએસ રાજામૌલીની ફિલ્મ 'SSMB29'માં મહેશ બાબુ સાથે કામ કરવા માટે તૈયાર છે. પ્રિયંકા તાજેતરમાં હૈદરાબાદ એરપોર્ટ પર જોવા મળી હતી અને હવે તે ફિલ્મનાં સેટની મુલાકાત લેવા ટોરોન્ટોથી દુબઈ આવીને તેણે હૈદરાબાદની ફ્લાઈટ લીધી અને તેનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે.

અભિનેત્રીએ ફક્ત 'ઓમ' ઈમોટિકોન સાથે વિડિયોનું કેપ્શન આપ્યું હતું અને એસએસ રાજામૌલીની ફિલ્મ 'RRR'ના એક ગીતનો ઉપયોગ કર્યો હતો, જેનાં કારણે ફિલ્મની ચર્ચા વધુ વધી છે. વિડિયોમાં પ્રિયંકાએ માત્ર લાંબી ફ્લાઈટ દરમિયાનના દ્રશ્યો જ દર્શાવ્યાં નથી પરંતુ ફિલ્મ નિર્માતાના અગાઉનાં પ્રોજેક્ટના એક ગીત સાથે ચાહકોને હિંટ પણ આપી હતી.

ફિલ્મ વિશે વાત કરીએ તો, SSMB29ને એક મોટી ફિલ્મ તરીકે જોવામાં આવી રહી છે અને તેમાં મહેશ બાબુની સાથે પ્રિયંકા ચોપરા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મને લઈને ચાહકોમાં પહેલેથી જ ઉત્સાહ છે.

જો કે આ ફિલ્મમાં તેની ભૂમિકા વિશે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી. ચાહકો ઉત્સાહિત છે કારણ કે આ માત્ર પ્રિયંકાની ભારતીય સિનેમામાં વાપસી નથી પરંતુ તે મહેશ બાબુ સાથે પણ પહેલીવાર જોડી બનાવશે.




**'SSMB29' ફિલ્મ**

અહેવાલો અનુસાર, જજખઇ૨૯ બે ભાગમાં બનાવવામાં આવી શકે છે અને વર્ષ ૨૦૨૭ અને ૨૦૨૯માં રિલીઝ થઈ શકે છે. તે રૂ. ૯૦૦ થી રૂ. ૧૦૦૦ કરોડના બજેટ સાથે બનાવવામાં આવી રહ્યું હોવાનું કહેવાય છે. સૂત્રોનાં જણાવ્યાં અનુસાર, પ્રિયંકા એસએસ રાજામૌલી સાથે છ મહિનાથી વધુ સમયથી વાતચીત કરી રહી હતી.

## કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' પાછળની વાસ્તવિક કહાની

મુંબઈઃ

કંગના રનૌતની બહુચર્ચિત ફિલ્મ 'ઈમરજન્સી' આખરે થિયેટરોમાં આવી ગઈ છે, જેમાં વાસ્તવિક કહાનીની રાજકીય ઉથલપાથલની જેમ અનેક અવરોધો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. આ ફિલ્મ ભારતીય ઈતિહાસનાં સૌથી વિવાદાસ્પદ પ્રકરણોમાંના એક પર પ્રકાશ પાડે છે જે છે ૧૯૭૫ માં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા જાહેર કરાયેલ ઈમરજન્સી જયારે રાજકીય અશાંતિ અને વધતાં વિરોધ સામે કટોકટી જાહેર કરવામાં આવી હતી.





ઈન્દિરા ગાંધીની ૧૯૭૧ ની ચૂંટણીની જીતને ચૂંટણીમાં ગેરરીતિઓને કારણે અમાન્ય ઠેરવતાં અલ્હાબાદ હાઈકોર્ટનાં નિર્ણય બાદ, તેમનાં પગ નીચેની રાજકીય જમીન ખસવા લાગી હતી. આ નિર્ણયથી તેમનાં રાજીનામાની માંગ ઉઠવા લાગી, જેનાં કારણે ભ્રષ્ટાચાર અને ખરાબ શાસન સામે વ્યાપક વિરોધ થયો હતો. વધતાં દબાણનો સામનો કરીને ગાંધીએ સત્તા પર પોતાની પકડ મજબૂત કરવાનો નિર્ણય કર્યો. ૨૫ જૂન, ૧૯૭૫ ના રોજ, તેમણે આંતરિક અશાંતિને ટાંકીને ભારતીય બંધારણની કલમ ૩૫૨ નો ઉપયોગ કર્યો અને ઈમરજન્સી નાખી હતી. ત્યારબાદ જે ૨૧ મહિનાનો સમયગાળો હતો જેમાં નાગરિક સ્વતંત્રતાઓને અંકુશમાં લેવામાં આવી હતી, રાજકીય વિરોધીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યાં હતાં અને પ્રેસને સેન્સર કરવામાં આવ્યું હતું અને એક લોકશાહી દેશ સરમુખત્યારશાહી શાસનમાં ડૂબી ગયો હતો.

કંગનાની 'ઈમર્જન્સી' પ્રેક્ષકોને આ અંધકારમય અને નિર્ણાયક સમયગાળાના એક આકર્ષક પ્રવાસ પર લઈ જાય છે. ઐતિહાસિક ગંભીરતા અને નાટયાત્મક વાર્તા કહેવાના મિશ્રણ સાથે, આ ફિલ્મ ભારતનાં લોકશાહી અજમાયશની ઊંડાઈને સમજવા ઈચ્છતાં લોકોએ જોવી જોઈએ. કંગના દ્વારા લખાયેલી, દિગ્દર્શિત અને હેડલાઈનવાળી ફિલ્મ 'ઈમરજન્સી' ભારતીય ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ સમયગાળામાંના એક પર આધારિત છે. આ ફિલ્મમાં અનુપમ ખેર, મહિમા ચૌધરી, મિલિંદ સોમન, શ્રેયસ તલપડે, વિશાક નાયર અને સ્વર્ગસ્થ સતીશ કૌશિક સહિતનાં કલાકારો છે. ઝી સ્ટુડિયો, મણિકર્ણિકા ફિલ્મ્સ અને રેણુ પટ્ટી દ્વારા આ ફિલ્મ નિર્મિત છે. સંચિત બલહારા અને જી.વી. પ્રકાશ કુમાર દ્વારા દિગ્દર્શિત અને રિતેશ શાહ દ્વારા લખાયેલાં સંવાદો સાથે, આ ફિલ્મ આજે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.

## ક્રિકેટર રિંકુસિંહને સાંસદ પ્રિયા સરોજે કર્યો કલીનબોલ્ડઃ લગ્નના બંધને બંધાશે

### સપા સાંસદ પ્રિયા સૌથી નાની ઉંમરના સાંસદ



મૌનપુર તા.૧૮

અલીગઢ નિવાસી ક્રિકેટર રિંકુસિંહ અને મછલીશહર (જૌનપુર)ની સાંસદ પ્રિયા સરોજ લગ્નના બંધનમાં બંધાનાર છે. બન્ને પરિવારો વચ્ચે પહેલ પણ શરૂ થઈ ગઈ છે. ૨૦૨૪ માં ભાજપના તત્કાલીન સાંસદ બી.પી.સરોજને હરાવીને સંસદમાં પહોંચી માત્ર ૨૬ વર્ષની પ્રિયા સુપ્રિમ કોર્ટની પ્રેકટીસ છોડીને રાજનીતિમાં આવી છે. લગ્નની વાતચીતની પુષ્ટિ. સાંસદના ધારાસભ્ય પિતા તુફાની સરોજે કરી છે. તેમણે જણાવ્યું હતું કે હજ સગાઈ નથી થઈ વાતચીત ચાલે છે. પ્રિયા સરોજે ૨૦૨૪ માં લોકસભા ચૂંટણીમાં સપાનાં ઉમેદવાર તરીકે મછલીશહેરમાં ચૂંટણી લડી હતી અને જીત મેળવીને નાની વયે સાંસદ બનવાનું ગૌરવ મેળવ્યુ હતું.

ઉલ્લેખનીય છે કે પ્રિયા સરોજનો જન્મ ૧૯૯૮ માં થયો હતો.પ્રાથમીક શિક્ષણ બાદ દિલ્હી વિશ્વ વિદ્યાલયથી સ્નાતક અને એમીટી યુનિ.થી એલએલબીનુ શિક્ષણ લીધુ હતું. સુપ્રિમ કોર્ટમાં વકીલાત કરી હતી.

## હિમની દુનિયાનો રોમાંચ...







અમેરિકામાં એક તરફ કેલિફોર્નિયામાં આગના લબકારા હજારો સ્કવેર કિલોમીટરના ક્ષેત્રને દઝાડી રહ્યા છે તો બીજી તરફ ૨૫ મિલિયન પાઉન્ડનો બર્ફના શિતકાલીન વન્ડરલેન્ડનું સર્જન થયું છે. અહી હિમયુગની યાદ તાજી કરાવે છે. ન્યુ હેમ્પશાયર, યુટા અને મિનેસોટા રાજયમાં આઈસ-કેસ્ટલનું નિર્માણ ૨૫ મિલિયન પાઉન્ડ બરફનો ઉપયોગ કરી ને તૈયાર કરાયા છે. અહી ૨૦૧૧થી આ હિમ ટુરીઝમ શરૂ થયુ છે અને અહી સહેલાણીઓ માટે સ્નો ટયુબીંગ-હીલ્સ-આઈસ બાર અને બરફના મહેલ તૈયાર કરાયા છે. આ વર્ષે અહી તાપમાન અત્યંત નીચુ ગયુ છે અને તેથી આ આઈસ કેસ્ટલ વહેલા ખોલી નખાયા છે. દિવસના સમયે હીમ દિવાલો આછા વાદળી રંગની રોશનીથી ચમકે છે. રાત્રીના સમયે અનેકવિધ રંગોથી દિવાલો ગજબના દ્રશ્યો ઉભા કરે છે અને અહી પ્રવેશ કરવો એ કોઈ હિમદુનિયાની સફર જેવો રોમાંચ જોવા મળ્યા છે. યુગલો અહી હનીમુન માટે કે પ્રપોઝ કરવા પણ આવે છે.

શું બાઇડનનો ઇશારો અમેરિકા અને વિશ્વમાં ઘસાતી જતી લોકશાહી અને વધતા જતા સત્તા પર ધનિકોના પ્રભાવ ભણી હતો !

# બાય.. બાય.. બાઇડન



**અમેરિકાના પ્રમુખ જયારે વ્હાઇટ હાઉસના રૂઝવેલ્ટ ડેસ્ક પરથી સંબોધન કરે છે તો પુરૂ અમેરિકા અને વિશ્વ તે સાંભળે છે, બાઇડન એ આ સપ્તાહમાં તેમનું પાંચમુ અને અંતિમ સંબોધન આ ડેસ્ક પરથી કર્યુ તે સમયે અનેક મહત્વપૂર્ણ અને ગર્ભિત શબ્દોમાં કહી ગયા કે આગામી સમયમાં વધુ સાવધાની જરૂરી છે તેઓ યુધ્ધ કે કોઇ આફતની વાત કરતા ન હતા પરંતુ દુનિયામાં જે રીતે આર્ટીફિશ્યલ ઇન્ટેલીજન્સથી લઇને કલાયમેટ ચેન્જ અને સૌથી મહત્વનું લોકશાહી મૂલ્યો પર પ્રશ્નો અંગે ચિંતા વ્યકત કરી ગયા**



**બાઇડનના કાર્યકાળને કઇ રીતે મૂલવવો તે પ્રશ્ન છે, તેઓએ અમેરિકી સૈન્યનો સૌથી ઓછો ઉપયોગ કર્યો પણ રશિયા અને યુક્રેન યુદ્ધ રોકી શકયા નહીં ઉલ્ટાનું તેમાં વધુ ઇંધણ શસ્ત્રો અને નાણાનું આપ્યું, મધ્ય પૂર્વમાં પરિસ્થિતિમાં થોડો બદલાવ જોવા મળશે પણ એકંદરે તેમની આ વિદેશ નીતિથી અમેરિકાને કેટલો લાભ તે પ્રશ્ન છે, ચોકકસપણે ચીનને ચેકમાં રાખ્યું છે અને ભારત સાથેની મિત્રતામાં તોળી તોળીને આગળ વધ્યા છે છતાં પણ તેઓ અમેરિકાના એવા પ્રમુખ તરીકે યાદ રખાશે કે જેણે અમેરિકી છબી અને તેના લોકશાહી મૂલ્યોની વધુ ચિંતા કરી હતી**

વિશ્વના સૌથી શકિતશાળી ગણાતા અમેરિકન રાષ્ટ્રપતિ જયારે વ્હાઇટ હાઉસના રૂઝવેલ્ટ ડેસ્ક પરથી સંબોધન કરે તો પુરૂ અમેરિકા અને વિશ્વના મોટા ભાગના દેશો સાંભળે છે અને આગામી સપ્તાહથી અમેરિકાનું પ્રમુખ પદ છોડી રહેલા જો બાઇડને પોતાના આ ડેસ્ક પરના પાંચમા અને અંતિમ સંબોધનમાં અમેરિકાને જે પણ વાત કહી તે કદાચ દુર સુધી સંભળાઇ તેવી હતી. પોતાના વિદાય ભાષણમાં રાષ્ટ્રપતિ જો બાઇડને અમેરિકામાં ઘસાતા લોકશાહી મૂલ્યોથી લઇને વધતા જતા ધનના પ્રભાવ અને રાજકીય અસહમતિ તેમજ અસહિષ્ણુતા આ તમામ મુદા પર ખુલ્લીને વાત કરી. સૌથી મહત્વનું એ છે કે પ્રમુખ પદે આવતા પહેલા ૫૪ વર્ષ સુધી પોતાની રાજકીય કારકિર્દી બનાવનાર બાઇડનને એક બ્રાન્ડ તરીકે જોવું કે એવરેજ અમેરિકન પ્રમુખ તરીકે તે હજુ સુધી નકકી થઇ શકતું નથી અને બાકીનું કામ ઇતિહાસ પર છોડી દેવું જોઇએ. પરંતુ ચોકકસપણે તેમના કાર્યકાળને એ રીતે યાદ રખાશે કે તેઓ અમેરિકાના એવા પ્રમુખ બન્યા કે જેને સેનાનો ઓછામાં ઓછો ઉપયોગ કર્યો. વાસ્તવમાં તેઓ પોતાની અને અમેરિકી છબી તેમજ અમેરિકી મૂલ્યો જે કદાચ ત્રણ-ચાર દસકા પૂર્વે જોવા મળતા હતા તેના પ્રત્યે વધુ ચિંતિત હતા પણ બાઇડનના કાર્યકાળને એ રીતે જોઇ શકાય દુનિયામાં યુધ્ધનો કાર્યકાળ સૌથી તેમના ચાર વર્ષના શાસનમાં રહ્યો તેઓ એક પણ યુધ્ધ અટકાવી શકયા નહીં.

જોકે તેમના પડકારનો પ્રારંભ ૨૦૨૦માં જયારે તેઓએ સતા સંભાળી તે દિવસથી થઇ ગયો હતો. ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના અમેરિકામાં કેપીટલ હીલ (સંસદ ભવન) પર જે ટ્રમ્પ સમર્થકોએ હુમલો કર્યો તે ૯/૧૧ના હુમલાને જે રીતે અમેરિકી લશ્કરી તાકાત પરનું આક્રમણ ગણાવાતુ હતું. તો ૬/૧ના હુમલાને અમેરિકાના લોકશાહીની શકિત ઉપરનો હુમલો ગણાવાયો અને સૌથી વધુ કમનસીબી કહો કે જોગાનુજોગ પણ આ હુમલા પાછળ જેઓનો દોરીસંચાર હોવાનું અમેરિકી અદાલતો પણ સ્વીકાર્યુ તે ડોનાલ્ડ ટ્રમ્પ જ ફરી એક વખત અમેરિકાના પ્રમુખ બની રહ્યા છે. આમ લોકશાહીમાં હવે વિશ્વના સૌથી મજબુત દેશોમાં પણ કેટલીક તકલાદી સ્થિતિ બની છે તે દર્શાવે છે જયારે સાઉથ કોરીયા જેવા નાના દેશો પણ લોકશાહીની દ્રષ્ટિએ વધુ મજબુત બની રહ્યા છે તે પણ સારી નિશાની છે. અમેરિકા જે લોકશાહીનો સૌથી મોટો સંરક્ષક દેશ ગણાતો હોય તેમાં જ આ પ્રકારની સ્થિતિ એ કદાચ ભારત સહિત વિશ્વના દેશ માટે જોખમી ગણાવાઇ છે.

જો બાઇડનનો કાર્યકાળ તપાસીએ તો તેમનો સૌથી વધુ સમય વોર ડિપ્લોમસીમાં ગયો છે. રશિયાનું યુક્રેન પરનું આક્રમણ અને તેને રોકવામાં નિષ્ફળતા એટલું જ નહીં પણ યુક્રેનને વધુ નાણા શસ્ત્રો અને ડિપ્લોમેટીક ટેકો આપીને સાડા ત્રણ વર્ષ સુધીના યુધ્ધમાં પણ હજુ સુધી કોઇ અંત આવ્યો નથી. તે બાઇડનની નિષ્ફળતા ગણી શકાય. જોકે રશિયાને નબળુ પાડવામાં બાઇડન સફળ રહ્યા પરંતુ તેનાથી અમેરિકા મજબુત બન્યુ છે તે નિશ્ચિત થતું નથી. અને વિશ્વ ઉપર એક સમયે અણુ યુધ્ધનો માહોલ પણ બન્યો હતો. આવી જ રીતે મધ્ય પૂર્વમાં પણ બાઇડન અને અમેરિકાનો ઇઝરાયલને સાથ તેમજ હમાસ અને હિઝબુલ્લા જેવા સંગઠનો સામેની લડાઇમાં પણ બાઇડન જે રીતે લાંબા સમયની અમેરિકી નીતિ મુજબ ચાલતા રહ્યા. તેમ છતાં પણ જે કંઇ લાભ થશે તે અમેરિકા કરતા ઇઝરાયલને વધુ થશે. મધ્ય પૂર્વમાં હજુ સુધી એ સ્થિતિ પેદા થઇ નથી જેથી ભવિષ્યમાં આ પ્રકારની યુધ્ધની સ્થિતિ ઉભી ન થાય ચોકકસપણે ઇરાનને થોડે ઘણે અંશે પીછેહઠ કરાવવામાં બાઇડન શાસન સફળ રહ્યું પણ ચીનની દ્રષ્ટિએ જોઇએ તો અમેરિકાની રણનીતિમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાનને સાથે લીધા તેમ છતાં તેઓ દક્ષિણ ચીન સમુદ્રથી લઇ હિંદ મહાસાગરમાં સંયુકત રણનીતિ બનાવવામાં સફળ રહ્યા છે તે ટ્રમ્પ શાસન માટે એક સારો વારસો છે.

સ્પોટ-લાઇટ
કે.આર.
krisht555@gmail.com

બાઇડનના ચાર વર્ષના કાર્યકાળમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં એક મોટો સુધારો આવ્યો પરંતુ તે વાસ્તવિક કેટલા પરિણામો લાવી શકશે તે પ્રશ્ન છે. ખાસ કરીને રશિયા ઉપરના પ્રતિબંધ છતાં પણ ભારતે રશિયા સાથે સંબંધો જાળવી રાખ્યા અને વોશિંગ્ટનને તેના વિરોધને મજબુત બનાવવાની તક ન આપી તે અમેરિકનોની દ્રષ્ટિએ બાઇડન શાસનની નબળાઇ ગણી શકાય. પરંતુ તેઓએ જતા જતા ભારતના પરમાણુ સંસ્થા પર પ્રતિબંધ હટાવ્યો તે કદાચ ટ્રમ્પ શાસન માટે તેને અનુસરવા સિવાય કોઇ વિકલ્પ રહેશે નહીં.

જેમ પ્રારંભમાં કહ્યું તેમ બાઇડન અમેરિકાની છબી અને તેના લોકતાંત્રિક મૂલ્યો અંગે વધુ જાગૃત હતા અને પોતાના અંતિમ ભાષણમાં પણ ખાસ કરીને અમેરિકામાં જે રીતે સત્તામાં અલ્ટ્રા રીચનો પ્રભાવ જોવા મળી રહ્યો છે તેના પર ચિંતા વ્યકત કરી અને કોઇ સ્પીડબ્રેકર વગરની સતાનો સાથ એ સૌથી વધુ ખતરનાક સ્થિતિ સર્જશે તે બાઇડન કહેવાનું ચૂકયા નહીં. આમ અમેરિકામાં જે રીતે નાણા, સતા અને થોડાનો પ્રભાવ જોવા મળી રહ્યો છે તે સમગ્ર લોકશાહી માટે ભય છે તે કહેવાનું ચૂકયા નહીં અને એ પણ કહી દીધુ કે સ્વતંત્રતાના જે મુળભુત અધિકારો છે તેને પણ આ પ્રકારના વાતાવરણથી ચોકકસપણે ખતરો ઉભો થશે. બાઇડનના ભાષણથી ૧૯૬૧નો એ સમય યાદ આવ્યો કે જયારે અમેરિકાના તત્કાલીન પ્રમુખ આઇઝનહોવરે પોતાના વિદાય ભાષણમાં મીલ્ટ્રી ઇન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્ષનું જે સર્જન થઇ રહ્યું છે તેના પર ચેતવણી આપી હતી કે ખાસ કરીને શીત યુધ્ધનો તે પ્રારંભ હતો. એ સમયે અમેરિકામાં સૈન્યની તાકાત વધારવા માટે ઔદ્યોગિક ઘરાનાનું જે ગઠબંધન સર્જાયુ હતું તે ભૂમિકા ઉપર તેમની ટીપ્પણી હતી.

બાઇડને પોતાના ભાષણમાં ટેક ઇન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્ષના સર્જનમાં પણ પોતાની ચિંતા વ્યકત કરી. તેમણે કહ્યું કે શકિતશાળી તાકાતો પોતાન પ્રભાવને વધુને વધુ વિસ્તારવા માંગે છે. અમેરિકામાં ટેકનોલોજી અને ઉદ્યોગથી જોડાયેલ થોડા સંપતિવાન લોકો સામાજીક અને રાજકીય વ્યવસ્થાઓ પર હાવી થઇ ગયા છે તે ભણી તેમનો સંકેત હતો. ખાસ કરીને ડોનાલ્ડ ટ્રમ્પ અને તેની ટીમમાં મહત્વ ધરાવતા એલન મસ્ક પ્રત્યે આ શબ્દો હોવાનું મનાય છે.

બાઇડનના આ શબ્દો કદાચ ભારતમાં પણ લાગુ પડે છે. કે જયારે થોડા લોકો અને એક હથ્થુ સતાનો પ્રભાવ દેશના લોકોના અનેક અધિકારી પ્રત્યે આંખમિચામણા શરૂ થઇ ગયા છે. બાઇડને આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ સામે પણ લાલબતી ધરી હતી અને કલાયમેટ ચેન્જ અંગે પણ તેઓએ ચિંતા વ્યકત કરી અંતમાં બાઇડનને અમેરિકાના સૌથી વૃધ્ધ રાષ્ટ્રપતિ તરીકે વિદાય આપવામાં આવી રહી છે પણ તેમના સાથે જ ટ્રમ્પ શાસન પ્રારંભ પૂર્વે પણ અનેક મહત્વના પ્રશ્નો સર્જાય ગયા છે.

**અમેરિકાના ઇતિહાસમાં ૯/૧૧ના હુમલાને લશ્કરી તાકાત પર પ્રહાર ગણાવાયો હતો, બાઇડનના કાર્યકાળનો પ્રારંભ ૬/૧ના કેપીટલ હિલ પર હુમલાથી થયો, જયારે તે સમયના પરાજીત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોએ જે રીતે સંસદ ભવનને ધમરોળ્યુ અને અંત પણ એવો આવ્યો છે કે તે જ ટ્રમ્પ શાસન ફરી એક વખત અમેરિકા પર આવી રહ્યું છે અને એવા સમયે કે જયારે સમગ્ર વિશ્વ હવે શું તેના પર કેન્દ્રીત છે, બાઇડનને ફકત વૃધ્ધ ગણાવીને અમેરિકી મીડિયાએ અનેક વખત તેમની નબળાઇઓ ગણાવી પણ સાચુ મૂલ્ય ભવિષ્યનો ઇતિહાસ કરશે**

## BCCI ટુર પર ટીમ માટે બે રસોઈયા રાખશે

### પ્રતિબંધો હોવા છતાં, બોર્ડ ખેલાડીઓના ખોરાક અને પોષણની જરૂરિયાતો પૂરી કરવા માટે તૈયાર

નવી દિલ્હી:

ભારતીય ક્રિકેટ બોર્ડે ટીમ ઈન્ડિયામાં શિસ્ત અને એકતા લાવવા માટે ખેલાડીઓ માટે માર્ગદર્શિકા જારી કર્યા બાદ, તે લાંબા પ્રવાસ પર વ્યકિતગત રસોઇયાની જરૂરીયાત પુરી કરવા અંગે વિચાર કરશે.

બોર્ડે ટુર પર સમગ્ર ટીમ માટે બે રસોઈયા મોકલવાની ઓફર કરી છે. જો કે, તે ખેલાડીઓ માટે પર્યાપ્ત હશે કે કેમ તે અંગે વિચારણા કરવામાં આવી છે કે જેમણે તેમનાં માટે વૈવિધ્યસભર આહાર ચાર્ટ તૈયાર કર્યો છે.

બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે ટીમને એક વિકલ્પ આપવામાં આવ્યો છે જ્યાં બોર્ડ ખેલાડીઓની જરૂરિયાતો માટે બે રસોઇયાની વ્યવસ્થા કરશે. જો કે, ખેલાડીઓની ચોક્કસ જરૂરિયાતો અને વધુ શું કરી શકાય તેની ચર્ચા કરવામાં આવશે.

છેલ્લાં છ-સાત વર્ષોમાં, વધુ ખેલાડીઓએ અંગત રસોઇયાઓ રાખવાનું શરૂ કર્યું છે જેઓ તેમનાં ન્યુટ્રિશનિસ્ટ્સ દ્વારા સૂચિત આહાર અનુસાર પ્રવાસ પર ખોરાક પૂરો પાડે છે. શ્રેષ્ઠ ફિટનેસ સ્તર જાળવવા માટે ખેલાડીઓ તેમનાં આહાર વિશે વધુ સભાન બન્યાં છે.

સામાન્ય રીતે, આ રસોઇયા ટીમ હોટલમાં રહેતાં નથી. ખેલાડીઓ તેમની મુસાફરી સાથે રસોડાની સુવિધાઓ સાથે તેમનાં રહેવાની વ્યવસ્થા કરે છે. ટીમ હોટલમાં ખેલાડીઓને ભોજન પહોંચાડવામાં આવે છે. બોર્ડ સાથે ઉઠાવવામાં આવેલો એક પ્રશ્ન એ છે કે રસોઇયા મોટાભાગે ડાઇનિંગ એરિયામાં હાજર હોય છે જ્યાં ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફ સિવાય કોઈને મંજૂરી નથી. મુદ્દો એ છે કે શું બે રસોઇયા ઘણાં બધાં ખેલાડીઓ માટે વ્યકિતગત ભોજન બનાવી શકશે ?

ખેલાડીઓ પાસે તેમનાં મનપસંદ ખોરાક અને વાનગીઓ છે જે સૂચવેલ આહાર અનુસાર એકબીજાને પૂરક બનાવે છે. કેટલાક લાંબા પ્રવાસોમાં ઘરે રાંધેલા ખોરાકને ચૂકી શકે છે અને રસોઇયાઓ તે મુજબ મેનૂ ડિઝાઇન કરે છે.

કેટલાક ખેલાડીઓએ તેમનાં આહાર પ્રત્યે વધુ સાવચેત રહેવું જોઈએ, ખાસ કરીને જો તેઓ ગંભીર ઈજાઓમાંથી બહાર આવ્યાં હોય જે તેમનાં વજન અને અન્ય મહત્વપૂર્ણ બાબતો પર નજર રાખે છે. આ રસોઇયાઓ ભોજન બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ઘટકોની ગુણવત્તા વિશે ખૂબ જ કાળજી રાખે છે. બીસીસીઆઈ ખેલાડીઓ માટે ખોરાકની ગુણવત્તા સુનિશ્ચિત કરવા અંગે વિચાર કરી રહી છે

માર્ગદર્શિકાની યાદી બહાર પાડતી વખતે, બીસીસીઆઈએ એવી જોગવાઈ પણ ઓફર કરી છે કે જેમાં ખેલાડી કોચ, કેપ્ટન અને બોર્ડ પાસેથી જરૂરી મંજૂરી મેળવી શકાય. એક વિકલ્પ એ છે કે વ્યકિતગત રસોઇયા ટીમ હોટલ પર ખોરાકની ડિલિવરી કરી શકે છે અને સંબંધિત ખેલાડી તેને ઉપાડી શકે છે અને હોટેલ સ્ટાફ દ્વારા જ પીરસવામાં આવે છે. તે રસપ્રદ રહેશે કે બીસીસીઆઈ ખેલાડીઓની પોષણની જરૂરિયાતો પૂરી કરવા માટે કેટલું ઝૂકવા તૈયાર છે.

## રોહિત સફેદ બોલથી પોતાનાં ફોર્મને સુધારી રહ્યો છે

મુંબઈ: ભારતીય સુકાની રોહિત શર્મા ઈંગ્લેન્ડ સામેની આગામી વનડે શ્રેણી અને ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં વ્હાઈટ બોલ ફોર્મેટમાં તેનાં ફોર્મને સુધારવા માટે સખત મહેનત કરી રહ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયેલાં એક વીડિયોમાં ૩૭ વર્ષીય રોહિત પ્રેક્ટિસ સેશનમાં ફ્લિક, ડ્રાઈવ, હાઈ હિટ અને પુલ્સ મારતો જોવા મળ્યો હતો.


રોહિત મુંબઈની રણજી ટીમ સાથે પ્રેક્ટિસ કરી રહ્યો છે. મુંબઈ ટીમ ૨૩ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીરની ટીમ સાથે રણજી રમવાની છે પરંતુ રોહિત રમશે કે નહીં તે હજુ નક્કી નથી. ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની પ્રથમ મેચ ૨૦ ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સામે રમવાની છે.



















## અમુલ બટર અને ક્રિકેટ

### અટરલી બટરલી ડીલીશીયસ...

કોર્પોરેટ વર્લ્ડ ઘણો મોટો ખર્ચ તેના બ્રાન્ડીંગ અને એડવર્ટાઝીંગ માટે કરતુ હોય છે. અલગ અલગ આઇડીયાનો ઉપયોગ કરી કંઇક અલગ જ રીતે પોતાની પ્રોડકટને લોકમાનસમાં પ્રસ્થાપિત કરવાનું કામ અવિરત ચાલતું જ રહે છે. આ બાબતે બહુ જ ઉમદા રીતે પોતાની વસ્તુનું માર્કેટીંગ કરવામાં અને એક ચોકકસ રીતે એડવર્ટાઇઝીંગ કરવામાં 'અમુલ'ને બહુ મોટી સફળતા મળી છે. અમુલ બટર ઘર-ઘરમાં જાણીતું કરવામાં 'અટરલી બટરલી ડીલીશીયસ' જેવી ટેગ લાઇન અને સાંપ્રત વિષયો ઉપાડી લઇને અમુલ ગર્લ સાથે બોર્ડ પર બધાનું ધ્યાન ખેંચતી જાહેરાતનો બહુ મોટો ફાળો છે. રાજકારણ, રમત-ગમત, શેરબજાર, કલા-સાહિત્ય જેવા જુદા જુદા ક્ષેત્રમાં રહેલા 'કરંટ અફેર'ને સાવ નવીન રીતે લોકોનો મૂડ પારખી ખુબ જ હળવી શૈલીમાં દર અઠવાડીયે-પંદર દિવસે અમુલ બોર્ડ પર 'અમુલ ગર્લ' સાથે દર્શાવતા રહેવું એ ખાસ્સી ક્રિએટીવીટી માગતુ કામ છે. જો કે આ કાર્યમાં બહુ મોટી ક્રિએટીવ ટીમ દિવસ-રાત કામ કરતી હશે એ નિશંક છે.

૧૯૬૦થી શરૂ થયેલ આ અમુલ બોર્ડ હજુ આટલા વર્ષો પછી પણ દેશની જનતાના મીજાજને પારખીને નીતનવા નુસખા શોધી આપતા સહુનું ધ્યાન ખેચતા રહે છે. ક્રિકેટની રમત આપણા દેશના દેશની રગેરગમાં વસે છે. એટલે અમુલ એડવર્ટાઇઝીંગે પણ વખતોવખત ખુબ જ દિલચસ્પ રીતે રમતને અનુલક્ષીને પોતાના બોર્ડ પર ક્રિકેટ લક્ષી વાતો પ્રસ્તુત કરી છે. ૧૯૮૩ અને ૨૦૧૧ના વિશ્વકપ વિજેતા પદની ક્ષણોને પણ અમુલ બોર્ડ પર આબાદ રીતે રજુ કરવામાં આવી હતી. એ જ રીતે સચીન તેંડુલકરની આખરી ટેસ્ટ પહેલા 'ઇન્ડીયા રીટાયર્સ હર્ટ' માસ્ટર બટર ખુબ સુંદર રીતે રજુ કરી હતી.



ક્રિકેટ કલાસિકસ
પ્રકાશ ભટ્ટ

ગ્રેગ ચેપલના કોચીંગમાં થયેલ ભારતીય ટીમના ખરાબ પ્રદર્શન બાબતે 'કોચ ના કહો' (કુછ ના કહો)ના અપ્રભંશ સાથે કે પછી ૨૦૦૮ના IPLમાં હરભજનસિંઘે શ્રીસંથને મારેલ થપ્પડ માટે 'પાઓ ભજજી'-સ્લેપ ઇટ ઓન', ૨૦૦૩ના વિશ્વકપમાંથી ભારતીય ટીમ ફાઇનલ હારી ગઇ ત્યારે 'કપ હી ખુશી, કપ હી ગમ' (કભી ખુશી કભી ગમ) સાથે જોડીને ખુબ જ રમુજ અને કટાક્ષ સાથે રજુ કરવામાં આવી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચેની શાહજાહમાં રમાયેલી એક રોમાંચક મેચમાં પાકિસ્તાનના બેટસમેન મંઝુર ઇલાહીએ કટોકટીના સમયે સારી બેટીંગ કરી ભારતીય ટીમને હરાવી દીધી હતી. એ સમયે અમુલ બોર્ડે લખ્યુ હતું 'વોહી હોતા હૈ જો મંઝુરે ઇલાહી હોતા હૈ'.

ભુતપૂર્વ ક્રિકેટ બોર્ડ સેક્રેટરી જયવંત લેલે સાહેબ ઓસ્ટ્રેલિયાના ૧૯૯૯ના પ્રવાસ પહેલા ભારત ૩-૦થી હારી જશે એવું કથીત રીતે બોલ્યા હતા એવું એક પત્રકારે દાવો કર્યો હતો એ વિષય પર 'લેલે કે દેને ન પડ જાયે'- ઇન ગુડ ટેસ્ટ બોર્ડ બનાવી લોકોને હસાવ્યા હતા. એમ.એસ.ધોનીના નિવૃતિ સમયે 'ઓ કેપ્ટન-માહી કેપ્ટન' વેલડન એમ.એસ.ડી. લખીને આભાર વ્યકત કરતું બોર્ડ બનાવ્યું હતું. ભારતીય ટીમના સતત ખરાબ પ્રદર્શન વચ્ચે ટીમનો જુસ્સો વધારવા 'ડોન્ટ બી બ્લુ, મેન ઇન બ્લુ'- ટેસ્ટ ઇન યલો જેવા સુત્રનો ઉપયોગ કરેલો. છેલ્લા T-20 વિશ્વકપમાં સુર્યાકુમાર યાદવના બાઉન્ડ્રી પરના અદભુત કેચને વધાવતા અમુલ બોર્ડે લખ્યુ હતું. 'સિકસ ઠોકેગા ભી, સિકસ રોકેગા ભી'-કેચ એટ બ્રેક ફાસ્ટ. સૌરવ ગાંગુલી ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ બન્યા ત્યારે અમુલ બોર્ડ પર હતુ 'દાદા કીયા તો નિભાના પડેગા' યુવરાજસિંઘની છ સીકસરના પ્રસંગે અમુલ બોર્ડ હતું. 'સબ કે છકકે છુડા દીયે'-યુ વી લવ ઇટ.

લાલ ટપકાવાળા ફ્રોક સાથે ચુલબુલી અમુલ ગર્લને હાથમાં બટર કે પછી વિષય વસ્તુ સાથે જોડાઇને સુંદર કાર્ટુન રૂપે એટલી સારી રીતે રજુ કરવામાં આવી છે કે આપણને બરોબર યાદ રહી ગઇ છે. લોકોના પ્રેમ-ગુસ્સો-આવેશ જેવા અનેક ભાવોને અમુલ ગર્લ પોતાના બોર્ડ પર હુબહુ દર્શાવે છે. શેન વોર્નના આકસ્મિક મૃત્યુ સમયે 'શાઇન ઓન શેન' RIP વોર્નીનું બ્લેક એન્ડ વ્હાઇટ પોસ્ટર રજુ કરી અમુલે શ્રધ્ધાંજલી આપી હતી. એ જ રીતે બીશનસિંઘ બેદીના નિધન પર પણુ સુચક રીતે આદરપૂર્વક ભાવાંજલી અમુલ ગર્લે રજુ કરી હતી. આપણા દેશના લોકોના ભાવ વિશ્વને સચોટ રીતે રજુ કરવાની જાણે અમુલ બ્રાન્ડે નાડ પારખી લીધી છે અને એટલે જ આટલા વર્ષો પછી પણ અમુલ એડવર્ટાઇઝીંગ એટલી જ અસરકારક છે.

## ૧૯૦૪ સેન્ટ લૂઇસ ઓલિમ્પિકના ગોલ્ડ મેડલની હરાજી થશે




બોસ્ટન: ૧૯૦૪ સેન્ટ લુઈસ ઓલિમ્પિકમાં ૧૧૦ -મીટર હર્ડલ્સના વિજેતાને આપવામાં આવેલ ગોલ્ડ મેડલની હરાજી કરવામાં આવી રહી છે જે વિવિધ ઓલિમ્પિક્સના દાયકાઓ દરમિયાન પ્રદર્શિત કરાયેલી સેંકડો યાદગાર વસ્તુઓના ભાગ રૂપે છે. અમેરિકાની ધરતી પર યોજાયેલી આ પ્રથમ રમત હતી.

મેડલ પર ''ઓલિમ્પિયાડ, ૧૯૦૪'' લખેલું છે. બીજી બાજુ, પ્રાચીન ગ્રીક પૌરાણિક કથાઓમાં વિજયની દેવી નાઈકીને દેવતાઓના રાજા ઝિયસ સાથે બતાવવામાં આવી છે અમેરિકન ફ્રેડ શુલને એનાયત કરવામાં આવેલ, આ મેડલમાં મૂળ રિબન અને ચામડાનાં કેસનો સમાવેશ થાય છે.

આ પ્રથમ ઓલિમ્પિક હતું જેમાં સુવર્ણ ચંદ્રકો આપવામાં આવ્યાં હતાં, અને અમેરિકનોએ ૯૬ માંથી ૭૮ ઈવેન્ટ જીતીને તેનો લાભ લીધો હતો. આજકાલ ઓલિમ્પિક મેડલ્સથી વિપરીત જે મોટાભાગે ગોલ્ડ પ્લેટિંગ સાથે ચાંદીનાં બનેલાં હોય છે, આ સંપૂર્ણ રીતે સોનાનાં બનેલાં હતાં.

બોસ્ટન સ્થિત આરઆર ઓકશનના ઓલિમ્પિક નિષ્ણાત બોબી ઈટને જણાવ્યું હતું કે હરાજીમાં આવો મેડલ મળવો અસામાન્ય છે, જોકે આ મેડલ શુલેના પરિવારનાં સંગ્રહમાંથી આવ્યો હતો. તેમણે કહ્યું કે ''કોઈને ખરેખર ખબર નથી કે ૧૯૦૪ ઓલિમ્પિકમાંથી કેટલા સુવર્ણ ચંદ્રકો હજુ પણ અસ્તિત્વમાં છે, તેમણે કહ્યું કે આ અત્યંત દુર્લભ છે. સેન્ટ લૂઇસમાં આપવામાં આવેલાં આશરે ૧૦૦ ગોલ્ડ મેડલમાંથી, ઘણાં સમય જતાં ખોવાઈ ગયાં છે અથવા ખાનગી સંગ્રહ અને સંગ્રહાલયોમાં રાખવામાં આવ્યાં છે.''

ઈટનએ કહ્યું કે ''આ મેડલ માત્ર ઓલિમ્પિક વિશે જ નથી આ આધુનિક ઓલિમ્પિકના શરૂઆતનાં દિવસોનું પ્રતિબિંબ છે અને આટલી સારી સ્થિતિમાં આ ગુણવત્તાનો મેડલ મેળવવો એ ખરેખર કલેક્ટર્સ માટે એક મોટી તક છે.''

# મોંઘવારીમાં રાહત... ડુંગળી-બટેટા-ટમેટાના ભાવ ૩૧ ટકા ઘટ્યા: કઠોળ સસ્તા

## કેન્દ્ર સરકારનો રિપોર્ટ: એક માત્ર ખાદ્યતેલોમાં કોઈ રાહત ન મળી: ફુગાવો ઘટતા રિઝર્વ બેંક વ્યાજદરમાં કાપ મુકી શકે

નવી દિલ્હી તા.૧૫

શાકભાજીથી માંડીને અનાજ-કઠોળ સહિતની ચીજોના ઉંચા ભાવના ઉહાપોહ વચ્ચે હવે રાહત થવા લાગી હોય તેમ છેલ્લા એક મહિનામાં બટેટા, ટમેટા તથા ડુંગળીની કિંમતમાં સરેરાશ ૩૧ ટકાનો ઘટાડો થયો છે. આ સંજોગોમાં ફુગાવો નીચો આવવા સાથે રિઝર્વ બેંક આવતા મહિનામાં વ્યાજદરમાં ઘટાડો જાહેર કરી શકે છે.

કેન્દ્રના નાગરિક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા રિપોર્ટ પ્રમાણે બટેટાની કિંમત એક મહિનામાં કિલોના રૂા.૩૭થી ઘટીને ૩૦ થઈ ગઈ છે. ડુંગળીનો ભાવ રૂા.૫૧થી૩૦ ટકા ઘટીને રૂા.૩૯ થયો છે. જયારે ટમેટાનો ભાવ ૪૫ રૂપિયાથી ૩૧ ટકા ઘટીને કિલોના રૂા.૩૧ના સ્તરે આવી ગયો છે.

શાકભાજી સિવાયની અન્ય ખાદ્યચીજોના ભાવોમાં પણ ઘટાડો છે. ચોખાનો ભાવ રૂા.૪૩.૩૫ થી ઘટીને ૪૨.૭૮ થયો છે. ચણાદાળનો રીટેઈલ ભાવ રૂા.૯૪.૧૬થી ઘટીને રૂા.૯૨.૬૩ થયો છે. તુવેરદાળનો ભાવ રૂા.૧૫૮.૬૦ થી ઘટીને ૧૫૨.૬૪, અડદદાળનો ભાવ રૂા.૧૨૪.૦૭થી ઘટીને ૧૨૩.૨૮ તથા મગદાળનો ભાવ રૂા.૧૧૪.૩૦ થી ઘટીને ૧૧૩.૧૮ નોંધાયો છે.



શિયાળામાં હવામાન લગભગ એક સમાન રહ્યુ હોવાના કારણોસર શાકભાજીને કોઈ નુકશાન થયુ નથી. સારૂ ઉત્પાદન આવતા ભાવો ઘટી ગયા છે. લીલા શાકભાજીના ભાવમાં મોટો ઘટાડો થયો છે. કોબીજનો ભાવ ૧૦ રૂપિયા કિલો થઈ ગયો છે.

પાલકના રૂા.૧૫ તથા વટાણાના ૫૦ રૂપિયા થઈ ગયા છે. ગાજર, મુળા, મેથી સહિતના લીલા શાકભાજી ૧૫થી૨૫ રૂપિયાની રેન્જમાં આવી ગયા છે.

કેન્દ્રના ખાદ્ય મંત્રાલય દ્વારા એમ કહેવાયુ છે કે આવશ્યક તથા ખાદ્યચીજોમાં અસામાન્ય ભાવવધારો ન થાય અને સપ્લાય સરળ રહે તે માટે સરકાર સતત દેખરેખ રાખે છે અને તેના આધારે આયાત-નિકાસમાં પ્રોત્સાહન જાહેર કરવામાં આવે છે.

શાકભાજી-કઠોળ સસ્તા થવા છતાં ખાદ્યતેલોના ભાવોમાં કોઈ રાહત મળી નથી. સરસવતેલનો ભાવ ૧૬૮.૭૮ તથા સોયાતેલ ૧૪૩ પર સ્થિર હતું. સૂર્યમુખી તેલમાં રૂા.૧૫૪ તથા પામતેલની કિંમતમાં રૂા.૧૩૪માં કોઈ ફેરફાર થયો ન હતો.

સૂત્રોના કહેવા પ્રમાણે આવતા મહિને જાહેર થનારા મોંઘવારી-ફુગાવાના આંકડામાં રાહત મળી શકે છે. ડિસેમ્બરનો ફુગાવાનો દર ૫.૨૨ ટકા હતો. જો કે, રિઝર્વ બેંકના ચાર ટકાના ટારગેટથી ઉંચો જ છે. ફુગાવો નીચો આવે તો રિઝર્વ બેંક વ્યાજદર ઘટાડી શકે છે.









વોર્ડ નં.૩ના માધાપર વિસ્તારમાં મનપાના બુલડોઝર ફર્યા હતા જેમાં દિવાલ અને રહેણાંક મકાનો પણ દુર કરવામાં આવ્યા હતા. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# માધાપરમાં ટીપીના રોડ પરથી ૧૨ મકાન સહિતના બાંધકામો સાફ

## ૧૮ મીટરના રસ્તે કારખાનાના શેડ સહિતનું બાંધકામ ખડકાઇ ગયું હતું : વોર્ડ નં.૩માં ટીપી શાખાનું ડિમોલીશન

રાજકોટ, તા. ૧૮

મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખા દ્વારા ગઇકાલે સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૩માં ગત ચૂંટણી પહેલા નવા ભળેલા માધાપર વિસ્તારમાં ઓપરેશન ડિમોલીશન કરવામાં આવ્યું હતું. ૧૮-૧૮ મીટરના ટીપીના બે રોડ પરથી કુલ ૧૨ મકાન, ૪ કારખાનાના શેડ સહિતના બાંધકામ તોડી પાડવામાં આવ્યા છે.

કમિશ્નર તુષાર સુમેરાના આદેશથી અને એડી.સીટી ઇજનેર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન શાખાએ ગઇકાલે વોર્ડ નં.૩માં ટીપી સ્કીમ અમલીકરણ અંતર્ગત ગેરકાયદે બાંધકામ હટાવવા ઓપરેશન કર્યુ હતું. આ વોર્ડમાં ટીપી સ્કીમ નં.૩૮/૧ માધાપરમાં ૧૮ મીટરના ટીપીના રોડ નીકળે છે. માધાપર તાલુકા શાળાવાળા રોડ પર બંધાઇ ગયેલા ૬ ગેરકાયદે રહેણાંક મકાન, બે વાણિજય હેતુના બાંધકામ અને એક કમ્પાઉન્ડ વોલનું બાંધકામ તોડી પાડવામાં આવ્યુ હતુ.

૧૮ મીટરના જ રોડ પર ધ સ્પેસ એપાર્ટમેન્ટ આવેલું છે. આ બિલ્ડીંગ પાછળના ભાગેથી પણ રસ્તા પર ખડકાઇ ગયેલા ૬ રહેણાંક મકાન, ૪ ઔદ્યોગિક શેડ અને કમ્પાઉન્ડ વોલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. આ રીતે ટીપીનો ૬૦ ફુટનો રોડ ખુલ્લો કરાવીને તંત્રએ કબ્જો લીધો છે. નવા કમિશ્નરના આગમન બાદ આ મોટુ ડિમોલીશન ગઇકાલે કરવામાં આવ્યું હતુ.

આ કામગીરીમાં ટીપી સાથે બાંધકામ, એસ્ટેટ, સોલીડ વેસ્ટ, રોશની અને વિજીલન્સ સુરક્ષા સ્ટાફનો કાફલો જોડાયો હતો.

# શહેરોમાં ટ્રાફિકની સમસ્યાને પહોંચવા માટે અલગ ટ્રાફિક ફોર્સ બનાવવા માટે સરકારને હાઈકોર્ટનું સૂચન

### નાના મોટા શહેરોમાં જરૂરિયાત પ્રમાણે અલગ ટ્રાફિક કેડર ઊભી કરી શકાય કે કેમ તેનો એક અહેવાલ રાજ્ય ટ્રાફિક બ્રાન્ચ સાથે મસલત કરીને રજૂ કરવા ચીફ જસ્ટિસ દ્વારા આદેશ : હેલ્મેટ નિયમના અમલનો પ્રગતિ અહેવાલ આપવા પણ સુચના



રાજકોટ,તા.૧૮

ગુજરાત હાઇકોર્ટે એક મહત્વનું સૂચન કરતા રાજ્યમાં અલગ ટ્રાફિક ફોર્સ એટલે કે ટ્રાફિક પોલીસની એક અલગ જ પ્રકારની શાખા ઉભી કરવા માટે રાજ્ય સરકારને સૂચન કરેલું છે અને આ બાબતે શક્યતાઓ કેવી છે અને નાના મોટા શહેરોની વસ્તી પ્રમાણે કેવી રીતે અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરી શકાય તેનો એક અહેવાલ રાજ્ય ટ્રાફિક બ્રાન્ચના સાથે મતલબ કરીને તૈયાર કરીને રજૂ કરવા આદેશ કર્યો છે. એટલું જ નહીં હેલ્મેટ ના નિયમોનો અમલ થયો છે કે નહીં તે બાબતે પણ હાઇકોર્ટે આદેશ આપ્યો છે. વળી ખુદ હાઇકોર્ટે પણ પોતાના કર્મચારીઓ અને અધિકારીઓ કે જેઓ ટુ-વ્હીલર ઉપર આવે છે તેમના માટે હેલ્મેટ પહેરવાનો નિયમ ફરજિયાત બનાયો હોવાથી તેનો પણ અમલ થાય છે કે નહીં તે બાબતે રજીસ્ટ્રાર જનરલ ને એક રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ કર્યો હતો. ઉલ્લેખનિય છે કે હાઇકોર્ટ દ્વારા એ પરિપત્ર બહાર પાડીને પોતાના

(અનુસંધાન છઠ્ઠા પાને)

વલસાડનો ગંભીર બેદરકારીનો કિસ્સો

# ડીમાર્ટમાંથી ખરીદેલા અમૂલના શ્રીખંડમાં ફૂગ નીકળતા ગ્રાહકની ફૂડ વિભાગમાં ઘા

### બ્રાન્ડેડ કંપનીની બેદરકારી સામે સવાલો

વલસાડ,તા.૧૮

વલસાડના વશિયર વિસ્તારમાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. અમૂલના મેંગો શ્રીખંડના ગ્રાહકે ખરીદેલા તમામ પેકેટમાંથી ફૂગ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. વલસાડના ગ્રાહકે આ ઘટનાનો વીડિયો પુરાવો લઈને ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે.

સ્થાનિક કાપડના વેપારી રતનસિંહ ચૌહાણે ડીમાર્ટ સ્ટોરમાંથી ખરીદેલા અમૂલ મેંગો શ્રીખંડમાં ફૂગ મળી આવતાં



ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે, સાથે જ તેણે પુરાવારૂપે વીડિયો આપ્યો છે અને કાર્યવાહીની માગ કરી છે. દીકરીનો ફેવરિટી હતો એટલે પિતાએ મેંગો શ્રીખંડની ખરીદી કરી હતી. ખાવા બેઠા અને જોઈને ચોંકી ગયા હતા.

દીકરી માટે શ્રીખંડ ખરીદ્યો હતો

(અનુસંધાન છઠ્ઠા પાને)

રેલ્વે દ્વારા હાઈકોર્ટમાં રીપોર્ટ રજુ

# ગીર અભ્યારણ્યમાં સિંહોની સુરક્ષા માટે ઈન્ટ્રુઝન ડિવાઈસ લગાવાશે

### સાવજોની મુવમેન્ટ ૨૦૦ મીટર દુરથી જાણી શકાશે

અમદાવાદ, તા.૧૮

સૌરાષ્ટ્રમાં આવેલા ગીરના અભયારણ્ય વિસ્તારમાં સિંહોના રેલવે અકસ્માતમાં થઈ રહેલા અકાળે બાબતે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી સુઓમોટો જાહેર હિતની અરજીની શુક્રવારે થયેલી સુનાવણીમાં રેલ્વે સત્તાવાળાઓ તરફથી સિંહોને બચાવવા અને તેમની સુરક્ષા સંબંધી લેવાયેલા પગલાં અને કામગીરી અંગેનો રિપોર્ટ રજૂ કરાયો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતુ કે આ કેસમાં છલ્લી મુદત બાદ એક પણ સિંહનું ટ્રેન અકસ્માતમાં અકાળે મોત નોંધાયું નથી.



રેલ્વે વિભાગ દ્વારા પોતાની કામગીરી અંગે રજૂઆત કરતા જણાવવામાં આવ્યું હતુ કે, ગીર અભયારણ્ય જંગલ વિસ્તારમાં જયાંથી રેલ્વે ટ્રેક પસાર થાય છે તેની બાજુમાં ફાઇબર કેબલ નાંખવામાં આવશે. આ સિવાય આર્ટિફીશીયલ ઇન્ટેલીજન્સની મદદથી ઇન્ટ્રુઝન ડિવાઇઝ ઇન્સ્ટોલ કરવામાં આવશે. જેનાથી સિંહોની ગતિવિધિ ૨૦૦ મીટર દૂરથી જાણી શકાશે. ગીર અભયારણ્ય ક્ષેત્રની અંદર અને બહાર આ ડિવાઇસ

(અનુસંધાન છઠ્ઠા પાને)

'પુરી વાત કહેવા દેતા ન હોવાના' મામલે ઉગ્ર દલીલબાજી

# ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ તથા વકિલ મંડળ પ્રમુખ ત્રિવેદી વચ્ચે ચાલુ કોર્ટમાં શાબ્દિક ટપાટપી

### ત્રિવેદીએ લોર્ડ ફ્રાંન્સીસ બેકનનું વાકય ટાંકયુ: ચીફ જસ્ટીસના કોર્ટની સીલીંગ તરફ જોવા પર વાંધો લીધો

### કોર્ટ સામે આંગળી ચિંધીને વાત કરવા સામે ચીફ જસ્ટીસે વકીલને ટકોર કરી: ત્રિવેદી કોર્ટમાંથી નીકળી ગયા

એક જવલ્લે જ બનતી ઘટનામાં ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને ગુજરાત હાઇકોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી વચ્ચે ચાલુ કોર્ટમાં શબ્દોની તડાફડી થઇ ગઇ હતી અને ત્રિવેદીએ ચીફ જસ્ટીસને લોર્ડ ફ્રાન્સિસ બેકનનું એક કથન યાદ અપાવ્યું હતું જે 'ઓવરસ્પીકીંગ જજ' વિશે હતું. વર્ષ ૨૦૧૧માં દાખલ થયેલી એક જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન શુક્રવારે ચાલુ કોર્ટમાં આવા દશ્યો સર્જાયા હતા અને અંતે બ્રિજેશ ત્રિવેદી કોર્ટ છોડીને ચાલ્યા ગયા હતા.

પ્રખ્યાત લો વેબલાઇટ બાર એન્ડ બેન્ચમાં પ્રકાશિત અહેવાલ મુજબ ત્રિવેદીએ એ વાત ઉપર નારાજગી વ્યક્ત કરી હતી કે ચીફ જસ્ટીસ તેમની તથા અન્ય સિનિયર વકીલોની દલીલો પૂરી કરવાની તક આપતા નથી. આ બાબત અવાર નવાર બને છે. દરેક સિનિયર એડવોકેટ અને એડવોકેટ આ બાબત સહન કરે છે. ''મેં વર્ષ ૨૦૨૩માં લોર્ડ ફ્રાન્સીસ બેકનનાં એક કથનનો ઉપયોગ કર્યો હતો પરંતુ હવે તેનું પુનરોચ્ચાર કરવા માંગતો નથી. આશા રાખું છું કે, લેડીશીપ (ચીફ જસ્ટીસ) તે યાદ છે. હું ન્યાયાધીશ નથી. તે એક ઓવર સ્પીકીંગ જજ બાબતનું (કથન) હતું,'' એમ ત્રિવેદીએ કોર્ટ કાર્યવાહી દરમિયાન નિવેદન કર્યુ હતું. આ સમગ્ર વિડીયો હાઇકોર્ટની યુ ટ્યુબ ચેનલ ઉપર ઉપબલ્ધ છે.



કેસની સુનાવણી દરમિયાન પૂરી કરવા એકબીજાની વાત અધવચ્ચે રોકવા બદલ આવી શાબ્દિક ટપાટપી થઇ હતી. ત્રિવેદીને સંબોધન કરતા ચીફ જસ્ટીસ બોલ્યા હતા કે, ''મને મારી વાત દો. હું કોઇક બાબતે બોલી રહી છું. તમે મને પ્રશ્ન પૂરો કરવા દેતા નથી.'' ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ એવું કહેવા માગતા હતા કે, જો વકીલ પૂરો પ્રશ્ન સાંભળશે તો જ જવાબ આપી શકશે. આથી ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ''સારું લેડીશીપ પ્રશ્ન પુછી શકે છે. આ જ રીતે હું પણ કહી શકું છું પરંતુ હું કોઇ મુદ્દો બનાવવા માગતો નથી. મને પણ વાકય પૂર્ણ કરવાની તક આપવી જોઇએ.'' તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ રીતે કોર્ટ દ્વારા પેન્ડીંગ મેટર નક્કી ના થવી જોઇએ. મને મારુ વાક્ય પુરુ કરવાની તક આપવી જોઇએ. હું પ્રશ્ન સમજી ગયો છે. પરંતુ મારી એ ભૂલ છે અને તેના માટે હું માફી માંગુ છું કે, મને પ્રશ્ન પૂરો થતા પહેલા જ સમજાઇ ગયો હતો. ત્યારબાદ ત્રિવેદીએ આ પીઆઇએલ અન્ય કોર્ટ સમક્ષ મુકવાની માગણી કરી હતી. તેઓ બોલ્યા હતા કે, આ રીતે ચીફ જસ્ટીસ દ્વારા પીઆઇએલ સાંભળી શકાય નહી. ત્યારબાદ ત્રિવેદીએ આ મેટર બે સપ્તાહ પછી સુનાવણી અર્થે

(અનુસંધાન છઠ્ઠા પાને)

BCCIના નિર્ણય બાદ તમામ સ્ટાર ખેલાડીઓ ડોમેસ્ટિક ક્રિકેટ માટે મેદાને ઉતરશે

# રાજકોટમાં ૨૩ જાન્યુઆરીથી સૌરાષ્ટ્ર - દિલ્હી વચ્ચે રણજી મેચ : પંત, જાડેજા, પૂજારા રમશે

## વિરાટ કોહલીનું દિલ્હી ટીમમાં નામ પણ રાજકોટમાં મેચ રમશે તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ નથી, ટીમ સાથે ટ્રેનિંગ પણ કરી શકે તેવી સંભાવના

રાજકોટ,તા.૧૮

ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝમાં હાર અને નબળા પરફોર્મન્સ બાદ ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા તમામ ખેલાડીઓ જે હાલ ક્રિકેટના અન્ય ફોર્મેટ ન રમતાં હોય તેને ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં ભાગ લેવા જણાવ્યું છે. તેથી હવે ફરી શરૂ થનાર રણજી ટ્રોફીમાં સ્ટાર ખેલાડીઓ પરસેવો પાડશે અને મેદાને ઉતરશે. રણજી ટ્રોફી ટુર્નામેન્ટ જે ઓકટોબર નવેમ્બર ૨૦૨૪ માં શરૂ થઇ હતી તેને વચ્ચે ઓસ્ટ્રેલિયા સીરીઝ હોવાથી બ્રેક કર્યા બાદ ફરીથી શરૂ કરાઇ છે, જે એક શિડ્યુલના ભાગરૂપે જ નિર્ણય લેવાયો હતો. રણજી ટ્રોફીના હવે મેચો ૨૩ જાન્યુઆરીથી શરૂ થશે, જે અંતર્ગત સૌરાષ્ટ્ર અને દિલ્હી વચ્ચે મેચ રાજકોટમાં રમાશે.



**બીસીસીઆઈએ માર્ગદર્શિકા જારી કરી:**

ગુરુવારે સાંજે, બીસીસીઆઈએ દરેક કેન્દ્રીય કરાર ધરાવતા ખેલાડીઓ માટે ''શિસ્ત, એકતા અને સકારાત્મક ટીમ વાતાવરણને પ્રોત્સાહન આપવા'' માટે ૧૦-પોઇન્ટ માર્ગદર્શિકા જારી કરી હતી. બોર્ડે દરેક ખેલાડીને ઘરેલુ ક્રિકેટ રમવા માટે ઉપલબ્ધ રહેવા જણાવ્યું છે. બિન-અનુપાલનને પરિણામે ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સોંપણીઓ માટે પસંદ કરવામાં નહી આવે. તેના કારણે તેમના કેન્દ્રીય કોન્ટ્રાક્ટ રિન્યુ ન થઈ શકે. બીસીસીઆઈએ એ પણ સ્પષ્ટ કર્યું કે જો ખેલાડીને મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર તરફથી મંજૂરી મળી હોય તો જ તે રજા રાખી શકે છે.

**રાજકોટમાં સ્ટાર ખેલાડીઓ રમશે :**

જામનગર રોડ પર આવેલ નિરંજન શાહ સ્ટેડિયમના ગ્રાઉન્ડ સી પર ૨૩ જાન્યુઆરીથી સૌરાષ્ટ્ર અને દિલ્હી વચ્ચે રણજી મેચ રમાશે, જેમાં સૌરાષ્ટ્ર તરફથી રવીન્દ્ર જાડેજા, ચેતેશ્વર પૂજારા, જયદેવ ઉનડકટ રમશે તો દિલ્હી તરફથી રિષભ પંત પણ રણજી મેચ મળશે. આ લીગ મેચ બન્ને સૌરાષ્ટ્ર અને દિલ્હી માટે મહત્વું સાબિત થશે. આ મેચ બાદ જે જીતશે તે આગળ કવોલીફાય થવાના ચાન્સ વધી જાય છે. આ જ રીતે જાડેજા, પૂજારા, પંત જેવા ખેલાડીઓ પણ પોતાનું ફોર્મ પાછું લાવવા મેહનત કરશે. રિષભ પંત આ મેચમાં પ્લેયર બનીને રમશે, તે કેપ્ટનશિપ નહિ કરે, કેપ્ટન આયુષ બડોની જ રહેશે.

(અનુસંધાન છઠ્ઠા પાને)


ફલેટ વેચવાનો છે
2 BHK 625 કારપેટ 7 ફલોર
યુનિ.રોડ-મેઈન રોડ થી તદ્દન નજીક પંચાયત ચોક પાસે
સંપર્ક : 84601 45778

એક્રેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836

સાંગણવા ચોકમાં
ઓફીસ વેચવાની છે 240 સ્કે. ફુટ
ફુલ ફર્નિચર સાથે
M. 92270 99399

ડી.આર. કોંગો- આફ્રિકામાં અગ્રણી કંપની માટે
જોઈએ છે બાંધકામ કામના કારીગરો
સુથાર, પ્લમ્બર, મેસન, વેલ્ડર,
સ્ટીલ ફિકસર વગેરે કામ માટે કારીગરો જોઈએ છે.
સંપર્ક નંબર: 70690 16496, 9773596563

સેલ્સગર્લ જોઈએ છે
સેટમાં ૨૫૦૦ થી વધારે ડિઝાઈન ધરાવતા શોરૂમ માટે છોકરીઓ
ખુશી ઈમિટેશન, પેલેસ રોડ, રાજકોટ
82001 15911

ટેનામેન્ટ મકાન વેચવાનું છે
2 BHK ફર્નિચર સાથે
રાજનગર ચોક નજીક રાજકોટમાં
રવજીભાઈ : 96877 32582

ચોકકસ ઉપડશે તા.24/1, 7/2 અને 21/2
પ્રયાગરાજ દિવસ-11
મહાકુંભ
₹15300 નીચેના સોફાના ₹12600 ઉપરના સોફાના
ઉજ્જૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અયોધ્યા, છપૈયા, કાશી વિશ્વનાથ, નાથદ્વારા વગેરે....
રાજકોટમાં છેલ્લા 10 વર્ષથી કાર્યરત
કોમ્પાસ હોલિડે - રાજકોટ
307, દ્વારીકા એમ્પાયર, રાષ્ટ્રીયશાળા સામે, રાજકોટ.
81408 99995/6

કોટેચા ચોક ટચ
કસમાં 4BHK ફલેટ વેચવાનો છે
જુના પણ વેલ મેઈન્ટેઈન બિલ્ડીંગમાં
સારો પાડોશ
1800 કારપેટ
ભાવ ફકત 6000/-sq.ft
ફુલ્લી ફર્નીશ્ડ
82 38 38 38 39

જગ્યા વેચવાની છે.
શેડ સાઈઝ : ૩૩×૮૫ ફુટ
૩૦૦વાર જગ્યા, લિફટ, પાણી, LTMT 3 Electricity.
૫૦૦૦ સ્કે. ફુટ બાંધકામ, ૭ લેબર કવાર્ટર સાથે ગ્રાઉન્ડ તથા પહેલો માળ,
માનસતા ઈન્ડ. એરીયા શેરી નં. ૧, નાચરા પેટ્રોલ પંપ પાછળ, તીર્થ લેમીનેટની સામે, ગોંડલ રોડ, રાજકોટ-૪.
જયેશ પટેલ - મો. ૯૭૨૭૭ ૫૫૪૧૧

બિઝનેસ માટે બેસ્ટ... લોકેશનમાં છે શ્રેષ્ઠ...
પ્રિમીયમ શોરૂમ તથા ઓફિસ
આકર્ષક ભાવે વેચવાના છે
• શોરૂમ તથા ઓફિસ પ્રિ-લીઝ અવેલેબલ છે •
AlphaOne 96876 86148
તપોવન સ્કૂલ સામે, ફોરચ્યુન હોટલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
MANISH ADS

આધુનિક A/C યુનિફોર્મ શો-રૂમ માટે
સ્ટાફ જોઈએ છે
• સેલ્સમેન પગાર : ૧૫,૦૦૦/-
રેડીમેઈડ તથા ફુટવેર લાઈનના અનુભવી, સ્વતંત્ર કાઉન્ટર સંભાળી શકે તેવા યુવાન.
સિઝનલ બોનસ તથા વાર્ષિક પગાર વધારો
• જેન્ટસ/લેડીઝ હેલ્પર સ્ટાફ પગાર : ૧૨,૦૦૦/-
માલ અંબાવો, પેકીંગ, સ્ટોક, મેઈનટેનન્સ વગેરે
વર્ધમાન યુનિફોર્મ રૂબરૂ મળવાનો સમય : સાંજે ૭ થી ૯
લિમડા ચોક, પંચનાથ મંદિર સામે, રાજકોટ.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજયપાલ દેવવ્રત આચાર્યને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી





રાજકોટ,તા.૧૮

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજભવન પધારીને રાજયપાલશ્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.

રાજપાલના જન્મદિવસ નિમિત્તે રાજભવન પરિવાર દ્વારા રાજભવનમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે રકતદાન કેમ્પની પણ મુલાકાત લીધી હતી. રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે રાજયના મુખ્ય સચિવ રાજકુમાર પણ રાજભવન પધાર્યા હતા અને તેમણે રાજયપાલને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.જન્મદિવસની સવારે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવી અને પરિવારજનો સાથે રાજભવન પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં હવન કર્યો હતો.

# સણોસરાની કિંમતી જમીન અંગે મંજુર થયેલ દાવો ડિસ્ટ્રીક્ટ અદાલતે રદ કરવા હુકમ કર્યો

## રજીસ્ટર સાટાખતના આધારે વાદીએ દાવો દાખલ કર્યો હતો

રાજકોટ, તા.૧૮

રાજકોટ તાલુકાના સણોસરાના રે.સ.નં. ૭૭/૧ પૈકી ૧/ પૈકી ૨ ની જુની શરતની બાગાયત પ્રકારની નેસડાવાળું તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦૦-૪૦-૪૭ વાળી ખેડવાણ જમીન સમજુબેન મોહનભાઈ લીંબાસીયા નામે આવેલ છે. નરેશભાઈ નાગજીભાઈ લીંબાસીયાએ આ જમીન સમજુબેનના પુત્ર સાથે રૂ.૧,૨૦,૦૦૦માં વેચાણ લેવાનું નકકી કરેલ હતું.



સુમિત વોરા
એડવોકેટ

સબ-રજીસ્ટ્રાર કચેરીમાં સમજુબેન લીંબાસીયા અને નરેશભાઈ લીંબાસીયા વચ્ચે રજીસ્ટર સાટાખત થયેલ. અવેજ પેટે રૂ.૧,૦૫,૦૦૦ બે સાક્ષીઓની રૂબરૂમાં ચુકવેલ. બાકીની અવેજ ૪૫ દિવસમાં ચુકવી આપવાનું સાટાખતમાં નકકી થયેલ. બાદમાં સમજુબેન દસ્તાવેજ કરી આપતા ન હોવાથી નરેશભાઈએ રાજકોટના અધિક સિનિયર સિવિલ જજની કોર્ટમાં સાટાખત કરારનું વિશિષ્ટ પાલન કરવા અંગે દાવો દાખલ કરેલ અને માંગણી કરેલ કે દસ્તાવેજ કરી ન આપે તો કોર્ટ કમિશ્નર મારફત રજીસ્ટડ વેચાણ દસ્તાવેજ કરી આપવા તથા જમીનનો કબજો સોંપી આપવા આવે તેમજ કાયમી મનાઈહુકમ માંગેલ.

નીચેની કોર્ટે દાવો મંજુર કરતા સમજુબેનને તેના એડવોકેટ મારફત ડિસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરી દલીલ કરેલ કે, તેઓ જમીન કયારેય તેઓ વેચાણ કરવા માંગતા નહતા. વેચાણ કરવાનો સોદો કયારેય તેમની સાથે થયેલ નથી. અવેજ તેમને મળેલ નથી. કોર્ટ સમન્સ બજતાં તેઓને ખબર પડેલ કે, તેમના પુત્રએ નરેશભાઈ પાસેથી ૪-૫ વર્ષ અગાઉ જે વ્યાજે પૈસા લીધેલા તે સંબંધેનું લખાણ નરેશભાઈ લીંબાસીયાએ ખોટી રીતે સાટાખત કરાવી લીધેલ. ડિસ્ટ્રીકટ કોર્ટે દલીલો ધ્યાને લઈ સમજુબેનની અપીલ મંજુર કરી નીચેની કોર્ટનું જજમેન્ટ રદ કરવા હુકમ કર્યો છે. અપીલમાં સમજુબેન વતી એડવોકેટ દીલીપ કે. પટેલ, સુમીત ડી. વોરા, કલ્પેશ નસીત, ધારા મુળશા, અનીતાબેન રાજવંશી, નેમીષ જોશી, ઉર્વશી કાકડીયા તથા લીગલ સહાયક તરીકે કૃપાલી રામાણી રોકાયેલ હતા.

# રાજયનો પ્રથમ કિસ્સો : એક વાર પણ કોર્ટમાં હાજર ન થનાર ચેક રિટર્ન કેસના ત્રણ વેપારીને સજા ફટકારી

## નવસારી ઉપરાંત પંજાબ અને મહારાષ્ટ્રના વેપારીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી

રાજકોટ, તા.૧૮

પડધરીની સમ્રાટ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ પાઈપ ઉત્પાદન કરતી હોય, આરોપીઓ પંજાબ, મહારાષ્ટ્ર અને ગુજરાતના નવસારીના વેપારી દ્વારા માલ ખરીદી કરેલ. જેના બીલની રકમ ચુકવવા અપાયેલા ચેકો પરત ફરતા સમ્રાટ પ્લાસ્ટીક ઈન્ડ.ના ભાગીદાર બિપીનભાઈ કાસુન્દ્રાએ કોર્ટ સમક્ષ ફરિયાદ કરેલ હતી.



જયેન્દ્ર ગોંડલીયા
એડવોકેટ

આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર નહી રહેતા, ગેરહાજરીમાં કાર્યવાહી ચાલી શકતી ન હોય, જેથી ફરિયાદ પક્ષના એડવોકેટ જયેન્દ્ર એચ. ગોંડલીયા દ્વારા મહારાષ્ટ્રના આઝમી બર્પસના સહજ આઝમી, પંજાબના ગુરૂ રામદાસ સેનેટરી એન્ડ હાર્ડવેર સ્ટોરના ફરજ સિંધ અને નવસારીના કિંગ માર્કેટીંગના રમેશ ભીમાણીને ભાગેડુ જાહેર કરવા કાર્યવાહી કરી જાહેરનામાઓની બહોળી પ્રસિધ્ધી કરાવી હતી. જેથી આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો ગ્રાહ્ય રાખી આરોપીઓ વિરૂધ્ધનો પુરાવો સાબીત માની અદાલતે એક પણ વખતની હાજરી વગર આરોપીઓને તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદ તથા ચેકની દોઢી રકમ ફરીયાદીને હુકમ તારીખથી ૩૦ દિવસમાં ચુકવવા અને રકમ ન ચુકવે તો વધુ ૩ માસની સાદી કેદની સજા ફરમાવતો રાજયનો પ્રથમ મહત્વનો ચુકાદો જાહેર કરેલ છે. આ કેસમાં ફરીયાદી વતી ગોંડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોંડલીયા, હિરેન ડી. લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, ખુશીબેન ચોટલીયા, નીરાલીબેન કોરાટ, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પિયુષ કોરીંગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગઠ્ઠા, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા, મયુર ગોંડલીયા, ધવલ જેઠવા, મનીષ ત્રીવેદી, મનીષ ઠાકર, યશ સોની, ભુમી મહેતા, દિપક રાઠોડ, કૌશીક ઉનાગર, યસ રાદડીયા, પ્રિયાંશ ધિનોરા, પદ્માવતીબેન રોકાયેલ હતા.

# બિહારના સીએમ નીતિશ કુમારની છોકરીના પહેરવેશ પર ટિપ્પણી વાયરલ

## આ પહેલાં પણ સારણમાં નીતિશ કુમારની એક ટિપ્પણીને લઈને વિવાદ થયો હતો

બેગુસરાય : મુખ્યમંત્રી નીતિશ કુમાર આ દિવસોમાં બિહારનાં વિવિધ જિલ્લાઓની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ વિકાસ યોજનાઓની સમીક્ષા કરવાની સાથે નવાં પ્રોજેક્ટની જાહેરાત પણ કરી રહ્યાં છે. આજે બેગુસરાયમાં જીવિકા દીદી સાથેની વાતચીત દરમિયાન તેમણે મહિલાઓનાં પહેરવેશ અને અભિવ્યક્તિમાં આવેલાં



સકારાત્મક ફેરફારોની પ્રશંસા કરી હતી. જો કે, કેટલાક લોકોને તેની ટિપ્પણી અસ્વસ્થ લાગી હતી. આ પહેલાં સારણમાં પણ સીએમની એક ટિપ્પણીને લઈને વિવાદ થયો હતો.

બેગુસરાયમાં જીવિકા દીદી સાથે વાત કરતી વખતે, નીતિશ કુમારને કહેવું હતું કે પહેલાં છોકરી કેવા કપડાં પહેરતી હતી અને હવે તે ખૂબ વ્યવસ્થિત થઈ ગઈ છે.દરેક છોકરી સરસ કપડાં પહેરે છે અને તેઓ કેટલી અદ્ભુત લાગે છે પહેલાં આવું નહોતું હવે બહુ સારું છે. જ્યારે તેઓએ કહ્યું એવું કે પહેલાં છોકરીઓ કપડાં પહેરતી હતી ? આ રીતે નીતિશ કુમાર ફરી એકવાર જીભ લપસતા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યાં છે આ ટિપ્પણી બાદ સ્થળ પર હાજર મંત્રી વિજય કુમાર ચૌધરી અને સમ્રાટ ચૌધરી થોડા અસ્વસ્થ દેખાતાં હતાં અને તેઓએ વાત કાપીને મામલો સંભાળ્યો હતો. આ પહેલા સારણમાં પણ જીવિકા દીદી સાથેની વાતચીત દરમિયાન નીતિશ કુમારે કહ્યું હતું કે આપણે બધાનો જન્મ આપણી માતાએ કર્યો છે. આ ટિપ્પણી પર પણ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને મંત્રી વિજય કુમાર ચૌધરી અસ્વસ્થ દેખાતા હતા અને ઝડપથી સ્થળ છોડવાનો પ્રયાસ કરતાં જોવા મળ્યાં હતાં.



## આજનું ચિંતન

### લાગણી

- બેસ, બેસો અને બેસને – આ ત્રણેય શબ્દોનો ભેદ સમજાયને એ જ સાચી લાગણી.
- લાગણીના હોય ખજાના, માણસો એ જ લાગે મજાના.
- લાગણીનો ટેકો મળી જાય પછી લાકડીના ટેકાની જરૂર નથી પડતી.
- લાગણીઓ કયાંય નથી ખોવાતી, બસ મતલબ હોય ત્યાં નથી દેખાતી.
- લાગણીઓ માણસની અંદર રહેલા માણસનું સરનામું છે.
- લાગણીઓને કયાં દ્વાર હોય છે જયાં મન મળે ત્યાં જ હરિદ્વાર છે.
- લાગણીઓનું નીર, પ્રેમનું ખાતર નાખેને ત્યારે જ સંબંધોનું સિંચન થાય છે.
- લાગણીમાં બહુ ભીના થવું નહિ, કારણ કે નીચોવનારા તૈયાર બેઠા છે.
- કદર અને કિંમત સમયસર ન થાય તો લાગણી અને પ્રેમ વિદાય લઈ લે છે.
- ખબર અંતરનો અર્થ છે – 'અંતર' ભલે ગમે તેટલું હોય, પરંતુ 'ખબર' રાખવી એ જ સાચી લાગણી છે.

# ૧૮ જાન્યુઆરી વર્લ્ડ પીસ ડે બ્રહ્માકુમારીઝના સંસ્થાપક પ્રજા પિતા બ્રહ્માનો સ્મૃતિ દિવસ

### નિચ્છલ અને નિર્મલ હતા પિતાશ્રી બ્રહ્મા

દ્રઢ નિશ્ચયી, અથાક પરિશ્રમી, પરોપકારી, સચોટ પારખુ અને યથાર્થ નિર્ણય શક્તિ ધરાવનાર, હિંમત અને સાહસને પોતાના સાથી બનાવનાર, સમર્થ, શિવ પરમાત્મા પર સમ્પૂર્ણ નિશ્ચયબુધ્ધી, સદા સફળતામૂર્ત એવા સૌના અને પરમાત્મા શિવના પ્યારા એવા પિતાશ્રી બ્રહ્માબાબાનો આજે સ્મૃતિ દિવસ બ્રહ્માકુમારીઝ પુરા વિશ્વમાં ખુબ જ પ્રેમ અને શ્રધ્ધાપૂર્વક ઉજવી રહેલ છે. બ્રહ્મા પિતા સૌને પ્યારથી મીઠિ બચ્ચે કહીને બોલાવતા, સદાઉમંગ-ઉત્સાહમાં રહેતા અને સૌમાં બળ, શક્તિ ભરતા. તેઓ રમણિક છતાંયે ગંભીર હતા. તેમનું નિચ્છલ, નિર્મલ મન પરમાત્માને પણ પ્રિય હોવાથી તેમના આદર્શો, સંયમોને કારણે પરમાત્માએ પોતાની મહાવાણીમાં ઉચ્ચારણ અર્થે, તેમના જ અનુભવી તન(રથ)નો આધાર લીધો. આમ બ્રહ્માએ ભાગ્યશાળી રથ છેકે જેના મુખ કમલ દ્વારા આખાયે વિશ્વની સર્વ મનુષ્ય આત્માઓનો ઉધ્ધાર અથવા કલ્યાણ થયુ છે. પરમાત્માએ જે રથનો આધાર લીધો, તેમની જન્મપત્રી કે તેમના ૮૪ જન્મોની ગાથા સ્વયં બ્રહ્માબાબા પણ નહોતા જાણતા. પરમાત્માએ તેમના જ માધ્યમ દ્વારા, તેમના ૮૪ જન્મોનું અને આ સૃષ્ટિ ચક્રના આદિ-મધ્ય-અંતનુ જ્ઞાન આપ્યુ છે, વળી તેમના પુનઃજન્મો અને કર્મોની ગહન ગતિનું જ્ઞાન પણ આપ્યુ.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

### રાજયોગ દ્વારા પ્રાપ્ત નવી ઉમ્મીદ, નવી આશ, નવી દિશા

પિતાશ્રી બ્રહ્માએ તેમના ૬૦ વર્ષની ઉમરે, રાજયોગી બનવાનો દ્રઢ સંકલ્પ કર્યો તથા સંયમ-નિયમોનો ચુસ્ત પાલન કરીને, આળસ તેમજ અલબેલાપનને સમાપ્ત કર્યા અને અથાક બની આખાયે વિશ્વની સેવા કેવી રીતે કરી છે તે આપણે તેમની આ જીવન કહાનીમાં જોઈ રહ્યા છીએ. પરમાત્મા શિવ દ્વારા અપાયેલા રાજયોગના જ્ઞાનને, પ્રેક્ટિકલ જીવનમાં અમલમાં મુકવા માટે પિતાશ્રીએ બહુજ સુંદર, સરળ અને સ્પષ્ટ ભાષામાં સર્વ સમક્ષ મુક્યુ. મનુષ્ય જીવનમાં દુઃખ, અશાંતિ, ભય, ચિંતા અને બીમારીઓમાં પણ સ્વ-સ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે, યોગ લગાવવાવાળા યોગી નહી પરંતુ યોગી જીવનવાળા જ બનીએ તે માટેની વિશેષ ધારણાયુક્ત વાતોને બ્રહ્માબાબાએ પહેલા પોતાના માટે પ્રયોગી અને સફળતા પ્રાપ્ત કરી ત્યારબાદ બધા સમક્ષ મુકી છે. જે રોજબરોજની લાઈફમાં સામાન્ય કાર્યરત વ્યક્તિઓ માટે, ઘર ગૃહસ્થિઓ, વિદ્યાર્થીઓ અને વાનપ્રસ્થિઓ માટે પણ અમલમાં લાવવું સરળ બને છે. આ જ્ઞાન સ્વયંના મન-બુધ્ધિ પર નિયંત્રણ કરવા, વ્યવહારીક સમાધાન અને સ્વભાવ-સંસ્કારો પરિવર્તન માટે ખુબ જ ઉપયોગી બને છે. આમ સુધારવાની શરૂઆત સ્વયંથી કરીશું તો અન્ય વિશ્વના લોકોમાં પરિવર્તન આપમેળે જ થશે, તેવુ સૌ કોઈ અનુભવી રહ્યા છે. આ રીતે વર્તમાન સમયે દુનિયામાં મનોવિકૃતિઓ વધી રહી છે. તેવા સમયે દરેકને નવી દિશા, નવી આશ, નવી ઉમ્મીદો લાવતું આ ઈશ્વરીય જ્ઞાન મળી રહેલ છે, તેને સમજી સૌ કોઈ સ્વયંને ધન્ય ધન્ય અનુભવ કરે છે. આપણે પણ આજના બ્રહ્માબાબાના સ્મૃતિ દિવસ પર આ જ્ઞાન સમજવાની કોશિશ કરી સ્વયંના જીવનમાં ધન્યતાનો અનુભવ કરીએ. તે રીતે પિતાશ્રી બ્રહ્માબાબાને સાચા અર્થમાં શ્રધ્ધા સુમન અર્પિત કર્યુ કહેવાશે.

### પિતાશ્રી બ્રહ્માનો અંતિમ સદેશ

તેમના પ્રવચનમાં તેમનો મુખ્ય આદેશ સ્પષ્ટ પ્રકટ થયો છે કે જે તેમણે ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ ના રાત્રી ક્લાસમાં આપ્યો હતો. તેમણે મનુષ્યને 'નિરાકારી', 'નિર્વિકારી' તથા 'નિરહંકારી' બનવાનો, જે સ્વયંનો એ ઉત્તમ પુરૂષાર્થ રહ્યો હતો તેનો સદેશ આપ્યો છે. સ્વયંને એ સત્ય સ્વરૂપમાં સ્થિર કરી દો કે 'આત્મા હું નિરાકારી છું'. સાથે વિકાર રહિત રહેવા માટે કહ્યુ અને સર્વમાં વ્યાપ્ત અને વિકારોમાં જે સર્વોપરિ છે તે છે અભિમાન, અને અહમ છોડવા કહ્યુ. કારણ કે જે શરીરની ચેતના(બોડી કન્સીયસ)ને વધારે છે અને જેને કારણે અન્ય સર્વ વિકારો મનુષ્ય જીવનમાં પ્રવેશ કરે છે. આથી દેહ અભિમાન છોડવા માટેનો ઉપદેશ તેઓએ આપ્યો. તેમણે સર્વને એ પણ કહ્યુ કે- તમો ઈશ્વર સાથે પ્રેમપૂર્ણ અને સચેતન સંબંધ રાખો કારણ કે તેનાથી અનેક જન્મોમાં થયેલ પાપકર્મો (વિકર્મો)થી અને તેવા સંસ્કારોના પ્રભાવથી આત્માનો છૂટકારો થઈ શકે છે અને સર્વ દુઃખ તથા પીડાનું નિવારણ થઈ શકે છે. આમ પિતાશ્રીનો સંદેશ- પ્રેમ, અનુકંપા (કરૂણા) અને ઈશ્વરને આધીન વિશ્વ ભાતૃત્વ ભાવના ફેલાવાનો હતો. આવી ઉચ્ચ વિચારધારાને કારણે આજે વિશ્વમાં અનેક માનવ, જાતિઓ, રાષ્ટ્રીય કલાઓનું વાસ્તવિક એકીકરણ થયુ છે અને અનેક કષ્ટોથી પીડિત વિશ્વને આશા જાગવા સાથે શાંતિ મળી છે જે સર્વ પ્રેક્ટિકલમાં જોઈ રહ્યા છીએ. ઓમ શાંતિ... શાંતિ...શાંતિ.

# આંબેડકર નગરના બે યુવકે પોલીસ સ્ટેશન નજીક ફિનાઈલ ગટગટાવ્યું

શહેરના ૧૫૦ ફુટ રિંગ રોડ પર આંબેડકર નગરમાં રહેતા બે યુવકે માલવિયા નગર પોલીસ સ્ટેશન નજીક જ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર નગરમાં રહેતાં અનિલ પરસોત્તમભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) અને મૌલિક મનોજભાઈ રાઠોડ (ઉ.વ.૨૦) બંને યુવકે ગઈ કાલ રાત્રિના ૧૦ વાગ્યાં આસપાસ માલવિયા નગર પોલીસ સ્ટેશનની નજીક ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદ બંનેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ક્યાં કારણોસર ફિનાઈલ ગટગટાવ્યુ તે હજું જાણવા મળેલ નથી. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવીયા નગર પોલીસને જાણ કરી હતી.

# અમરેલી લેટરકાંડમાં મહિલા પર પોલીસ દમન સામે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં ફરિયાદ

## મૂળ રાજકોટ અને હાલ હાઈકોર્ટમાં વકીલાત કરતા એડવોકેટ બ્રિજ શેઠે ફરીયાદ નોંધાવી છે

રાજકોટ, તા.૧૮

અમરેલીના લેટરકાંડમાં વધુ એક કાર્યવાહીના એંધાણ થઈ રહ્યા છે. મહિલા પર પોલીસ દમન સામે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં મૂળ રાજકોટ અને હાલ હાઈકોર્ટમાં વકીલાત કરતા એડવોકેટ બ્રિજ શેઠે ફરીયાદ નોંધાવી છે.

અમરેલી પોલીસ સ્ટેશનમાં ભાજપ અગ્રણીના લેટરપેડનો તેમજ સહી અને સિક્કાનો દુરઉપયોગ કરવામાં આવેલ હોવાના કથીત બનાવ આધારે એફ.આઈ.આર. નોંધવામાં આવેલ હતી. જે ફરીયાદમાં આરોપીઓની ધડપકડ થયેલ અને પાટીદાર સમાજની એક યુવા દીકરીને પણ આરોપી બનાવી મોડી રાતે તેણીના નિવાસ સ્થાનેથી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ. રીકન્સ્ટ્રકશનના બહાને મહીલા આરોપી સહીત તમામ આરોપીઓનું સરઘસ કાઢવામાં આવેલ. નેશનલ હ્યુમન રાઈટસ કમિશનની ગાઈડલાઈન વિરૂધ્ધ મહીલા પ્રજાજનના બંધારીણીય હકકો અને માનવ અધિકાર ઉપર પોલીસના અતિક્રમણ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા બ્રિજ વિકાસ શેઠે નેશનલ હ્યુમન રાઈટસ કમિશનમાં ફરીયાદ કરેલ છે. જે તે ફરીયાદમાં તેમણે ભોગ બનનાર દિકરી અને તેને વેઠેલી તકલીફો તેમજ પોલીસ તંત્ર અને જવાબદાર અધિકારીઓ દ્વારા તેની સાથે કરવામાં આવેલ ગેરકાયદેસર, અપમાનજનક, ગેરબંધારણીય તેમજ માનવીય અધિકારનો સરેઆમ ભંગ થયા બદલ ભોગ બનનાર દિકરીને ન્યાય આપવા માટે નેશનલ હયુમન રાઈટસ કમિશનને વિનંતી અરજી કરેલ છે. કમિશને આ ફરીયાદ સ્વીકારી તા.૧૬/૧/૨૫ના રોજ રજીસ્ટર કરેલ છે. ટૂંક સમયમાં આગળની કાર્યવાહી થશે. દિકરીને ન્યાય આપવા માટે ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટીશ કરતા એડવોકેટ બ્રિજ વિકાસ શેઠે ફરીયાદ કરેલ છે.

## સુવિચાર

જિંદગી જયારે પરીક્ષા લે છે ત્યારે પેપર ચેક કરવાનું કામ સંબંધીઓ જ કરતા હોય છે !!

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
પોષ વદ-૫, તા.૧૯/૧/૨૫, રવિવાર

સૂર્યોદય : ૭-૩૦, સૂર્યાસ્ત : ૬-૨૪, જૈન નવકારશી : ૮.૧૮
રાશિ : કન્યા. (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-ધન, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-ધન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-કુંભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** અત્યંત સાવધાનીપૂર્વક દિવસ પસાર કરો, વાદ વિવાદ ટાળવા, કર્જ ન કરવું, આત્મવિશ્વાસ વધારવાથી પ્રશ્નો હળવા થાય.
**વૃષભ :** શુભેચ્છકો તરફથી શુભેચ્છા મેળવશો, નવી નોકરીની ઓફર આવે, જોકે પરિવર્તન કરવા બાબત કોઈ ઉતાવળ ન કરવી.
**મિથુન :** નાણાકીય બાબતોને લઈને માનસિક ટેન્શન રહે, પેટને લગતી તકલીફોથી જાળવવું, પ્રવાસમાં સાવધાની રાખવી.
**કર્ક :** આવક કરતા ખર્ચ ન વધે તે બાબતમાં સતર્કતા રાખજો, વધુ પડતા ભૌતિકવાદથી દુર રહેજો.
**સિંહ :** બીજાને મદદ કરવાની ઈચ્છા પ્રબળ બનવાની, દિવસ દરમ્યાન નવી વ્યકિતઓ સાથે મુલાકાત થાય.
**કન્યા :** કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, પરિવારના વડીલો માટે પ્રવાસ થાય, ઉત્સાહ જળવાઈ રહે, ભીડભાડથી દુર રહેવું.
**તુલા :** વ્યકિતત્વનો વિકાસ થવાનો, લગ્નની ઈચ્છા ફળવાની, નોકરીમાં પગાર વધવાની શકયતા, નવી એજન્સીની ઓફર આવે.
**વૃશ્ચિક :** વેપારમાં અનુકુળતા વધવાની છતાં નવું રોકાણ ન કરવું, મહત્વની વ્યકિતની મુલાકાત થાય.
**ધન :** રહેણાકના મકાનમાં કોઈ મનગમતા ફેરફારો કરવાની ઈચ્છા સફળ થાય, કાનુની પ્રશ્નો ટાળવા.
**મકર :** આવશ્યકતા અનુસાર નાણાકીય લાભ રહે, બપોર પછીનો સમય કોઈ સારો લાભ.
**કુંભ :** નોકરીમાં કોઈ પરિવર્તન થાય, બદલીના ચાન્સ, અંધશ્રધ્ધામાં ન પડવું, કર્જમાં રાહત થવાની.
**મીન :** યુવા વર્ગને રોમાન્સમાં સફળતા રહે, સ્વાસ્થ્ય બાબત બેદરકારી ન રાખવી, આત્મવિશ્વાસ વધારજો.

## ભૂમિ વિવાદો ઘટાડવા શરૂ થયેલી સ્વામિત્વ યોજના અંતર્ગત...

# વડાપ્રધાન મોદીના હસ્તે ૬૫ લાખ માલિકોને ઓનલાઈન પ્રોપર્ટીકાર્ડ વિતરણ

**ગુજરાત સહિત છતીસગઢ, હિમાચલ, મિઝોરમ, પંજાબ સહિતના રાજ્યોના સંપતિ માલિકોને પ્રોપર્ટીકાર્ડ ઈશ્યુ**

નવી દિલ્હી તા.૧૮

દેશમાં ભૂમિ વિવાદોને ઘટાડવા શરૂ થયેલી સ્વામિત્વ યોજના અંતર્ગત વડાપ્રધાન મોદીએ આજે ૬૫ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું ઓનલાઈન વિતરણ કર્યું હતું. આ પગલાથી દેશના ૨૩૦થી વધુ જિલ્લાના લગભગ ૫૦ હજાર ગામોમાં સંપતિ માલિકોને ફાયદો થશે. આ તકે વડાપ્રધાન મોદીએ વિડીયો કોન્ફરન્સીંગથી સંબોધન કરતા જણાવ્યું હતું કે આજનો દિવસ દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થા માટે ઐતિહાસિક છે. આ એક મોટી સમસ્યા હતી, પરંતુ રાજય સરકારો, અધિકારીઓ અને ગ્રામ પંચાયતોના હજારો સહયોગીઓની કોશિશોથી લાખો લાભાર્થીઓને સ્વામીત્વ યોજનાનો લાભ




મળ્યો છે.

કાર્યક્રમમાં છતીસગઢ, ગુજરાત, હિમાચલ, મહારાષ્ટ્ર, મિઝોરમ, જમ્મુ-કાશ્મીર વગેરે રાજયોના સંપતિના માલિકોને પ્રોપર્ટી કાર્ડ વિતરીત કરાયા હતા.

શું છે સ્વામિત્વ યોજના? સ્વામિત્વ કાર્ડ અથવા માલિકી કાર્ડનો એક મુખ્ય ફાયદો જમીન વિવાદો ઘટાડવાનું છે. જમીન માલિકીના સ્પષ્ટ દસ્તાવેજીકરણ પ્રદાન કરીને આ યોજના મિલકત અધિકારો અંગે વારંવાર ઉદ્ભવતા સંઘર્ષોને ઘટાડવામાં મદદ કરશે. ગ્રામજનો હવે આત્મવિશ્વાસપૂર્વક તેમની માલિકીનો દાવો કરી શકે છે. આમ, સમુદાયોમાં શાંતિ સ્થાપિત થાય છે. સ્વામિત્વ યોજના હેઠળ ગામડાંના અબાદી સર્વેક્ષણ અને ગ્રામ્ય વિસ્તારોમાં સુધારેલી ટેક્નોલોજી સાથે મેપિંગ થાય છે. આ કાર્ડ માલિકીના પુરાવા તરીકે કામ કરે છે, જેનાથી ગ્રામજનો તેમની મિલકતનો નાણાકીય સંપત્તિ તરીકે ઉપયોગ કરી શકે છે.

૧.૫ કરોડ ભારતીયો પાસે છે સ્વામિત્વ કાર્ડ સ્વામીત્વ યોજના હાલમાં ૨૯ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશમાં કાર્યરત છે, જેમાં આશરે ૨.૫ લાખ ગામોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે અને ૧.૫ કરોડથી વધુ માલિકી કાર્ડ/સ્વામિત્વ કાર્ડ આપવામાં આવ્યાં છે. આ વ્યાપક કવરેજ ગ્રામીણ નાગરિકોને તેમના મિલકત અધિકારોની કાનૂની માન્યતા પ્રદાન કરે છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



રાઉન્ડ ધ પાસ જમ્બો પઝલ
માધવી નરેશ શાહ

**આડી ચાવી**
૧. સુભાષચંદ્ર બોઝની સેના (૭)
૬. ઈલાજ (૪)
૯. ભારતના સૌથી લોકપ્રિય ગઝલ ગાયક (૬)
૧૨. ગુનેગારને અહીં રખાય (૨)
૧૩. શાકમાર્કેટ હિન્દી (૪)
૧૪. અભિપ્રાય (૨)
૧૫. હદમાં પ્રવેશવાની બંધી (૪)
૧૮. ગુનેગારને થાય (૨)
૧૯. જેકી શ્રોફની એક ફિલ્મ (૨)
૨૧. હેરાન કરવું (૪)
૨૨. શ્રવણે માતા પિતાને શેમાં જાત્રા કરાવેલી (૩)
૨૪. સોનીકામ શીખવાડતી જગા (૫)
૨૬. ટર ઉંધુ લખો (૨)
૨૭. સરભર (૪)
૨૯. કાસ-ઉંધુ લખો (૨)
૩૦. દિવાસળી-ઉંધુ લખો (૪)
૩૩. મૃતદેહને ઓઢાડાતુ વસ્ત્ર (૩)
૩૫. શરીરમાં એ બે હોય છે (૨)
૩૬. એક જ અક્ષર આવશે (૩)
૩૭. વંટોળિયો (૪)
૩૯. રામને એઠા બોર ખવડાવનાર (૭)
૪૧. માચિસ (૩)
૪૩. વાસણ પર બાઝતી કાળાશ (૨)
૪૫. પાણી એમાંથી આવે (૨)
૪૭. સરમુખત્યાર ... હુસૈન (૩)
૪૯. સિંગતેલ શેમાંથી બને ? (૪)
૫૧. આરામનો સમય (૩)
૫૩. છુટ્ટી (૨)
૫૪. આદિત્ય, સૂર્ય (૨)
૫૭. અપશબ્દ (૨)
૫૮. નરગીસના પુત્ર (૫)
૫૯. ઉંચે ઉડતું પક્ષી (૩)
૬૩. પગની ધુળ (૫)
૬૪. સાડીનું એક વચન (૩)
૬૫. અહીં આતંકવાદી હુમલો થયેલો (૪)
૬૭. દાળભાત હિન્દી (૫)
૬૯. બકરાની સાળી (૩)
૭૧. ડોનેશન (૨)
૭૨. રાજકોટ-જસદણ વચ્ચેનું નગર (૪)
૭૩. નજરે ન ચડતી ધુળ (૫)
૭૪. સમુહગાન (૩)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શં | ક | ર | ને | ત્રા | લ | ય | | બો | બી |
| કા | | બ | | વ | | શ | ક | લ | |
| | બા | ળ | પ | ણ | | | | ર | જા |
| | | | | કો | લ | બે | લ | | મ |
| અ | પ | રં | પા | ર | | ર | વ | | કં |
| પ | ળ | | | | વા | લ | | દ | ડો |
| ના | | અ | હો | ભા | વ | | પ | વા | ર |
| પ | | હં | | ગી | | ક | ક્ષ | | ણા |
| ન | | કા | | દા | | સ | પા | ટ | |
| | હ | ર | હ | ર | | ર | ત | ન | |

**ઉભી ચાવી**
૧. મેંગો, કેરી હિન્દી (૨)
૨. સંજય લીલા ભણશાળીની સિરીઝ (૪)
૩. સૈન્ય (૨)
૪. તે .... છે (૬)
૫. એક દેવતા (૩)
૭. 'ઝીણામાં ઝીણી' માહિતી (૪)
૮. એક કઠોળ (૨)
૧૦. હારનું વિરોધી (૨)
૧૧. મર્યાદા (૨)
૧૩. સાજસજજા (૪)
૧૬. પુણ્યનું વિરોધી (૨)
૧૭. મોરબીની ઐતિહાસિક જગ્યા (૫)
૧૮. કારણ સાથે (૪)
૨૦. સંપતિનો પ્રથમ હકકદાર (૩)
૨૩. ફિલ્મ :: ... છોડ દી મૈને (૪)
૨૫. માંસાહારીનું વિરોધી (૪)
૨૭. ફાલતુ વાત (૪)
૨૮. મસ્કા ... (૨)
૩૧. સર્કસ જોડણી છુટ્ટી પાડો (૪)
૩૨. વારસો મેળવનાર (૫)
૩૪. પ્રયોગશાળાનું એક સાધન (૪)
૩૮. વધુ આવતા અંકે (૩)
૪૦. શકિત, તાકાત (૨)
૪૨. વેપાર, બિઝનેસ (૩)
૪૪. ટ્રેન (૪)
૪૬. ધર્મશાળા-હિન્દી (૩)
૪૮. હળવી રમૂજ (૩)
૫૦. ફ્રુટ (૨)
૫૧. ઈલેકટ્રીસીટી (૩)
૫૨. અમરીશ પુરીના અભિનેતા ભાઇ (૫)
૫૫. વિકૃતિ (૩)
૫૬. અસર કરનારૂ (૫)
૬૦. માર્ગ (૩)
૬૧. બેડલકનું વિરોધી (૪)
૬૨. હવા આવ-જા કરી શકે તેવું (૪)
૬૩. એક ડ્રગ્સ (૩)
૬૪. લાયન (૩)
૬૬. રામચરિત ... (૩)
૬૮. બે વતા બે (૨)
૭૦. કવિતાના સર્જક (૨)

# વોડાફોન સહિતની ટેલીકોમ કંપનીઓની રૂા.૧ લાખ કરોડની રકમ માફ કરવા સરકારની તૈયારી

## એડજેસ્ટમેન્ટ ગ્રોથ રેવન્યુના લાંબા સમયના ડયુમાં રાહત મળી શકેઃ ભારતી એરટેલ અને ટાટા ટેલી સર્વિસને પણ ફાયદો

નવી દિલ્હી તા.૧૮
દેશની ટેલીકોમ કંપનીઓ માટે એક મોટા રાહતના સમાચાર આવી રહ્યા છે. સરકારે લાંબા સમયથી ટેલીકોમ કંપનીઓ પાસેના એડજેસ્ટમેન્ટ ગ્રોથ રેવન્યુની રૂા.૧ લાખ કરોડથી વધીની રકમ માંડવાળ કરવા નિર્ણય લીધો છે અને તેના કારણે સૌથી વધુ ફાયદો વોડાફોન-આઈડીયા અને ભારતીય એરટેલને થશે. ૨૦૧૯માં સુપ્રીમકોર્ટે આ અંગે સરકારને આદેશ આપવા નિર્ણય લીધો હતો. જંગી સરકારી લેણાના કારણે વોડાફોન જેવી કંપનીઓ માટે મોટી નાણાકીય સ્થિતિ સર્જાઈ હતી અને એક તબકકે તેનુ કામકાજ બંધ થઈ શકે છે તે પણ શકયતા દર્શાવાતી હતી. રૂા.૧ લાખ કરોડથી વધુની જે બાકી રકમ છે તેમાં વોડાફોન-આઈડીયાના રૂા.૫૨ હજાર કરોડ જેટલું ડયુ સરકાર પાસે છે. ભારતી એરટેલ પાસે રૂા.૩૮ હજાર કરોડ અને ટાટા ટેલી સર્વિસ કે જે બંધ થઈ ગઈ છે તેની પાસે રૂા.૧૪ હજાર કરોડ જેવી મોટી રકમ બાકી છે. જો કે રિલાયન્સ જીઓએ અગાઉ જ તેના તમામ ડયુ ભરી દીધા છે. એક વખત જો સરકાર આ રકમ માફ કરે તો વોડાફોન માટે સૌથી વધુ રાહત હશે. સરકારે અગાઉ વોડાફોનના અન્ય લેણા પેટે તેની શેરમૂડી મેળવી હતી.

# રાજકોટ જિલ્લા ફરિયાદ સંકલન સમિતીની બેઠકમાં અનાજ વિતરણ,આવાસ ફાળવણી સહિતના પ્રશ્નો ઉછળ્યા

## જનકલ્યાણની ભાવના સાથે તમામ સરકારી વિભાગોના અધિકારીઓને કામગીરી કરવા તાકીદ



રાજકોટ,તા.૧૮
રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક ઈન્ચાર્જ જિલ્લા કલેકટર તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.કલેકટર કચેરી ખાતે મળી હતી.

આ બેઠકમાં રાજકોટના મેયર નયનાબહેન પેઢડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબહેન શાહ, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાએ જનહિતલક્ષી વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. આ મામલે વિવિધ વિભાગ દ્વારા થતી કામગીરી તેમજ આગામી સમયમાં થનારી કામગીરીની વિગતો રજૂ કરાઈ હતી. સમિતિ અધ્યક્ષ દ્વારા આ રજૂઆતો સંદર્ભે યોગ્ય કામગીરી ઝડપથી કરવા સુચના આપવામાં આવી હતી.

ઉપસ્થિત પદાધિકારીઓ દ્વારા અનાજ વિતરણ વ્યવસ્થા, નવા વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવાની સંભાવનાઓ, લાભાર્થીઓને આવાસની ફાળવણીની પ્રક્રિયા ઝડપથી કરવા સહિતના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ જનકલ્યાણની ભાવના સાથે દરેક વિભાગના અધિકારીશ્રીઓને આગોતરા આયોજન સાથે કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા નોંધણી સર નિરીક્ષક અધિકારી ડી.જે. વસાવા દ્વારા વિવિધ બાબતો પરની સ્ટેમ્પ ડ્યુટી અંગે સમજૂતી આપવામાં આવી હતી. ખૂટતી કે અધૂરી સ્ટેમ્પ ડ્યુટીવાળા દસ્તાવેજ માન્ય ન ગણાય, તે બાબત પર ભાર મુકાયો હતો.

આ બેઠકમાં ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એ. કે. વસ્તાણી, રાજકોટ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ, ટ્રાફિક ડીસીપી સુશ્રી પૂજા યાદવ, નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમ, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન જી. વી. મિયાણી, નાયબ વન સંરક્ષક, નગર પાલિકાના પ્રાદેશિક કમિશનર કચેરીના અધિક કલેકટર સુશ્રી ઇલાબહેન ચૌહાણ,જિલ્લાના પ્રાંત અધિકારીશ્રીઓ, અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આત્મહત્યા માટે ઉશ્કેરવાની કલમના ઉપયોગ પર ખૂબ જ કાળજી રાખવા પોલીસ-અદાલતને સુપ્રીમની તાકીદ

## કોર્ટે કહ્યું કે પોલીસ આઈપીસીની કલમ ૩૦૬નો ઉપયોગ બેદરકારીથી અને ખૂબ જ સરળતાથી કરે તેમ ન થવું જોઈએ



નવી દિલ્હી,તા.૧૮
સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે ભારતીય દંડ સંહિતા હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરવાની કલમને ફક્ત મૃતકના પીડિત પરિવારનાં સભ્યોની લાગણીઓને સંતોષવા માટે કોઈ વ્યક્તિ વિરુદ્ધ યાંત્રિક રીતે લગાવવી જોઈએ નહીં.

ન્યાયમૂર્તિ અભય એસ ઓકા અને કેવી વિશ્વનાથનની ખંડપીઠે જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓએ સંવેદનશીલ હોવું જોઈએ જેથી લોકોને એવી પ્રક્રિયાનો દુરુપયોગ ન કરવો પડે જે સાબિત ન થઈ શકે.

બેન્ચે કહ્યું, 'એવું લાગે છે કે પોલીસ આઈપીસીની કલમ ૩૦૬નો ઉપયોગ બેદરકારીથી અને ખૂબ જ સરળતાથી કરે છે. જ્યારે સાચા કારણો હોય ત્યાં સાચા કેસમાં સંડોવાયેલી વ્યક્તિઓને બક્ષવામાં ન આવે, આ જોગવાઈનો ઉપયોગ માત્ર મૃતકના દુ:ખી પરિવારની તાત્કાલિક લાગણીઓને સંતોષવા માટે થવો જોઈએ નહીં.

બેન્ચે કહ્યું, 'સંબંધિત વ્યક્તિનાં કમનસીબ મૃત્યુ પહેલાં પ્રસ્તાવિત આરોપી અને મૃતકનું વર્તન, તેમની ક્રિયાપ્રતિક્રિયા અને વાતચીતને વ્યવહારિક દષ્ટિકોણથી જોવી જોઈએ.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ગૌણ અદાલતે પણ કાળજી અને તકેદારી રાખવી જોઈએ અને જો કોઈ કેસમાં તપાસ એજન્સીઓ કલમ ૩૦૬ના બેદરકારી પુર્વક ઉપયોગ કરતી હોય તો તેની અવગણના ન કરવી જોઈએ અને રમત રમવાનું વલણ ન અપનાવવું જોઈએ.

સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય મહેન્દ્ર આવસે નામનાં વ્યક્તિની અપીલ પર આવ્યો છે. અવસેએ મધ્યપ્રદેશ હાઈકોર્ટનાં આદેશને પડકાર્યો હતો. મધ્યપ્રદેશ હાઈકોર્ટે આઈપીસીની કલમ ૩૦૬ હેઠળ સજાપાત્ર અપરાધોમાંથી મુક્ત થવાની અરજીને ફગાવી દીધી હતી.

રેકોર્ડ મુજબ, એક વ્યકિતએ આત્મહત્યા કરી હતી અને તેનાં મૃત્યુ પહેલાં તેણે એક ચિઠ્ઠી લખી હતી જેમાં તેણે કહ્યું હતું કે આવસે તેને હેરાન કરી રહ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે આઈપીસીની કલમ ૩૦૬ ના દાયરામાં આવવા માટેનો કેસ આત્મહત્યાનો હોવો જોઈએ અને એ હકીકત પણ હોવી જોઈએ કે કથિત વ્યક્તિએ આ અપરાધ માટે ઉશ્કેરણી કરી હોય અથવા વ્યક્તિને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી હોય.

# હું તો સાધ્વી બનીને જ રહીશઃ સગીર હોઈ કુંભમાં અખાડાથી પાછી ફરેલી કિશોરીની કેફીયત

## મારા ગુરૂ મહંત કૌશલગીરીનો કોઈ દોષ નથી, તેમને અખાડામાં પાછા લઈ લેવા જોઈએ:સગીરા



આગ્રા તા.૧૮
પ્રયાગરાજમાં કુંભમેળામાં ૧૩ વર્ષની કિશોરી રાખી જુના અખાડામાં સાધ્વી તરીકે સામેલ થઈ હતી. પણ તે સગીર હોવાથી ઘેર મોકલી દેવામાં આવી હતી. સગીરાને સાધ્વી બનાવનાર જુના અખાડાનાં મહંત કૌશલગિરીને ૭ વર્ષ માટે અખાડામાંથી કાઢી મુકાયા હતા. દરમ્યાન ૨૨ દિવસ બાદ પોતાના ગામ ટરકપુરમાં પાછી ફરેલી આ સાધ્વીએ જણાવ્યું હતું કે હું તો સાધ્વી બનીને જ રહીશ. જુના અખાડામાં કંઈ એમ જ જગ્યા નહોતી મળી.

સગીરાએ જણાવ્યું હતું કે તે દીદી ઋતંભરા વૃંદાવન આશ્રમમાં રહીને ભણીને સનાતન ધર્મનો પ્રચાર કરશે. સગીરાએ જણાવ્યું હતું કે મારા ગુરૂ પર જે આરોપો લગાવાયા છે તે ખોટા છે જુના અખાડાને મારો અનુરોધ છે કે મારા ગુરૂને જુના અખાડામાં ફરી લઈ લેવામાં આવે તેમનો કોઈ દોષ નથી.

# રાજસ્થાનની ૪૫૦ સરકારી શાળાઓને બંધ કરવા ભાજપ સરકારનો નિર્ણય

જયપુર ,તા.૧૮
રાજસ્થાનમાં પ્રાઈમરી સ્કૂલ બાદ હવે ૧૬૦ સેકન્ડરી સ્કૂલ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભજનલાલ સરકારે ગત ૧૦ દિવસોમાં ૧૯૦ પ્રાઈમરી સ્કૂલ અને ૨૬૦ સેકન્ડરી સ્કૂલ સહિત ૪૫૦ સરકારી શાળાને બંધ કરી દેવામાં આવી છે. માધ્યમિક શિક્ષણ નિયામક આશિષ મોદીએ રાજ્યભરમાં ૨૬૦ સરકારી શાળા બંધ કરવાનો આદેશ કર્યો છે. જોકે, અંગ્રેજી માધ્યમની મહાત્મા ગાંધી સ્કૂલ બંધ કરવામાં નથી આવી. મળતી માહિતી મુજબ, બંધ થનારી તમામ શાળા હિન્દી માધ્યમની છે. આ શાળાઓમાંથી બિકાનેરમાં ભાજપ ધારાસભ્ય અંશુમન સિંહ ભાટીના ઘર પાસે સ્થિત એક કન્યા શાળાને પણ બંધ કરી દેવામાં આવી છે, આ શાળામાં આશરે ૩૦૦ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી હતી. બંધ કરવામાં આવેલી ૨૬૦ શાળામાંથી ૧૪ શાળાની સીનિયર સેકન્ડરી સ્કૂલ પણ છે. આ શાળામાં બાળકોનું નામાંકન પણ એકદમ ઓછું હતું, જેથી આ શાળાઓને બંધ કરી નજીકની બીજી શાળામાં મર્જ કરી દેવામાં આવી છે. જેમાં જયપુર, અજમેર, પાલી, બ્યાવર, બીકાનેર, હનુમાનગઢ, ઉદયપુર અને જોધપુરની શાળાનો સમાવેશ થાય છે.

# રિલાયન્સે ક્રિપ્ટોકરન્સી જીઓ-કોઈન લોન્ચ કર્યા! સોશ્યલ મીડીયામાં તસ્વીર વાયરલ

## બ્લોકચેઈન કંપની સાથે રિલાયન્સ જીઓની પાર્ટનરશીપ પરથી 'આઈડીયા' લેવાયોઃ કંપની મૌન







મુંબઈ: દેશના જાણીતા ઉદ્યોગગૃહ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ટેલીકોમ અને ફાયનાન્સીયલ સાહસ 'જીઓ' જે રીટેલમાં પણ અગ્રણી છે તેના ઘણા 'જીઓ કોઈન' લોન્ચ કરાયાના અહેવાલ સોશ્યલ મીડીયા પર વાયરલ થયા છે. જીઓ ફાઈનાન્સીયલ સર્વિસ જે અનેક પ્રકારની નાણાકીય સેવાઓ પુરી પાડે છે તેના દ્વારા આ જીઓ-કોઈન લોન્ચ થયાના અને તેની તસ્વીરો સોશ્યલ મીડીયા પર વાઈરલ થયા હતા અને મુકેશ અંબાણીની કંપની હવે ક્રિપ્ટોકરન્સી- ક્ષેત્રમાં પ્રવેશી રહી હોવાની ચર્ચા શરૂ થઈ હતી. જો કે ભારતમાં હજુ આ ડિજીટલ કરન્સી પુરી માન્ય નથી. ફકત તેના વ્યવહારો પર ટેક્ષ લાગે છે.

જીઓ પ્લેટફોર્મ જે ફાયનાન્સીયલ સેવા પુરી પાડે છે અને રિલાયન્સનુ ટેકનોલોજીએ હાલમાં જ ભારતીય સ્ટાર્ટઅપ પોલીગોન લેબ જે વેબ-ટુ અને બ્લોક ચેઈનમાં જાણીતી છે તેની સાથે તેની ટેકનોલોજી સેવા અંગે કરાર કર્યા છે. જેનો લાભ જીઓ-ટેલીકોમ સહિતની સેવાઓના ૪૫ કરોડથી વધુ ગ્રાહકોને મળશે. બ્લોકચેઈન એ ક્રિપ્ટોકરન્સીમાં ઉપયોગમાં લેવાની ટેકનોલોજી છે તેથી આ અંગે જીઓ-કોઈન જે કદી લોન્ચ થયુ જ નથી તેના અહેવાલ વાયરલ થયા હોવાનું માનવામાં આવે છે. જો કે જીઓ કોઈનની તસ્વીરો વાયરલ થઈ હતી છતા કંપની તરફથી કોઈ પ્રતિભાવ આપ્યો નથી એવી પણ ચર્ચા ચાલુ છે. જીઓના ફોન રિચાર્જમાં અને રીલાયન્સના પેટ્રોલ પંપ પર તેનો ઉપયોગ થઈ શકશે!

## પ્રદેશપ્રમુખ જાહેર થવાના સમયે હજુ જીલ્લા-મહાનગરો 'રાહ' જુએ છે

# ડખ્ખે ચડેલી ભાજપ સંગઠન નવરચના વચ્ચે રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા અમદાવાદમાં

## મુખ્યમંત્રી દ્વારા સ્વાગતઃ સતાવાર ઉપરાંત ભાજપના કાર્યક્રમોમાં હાજરીઃ સંગઠન અંગે 'માર્ગદર્શન' આપશે! કાલે ભુપેન્દ્ર યાદવ આવે છે



રાજકોટ: ગુજરાતમાં ભાજપની ડખ્ખે ચડેલી સંગઠન નવરચનામાં જયારે કમુરતા બાદ પ્રદેશ પ્રમુખની નિયુક્તિ થવાની હતી ત્યાં જીલ્લા-મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ પુર્વની તમામ પ્રક્રિયા પુરી કર્યા બાદ પણ હજુ નામો અંગે સસ્પેન્સ છે અને અનેક જીલ્લા-મહાનગરોમાં વિવાદ પણ છે તે વચ્ચે પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાનો બે દિવસનો ગુજરાત પ્રવાસ હશે. આ પ્રક્રિયા આગળ વધારે છે કે કેમ તેના પર સૌની નજર છે.

શ્રી નડ્ડાના સતાવાર કાર્યક્રમો તો અલગ જ છે પણ તેઓ સંગઠન નવરચના અંગે પણ ખાસ કરીને પ્રદેશ પ્રમુખની નિયુક્તિ માટે જયારે કેન્દ્રીય નિરીક્ષક તરીકે પુર્વ પ્રભારી તથા કેબીનેટમંત્રી ભુપેન્દ્ર યાદવ નિયુક્ત થયા છે અને તેઓ આવતીકાલે ગાંધીનગર આવી રહ્યા છે તે પુર્વ નડ્ડાનું માર્ગદર્શન મહત્વનું બની રહેશે.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજયભરમાં અસંતોષના કારણે ભાજપના અનેક એજન્ડા અટકી પડયા છે અને હવે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની તથા જૂનાગઢ મહાપાલિકાની ચુંટણીઓ પણ આવી રહી છે તેથી જીલ્લા-પ્રમુખોની નિયુક્તિમાં ભાજપ સંભાળપૂર્વક આગળ વધશે તો મહાનગરોના વિવાદો જાણીતા છે. આજે શ્રી નડ્ડાના આગમન બાદ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે તેમને આવકાર્યા હતા. જેમાં પ્રદેશ મહામંત્રી શ્રી રજની પટેલ પણ હાજર રહ્યા હતા. શ્રી નડ્ડા અમદાવાદ ભાજપના ખાનપુર કાર્યાલયમાં પક્ષની બેઠકને સંબોધન કરશે. તેઓ તબીબોની એક બેઠકને પણ સંબોધન કરનાર છે.

## મધ્યપ્રદેશના ગ્વાલિયરનો બનાવ

# દિકરીની જીદ બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવાની ભારે પડીઃ પોલીસ અને પંચાયતની હાજરીમાં પિતાએ ગોળીમારી મારી નાખી!!



ગ્વાલિયર,તા.૧૮
મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં મંગળવારે રાતે નવ વાગ્યે ગોલા કા મંદિર વિસ્તારમાં મહેશ ગુર્જર નામના પિતાએ તેની ૨૦ વર્ષની દીકરી તનુ ગુર્જરની પોલીસ અને પંચાયતની હાજરીમાં જ દેશી બનાવટની પિસ્ટલમાંથી ગોળી છોડીને હત્યા કરી હતી. તનુનાં લગ્ન આજે થવાનાં હતાં.પણ જેની સાથે થવાનાં હતા એના બદલે તનુ આગરાના ભીકમ વિકી મવઈને પ્રેમ કરતી હતી. અને તેઓ છ વર્ષથી રિલેશનશિપમાં હતાં. પિતાને આ મંજૂર ન હોવાથી તનુએ મંગળવારે બપોરે એક વિડીયો બનાવીને સોશ્યલ મીડિયામાં અપલોડ કર્યો હતો. અને આના પગલે પિતાને ગુસ્સો આવતાં તેમણે આ ઘટનાને અંજામ આપ્યો હતો.તનુના પિતરાઈ રાહુલે પણ તેના પર ગોળીઓ છોડી હતી જેથી તે જીવતી બચે નહીં હત્યાના કેટલાક કલાકો પહેલાં તનુએ શેર કરેલા બાવન મિનિટના વિડિયોમાં જણાવ્યું હતું કે મારો પરિવાર મારી મરજી વિરૂદ્ધ લગ્ન કરવા દબાવ લાવી રહ્યો છે.પણ હું બીજા કોઈને પ્રેમ કરું છું હું વિકી સાથે લગ્ન કરવા માગું છું.મારો પરિવાર પહેલાં તો રાજી થયો હતો,પણ પછીના પાડી દીધી હતી.તેઓ મને રોજ મારે છે અને જાનથી મારી નાખવાની ધમકી આપે છે.જો મને કંઈ પણ થાય તો મારો પરિવાર જવાબદાર રહેશે.આ વિડિયો વાઈરલ થયા બાદ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ધર્મવીર સિંહનાં નેતૃત્વમાં પોલીસ અધિકારીઓ તનુના ઘરે પહોંચ્યા હતાં. અને આ કેસમાં મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પંચાયત પણ બોલાવવામાં આવી.આ પ્રસંગે તનુએ ઘરે રહેવાનો ઈન્કાર કરી દીધો અને રાજય સરકાર દ્વારા હિંસાપીડિત મહિલાઓને સહાયતા કરવાના ઉદ્દેશથી બનાવવામાં આવેલા વન સ્ટોપ સેન્ટરમાં જવાની જીદ કરી આ સમયે પિતા મહેશ ગુર્જરે તેની સાથે ખાનગીમાં વાત કરવા પર ભાર મૂક્યો અને દાવો કર્યો કે તેઓ તેને મનાવી લેશે જો કે એ સમયે મહેશે તનુની છાતીમાં એકદમ નજીકથી ગોળી ધરબી દીધી.તનુના પિતરાઈ રાહુલે તનુના માથા, ગરદન, આંખ, અને નાકની વચ્ચેના હિસ્સામાં ગોળીઓ ચલાવી હતી.તનુ પડી ગઈ અને ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું.ત્યારબાદ મહેશ અને રાહુલે પોલીસ અને પરિવારના સભ્યો તરફ પિસ્ટલ તાકી દીધી હતી.મહેશ પર કાબૂ મેળવીને પકડી લેવામાં આવ્યો હતો, પણ રાહુલ પિસ્ટલ લઈને નાસી ગયો હતો.

# વેકરીયા વોન્ટેડઃ અમરેલીમાં ધારાસભ્ય ગુમ થયાના પોષ્ટર લાગ્યા

## લેટરકાંડમાં 'મૌન'થી આશ્ચર્ય વધે છે




રાજકોટ: અમરેલીના લેટરકાંડમાં હજુ વાયરલ થયેલો પત્ર અસલી હતો કે નકલી તે નિશ્ચિત થયુ નથી ત્યાં જ આ કાંડના પગલે ભુગર્ભમાં ઉતરી ગયેલા સ્થાનિક ધારાસભ્ય અને દંડક કૌશિક એકટીવાને 'વોન્ટેડ' દર્શાવતા પોષ્ટર અમરેલીમાં લાગતા તે દુર કરવા તેમના ટેકેદારોમાં દોડધામ થઈ ગઈ હતી.

૨૦ દિવસની આ ઘટનામાં વેકરીયા જ કેન્દ્રમાં છે અને તેઓના દબાણથી જ પોલીસે પાટીદાર દિકરીની રાત્રીના ધરપકડ કરી પરેડ યોજી અને માર માર્યા સહિતના આક્ષેપો થયા છે તે સમયે પણ વેકરીયા 'ગુમ' હજું જાહેરમાં નહી આવતા કે કોઈ નિવેદન નહી આપતા અમરેલીમાં તેમને 'વોન્ટેડ' દેખાડતા પોષ્ટર લાગ્યા છે.

## મહિલા તબીબ પર દુષ્કર્મ-હત્યાના કેસે દેશભરમાં ચકચાર જગાવેલી

# આરજી કાર બળાત્કાર હત્યા કેસઃ મુખ્ય આરોપી સંજય રોય દોષિત જાહેરઃ સોમવારે સજાનું એલાન

### કોલકાતાની સિયાલદહ સેશન કોર્ટનો ચુકાદો



કોલકાતા,તા.૧૮
કોલકાતાની સિયાલદહ સેશન કોર્ટે શનિવારે આરજી કાર બળાત્કાર અને હત્યા કેસમાં મુખ્ય આરોપી સંજય રોયને દોષિત ઠેરવ્યો છે. સજાનું એલાન ૨૦ જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે.

ગત વર્ષે ૯ ઓગસ્ટના રોજ શહેરના ઉત્તર ભાગમાં આવેલી સરકારી હોસ્પિટલમાં કોલકાતા પોલીસમાં નાગરિક સ્વયંસેવક રહેલા રોય દ્વારા પોસ્ટ-ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યા કર્યાના લગભગ પાંચ મહિના પછી આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આ કેસની તપાસ કરી રહેલી કોલકાતા પોલીસે શરૂઆતમાં ૧૦ ઓગસ્ટે રોયની ધરપકડ કરી હતી, એક દિવસ પછી હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી તબીબનો મૃતદેહ મળી આવ્યો હતો. કલકત્તા હાઈકોર્ટે બાદમાં આ કેસને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને ટ્રાન્સફર કર્યો હતો.

ડોક્ટરના બળાત્કાર અને હત્યાના કેસમાં ઈન-કેમેરા ટ્રાયલ ૧૨ નવેમ્બરના રોજ શરૂ થઈ હતી. રોયની ટ્રાયલની સુનાવણી ૯ જાન્યુઆરીએ પૂરી થઈ હતી, જે દરમિયાન ૫૦ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી, એમ પીટીઆઈના અહેવાલમાં જણાવાયું હતું. મૃતક ડોક્ટરના માતા-પિતાએ દાવો કર્યો હતો કે અન્ય વ્યકિતઓ પણ આ ગુનામાં સંડોવાયેલા હતા અને તેઓની પણ ધરપકડ કરવામાં આવશે અને કોર્ટમાં કેસ ચલાવવામાં આવશે તેવી અપેક્ષા હતી.

## ઘોર કળિયુગ : મહારાષ્ટ્રમાં બન્યો ચોંકાવનારો કિસ્સો

# કાળા જાદુના બહાને અમરાવતીમાં ૭૭ વર્ષીય મહિલાને માર મારી પેશાબ પીવાની ફરજ પડાઈ

મુંબઈ ,તા.૧૮
મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના એક ગામમાં કાળો જાદુ પ્રેક્ટિસ કરવાની શંકામાં એક ૭૭ વર્ષીય મહિલાને કથિત રીતે લોખંડના સળિયાથી માર મારવામાં આવ્યો હતો, પેશાબ પીવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, પોલીસે શનિવારે જણાવ્યું હતું.

જ્યારે આ ઘટના ૩૦ ડિસેમ્બરે બની હતી, ત્યારે આ મહિનાની શરૂઆતમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, અને પીડિતાના પુત્ર અને પુત્રવધૂએ શુક્રવારે વરિષ્ઠ અધિકારીઓનો સંપર્ક કર્યો હતો અને કાર્યવાહીની માંગ કરી હતી, તેવું એક અધિકારીએ જણાવ્યું હતું. પીડિતા ચીખલદરા તાલુકાના રેત્યાખેડા ગામની રહેવાસી છે, એમ તેમણે જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને લખેલા પત્રમાં, ફરિયાદીઓએ આરોપ મૂક્યો હતો કે મહિલા ૩૦ ડિસેમ્બરે ઘરે એકલી હતી ત્યારે તેના પડોશીઓએ તેને પકડી લીધો હતો અને આરોપ લગાવ્યો હતો કે તેણીએ કાળો જાદુ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ગ્રામજનોએ કથિત રીતે પીડિતાને લાકડાની લાકડી વડે માર્યો અને તેને થપ્પડ મારી અને માર માર્યો. તેણીને તેના હાથ અને પગ પર લોખંડના ગરમ સળિયાથી પણ બ્રાંડેડ કરવામાં આવ્યા હતા, ફરિયાદીઓએ આક્ષેપ કર્યો છે.

ફરિયાદ મુજબ, મહિલાને પેશાબ પીવા અને કૂતરાના મળનું સેવન કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જેના પછી તેણીને તેના ગળામાં ચપ્પલની માળા પહેરાવવામાં આવી હતી. પીડિતાના પુત્ર અને પુત્રવધૂ, જેઓ કામ માટે દૂર હતા, તેમને ૫ જાન્યુઆરીએ આ ઘટના વિશે જાણ થઈ અને પોલીસ ફરિયાદ નોંધાવી.

# છેતરપિંડી રોકવા બેંકોને ૧૬૦૦ ફોન નં.સિરીઝનો ઉપયોગ કરવા RBI નો આદેશઃ SMS માટે ૧૪૦નો ઉપયોગ

## તમામ બેંક લોકર્સમાં નોમીની ફરજિયાત થશે




અમદાવાદ,તા.૧૮
સતત વધી રહેલા ફ્રોડને રોકવા માટે RBIએ મોટો નિર્ણય લીધો છે. RBIએ બેન્કોને કહ્યું કે, ગ્રાહકોને લેવડ-દેવડ માટે કોલ કરવા ફક્ત '૧૬૦૦' ફોન નંબર સીરિઝનો ઉપયોગ કરવો. જો બેન્કો અને અન્ય નિયમનકારી સંસ્થાઓ પ્રમોશનલ હેતુઓ માટે ગ્રાહકોને ફોન અથવા જાબજ કરે તો તેમણે '૧૪૦' ફોન નંબર સીરિઝનો ઉપયોગ કરવો જોઈએ.

RBIનું માનવું છે કે, આનાથી નાણાકીય છેતરપિંડી પર અંકુશ આવશે. આ ઉપરાંત RBIએ બેન્કો અને અન્ય નિયમનકારી સંસ્થાઓને તેમના ગ્રાહક ડેટાબેઝનું નિરીક્ષણ કરવા અને બિનજરૂરી ડેટા હટાવી દેવા માટે જણાવ્યું છે. બેન્કોને જારી કરાયેલા એક સર્ક્યુલરમાં RBIએ યોગ્ય ચકાસણી પછી રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અપડેટ કરવા અને રદ કરાયેલા મોબાઈલ નંબરો સાથે જોડાયેલા ખાતાઓનું નિરીક્ષણ વધારવા જણાવ્યું છે જેથી લિંક કરેલા ખાતાઓને ફ્રોડમાં સામેલ થવાથી રોકી શકાય.

RBIએ ૩૧ માર્ચ ૨૦૨૫ પહેલા નિર્દેશોનું પાલન કરવા જણાવ્યું છે.RBI એ કહ્યું છે કે, ડિજિટલ વ્યવહારોના પ્રસારથી ગ્રાહકોને સુવિધા મળી છે પરંતુ તેનાથી છે ફ્રોડમાં પણ વધારો થયો છે. આ એક ગંભીર ચિંતાનો વિષય છે અને તેની સામે ઠોસ પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

અન્ય એક સર્ક્યુલરમાં RBIએ તમામ બેન્કોને બધા હાલના અને નવા ખાતાઓ અને લોકર્સમાં નોમિની સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. કેન્દ્રીય બેન્કે જણાવ્યું કે, મોટી સંખ્યામાં ખાતાઓમાં કોઈ નોમિની નથી. નોમિની સુવિધાનો ઉદ્દેશ્ય ખાતાધારકના મૃત્યુ પર પરિવારના સભ્યોને પડતી મુશ્કેલીઓ ઘટાડવાનો અને દાવાઓનું ઝડપી સમાધાન સુનિશ્ચિત કરવાનો છે.

વધુમાં RBIએ કહ્યું કે, ગ્રાહકોને નોમિનેશન સુવિધાનો લાભ લેવા માટે બેંકો ખાતું ખોલવાના ફોર્મમાં યોગ્ય સુધારા કરી શકે છે. બેન્કો અને NBFC એ પણ બેન્ક ખાતાઓમાં નોમિની સુનિશ્ચિત કરવા માટે અભિયાન શરૂ કરવું જોઈએ.

### શું બાઈડનનો ઈશારો અમેરિકા અને વિશ્વમાં ઘસાતી જતી લોકશાહી અને વધતા જતા સત્તા પર ધનિકોના પ્રભાવ ભણી હતો !

# બાય.. બાય.. બાઈડન



**અમેરિકાના પ્રમુખ જયારે વ્હાઈટ હાઉસના રૂઝવેલ્ટ ડેસ્ક પરથી સંબોધન કરે છે તો પુરૂ અમેરિકા અને વિશ્વ તે સાંભળે છે, બાઈડન એ આ સપ્તાહમાં તેમનું પાંચમુ અને અંતિમ સંબોધન આ ડેસ્ક પરથી કર્યુ તે સમયે અનેક મહત્વપૂર્ણ અને ગર્ભિત શબ્દોમાં કહી ગયા કે આગામી સમયમાં વધુ સાવધાની જરૂરી છે તેઓ યુધ્ધ કે કોઈ આફતની વાત કરતા ન હતા પરંતુ દુનિયામાં જે રીતે આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સથી લઈને કલાયમેટ ચેન્જ અને સૌથી મહત્વનું લોકશાહી મૂલ્યો પર પ્રશ્નો અંગે ચિંતા વ્યકત કરી ગયા**



**બાઈડનના કાર્યકાળને કઈ રીતે મૂલવવો તે પ્રશ્ન છે, તેઓએ અમેરિકી સૈન્યનો સૌથી ઓછો ઉપયોગ કર્યો પણ રશિયા અને યુક્રેન યુધ્ધ રોકી શકયા નહીં ઉલ્ટાનું તેમાં વધુ ઈંધણ શસ્ત્રો અને નાણાનું આપ્યું, મધ્ય પૂર્વમાં પરિસ્થિતિમાં થોડો બદલાવ જોવા મળશે પણ એકંદરે તેમની આ વિદેશ નીતિથી અમેરિકાને કેટલો લાભ તે પ્રશ્ન છે, ચોકકસપણે ચીનને ચેકમાં રાખ્યું છે અને ભારત સાથેની મિત્રતામાં તોળી તોળીને આગળ વધ્યા છે છતાં પણ તેઓ અમેરિકાના એવા પ્રમુખ તરીકે યાદ રખાશે કે જેણે અમેરિકી છબી અને તેના લોકશાહી મૂલ્યોની વધુ ચિંતા કરી હતી**

વિશ્વના સૌથી શકિતશાળી ગણાતા અમેરિકન રાષ્ટ્રપતિ જયારે વ્હાઈટ હાઉસના રૂઝવેલ્ટ ડેસ્ક પરથી સંબોધન કરે તો પુરૂ અમેરિકા અને વિશ્વના મોટા ભાગના દેશો સાંભળે છે અને આગામી સપ્તાહથી અમેરિકાનું પ્રમુખ પદ છોડી રહેલા જો બાઈડને પોતાના આ ડેસ્ક પરના પાંચમા અને અંતિમ સંબોધનમાં અમેરિકાને જે પણ વાત કહી તે કદાચ દુર સુધી સંભળાઈ તેવી હતી. પોતાના વિદાય ભાષણમાં રાષ્ટ્રપતિ જો બાઈડને અમેરિકામાં ઘસાતા લોકશાહી મૂલ્યોથી લઈને વધતા જતા ધનના પ્રભાવ અને રાજકીય અસહમતિ તેમજ અસહિષ્ણુતા આ તમામ મુદા પર ખુલ્લીને વાત કરી. સૌથી મહત્વનું એ છે કે પ્રમુખ પદે આવતા પહેલા ૫૪ વર્ષ સુધી પોતાની રાજકીય કારકિર્દી બનાવનાર બાઈડનને એક બ્રાન્ડ તરીકે જોવું કે એવરેજ અમેરિકન પ્રમુખ તરીકે તે હજુ સુધી નકકી થઈ શકતું નથી અને બાકીનું કામ ઈતિહાસ પર છોડી દેવું જોઈએ. પરંતુ ચોકકસપણે તેમના કાર્યકાળને એ રીતે યાદ રખાશે કે તેઓ અમેરિકાના એવા પ્રમુખ બન્યા કે જેને સેનાનો ઓછામાં ઓછો ઉપયોગ કર્યો. વાસ્તવમાં તેઓ પોતાની અને અમેરિકી છબી તેમજ અમેરિકી મૂલ્યો જે કદાચ ત્રણ-ચાર દસકા પૂર્વે જોવા મળતા હતા તેના પ્રત્યે વધુ ચિંતિત હતા પણ બાઈડનના કાર્યકાળને એ રીતે જોઈ શકાય દુનિયામાં યુધ્ધનો કાર્યકાળ સૌથી તેમના ચાર વર્ષના શાસનમાં રહ્યો તેઓ એક પણ યુધ્ધ અટકાવી શકયા નહીં.

જોકે તેમના પડકારનો પ્રારંભ ૨૦૨૦માં જયારે તેઓએ સતા સંભાળી તે દિવસથી થઈ ગયો હતો. ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના અમેરિકામાં કેપીટલ હીલ (સંસદ ભવન) પર જે ટ્રમ્પ સમર્થકોએ હુમલો કર્યો તે ૯/૧૧ના હુમલાને જે રીતે અમેરિકી લશ્કરી તાકાત પરનું આક્રમણ ગણાવાતુ હતું. તો ૬/૧ના હુમલાને અમેરિકાના લોકશાહીની શકિત ઉપરનો હુમલો ગણાવાયો અને સૌથી વધુ કમનસીબી કહો કે જોગાનુજોગ પણ આ હુમલા પાછળ જેઓનો દોરીસંચાર હોવાનું અમેરિકી અદાલતો પણ સ્વીકાર્યુ તે ડોનાલ્ડ ટ્રમ્પ જ ફરી એક વખત અમેરિકાના પ્રમુખ બની રહ્યા છે. આમ લોકશાહીમાં હવે વિશ્વના સૌથી મજબુત દેશોમાં પણ કેટલીક તકલાદી સ્થિતિ બની છે તે દર્શાવે છે જયારે સાઉથ કોરીયા જેવા નાના દેશો પણ લોકશાહીની દ્રષ્ટિએ વધુ મજબુત બની રહ્યા છે તે પણ સારી નિશાની છે. અમેરિકા જે લોકશાહીનો સૌથી મોટો સંરક્ષક દેશ ગણાતો હોય તેમાં જ આ પ્રકારની સ્થિતિ એ કદાચ ભારત સહિત વિશ્વના દેશ માટે જોખમી ગણાવાઈ છે.

જો બાઈડનનો કાર્યકાળ તપાસીએ તો તેમનો સૌથી વધુ સમય વોર ડિપ્લોમસીમાં ગયો છે. રશિયાનું યુક્રેન પરનું આક્રમણ અને તેને રોકવામાં નિષ્ફળતા એટલું જ નહીં પણ યુક્રેનને વધુ નાણા શસ્ત્રો અને ડિપ્લોમેટીક ટેકો આપીને સાડા ત્રણ વર્ષ સુધીના યુધ્ધમાં પણ હજુ સુધી કોઈ અંત આવ્યો નથી. તે બાઈડનની નિષ્ફળતા ગણી શકાય. જોકે રશિયાને નબળુ પાડવામાં બાઈડન સફળ રહ્યા પરંતુ તેનાથી અમેરિકા મજબુત બન્યુ છે તે નિશ્ચિત થતું નથી. અને વિશ્વ ઉપર એક સમયે અણુ યુધ્ધનો માહોલ પણ બન્યો હતો. આવી જ રીતે મધ્ય પૂર્વમાં પણ બાઈડન અને અમેરિકાનો ઈઝરાયલને સાથ તેમજ હમાસ અને હિઝબુલ્લા જેવા સંગઠનો સામેની લડાઈમાં પણ બાઈડન જે રીતે લાંબા સમયની અમેરિકી નીતિ મુજબ ચાલતા રહ્યા. તેમ છતાં પણ જે કંઈ લાભ થશે તે અમેરિકા કરતા ઈઝરાયલને વધુ થશે. મધ્ય પૂર્વમાં હજુ સુધી એ સ્થિતિ પેદા થઈ નથી જેથી ભવિષ્યમાં આ પ્રકારની યુધ્ધની સ્થિતિ ઉભી ન થાય ચોકકસપણે ઈરાનને થોડે ઘણે અંશે પીછેહઠ કરાવવામાં બાઈડન શાસન સફળ રહ્યું પણ ચીનની દ્રષ્ટિએ જોઈએ તો અમેરિકાની રણનીતિમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાનને સાથે લીધા તેમ છતાં તેઓ દક્ષિણ ચીન સમુદ્રથી લઈ હિંદ મહાસાગરમાં સંયુકત રણનીતિ બનાવવામાં સફળ રહ્યા છે તે ટ્રમ્પ શાસન માટે એક સારો વારસો છે.

બાઈડનના ચાર વર્ષના કાર્યકાળમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં એક મોટો સુધારો આવ્યો પરંતુ તે વાસ્તવિક કેટલા પરિણામો લાવી શકશે તે પ્રશ્ન છે.

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

ખાસ કરીને રશિયા ઉપરના પ્રતિબંધ છતાં પણ ભારતે રશિયા સાથે સંબંધો જાળવી રાખ્યા અને વોશિંગ્ટનને તેના વિરોધને મજબુત બનાવવાની તક ન આપી તે અમેરિકનોની દ્રષ્ટિએ બાઈડન શાસનની નબળાઈ ગણી શકાય. પરંતુ તેઓએ જતા જતા ભારતના પરમાણુ સંસ્થા પર પ્રતિબંધ હટાવ્યો તે કદાચ ટ્રમ્પ શાસન માટે તેને અનુસરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં.

જેમ પ્રારંભમાં કહ્યું તેમ બાઈડન અમેરિકાની છબી અને તેના લોકતાંત્રિક મૂલ્યો અંગે વધુ જાગૃત હતા અને પોતાના અંતિમ ભાષણમાં પણ ખાસ કરીને અમેરિકામાં જે રીતે સત્તામાં અલ્ટ્રા રીચનો પ્રભાવ જોવા મળી રહ્યો છે તેના પર ચિંતા વ્યકત કરી અને કોઈ સ્પીડબ્રેકર વગરની સતાનો સાથ એ સૌથી વધુ ખતરનાક સ્થિતિ સર્જશે તે બાઈડન કહેવાનું ચૂકયા નહીં. આમ અમેરિકામાં જે રીતે નાણા, સતા અને થોડાનો પ્રભાવ જોવા મળી રહ્યો છે તે સમગ્ર લોકશાહી માટે ભય છે તે કહેવાનું ચૂકયા નહીં અને એ પણ કહી દીધુ કે સ્વતંત્રતાના જે મુળભુત અધિકારો છે તેને પણ આ પ્રકારના વાતાવરણથી ચોકકસપણે ખતરો ઉભો થશે. બાઈડનના ભાષણથી ૧૯૬૧નો એ સમય યાદ આવ્યો કે જયારે અમેરિકાના તત્કાલીન પ્રમુખ આઈઝનહોવરે પોતાના વિદાય ભાષણમાં મીલ્ટ્રી ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્ષનું જે સર્જન થઈ રહ્યું છે તેના પર ચેતવણી આપી હતી કે ખાસ કરીને શીત યુધ્ધનો તે પ્રારંભ હતો. એ સમયે અમેરિકામાં સૈન્યની તાકાત વધારવા માટે ઔદ્યોગિક ઘરાનાનું જે ગઠબંધન સર્જાયુ હતું તે ભૂમિકા ઉપર તેમની ટીપ્પણી હતી.

બાઈડને પોતાના ભાષણમાં ટેક ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્ષના સર્જનમાં પણ પોતાની ચિંતા વ્યકત કરી. તેમણે કહ્યું કે શકિતશાળી તાકાતો પોતાન પ્રભાવને વધુને વધુ વિસ્તારવા માંગે છે. અમેરિકામાં ટેકનોલોજી અને ઉદ્યોગથી જોડાયેલ થોડા સંપતિવાન લોકો સામાજીક અને રાજકીય વ્યવસ્થાઓ પર હાવી થઈ ગયા છે તે ભણી તેમનો સંકેત હતો. ખાસ કરીને ડોનાલ્ડ ટ્રમ્પ અને તેની ટીમમાં મહત્વ ધરાવતા એલન મસ્ક પ્રત્યે આ શબ્દો હોવાનું મનાય છે.

બાઈડનના આ શબ્દો કદાચ ભારતમાં પણ લાગુ પડે છે. કે જયારે થોડા લોકો અને એક હથ્થુ સતાનો પ્રભાવ દેશના લોકોના અનેક અધિકારી પ્રત્યે આંખમિચામણા શરૂ થઈ ગયા છે. બાઈડને આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ સામે પણ લાલબતી ધરી હતી અને કલાયમેટ ચેન્જ અંગે પણ તેઓએ ચિંતા વ્યકત કરી અંતમાં બાઈડનને અમેરિકાના સૌથી વૃધ્ધ રાષ્ટ્રપતિ તરીકે વિદાય આપવામાં આવી રહી છે પણ તેમના સાથે જ ટ્રમ્પ શાસન પ્રારંભ પૂર્વે પણ અનેક મહત્વના પ્રશ્નો સર્જાય ગયા છે.

**અમેરિકાના ઈતિહાસમાં ૯/૧૧ના હુમલાને લશ્કરી તાકાત પર પ્રહાર ગણાવાયો હતો, બાઈડનના કાર્યકાળનો પ્રારંભ ૬/૧ના કેપીટલ હિલ પર હુમલાથી થયો, જયારે તે સમયના પરાજીત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોએ જે રીતે સંસદ ભવનને ધમરોળ્યુ અને અંત પણ એવો આવ્યો છે કે તે જ ટ્રમ્પ શાસન ફરી એક વખત અમેરિકા પર આવી રહ્યું છે અને એવા સમયે કે જયારે સમગ્ર વિશ્વ હવે શું તેના પર કેન્દ્રીત છે, બાઈડનને ફકત વૃધ્ધ ગણાવીને અમેરિકી મીડિયાએ અનેક વખત તેમની નબળાઈઓ ગણાવી પણ સાચુ મૂલ્ય ભવિષ્યનો ઈતિહાસ કરશે**

## સૌરાષ્ટ્રયુનિ.ની સિદ્ધિ: IIC દ્વારા 'ફોર સ્ટાર' અપાયા

### સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિક પ્રવૃતિમાં ૧૦૦ માંથી ૭૯.૪૭નો સ્કોર



રાજકોટ,તા.૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ IIC ના ડો. રંજનબેન ખુંટ તથા પાર્થભાઈને અભિનંદન પાઠવ્યા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઈન્સ્ટિટયૂશન્સ ઈનોવેશન કાઉન્સિલ (આઈઆઈસી) ૬.૦ હેઠળ ૫માંથી ૪ સ્ટાર મેળવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ શિક્ષણ મંત્રાલયની ઈનોવેશન કાઉન્સિલ (એમઆઈસી)ની માર્ગદર્શિકા અનુસાર છે, જેનો ઉદ્દેશ શૈક્ષણિક સંસ્થાઓમાં નવીનતા અને ઉદ્યોગસાહસિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે.

આઈઆઈસી ૬.૦ ફ્રેમવર્ક અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ કુલ ૭૦ એક્ટિવિટીનું આયોજન કર્યું હતું, જેમાંથી ૬૨ને આઈઆઈસીએ મંજૂરી આપી હતી. આ પ્રવૃત્તિઓમાં IIC-સંચાલિત, એમઆઈસી-સંચાલિત, ઉજવણી અને સ્વ-સંચાલિત કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આઈઆઈસી સ્કોરિંગ મિકેનિઝમ મુજબ યુનિવર્સિટીએ ૧૦૦ માંથી ૭૯.૪૭ નો સ્કોર કર્યો હતો.

આ સિદ્ધિ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે અને આઈઆઈસી અને એમઆઈસીના ઉદ્દેશો સાથે સુસંગત છે. યુનિવર્સિટી આ ક્ષેત્રમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને ટેકો આપવા માટે નવા માળખાની સ્થાપના તરફ સક્રિયપણે કામ કરવાનું ચાલુ રાખે છે.

સૌરાષ્ટ્ર યુનિ.ની આ સિદ્ધિ બદલ યુનિ.ના કુલપતિ ઉત્પલભાઈ જોશીએ યુનિ.ના આઈ.આઈ.સી.ના ડો. રંજનબેન ખુટને અભિનંદન પાઠવ્યા હતાં.

## 'જય સંવિધાન'ના નારા સાથે એનએસયુઆઈની કેન્ડલ માર્ચ યોજાઈ

### ઓલ ઈન્ડિયા પ્રમુખ વરૂણ ચૌધરી, સાંસદ શકિતસિંહ ગોહિલ સહિતના આગેવાનો-કાર્યકરો જોડાયા



રાજકોટ તા.૧૮

ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ દ્વારા રાજકોટ ખાતે જય બાપુ, જય ભીમ, જય સંવિધાનના નારા સાથે એક બહોળી સંખ્યા સાથે રાજકોટના રાજમાર્ગ ઉપર કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલીનું આયોજન ગુજરાત એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકીની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં રાજકોટ જિલ્લા પંચાયત ચોક ખાતેથી સમગ્ર એનએસયુઆઈ તેમજ કોંગ્રેસ પરિવારના યુવાનો દ્વારા રેલીની શરૂઆત જીલ્લા પંચાયત ચોક ખાતેથી કરવામાં આવેલ હતી. જીલ્લા પંચાયત ઓફીસની અંદર ડો. બાબા આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલના પ્રતિમાને હારતોરા કરી રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જેમાં એનએસયુઆઈના ઓલ ઈન્ડિયાના પ્રમુખ વરૂણ ચૌધરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલ, ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખ પણ હાજર રહ્યા હતા. રેલી રાજકોટના રાજમાર્ગ ડો.યાજ્ઞિક રોડ ઉપરથી પસાર થઈ હતી ત્યારે યુવાનો દ્વારા જય બાપુ, જય ભીમ, જય સંવિધાનના નારા સાથે રાજકોટના રાજમાર્ગો ગુંજી ઉઠયા હતા. ત્યારબાદ રેલી આગળ જતા રામકૃષ્ણ આશ્રમ ત્યાંથી યાજ્ઞિક રોડ ઉપર સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુ પાસે આગેવાનો દ્વારા પુષ્પ અર્પણ કરી રેલીને પૂર્ણ કરવામાં આવેલ હતી. ત્યારબાદ ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ બધાને આવકાર્યા હતા.

ત્યારબાદ ઓલ ઈન્ડિયા એનએસયુઆઈના પ્રમુખ વરૂણ ચૌધરી દ્વારા શાબ્દિક પ્રવચન કરેલ હતું. તેમાં વરૂણ ચૌધરીએ જણાવેલ હતું કે ભારત દેશની અંદર જેમના દ્વારા સંવિધાન લખાયેલું હોય તેવા વ્યકિતની લોકસભાની અંદર ક્રુર મજાક અમિત શાહ દ્વારા કરવામાં આવેલ હતી. જેને ભારત દેશની પ્રજા કોઈ દિવસ ભુલશે નહીં તેમજ સંઘના વડા દ્વારા પણ એક નિવેદન કરવામાં આવેલ હતું. તેનો પણ લોકોમાં વ્યાપક રોષ જોવા મળેલ છે.

સાંસદ શકિતસિંહ ગોહિલ દ્વારા કહેવામાં આવેલ કે લોકસભાની અંદર જયારે અમીત શાહ દ્વારા ડો.બાબા સાહેબનું ઘોર અપમાન લોકસભાની અંદર કરવામાં આવ્યું હતું. જેનો ભારતીય જનતા પાર્ટીના સાંસદ દ્વારા જ વિરોધ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ અતુલભાઈ રાજાણી, મુકેશભાઈ ચાવડા, ડો.રાજદિપસિંહ જાડેજા, નીતિન ભંડેરી, મહેશભાઈ રાજપૂત, ડી.પી. મકવાણા તેમજ ગાયત્રીબા વાઘેલા, બ્રિજરાજસિંહ રાણા-શહેર પ્રમુખ, મહિલા કોંગ્રેસના પ્રમુખ-દિપ્તીબેન સોલંકી, રવિ જીતીયા, અલ્પેશ સાધરીયા, હરપાલસિંહ જાડેજા, પ્રદિપ ડોડીયા, અંકિત સોંદરવા, પ્રિન્સ બગડા, મહિપાલ ચૌહાણ, ગૌરવ ખીમસુરીયા તેમજ શકિત સુપર-સીના ચેરમેન વૈશાલીબેન શિંદે તેમજ ઓલ ઈન્ડિયા એનએસયુઆઈના સંયોજક દિવ્યાબા રાજપૂત, હિરલબા જાડેજા, દિપુબેન રાવ્યા, મયુરીબેન પુરોહિત, ભાવનાબેન વિગેરે જોડાયા હતા.

## મેફેડ્રોન ડ્રગ્સ ઝડપાયાના કેસમાં ટંકારાની આરોપી પૂજા ભાડલાની આગોતરા જામીન અરજી રદ

### બે યુવાન ડ્રગ્સ સાથે પકડાયા પછી સપ્લાયરમાં નામ ખુલતા પૂજાએ ધરપકડથી બચવા રાજકોટની કોર્ટમાં આગોતરા માંગ્યા હતા

રાજકોટ, તા.૧૮

ગોંડલની આશાપુરા ચોકડીએ રૂરલ એસઓજીએ એક્ટિવામાં જતા જેતપુરના ધીરજ વિજય બહાદુર અને સમીર દલ નામના જેતપુરના શખ્સને ૨.૯૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતા.

ઝડપાયેલા બંને શખ્સની પૂછપરછમાં આ જથ્થો ટંકારાની પૂજા ભાડલા નામની મહિલા પાસેથી લાવ્યા હોવાની કબુલાત આપી હતી. ગુનો નોંધાતા પોલીસ ધરપકડની દેહશતથી પૂજા નરેન્દ્રભાઈ ભાડલાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી આબીદ સોસન હાજર રહી જામીન અરજીનો વિરોધ કરી દલીલમાં ડ્રગ્સની લતથી યુવાધનને બચાવવા માટે મુહીમ ચલાવવામાં આવી રહી છે. ત્યારે આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો સમાજ ઉપર તેની ગંભીર અસર પડશે તે રજૂઆત ગ્રાહ્ય રાખી અદાલતે પૂજા ભાડલાની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

## ક્રિપ્ટો કરન્સીના નામે રાજકોટના ૪૦થી વધુ લોકો સાથે ઠગાઈ થયાનો આક્ષેપ

### સમગ્ર કાંડ સુરતમાં થયું પણ રાજકોટના રોકાણકારો પણ ધોવાયા : પોલીસમાં અરજી કરી રૂપિયા પરત અપાવી દેવા માંગ કરાઈ

રાજકોટ, તા. ૧૮

ક્રિપ્ટો કરન્સીના નામે રાજકોટના ૪૦થી વધુ લોકો સાથે ઠગાઈ થયાનો આક્ષેપ થયો છે. સમગ્ર કાંડ સુરતમાં થયું પણ રાજકોટના રોકાણકારો પણ ધોવાયા છે. પોલીસમાં અરજી કરી રૂપિયા પરત અપાવી દેવા માંગ કરાઈ છે.



ઠગાઈનો ભોગ બનનાર રાજકોટના નાગરિકો (તસ્વીર : સરફરાઝ પઠાણ)

સુરતમાં પોલીસ જે કાર્યવાહી કરી રહી છે તેમાં રાજ્યના ૮ હજાર લોકોના રૂ.૩૦૦ કરોડ જેટલી રકમ આરોપીઓ ચાઉં કરી ગયાની વાત છે. પણ હકીકત પોલીસ તપાસી રહી છે. ત્યાં જ રાજકોટના ૧૨ જેટલાં રોકાણકારો સામે આવ્યા છે. પોતે પણ આ કૌભાંડનો ભોગ બન્યાનું કહીં રહ્યા છે. તેમના સિવાય ૩૫ જેટલાં બીજા રોકાણકારો પણ રાજકોટના હોવાનું કહીં રહ્યા છે. રાજકોટ પોલીસ કમિશનરથી માંડી ગૃહમંત્રી, ડીજીપીને લેખિત અરજી કરી ન્યાય અપાવવા ગુહાર લગાવી છે.

રાજકોટના કોઠારીયા વિસ્તારના શક્તિ સોસાયટીમાં રહેતા અને સાબુ-કપડાં ધોવાના પાવડરની એજન્સી ધરાવતા વેપારી મોહસીન રસીદભાઈ મુલતાનીએ અરજી કરી છે. બ્લોક ઓરા કંપનીના સ્થાપક ફિરોઝ દિલાવર મુલતાની(રહે. અંકલેશ્વર, ભરૂચ), ભાગીદાર નીતિન જગત્યાની, સૌરાષ્ટ્ર હેડ અમિત મુલતાની( લીંબડી), માર્કેટીંગ હેડ અઝરૂદ્દીન સતારભાઈ મુલતાની અને ગુજરાત હેડ મકસુદ સૈયદનું નામ આપ્યું છે. જૂન, ૨૦૨૨માં અમિત મનુભાઈ મુલતાની રાજકોટ આવેલ ત્યારે જણાવ્યું હતું કે, પોતે બ્લોક ઓરા કંપનીનો સૌરાષ્ટ્ર હેડ છે. આ કંપની દ્વારા ટી બેક નામની ક્રિપ્ટો કરન્સીમાં રોકાણની સ્કીમ જણાવી હતી. જે સ્કીમ મુજબ રોકાણ કરવાથી ખુબ ઉંચું વળતર મળશે તેમ કહી મુંબઈની સહારા હોટેલમાં યોજાયેલી મિટિંગના વિડીયો બતાવ્યા હતા. લીંબડી ખાતે મુલતાની પરિવારનું સ્નેહ મિલન યોજાયું હતું જેમાં અમિત મુલતાનીએ ફિરોઝ મુલતાની અને નીતિન જગત્યાનીને બોલાવ્યા હતા. જ્યાં મને આ બંને શખ્સોં સાથે મુલાકાત કરાવી હતી. તે સમયે અરજદારના મિત્રો સાહીલભાઈ મુલતાની, રહીમ જામ, જાવેદ મુલતાની પણ હાજર હતા. અરજદારે ૧૩ લાખ રોક્યા હતા. રાજકોટ અને સૌરાષ્ટ્રની અનેક મોટી હોટેલમાં કોન્ફરન્સ કરીને અનેક લોકોને ફસાવવામાં આવ્યા હતા. બાદમાં આરોપીઓ મુંબઈ રહેવા ચાલ્યા ગયાંનુ જાણવા મળ્યું હતું. આઇડીમાં જોતા કુલ આઠ હજારથી વધુ લોકોએ રોકાણ કર્યાનું જાણવા મળ્યું હતું. રાજકોટ, જસદણ, લીમડી સહીત સૌરાષ્ટ્ર અને ગુજરાતભરના રોકાણકારોનો સંપર્ક અરજદારે કર્યો હતો. ફિરોઝ મુલતાની, નીતિન જગત્યાની, કાસીફ આરીફ મુલતાની, એઝાઝ આરીફ મુલતાની અને જાવિદ પીરુ મુલતાની વિરૂધ્ધ રૂ. ૫૧ લાખનું રોકાણ કરાવી છેતરપિંડીની ફરિયાદ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે.

## જાહેરમાં બાઈક પર સ્ટંટ કરી લોકોના જીવ જોખમમાં મૂકનાર ત્રણ સગીર સહિત નવ શખ્સો સામે કાર્યવાહી

### ગઈકાલે વાયરલ થયેલ વિડીયોના આધારે ભકિતનગર પોલીસે આકરી કાર્યવાહી કરી : પાંચ બાઈક સાથે આરોપીઓની ધરપકડ

રાજકોટ, તા. ૧૮

દેવપરા મેઈન રોડ પર જાહેરમાં બાઈક પર સ્ટંટ કરનાર ત્રણ સગીર સહિત નવ શખ્સો સામે ભકિતનગર પોલીસે ગુનો નોંધી પાંચ બાઈક સાથે તમામ આરોપીની ધરપકડ કરી હતી.

દેવપરા મેઈન રોડ પર જાહેરમાં કેટલાક આવારા તત્વો દ્વારા બાઈક પર જોખમી સ્ટંટ કરી પુરઝડપે વાહનો ચલાવતા હોય તેવા વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ થયા હતા. જે વાયરલ વિડીયોના આધારે ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એન.વસાવા તેમજ રાઈટર નિલેષભાઈ સહિતના સ્ટાફે તપાસ કરી બાઈક સ્ટંટ કરનાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.





બાઈકમાં સ્ટંટ કરનાર શખ્સોને પોલીસે વિડીયોના આધારે તપાસ હાથ ધરી ઓળખી લીધા બાદ જાહેરમાં સ્ટંટ કરી પોતાના તથા અન્યના જીવ જોખમમાં મૂકનાર શખ્સોને પકડી પાડી પાંત બાઈક કબ્જે કર્યા હતા. જે મામલે ભકિતનગર પોલીસ મથકમાં અલગ અલગ છ ફરિયાદ નોંધાવવામાં આવી હતી જેમાં સાગર જગદીશ મેવાસીયા (ઉ.વ.૧૮, સહકારનગર મેઈન રોડ, ઘનશ્યામનગર શેરી), ઈમ્તીયાઝ ફિરોઝ અજમેરી (ઉ.વ.૧૯, રહે. રાધાકૃષ્ણનગર), મનીષ હર્ષદ ડાંગર (ઉ.વ.૨૧, રહે. ભુતનાથ ડેરી પાછળ, રાધાકૃષ્ણનગર), હિમાલય ભરત ગોસ્વામી (ઉ.વ.૧૯, નાડોદાનગર) વસીમ ફિરોઝ શાહમદાર (ઉ.વ.૧૮, રહે. બાબરીયા કોલોની મેઈન રોડ) તેમજ રાધાકૃષ્ણનગરમાં રહેતા ત્રણ સગીર સહિત નવ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજકોટ એઈમ્સના વિવાદિત એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર કર્નલ ડો.કટોચને બરતરફ કરાયા

### બાંધકામમાં ભ્રષ્ટાચાર અને ભરતીમાં ગેરરીતિ થયાના ગંભીર આક્ષેપો લાગ્યા હતા, પગલા ભરવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની સૂચના



રાજકોટ, તા.૧૮

રાજકોટ એઈમ્સના વિવાદિત એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર કર્નલ ડો.કટોચને બરતરફ કરાયા છે. તેમના પર બાંધકામમાં ભ્રષ્ટાચાર અને ભરતીમાં ગેરરીતિ થયાના ગંભીર આક્ષેપો લાગ્યા હતા. જેમાં પગલા ભરવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની સૂચના આપી છે.

આ અંગે મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ - રાજકોટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કટોચને તાત્કાલીક ટર્મિનેટ કરવા આદેશ કર્યો છે. તેમના કાર્યકાળમાં થયેલ ગેરરીતિનો રિપોર્ટ રજૂ કરી જરૂરી પગલા ભરવા પણ આરોગ્ય મંત્રાલયે આદેશ કર્યો છે. ઉપરાંત નવા ડાયરેક્ટરની ભરતી કરવા જાહેરાત પણ આપી દેવાઈ છે. ૧૧૯૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી રાજકોટ એઈમ્સનું ૨૦૨૪ની ૨૫/૨/૨૦૨૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ થયું હતું. જે પછી એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કટોચ સામે એઈમ્સના જ મહિલા તબીબે આક્ષેપો કર્યા હતા. આ દરમ્યાન કટોચ વિવાદમાં આવ્યા પછી લાંબી રજા પર ઉતરી ગયા હતા. હવે આરોગ્ય મંત્રાલાયના આદેશ બાદ રાજકોટ એઈમ્સમાં નવા ડાયરેક્ટરની નિમણુંક થશે.